અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સને ૨૦૧૮-૨૦૧૯ અંદાજપત્ર

INDIA'S FIRST

World Heritage City

AMDAVAD

GUJARAT, INDIA

My City... World Heritage City...

ટીમ સ્ટેન્ડીંગ કમિટી

શ્રી ભાવનાબેન પંડ્યા

શ્રી ગીરીશકુમાર પ્રજાપતિ

શ્રી જયમિનબેન દવે

શ્રી ઈશ્વરભાઈ પટણી

શ્રી પ્રવિણકુમાર ભગવાનદાસ પટેલ
ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી

શ્રી ગૌતમભાઈ પટેલ

શ્રી ગૌતમભાઈ કથીરીયા

શ્રી પુષ્પાબેન મિસ્ત્રી

શ્રી ચંદ્રાવતીબેન ચૌહાણ

શ્રી ગયાપ્રસાદ કનોજીયા

શ્રી ઈલાબેન પટેલ

ડૉ. સુજયભાઈ મહેતા

૨૦૧૮-૨૦૧૯ ના વર્ષનું અંદાજપત્ર

અનુક્રમણિકા

		પાના નંબર
૧	મ્યુનિસિપલ કોર્પોરેશન બોર્ડનો ઠરાવ	I
૨	સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ	૧-૫૨
૩	મ્યુનિસિપલ કમિશનરશ્રીની નોંધ	૧-૧૭૬
૪	રેવન્યુ આવક તથા ખર્ચનું એબ્સ્ટ્રેકટ	A
૫	રેવન્યુ આવકનું એબ્સ્ટ્રેકટ	B
૬	રેવન્યુ આવક	૧–૧૪
૭	રેવન્યુ ખર્ચનું એબ્સ્ટ્રેકટ	C
૮	રેવન્યુ ખર્ચ	૧૫–૬૧
૯	કેપીટલ ખર્ચ	૬૨-૭૨
૧૦	કેપીટલ આવક	૭૩-૭૫
૧૧	અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ અને આર્થિક તથા સામાજીક પછાતવર્ગો માટે ફાળવેલી રકમ પરિશિષ્ટ	D to J

સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રને મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તા.૧૫-૦૨-૨૦૧૮ ની મુલતવી રહેલી ખાસ સભા શુક્રવાર તા.૧૬-૦૨-૨૦૧૮ ના રોજ સવારના ૧૦-૦૦ વાગે **મ્યુ.કમ્પાઉન્ડમાં છઠ્ઠા માળે આવેલ "મહાત્મા ગાંધી હોલ"** માં મળી હતી તેમાં થયેલા ઠરાવની નકલ :

કામ નં. ૫ (ચાલુ) **ઠરાવ નં.૧૧૭૭** **સને ૨૦૧૭-૨૦૧૮**

ઠરાવ કર્યો કે સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નંબર ૧૨૪૦ તા.૦૨-૦૨-૨૦૧૮ ની ભલામણ અનુસાર સ્ટેન્ડીંગ કમિટીના મજકુર ઠરાવમાં જણાવ્યા મુજબની ભલામણ અને સુધારા-વધારા સાથે ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૯૬ મુજબ વિગતવાર નોંધ સાથે તૈયાર કરેલ સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજપત્ર "એ" ની તથા ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૯૯ અનુસાર સને ૨૦૧૮-૧૯ ની ટેક્ષેસન પ્રપોઝલની તથા મ્યુ.કો.ઠરાવ નં.૨૦૦ તા.૧૬-૧૧-૧૯૫૦ મુજબ સ્ટે.કમિટી સમક્ષ ડ્રાફ્ટ અંદાજપત્ર રજૂ કરવામાં તેમજ સ્ટે.કમિટીને અંદાજપત્ર "એ" તૈયાર કરવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવાની મંજૂરી આપવામાં આવે છે.

સને ૨૦૧૮-૨૦૧૯ ના ડ્રાફ્ટ અંદાજપત્ર ઉપર સ્ટેન્ડીંગ કમિટીનો
ઠરાવ નં. ૧૨૪૦ તા. ૦૨/૦૨/૨૦૧૮

MY CITY
INDIA'S FIRST WORLD HERITAGE CITY

સ્માર્ટ સીટી - ગ્રીન સીટી - ક્લીન સીટી

ઠરાવ કર્યો કે મ્યુનિસિપલ કમિશનરશ્રી એ ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૯૫ મુજબ તેઓનાં પત્ર ક્રમાંક :- CA/MIS/SC/11 **તા:-૧૯-૦૧-૨૦૧૮ થી સને ૨૦૧૮-૨૦૧૯** ના વર્ષ માટે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના આવક તથા ખર્ચના અંદાજો અને દરખાસ્તો વિગતવાર રજુ કર્યા છે. સ્ટેન્ડીંગ કમિટીએ આ અંદાજપત્રની દરખાસ્ત ઉપર ચર્ચા -વિચારણા કરી છે.

સને ૨૦૧૭ ના અંતમાં ગુજરાત રાજય વિધાનસભાની ચૂંટણી એ ઐતિહાસિક ચૂંટણી બની રહી. આ ચૂંટણી વિકાસવાદ વિરૂધ્ધ જાતિવાદ અને વિકાસવાદ વિરૂધ્ધ વંશવાદના મુદ્દા ઉપર યોજાયેલ ચૂંટણી હતી. આ ચૂંટણી પ્રક્રિયામાં ગુજરાતનાં વિકાસલક્ષી મતદારોએ દુષ્પ્રચાર તથા પ્રપંચને ધ્યાને લીધા સિવાય ગુજરાત રાજયની વિકાસયાત્રાને ગતિ આપવા સતત છઠ્ઠી વખત ગુજરાત રાજયનું સુકાન ભારતીય જનતા પાર્ટીને સોંપેલ છે. ભા.જ.પ. ના **"સૌનો સાથ-સૌનો વિકાસ"** નાં સુત્ર સાથે રાજય પ્રગતિ કરી રહયું છે. ગુજરાત રાજયની ૬.૫ કરોડ જનતાના વિકાસ માટે ગુજરાત સરકાર પ્રગતિશીલ છે. અમદાવાદ મહાનગરને રાજયની આર્થિક રાજધાની તરીકે વિશેષ પ્રાધાન્ય આપી વિકાસની ગતિ તેજ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ અમદાવાદ મહાનગરને નવું સ્વરૂપ આપવા મેટ્રો ટ્રેન પ્રોજેકટ, બુલેટ ટ્રેન પ્રોજેકટ, સ્માર્ટ સીટી પ્રોજેકટ, પ્રધાનમંત્રી આવાસ યોજનાની ભેટ આપવામાં આવી છે.

સને-૧૯૬૦ માં ગુજરાત રાજયની સ્થાપના થઈ...

રાજયમાં ૧૯૯૫ થી સૌનો સાથ-સૌનો વિકાસમાં જ ગુજરાતનું હિતના સૂત્ર સાથે ગુજરાતને દેશનું સૌથી સમૃધ્ધ રાજય, વિકાસ મોડેલ, વ્યવસ્થા તંત્રનું મોડેલ રાજયનું સ્વરૂપ આપનાર ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યકુશળતા, વિકાસશીલ દ્રષ્ટીકોણ તથા આધુનિક તકનીકના અમલથી વહીવટી સરળતાના અભિગમથી ગુજરાત રાજય આજે

- એવરેજ ગ્રોથ રેટમાં નંબર વન છે.
- ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં નંબર વન છે.
- એકસપોર્ટમાં ગુજરાત નંબર વન છે.
- સૌરઉર્જા ઉત્પાદનમાં નંબર વન છે.
- મગફળી, કપાસ, જીરાના ઉત્પાદનમાં નંબર વન છે.
- રોજગાર કેન્દ્રોમાં પ્લેસમેન્ટમાં નંબર વન છે.
- સાથે રાજયના મહાનગરોના વિકાસમાં પણ અગ્રેસર રાજય છે.

→ અમદાવાદ શહેર ભારતનું સૌ પ્રથમ Wold Heritage City :-

અમદાવાદ મહાનગર એ ઐતિહાસિક વિરાસત ધરાવતું દેશનું સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી બન્યું છે. વિકાસની વ્યવસ્થા સાથે ઐતિહાસિક વિરાસત વારસાની જાળવણીનું સુંદર આયોજન એટલે અમદાવાદ મહાનગર, આશાભીલ, રાજા કર્ણદેવ, અહમદશાહના ઈતિહાસનું સાક્ષી અમદાવાદ આજે વિશ્વના નકશામાં વર્લ્ડ હેરીટેજ સીટી તરીકે સ્થાન પામ્યું તે અમદાવાદ મહાનગરપાલિકાના દીર્ઘદષ્ટ્રી ધરાવતા શાસકોએ પ્રારંભ કરેલ હેરીટેજ વિભાગની સફળતાનું પરિણામ છે. વિરાસતની જાળવણી સાથે વિકાસની હરણફાળનું મોડેલ એટલે અમદાવાદ મહાનગર.

તા. ૮-૭-૨૦૧૭ નાં રોજ ઐતિહાસીક વિરાસત ધરાવતુ અમદાવાદ મહાનગર ભારતનું સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી બન્યું છે. આપણું શહેર યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સીટીની યાદીમાં સ્થાન પામ્યું છે.

અમદાવાદ શહેરમાં આવેલ જુદી જુદી ઐતિહાસીક ઈમારતો, જુના કિસ્સાની દિવાલો, માણેકબુર્જ, દરવાજાઓ, ચબુતરા, વાવ, સહજાનંદ સ્વામી દ્વારા સ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર શહેરના કલાત્મક લાકડાની કોતરણી ધરાવતું કાલુપુર વિસ્તારમાં આવેલ મંદિર શ્રેષ્ઠ હેરીટેજ છે. તેમજ શહેરનાં કોટ વિસ્તારમાં આવેલ ૨૨૩૬ રહેઠાણ અને ૪૪૯ જેટલા સંસ્થાકીય મકાનો સાથેની ઐતિહાસીક વિરાસત હવે વિશ્વનાં આર્કષણનું કેન્દ્ર બન્યું છે.

ભારતીય જનતા પાર્ટીનાં શાસકોની દિર્ઘદ્રષ્ટીથી વર્ષો અગાઉ હેરીટેજ સેલની રચના કરવામાં આવી હતી. જે આ આજે સાર્થક બની પરિણામલક્ષી સાબિત થઈ છે. આજ વારસાનાં જતન સાથે જાળવણીની વ્યવસ્થા માટે શાસકોએ અ.મ્યુ.કો. દ્વારા **"અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટ"** SPV ની રચના કરી છે. જે દ્વારા વર્લ્ડ હેરીટેજ સીટી ટુરીઝમ મેનેજમેન્ટ પ્લાન, હેરીટેજ પ્રદર્શની, વર્લ્ડ હેરીટેજ સીટી મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડીંગ સેન્ટર, હેરીટેજ ઈમારતોનું આકર્ષણ વધારવાં કાયમી ધોરણે આર્કષક લાઈટીંગ સુવિધા, અમદાવાદ વર્લ્ડ હેરીટેજ ગાઈડ મોબાઈલ એપ, હેરીટેજ મોન્યુમેન્ટની પ્રતિકૃતી સાથેનો થીમબેઝ હેરીટેજ ગાર્ડન તૈયાર કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

➞ ભારત સરકાર અને ગુજરાત સરકારનો મહાનગરનાં વિકાસમાં સહયોગ :-

અમદાવાદ મહાનગરની વિકાસયાત્રામાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં પ્રયાસમાં ભારત સરકાર તથા ગુજરાત સરકારના સહયોગની આ અંદાજપત્રની રૂપરેખા સમયે નોંધ લેવી જરૂરી છે. દેશનાં પ્રધાનમંત્રી તરીકે જયારે ગુજરાતનાં પનોતાપુત્ર, વિકાસ પુરૂષ અને આધુનીક ભારતનાં ઘડવૈયા મા.શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ છે ત્યારે સ્વાભાવીક છે, ગુજરાત અને અમદાવાદ મહાનગરને વિકાસ પ્રોજેકટમાં પ્રાધાન્ય અને સહયોગ પ્રાપ્ત થાય. શહેરનાં પશ્ચિમ વિસ્તારમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપરનાં ૧૪ નવા અંડરપાસ તથા હયાત ૨ અંડરપાસને પહોળા કરવાનું કામ ભારત સરકારની સંસ્થા રેલ્વે વિકાસ નિગમ લી. (આર.વી.એન.એલ.) દ્વારા કરવામાં આવશે. શહેરને રેલ્વે ક્રોસીંગ મુકત શહેર બનાવવા ભારત સરકાર સહયોગ કરી રહી છે. તેમજ મેટ્રોરેલ પ્રોજેકટ દ્વારા પાલડી જલારામ રેલ્વે ક્રોસીંગ પાસે અંડરપાસ તૈયાર કરાશે. શહેરની હદમાંથી પસાર થતા સરખેજ- ગાંધીનગર હાઈવેને રૂા.૮૪૨ કરોડના ખર્ચે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા સંપૂર્ણ પણે ૬ લેન સાથે ડેવલપ કરવાની કાર્યવાહી પ્રારંભ કરી છે. માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના અંતર્ગત નવો ફલાય ઓવર તથા ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ પ્રોજેકટ તેમજ વા. સા. જનરલ હોસ્પીટલના નવા બિલ્ડીંગ માટે અને સીટીબસ સેવાનાં પ્રોજેકટમાં સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

ભારત સરકાર દ્વારા સ્માર્ટસીટી પ્રોજેકટ માટે અમદાવાદ મહાનગરની પસંદગી કરવામાં આવી છે. જેના ભાગરૂપે શહેરમાં સ્માર્ટસીટીનાં અમલીકરણની કાર્યવાહી પ્રગતિમાં છે. ભારત સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સીટી ટ્રાન્સપોર્ટ માટે ઈલેકટ્રીક બસ, ઈલેકટ્રીક કાર તથા ઈલેકટ્રીક રીક્ષાના ૮૫ કરોડનાં પ્રોજેટમાં ૬૦ % અનુદાન પ્રાપ્ત થનાર છે.

આ ઉપરાંત અમદાવાદ મહાનગરને દેશના સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજસીટીનો દરજ્જો પ્રાપ્ત થાય તે માટે કેન્દ્ર સરકારનો સહયોગ નોંધપાત્ર છે.

➞ અમદાવાદ સ્માર્ટ સિટી પ્રોજેકટ :-

ભારત સરકાર દ્વારા દેશનાં મહાનગરોને આધુનીક ટેકનોલોજીથી સુવિધાપૂર્ણ બનાવવાનાં પ્રયાસથી પ્રારંભ કરેલ સ્માર્ટ સિટીમિશન પ્રોજેકટમાં જાહેર કરેલ ૧૦૦ શહેરોની યાદીમાં રાજયનાં ૬ શહેર પૈકી અમદાવાદનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ માટે અમલમાં આવેલ કંપની સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લી. (SCADL) દ્વારા કુલ રૂા. ૨૦૨૮.૩૭ કરોડનાં પ્રોજેકટનું આયોજન કરેલ છે. જેમાં મુખ્યત્વે કુલ ૬૨૦૦ સી.સી.ટી.વી. (CCTV) કેમેરાથી શહેરની સુરક્ષા, સલામતી અને ટ્રાફીક વ્યવસ્થાનું મોનીટરીંગ કરવા માટે અદ્યતન કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું સ્માર્ટ કમ્પોનન્ટનું આયોજન મુખ્ય છે.

૬૦૦૦ સ્ટ્રીટલાઈટને સ્માર્ટ સ્વરૂપ અપાશે કોઈપણ પોલ બંધ થશે કે તુરંત અધિકારીને ઓટોમેટીક મેસેજ પ્રાપ્ત થશે.

શહેર પોલીસ માટે ૯૦ જગ્યાએ પબ્લીક એડ્રેસ સીસ્ટમ, ૫૦ જંકશન ઉપર Enviormental Sensor લગાવવામાં આવશે. ૪૫ સ્થળો ઉપર Wifi Hot Spot ની સુવિધા હશે. ૧૭૫ કીલોમીટરનું ઓપ્ટીકલ ફાયબર નેટવર્કની કામગીરી પૂર્ણ કરી છે. બસ સેવાના અમલમાં ITMS સર્વીસની વૈશ્વિક કક્ષાએ સરાહના કરવામાં આવી છે. એરીયાબેઝ ડેવલપમેન્ટ અંતર્ગત જુના વાડજ વિસ્તારમાં વિકાસ કાર્યો પ્રગતિમાં છે.

→ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ફેઝ-૨ :-

અમદાવાદ શહેરની બ્રાન્ડ બનેલ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ દેશ અને વિદેશનાં મહેમાનો માટે must be visit પ્રોજેકટ સાબીત થયો છે. આ પ્રોજેકટનાં ફેઝ-૨ તરીકે પૂર્વ તરફ ડફનાળાથી ઈન્દીરાપુલ તથા પશ્ચિમ તરફ ટોરેન્ટ પાવરથી ઈન્દીરાપુલ સુધીનાં રીવરફ્રન્ટનાં વિકાસનું આયોજન છે. કુલ ૯.૭ કીલોમીટરના નવા રસ્તાનું નિર્માણ થશે જેમાં અંદાજીત રૂા.૮૫૦ કરોડનાં ખર્ચથી વિકાસ કરાશે.

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટમાં અનેક વિધ આર્કષણો સાથે પ્રતિવર્ષ નવા પ્રોજેકટનો ઉમેરો કરવામાં આવે છે. હાલમાં વોટરબેઈઝડ અને વોટર એડજસન્ટ રિક્રિએશન એકટીવિટીઝ, જનરલબોટીગ અને સ્પીડ બોટીંગની સેવા છે. ૧૫,૦૦૦ વૃક્ષો સાથેનું બાયો ડાયવર્સિટી પાર્ક, ૫૨,૦૦૦ ચો.મી. જગ્યામાં રિવરફ્રન્ટ ફલાવરપાર્ક, સાયકલ શેરીંગ સીસ્ટમ, એલ.ઈ.ડી.લાઈટ SRFDCL હાઉસ, છઠ્ઠ પ્રર્વ તથા અન્ય પર્વની ઉજવણી માટે ઘાટ, ફલોટીંગ રેસ્ટોરન્ટ, રૂા.૬૦ કરોડના ખર્ચે બ્રીજ, આર્ટસેન્ટરનાં પ્રોજેકટો પ્રગતિમાં તથા આયોજન હેઠળ છે.

→ કાંકરીયા લેઈક ફ્રન્ટ :-

કાંકરીયા લેઈકફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ પણ શહેરનાં નાગરિકો તથા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. અટલ એકસપ્રેસ, સ્વર્ણિમ જયંતિ એકસપ્રેસ, આધુનીક એમ્યુઝમેન્ટ પાર્ક, બોટીંગ, હીલયમબલુન, કીડઝસીટી, એડવેન્ચરપાર્ક, લેસર શોની સુવિધા છે. આ ઉપરાંત દેશમાં સૌ પ્રથમ વિશિષ્ટ પ્રકારનું નોકટરનલ એનીમલ પાર્ક મા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ લોકાર્પણ કરેલ છે. કાંકરીયા કાર્નિવલ છેલ્લા ૧૦ વર્ષથી મહાનગરનો લોકઉત્સવ બન્યો છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ મંડળો આ પ્રોજેકટનાં અભ્યાસ માટે આવી રહયા છે.

→ શહેરની ટ્રાફીક વ્યવસ્થાની સરળતા માટે :-

શહેરમાં દિન-પ્રતિદિન વધતા વાહનોની સંખ્યા તથા જનસંખ્યાને ધ્યાને લઈ ટ્રાફીક વ્યવસ્થા સરળ બનાવવા માટે ખુલ્લા રસ્તા, ટ્રાફીક સર્કલોનો વિકાસ, આધુનિક ટ્રાફીક સિગ્નલ, માસ ટ્રાન્સપોર્ટ સેવામાં વધારો તથા મલ્ટીસ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ, પે એન્ડ પાર્ક સુવિધાના અનેક પ્રોજેકટ અમલમાં મુકેલ છે. આ ઉપરાંત ભારે ટ્રાફીક ધરાવતા જંકશન ઉપર ફલાય ઓવરબ્રીજ, અન્ડરપાસનું આયોજન પણ કરવામાં આવેલ છે. શહેરની આસપ ાસની ઓથોરીટી જેવી કે AUDA, NHA, સ્ટેટ હાઈવે ઓથોરીટી સંસ્થા સાથે સંકલન કરી ફલાય ઓવરબ્રીજ,રેલ્વે ઓવરબ્રીજ સાથે રેલ્વેનાળા પહોળા કરવા વિગેરે કામોને અગ્રિમતા આપવામાં આવી રહી છે. અમદાવાદ શહેરમાં હાલમાં ૫૨ જેટલા ફલાય ઓવર, રીવરબ્રીજ, રેલ્વે ઓવરબ્રીજ, અન્ડરપાસ છે. આગામી દિવસોમાં ૮ નવા પ્રોજેકટ

પૂર્ણ થતા આ સંખ્યા ૬૦ સુધી પહોંચશે. આ ઉપરાંત પુલના ૨૮ આયોજનોને આકાર મળતા શહેરમાં ૮૮ જેટલા ફલાય ઓવર, અન્ડરબ્રીજ, રેલ્વે ઓવરબ્રીજ, કેનાલબ્રીજનું નેટવર્ક તૈયાર થતા મહ્દઅંશે ટ્રાફીક વ્યવસ્થા સરળ બનશે. આ ઉપરાંત શહેરના કોટ વિસ્તારને સાંકળતા રૂટમાં 'વિનામુલ્યે' સીટી બસના પ્રયોગથી કોટ વિસ્તારમાં વાહન ભારણમાં ઘટાડો થયો છે. આગામી દિવસોમાં મહાનગરની ટ્રાફીક વ્યવસ્થાને આધુનિક સ્વરૂપ આપવા લેન ટ્રાફીક માટે રોડ માર્કીંગ, આઈકેટ, સર્કલ ડેવલપમેન્ટ, સેન્ટ્રલ વર્જનું આયોજન કરવામાં આવશે. તેમજ ૬૨૦૦ જેટલા સી.સી. ટી.વી. કેમેરાથી ટ્રાફિક સંચાલન કરવામાં આવશે.

➞ જળવિતરણ વ્યવસ્થા :-

અમદાવાદ શહેરનો હાલનો વિસ્તાર ૪૬૬ ચો.કિ.મી. તથા વસ્તી આશરે ૬૪ લાખ જેટલી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ફરજિયાત સેવાના ભાગરૂપે અમદાવાદના શહેરીજનોને પાણી પુરૂ પાડે છે.અત્યારે હાલમાં અમદાવાદ શહેરમાં ૩૭૪૨ કિ.મી. જેટલી સપ્લાય લાઈન તથા ૩૮૬.૨૦ કિ.મી જેટલી ટ્રન્ક મેઈન લાઈન છે. શહેરમાં હાલમાં ૧૯૬૫ એમ.એલ.ડી સોર્સની ક્ષમતા સામે ૧૨૦૦ એમ.એલ.ડી. નો વપરાશ છે. શહેરમાં હાલ પાણી શુદ્ધિકરણના કોતરપુર, જાસપુર, રાસ્કા, દુધેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૪૫૦ એમ.એલ.ડી. ક્ષમતા સામે હાલમાં ૧૨૦૦ એમ.એલ.ડી. ની ક્ષમતા વપરાશમાં છે.

હાલમાં અમદાવાદ શહેરમાં ૧૯૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન કાર્યરત છે. જેની ભુગર્ભ ટાંકીઓ તથા ઓવરહેડ ટાંકીઓની સંયુકત ક્ષમતા ૧૩૬૬.૦૬ મીલીયન લિટર છે. જેના દ્વારા શહેરીજનોને ૧૪૦ થી ૧૫૦ લિટર પ્રતિ વ્યકિત પ્રતિ દિન પાણી પુરૂ પાડવામાં આવે છે.

શહેરમાં વિકાસની ગતિને ધ્યાને લઈ નવા વિકસતા વિસ્તારમાં શુધ્ધ પાણી પુરવઠો પુરો પાડવા આયોજન કરેલ છે. વર્ષ દરમ્યાન વોટર પ્રોજેકટ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જુના પંપોનું અપગ્રેડેશન, નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર વિગેરે જેવા વિવિધ પ્રોજેકટના કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે.

શહેરના પૂર્વ વિસ્તારના ઘોડાસર, ઈન્દ્રપુરી, વટવા, નારોલ, ઈસનપુર, લાંભાને રાસ્કા લાઈનથી પાણી પુરૂ પાડવા રૂા.૩૭.૫૨ કરોડના ખર્ચે ૧૨૦૦ મી.મી. વ્યાસની એમ.એસ. લાઈન સાથે જોડાણની કામગીરી પૂર્ણ કરેલ છે.

➞ ડ્રેનેજ લાઈન, પપીંગ સ્ટેશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

➞ વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોર્મવોટર લાઈન :-

અમદાવાદ મહાનગરના વિકાસની સાથે ડ્રેનેજ નેટવર્ક પણ વિકસી રહયું છે. શહેરની ૯૫% વસ્તી અને ૯૦% વિસ્તારને ડ્રેનેજ લાઈન નેટવર્ક સાથે જોડવામાં આવેલ છે.

શહેરના ૪૬૬ ચો.કિ.મી.ના વિસ્તારમાં હાલ ૨૫૮૮ કિ.મી. ડ્રેનેજ નેટવર્ક તથા ૯૩૦ કિ.મી. લંબાઈનું સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક છે.

શહેરમાં પ્રતિદિન ૮૫૦ એમ.એલ.ડી. સુએજ જનરેટ થાય છે. ૫૯ ડ્રેનેજ પપીંગ સ્ટેશન અને ૭ એસટીપીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ ઉપરાંત વિંઝોલ ખાતે ૩૫ એમ.એલ.ડી.ની એસ.ટી.પી.ની કામગીરી તથા ૧૦૦ એમ.એલ.ડી. પ્રગતિમાં છે. તથા લાંભા ખાતે ૧૦.૫ એમ.એલ.ડી. એસ.ટી.પી.ની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત સરખેજ મકરબા, રાણીપ, ચેનપુર, કાળી વિસ્તારમાં નેટવર્કના કામ અંદાજીત રૂા.૩૩ કરોડના ખર્ચે ચાલુ છે.

આ ઉપરાંત નવા પશ્ચિમ વિસ્તારમાં ગોદરેજ ગાર્ડન સીટીથી સરદાર પટેલ રીંગ રોડ, ઓગણજ, સાયન્સ સીટીમાં રૂા.૨૫ કરોડના ખર્ચે નવી ડ્રેનેજ લાઈનની કામગીરી પ્રગતિમાં છે. લાંભા વિસ્તારમાં રૂા.૨૫ કરોડના ખર્ચે નેટવર્ક તથા એસ.ટી.પી.ની કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત ઓઢવ, હાથીજણ, રામોલ, વિંઝોલ વિસ્તારમાં નેટવર્કની કામગીરી પ્રગતિમાં છે.

➞ **અમદાવાદ શહેરને "૦" વેસ્ટ સીટી - સ્વચ્છ શહેર અભિયાન :-**

➞ **વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ તથા ડમ્પસાઈટનલ બાયો માઈનીંગ ટેકનોલોજી દ્વારા નિકાલ :-**

➞ **મટીરીયલ રીકવરી ફેસીલીટી (MRF) તેમજ ઈ વેસ્ટ નિકાલ આયોજન :-**

અમદાવાદ મહાનગરના વિસ્તારને સ્વચ્છ બનાવવા માટે સોલીડવેસ્ટ મેનેજમેન્ટ દ્વારા આધુનીક ટેકનોલોજી અને પર્યાવરણલક્ષી આયોજન સાથે પ્રતિદિન શહેરમાંથી સરેરાશ ૩૫૦૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે. ડોર ટુ ડોર / ગેટ ની નવી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને કામગીરી સઘન કરવામાં આવી છે. પ્રદુષણની માત્રામાં ઘટાડો થાય તે હેતુથી યુરો - ૪ પ્રકારનાં જી.પી.એસ. મોનીટરીંગ વ્યવસ્થા સાથેનાં નવા ૧૦૦૦ વાહનો મુકી ૧૦૦% રહેઠાણ વિસ્તારને કવર કરાશે.જેમાં ૧૪.૩૩ લાખ રહેઠાણ એકમો તેમજ ૪.૫૯ લાખ કોર્મશીયલ એકમોને આવરી લેવાશે. આ ઉપરાંત પ્રતિદિન ૧૦૦૦ મેટ્રીક ટન ડીમોલેશનવેસ્ટને પણ પ્રોસેસીંગ કરવામાં આવી રહ્યો છે. જેમાંથી પેવર બ્લોક, મેનહોલ / કવર, પ્રિકાસ્ટ કંમ્પાઉન્ડ વોલ તૈયાર કરવામાં આવે છે. પિરાણા ડમ્પસાઈટનો બાયોમાઈનીંગ ટેકનોલોજીથી નિકાલની કામગીરી હાથ ધરી છે. મટીરીયલ રીકવરી ફેસીલીટી (MRF) PPP મોડેલથી પ્રતિદિન ૭૦ મેટ્રીક ટન કચરો રી સાયકલ કરે છે. કચરામાંથી બાયોગેસ તૈયાર કરવા ૩૨ જગ્યાએ મીની પ્લાન્ટ મુકવામાં આવેલ છે. આધુનીક સમયની માંગને ધ્યાને લેતા વૈશ્વિક ધોરણે ઈ વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા પણ અમલમાં મુકી છે. શહેરને ડસ્ટ ફ્રી કરવા સાથે ઓવરબ્રિજ, અંડરપાસ, રીવરબ્રિજની સમયાંતરે પાણીથી સફાઈ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

➞ અમદાવાદ એર પ્લાન :-

અમદાવાદ શહેર દેશનું સૌ પ્રથમ "Air Monitoring & Warming System" ધરાવતું શહેર છે.

ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટ્રોપીકલ મેટીરીઓલોજી તથા અ.મ્યુ.કો.દ્વારા શહેરમાં ''સફર એરપ્લાન'' લોન્ચ કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ૧૦ જગ્યાએ એર કવોલીટી મોનીટરીંગ સ્ટેશન લગાવવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૨ જગ્યાએ એર કવોલીટી એલ.ઈ.ડી. નેટવર્ક કરવામાં આવે છે. અમદાવાદ મહાનગર દેશનું ચોથા નંબરનું દૈનિક એર કવોલીટી ઈન્ડક્ષ જાહેર કરનાર શહેર બન્યું છે.

સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર અમદાવાદ દ્વારા એર કવોલીટી ઈન્ડેક્ષની સાથે હેલ્થ આસ્પેકટ પણ કવર કરી આરોગ્ય લક્ષી સૂચનાઓ તેમજ હાઈરીસ્ક ગ્રુપ અસ્થમેટીકસ પેશન્ટન્સ, કાર્ડીયાક પેશન્ટન્સને ધ્યાને લઈ હેલ્થ એડવાઈઝરી ઈસ્યુ કરવામાં આવે છે. શાળાઓમાં જુદા જુદા કલરના ફલેગ ફરકાવવામાં આવે છે. જે દ્વારા વિદ્યાર્થી, શિક્ષકોમાં અને નાગરિકોને એર કવોલીટી અંગે માહિતી પ્રાપ્ત થાય છે.

➞ અમદાવાદ અર્બન ટ્રાન્સપોર્ટ - BRTS (જનમાર્ગ) - AMTS (સીટી બસ સેવા) :-

અમદાવાદ શહેરનાં વિકાસ સાથે અર્બન ટ્રાન્સપોર્ટ સુવિધાનાં અનેક સુવિધાપૂર્ણ આયામ સિધ્ધ કર્યા છે. અ.મ્યુ.ટ્રા. સર્વિસ (AMTS) ધ્વારા ૭૫૦ કરતાં વધુ બસો દ્વારા પ્રતિદિન ૬ લાખ મુસાફરોને બસ સેવા પુરી પાડવામાં આવે છે. સમગ્ર દેશમાં સૌથી સફળતા પૂર્વક આયોજન થયેલ જનમાર્ગ પ્રોજેકટ બી.આર.ટી.એસ. (BRTS) દ્વારા ૯૭ કીલોમીટરનાં રૂટ ઉપર ૧૫૭ બસ સ્ટેન્ડ અને ૧૩ રૂટ ઉપર ૨૫૦ આધુનીક બસો પ્રતિદિન ૧,૫૦,૦૦૦ કરતાં વધુ નાગરિકોને સેવા પુરી પાડે છે. આ સેવાને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે. smart card system, ૧૪૨ બસ સ્ટેશનો ઉપર CCTV કેમેરા - આધુનીક કંટ્રોલ રૂમ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સિસ્ટમ, સંપૂર્ણ રૂટ ઉપર ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક કોમ્યુનિકેશન સીસ્ટમને અતિ આધુનિક બનાવશે. BRTS અને AMTS સેવાને રૂા.૧૮૬ કરોડનાં ખર્ચે અદ્યતન કરવાનાં પ્રોજેકટનાં ભાગરૂપે તમામ બસો, બસ સ્ટેશનોને અદ્યતન કરવા તથા કોમન મોબીલીટી કાર્ડ, કયુ આર કોડ બેઈઝડ ટીકીટીંગ, હાઈટેક કંટ્રોલરૂમ વિગેરેનો સમાવેશ થાય છે.

અમદાવાદ શહેરે ગૌરવ લેવાનો વિષય છે કે નવી ITMS સેવાને World Economic Forum દ્વારા આવકારી જનમિત્ર કાર્ડ યોજનાની નોંધ લીધી હતી.

અંદાજપત્રમાં રૂા. ૮૫ કરોડનાં ખર્ચે ભારત સરકારનાં સહયોગથી ૪૦ ઈલેકટ્રીક બસ, ૨૦ ઈલેકટ્રીક કાર તથા ઈલેકટ્રીક રીક્ષાનું આયોજન પબ્લીક ટ્રાન્સપોર્ટમાં ઉમેરાશે. સાથે નવી ૮૦ સી.એન.જી. એરકંડીશન બસો BRTS માં સામેલ કરાશે.

અમદાવાદ વૈશ્વિક કક્ષાની આધુનિક ઝડપી અને સલામત પરિવહન સેવાનું કેન્દ્ર બને તે માટે રાજયસરકાર તથા કેન્દ્ર સરકાર સહયોગ કરી રહી છે. અમદાવાદ શહેરના પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ વિસ્તારોને જોડવા માટે કેન્દ્ર સરકારનાં સહયોગથી મેટ્રો ટ્રેન પ્રોજેકટની કામગીરી રૂા.૧૧૭૪૨ કરોડનાં ખર્ચે પ્રગતિમાં છે. ટુંક સમયમાં વસ્ત્રાલથી એપરલ પાર્કનો રૂટ પ્રારંભ કરવાના પ્રયાસ છે.

માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા અમદાવાદથી મુંબઈના રૂટને બુલેટ ટ્રેન પ્રોજેકટની ભેટ આપવામાં આવી છે. અમદાવાદ શહેરની પરિવહનની ગતિ સાથે મહાનગર વિકાસની ગતિમાં પણ અગ્રેસર રહ્યુ છે.

➞ મા. શ્રી પ્રધાનમંત્રીનો સંકલ્પ સને-૨૦૨૨ સુધીમાં સૌને આવાસ - મકાન હાઉસીંગ ફોર ઓલ :-

અમદાવાદ મહાનગર પાલીકા શહેરમાં ઈ.ડબલ્યુ.એસ. તથા એલ.આઈ.જી. આવાસ યોજનાનાં અમલમાં દેશમાં અગ્રેસર છે. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટનાં વિકાસ સમયે અસરકર્તા ઝુંપડાવાસીઓને મકાન ફાળવણી કરી વિકાસની સાથે સમાજનાં છેવાડાનાં માનવીની પણ વ્યવસ્થાનો અભીગમ અમલમાં મુકયો હતો. ભારત દેશનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ અને મીશન છે સને ૨૦૨૨ સુધીમાં સૌને મકાન **''હાઉસીંગ ફોર ઓલ''** આ મીશન અંતર્ગત હાથ ધરેલ સર્વેમાં ૬૫,૩૭૮ મકાનોની જરૂરીયાતને ધ્યાને લઈ અ.મ્યુ. કોર્પોરેશને તબક્કાવાર આયોજન હાથ ધરેલ છે. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ફેઝ - ૧ માં રૂા. ૨૯૧ કરોડનાં ખર્ચે ૫૧૫૮ ઈ.ડબલ્યુ.એસ. તથા રૂા.૫૧૧ કરોડનાં ખર્ચે ૪૯૮૫ એલ.આઈ.જી. નાં કુલ ૧૦,૧૪૩ આવાસોની કામગીરી હાથ ધરી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ફેઝ - ૨ માં રૂા. ૨૨૮ કરોડનાં ખર્ચથી ૪૨૯૩ ઈ.ડબલ્યુ.એસ. આવાસ, ફેઝ- ૩ માં રૂા.૧૯૯ કરોડનાં ખર્ચે ૩૭૧૦ ઈ.ડબલ્યુ.એસ. આવાસ, ફેઝ - ૪ માં રૂા.૩૫૪ કરોડનાં ખર્ચે ૬૩૪૯ ઈ.ડબલ્યુ.એસ. આવાસ, ફેઝ- ૫ માં ૩૫૮ કરોડનાં ખર્ચે ૫૭૫૬ આવાસો તથા ફેઝ- ૬ માં રૂા.૩૧૧ કરોડનાં ખર્ચે ૫૦૦૦ આવાસોનું આયોજન કરેલ છે. ઈ.ડબલ્યુ.એસ. આવાસ ઉપરાંત લોઅર ઈન્કમ ગ્રુપ મધ્યમ વર્ગ માટે ફેઝ-૨ માં રૂા.૫૭૫ કરોડનાં ખર્ચે ૫૦૦૦ મકાનોની કામગીરી હાથ ધરાશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગ બાય ડેવલપરની સ્કીમ માટે કુલ ૭૯,૨૭૯ આવાસો તૈયાર કરવા મંજુરી આપી છે. જેમાં ૧૮,૩૪૩ ની કામગીરી પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત ઝુંપડા પુર્નવસન અને પુનઃ વિકાસ સ્કીમ હેઠળ ૫૦ સ્લમ વિસ્તારમાં ૧૦,૦૦૦ મકાનોનું આયોજન પ્રમાણે કાર્યવાહી ચાલુ છે. ૬૬૭ મકાનો અર્પણ કરેલ છે.

ભારતીય જનતા પાર્ટી કહે છે તેનાં કરતા વધારે કરે છે. સૌને ઘર આપવાનાં સંકલ્પની પૂર્તી કરવાનાં પ્રયાસથી આજે હજારો પરિવારનું પોતાનું ઘરનું સ્વપ્ન સાકાર થયું છે.

આ ઉપરાંત શહેરમાં રોજગારી માટે આવતા ઘર વિહોણા લોકો માટે નેશનલ અર્બન લાઈવલી હુડમીશન (NUML) યોજના હેઠળ રૈનબસેરા નાઈટ સેલ્ટરની શહેરમાં ૪૪ જગ્યાએ સુવિધા કરવામાં આવી છે.

અમદાવાદ શહેરને ''૦'' સ્લમ સીટી તરફ લઈ જવાના અભિયાન સાથે ક્રમશઃ સ્લમ વિસ્તારમાં ઘટાડો થયો છે. છતાં સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધા માટે વિશેષ આયોજન કરવામાં આવે છે.

➞ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ હોસ્પિટલ :-

➞ પૈશ્ચિક કક્ષાનું તબીબી સારવાર કેન્દ્ર :-

શહેરનાં વિકાસની સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મરજીયાત સેવાનાં ભાગરૂપે હોસ્પિટલ સેવાઓનું પણ સંચાલન કરવામાં આવે છે. રાજય સરકારનાં સહયોગથી રૂા.૫૫૦ કરોડનાં ખર્ચે નવી મલ્ટીસ્ટોરીડ સ્પેશ્યાલીટી સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ હોસ્પિટલની કામગીરી પૂર્ણતાના આરે છે. ૩ ટાવર, ૧૯ માળ, ૧૬૦૦ બેડ ની સુવિધા પ્રાપ્ત થશે. સદર હોસ્પીટલ માટે રૂા. ૫૦ કરોડનાં ખર્ચે અદ્યતન મેડીકલ સાધનો ખરીદવા આયોજન કરેલ છે.

AMC MET સંચાલીત મેડીકલ કોલેજ માટે ગ્રાઉન્ડ + ૧૨ ફલોરનું ટાવર બિલ્ડીંગ, ૫૫૦ બોયઝની ક્ષમતાવાળી હોસ્ટેલ તથા ૪૧૬ ગર્લ્સની ક્ષમતાવાળી હોસ્ટેલની સુવિધા પ્રાપ્ત થશે. આ પ્રોજેકટ અંદાજીત ૨૧૦ કરોડનાં ખર્ચે પૂર્ણ થશે.

પૂર્વ વિસ્તારમાં ૪૯૦ બેડ સાથે શ્રીમતી શા.ચી.લા. હોસ્પીટલ, મણીનગર ખાતે મેડીકલ કોલેજ ૭૫૦ બેડ સાથે કાર્યરત છે. ગત વર્ષના કરેલ આયોજન અનુસાર એલ.જી. હોસ્પીટલ ખાતે પોસ્ટમોર્ટમ યુનિટ, કાર્ડીયાર્ક યુનિટની કામગીરી પ્રગતિમાં છે. કીડની ડાયાલીસીસ સેન્ટરની કામગીરી પૂર્ણ કરેલ છે. સીટીસ્કેનની સુવિધા પ્રારંભ કરી છે. ડેન્ટલ હોસ્પીટલ તથા નગરી આંખની હોસ્પીટલ તબીબી સેવાનું કેન્દ્ર બન્યા છે. પ્રત્યેક વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટરની સુવિધાનું લક્ષ્ય છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન વિનામુલ્યે સેવાવસ્તીનાં નાગરિકો માટે મેડીકલ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવે છે.

➞ પર્યાવરણલક્ષી આયોજન :-

ભારતીય જનતા પાર્ટીનાં નેતૃત્વની દિર્ઘદ્રષ્ટીથી પ્રારંભ થયેલ પર્યાવરણલક્ષી એનર્જી કન્ઝર્વેશન પ્રોગ્રામ હેઠળ અને રીન્યુએબલ એનર્જી સોર્સીસનાં અમલથી પ્રતિવર્ષ ૫.૪૫ કરોડ વીજ યુનિટની એટલે કે રૂા.૩૦.૨૫ કરોડની વાર્ષિક બચત થાય છે અને હવામાં ૨૯૦૦ ટન કાર્બન ડાયોકસાઈડનો ઘટાડો થશે. ૧.૩૫ લાખ સ્ટ્રીટ લાઈટને એલ.ઈ.ડી. માં કન્વર્ટ કરી છે. સોલાર પાવર પ્લાન્ટ પ્રોજેકટ તથા વિન્ડપાવર પ્લાન્ટનાં પ્રયાસથી વિજળી બીલમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે.

શહેરનાં નાગરિકોની સલામતી સુરક્ષાને ધ્યાને લઈ અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને અદ્યતન બનાવવામાં આવી રહ્યો છે. નવી ટેકનોલોજીનાં સાધનો, નવા ફાયર સ્ટેશન સાથે ડીઝાસ્ટર મેનેજમેન્ટનો અમલ થઈ રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટી વિકાસની વ્યવસ્થા સાથે સમાજનાં છેવાડાનાં માનવીની પણ ચિન્તા કરનાર પાર્ટી છે. શહેરનાં પૂર્વ - પશ્ચિમ વિસ્તારનો સમતોલ વિકાસ થાય તે પ્રકારે આયોજન હાથ ધરે છે. આવનાર ૨૦ વર્ષનાં વિકાસને લક્ષમાં રાખી શહેરની જરૂરીયાતોનું આયોજન હાથ ધરાય છે. સેવાવસ્તીમાં ૨૧૦૧ આંગણવાડીનાં

નેટવર્ક દ્વારા ૧.૭૦ લાખ લાભાર્થીઓને આરોગ્યલક્ષી - પોષણક્ષમ આહાર સેવાઓ આપવામાં આવેલ છે. સેવા વસ્તીમાં ટી.બી.નાં દર્દીનું પ્રમાણ વિશેષ હોય છે. પ્રતિવર્ષ ૧૦,૦૦૦ દર્દીઓને વિનામુલ્યે દવાઓ આપવામાં આવે છે. જે પૈકી ૮૪ % દર્દી કયોર થાય છે.

આ મહાનગરના વિકાસ સાથે નગરજનોના હિતને વરેલી ભારતીય જનતા પાર્ટીની પ્રતિબધ્ધતા પર નગરજનોને વિશ્વાસ છે. ભારતીય જનતા પાર્ટીની કટિબધ્ધતા વચન પાલન.... વહીવટી કુશળતા ભ્રષ્ટાચારમુકત શાસન વ્યવસ્થા માત્ર ઠાલા વચનો નહીં, નકકર આયોજન અને સમય મર્યાદામાં કાર્ય પૂર્ણ કરવાની દ્રષ્ટીના આધારે મહાનગરની વિકાસયાત્રા વેગવાન બની છે.

સંવેદનશીલ અભિગમ, પારદર્શક વહીવટ, નિર્ણાયક પરિશ્રમ અને પ્રગતિશીલતાની પ્રતિબધ્ધતાને નગરજનોના આશીર્વાદ રહયા છે.

આ અંદાજપત્ર એ અમદાવાદ મહાનગરની કાયાપલટ સાથે વિકાસ યાત્રાને રોકેટ ગતિથી આગળ લઈ જવાનું આયોજન છે.

વિકાસની સાથે વ્યવસ્થા અને વ્યવસ્થાની સાથે સમાજના છેવાડાના માનવીના જીવન ધોરણમાં સુધારનું લક્ષ્ય છે.

સેવા વસ્તીના નાગરિકોનો પણ વિચાર છે. વિકાસની ગતિ માટેનો પણ વિચાર છે.

શિક્ષણ, સ્વાસ્થ્ય, સુવિધાનો પણ વિચાર છે. પ્રકૃતિની જાળવણી અને પર્યાવરણની સુરક્ષાનો પણ વિચાર છે.

અંદાજપત્ર એટલે નાણાંકીય આયોજન પરંતુ ભારતીય જનતા પાર્ટી માટે માત્ર નાણાંકીય આયોજન નહીં પરંતુ પ્રજાનાં નાણાંનો કરકસર પૂર્વક ઉપયોગ,પ્રજા દ્વારા આપવામાં આવેલ વેરાનું વળતર વિકાસ દ્વારા નગરજનોને આપવાના વચનપાલનની કટીબધ્ધતા માત્ર આંકડાની માયાજાળ નહીં પરંતુ લાંબાગાળાનાં ટુંકાગાળાનાં વિકાસલક્ષી આયોજન ..... વહીવટી સરળતા ..... વહીવટી પારદર્શકતા ..... અને શહેરનાં સમતોલ વિકાસનો અભિગમ અને વિકાસની ગતી સાથે સમાજનાં છેવાડાના માનવીની પાયાની જરૂરીયાત પાણી, ડ્રેનેજ, સફાઈ, લાઈટ, રહેઠાણનું મકાન, આરોગ્ય અને શિક્ષણની સુવિધાને પણ કેન્દ્રમાં રાખવામાં આવેલ છે. સૌનો સાથે સૌનો વિકાસ - વિકાસમાં ન વિવાદ નાં સુત્ર સાથે આપણે સૌ સાથે મળી ઐતિહાસીક વિરાસતની જાળવણી સાથે શ્રેષ્ઠ મહાનગર બનાવવા સંકલ્પબધ્ધ થઈએ એવી અપેક્ષા.....

(૧) મ્યુ. પ્રોપર્ટી ટેક્ષ - કોન્ઝર્વન્સી ટેક્ષ, વોટર ટેક્ષના દરોમાં કોઈજ વધારો નહીં.

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકાનાં કરદાતાઓ દ્વારા ભરવામાં આવતા પ્રોપર્ટી ટેક્ષનો કરકસરપૂર્વક ઉપયોગ કરી પ્રજાને વેરાનું વળતર વિકાસ દ્વારા આપવાનો સતત પ્રયાસ રહ્યો છે. વહીવટી કાર્યકુશળતાને કારણે નોન ટેક્ષ રેવન્યુમાં વધારો થઈ રહ્યો છે તથા રાજય સરકારશ્રી દ્વારા મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ પ્રોજેકટ હેઠળ વિશેષ ગ્રાન્ટની ફાળવણી થઈ રહી છે, અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સપોર્ટેશન સ્કીમ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પણ સ્માર્ટ સિટી પ્રોજેકટ માટે નાણાંકીય સહાય થઈ રહી છે. જે ધ્યાને લઈ સને ૨૦૧૮-૨૦૧૯ના વર્ષેમાં પ્રોપર્ટી ટેક્ષ, વોટર ટેક્ષ તથા કોન્ઝર્વન્સીનાં દરોમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી.

પરંતુ ચાર વર્ષ અગાઉ નવા જંત્રીના દરો અંગે જે રાહત આપવામાં આવી હતી તેમાં સને ૨૦૧૮-૨૦૧૯ નાં વર્ષ માટે મ્યુ. કમિશનરશ્રીએ સુચવેલ જંત્રી દર પ્રમાણેની પ્રોપર્ટી ટેક્ષની આકારણી કરવાને બદલે જંત્રી દરમાં ૨૫% રાહત આપી પ્રોપર્ટી આકારણી કરવાનું ઠરાવવામાં આવે છે. જેથી નાગરીકોને મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ પ્રોપર્ટી ટેક્ષમાં અંદાજીત રૂા.૩૫ કરોડની રાહત મળશે.

- વાહનવેરાનાં દરો યથાવત :-

- ઈલેકટ્રીક વાહનોને વાહન વેરામાં ૫૦ % રાહત :-

વાહનવેરા નાં દરોમાં કોઈપણ વધારો સૂચવવામાં આવેલ નથી, પરંતુ શહેરમાં પ્રદુષણના પ્રમાણમાં ઘટાડો થાય તેવા પ્રયાસો અ.મ્યુ.કોર્પોરેશન કરી રહેલ છે.જે ધ્યાને લઈ ઈલેકટ્રીક વાહનોનો વપરાશ વધે તો કાર્બનનાં પ્રમાણમાં ઘટાડો થાય અને એરકવોલીટીમાં સુધારો થાય તે હેતુથી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન ઈલેકટ્રીક વાહનો જે આર.ટી.ઓ. ખાતે પાસીંગ કરાવવામાં આવે છે તેવા તમામ વાહનોમાં વસુલાતા આજીવન વાહનવેરામાં ૫૦% રાહત આપવાનું ઠરાવવામાં આવે છે.

(૨)	**નરોડા - પાટીયા ફલાય ઓવરબ્રિજ**	**રૂા.૧૦ કરોડ**
	કાલુપુર રેલ્વે ઓવરબ્રિજ પહોળો કરવા	
	કુબેરનગર રેલ્વે ઓવરબ્રિજ અંગે ફીઝીબીલીટી રીપોર્ટ તથા	
	વાસણા પિરાણા ડો.બાબા સાહેબ આંબેડકર પુલ નીચે	
	રંગસાગર ફલેટથી પસાર થતાં રસ્તા અંગે ફીઝીબીલીટી રીપોર્ટ	**રૂા.૨ કરોડ**

ઠરાવ કર્યો કે શહેરમાં દિન-પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થાય છે. પ્રતિવર્ષ અ.મ્યુ.કો., રાજય સરકાર તથા એન.એચ.એ. અને ઔડા દ્વારા શહેરમાં ફલાય ઓવરબ્રિજ, અંડરપાસ, રેલ્વે ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવે છે. આગામી આયોજનના ભાગરૂપે નરોડા પાટીયા ચાર રસ્તા ફલાય ઓવરબ્રિજ નવો તૈયાર કરવા રૂા.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે તથા (૧) કાલુપુર રેલ્વે ફલાય ઓવરબ્રિજ પહોળો કરવા (૨) કુબેરનગર રેલ્વે ક્રોસીંગ રેલ્વે ઓવરબ્રિજ અને (૩) શહેરમાં વાસણા તથા પિરાણા વિસ્તારને જોડતો પુલ આવેલો છે. આ પુલના પશ્ચિમ તરફના ભાગમાં પુલ નીચેથી પસાર થતા રંગ સાગર ફલેટ પાસેના રસ્તા ઉપર

પુલની ઉંચાઇ સપ્રમાણ ન હોવાથી ઉંચાઇવાળા વાહનો પસાર થઇ શકતા નથી જેને કારણે આ રસ્તાની ઉપયોગીતા ઘટી જાય છે. તેમજ નાગરીકોને મુશ્કેલી પડે છે. જે ધ્યાને લઇ વાસણા પિરાણા ડો.બાબા સાહેબ આંબેડકર રીવર બ્રિજના પશ્ચિમ તરફના ભાગની નીચેથી પસાર થતાં રસ્તાની વધુ ઉંચાઇ મળી રહે તે પ્રમાણે આયોજન કરવા જરૂરી ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવા તેમજ વૈકલ્પીક રસ્તા અંગે આયોજન કરવા અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે રૂા.૨ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૩) નવી ટી.પી. સ્કીમમાં આર.સી.સી. રોડ - આયોજન :- રૂા.૧૫ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા વિવિધ પ્રકારની ટેકનોલોજી ના ઉપયોગથી રોડ તૈયાર કરવામાં આવે છે. જે પૈકી નવાં ટી.પી. સ્કીમના રસ્તા ખોલવામાં આવે તે રસ્તાઓમાં ડ્રેનેજ, પાણીની લાઇન તથા યુટીલીટી સર્વીસ માટે આયોજન કરી આર.સી.સી. રોડ તૈયાર કરવા આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ જે વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાને કારણે ડામર રોડ વારંવાર તુટી જાય છે. તેવા રોડનું સર્વે કરી આર.સી.સી.ના રોડ તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૪) એરીયા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ

સીવીલ હોસ્પિટલ - જગન્નાથ મંદિર - જમાલપુર વિસ્તાર રૂા.૧૦ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના સમતોલ વિકાસની સાથે શહેરના વિવિધ વોર્ડમાં વિકાસ કામો હાથ ધરવામાં આવેલ છે સંપૂર્ણ શહેરને તબક્કાવાર અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવાનો પ્રયાસ થાય છે. જેના ભાગરૂપે પ્રાયોગીક ધોરણે શહેરનાં બે એરીયાને વિશિષ્ટ ડીઝાઇનથી ડેવલપ કરવા આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

જેમાં આ વિસ્તારના નક્કી કરેલા વિસ્તારના રોડને ૧૦૦% વોલ ટુ વોલ કારપેટ, સ્પેશીયલ ડીઝાઇન ફુટપાથ, રોડ માર્કીંગ, ઝીબ્રા ક્રોસીંગ, સ્ટ્રીટલાઇટ વીથ સ્પેશીયલ ડીઝાઇન પોલ, સર્કલ ડેવલપમેન્ટ, સ્ટ્રીટ ફર્નીચર, વૃક્ષારોપણ, દબાણમુક્ત તેમજ એલ.ઇ.ડી. સહિતના સાઇનેજ બોર્ડ સાથે આ વિસ્તારની અલગ જ ઓળખ ઉભી થાય તે પ્રકારે આયોજન હાથ ધરવા ઠરાવવામાં આવે છે. જેમાં (૧) સીવીલ હોસ્પિટલની આસપાસનો વિસ્તાર તથા (૨) સુપ્રસિધ્ધ શ્રી ભગવાન જગન્નાથ મંદિર જમાલપુર વિસ્તારના વિકાસ માટે રૂા.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૫) જુના એલ.જી. હોસ્પીટલ બિલ્ડીંગ ખાતે વધારાના માળનું બાંધકામ :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે, અ.મ્યુ.કોર્પો. સંચાલિત મણીનગર ખાતે આવેલ શેઠ લ. ગો. જનરલ હોસ્પીટલ અમદાવાદ શહેર તેમજ આસપાસના પૂર્વ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના રહીશો માટે તબીબી સેવાનું કેન્દ્ર છે. હોસ્પીટલમાં પ્રતિદિન અંદાજીત ૨૩૦૦ જેટલા દર્દીઓ ઓ.પી.ડી. સારવાર લે છે. ૬૫૦ જેટલા દર્દીઓ ઈન્ડોર સારવાર લે છે. શેઠ લ.ગો. જનરલ હોસ્પીટલ ખાતે નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનાં હેતુથી જુની બિલ્ડીંગનાં ભાગમાં વધારાનો એક માળ તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૬) રોડ પ્રોજેક્ટની કામગીરી માટે મેટલ ડેપો,
મટીરીયલ ટેસ્ટીંગ લેબોરેટરી તથા હોટમીક્ષ પ્લાન્ટ રૂા.૨૦ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં ૪૬૬ ચો.કિ.મીના વિસ્તારમાં રોડ નેટવર્કની કામગીરી ઝોન તથા રોડ પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવે છે. હાલમાં મોટાભાગની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવે છે. જેને કારણે આકસ્મીક સંજોગોમાં રોડના કામો તાત્કાલીક કરવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે કોન્ટ્રાક્ટર આધારીત વ્યવસ્થા રહે છે. અગાઉ એ.એમ.સી.નો મેટલ ડેપો તથા હોટમીક્ષ પ્લાન્ટ કાર્યરત રહેતો હતો જેને કારણે ખાતા દ્વારા પણ કામગીરી કરવામાં આવતી હતી.

આગામી દિવસોમાં શહેરમાં નવા ૧૦૦ કિલોમીટરના રસ્તા તૈયાર કરવાનું આયોજન છે તથા હયાત રસ્તાને વિવિધ ટેકનોલોજીથી રીસરફેસ કરવાનું આયોજન છે જે ધ્યાને લઇ શહેરમાં ૩ જગ્યાએ એ.એમ.સી.નો હોટ મીક્ષ પ્લાન્ટ તથા મેટલ ડેપો તૈયાર કરવા તથા મટીરીયલ ટેસ્ટીંગ લેબોરેટરીની અદ્યતન ટેકનોલોજી સાથેની ''લેબોરેટરી ઓન વ્હીલ'' તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે જેને કારણે કામગીરીના સ્થળ ઉપર જ મટીરીયલ ટેસ્ટીંગની વ્યવસ્થા પ્રાપ્ત થશે. આ માટે અંદાજપત્રમાં કુલ રૂા.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૭) પૂર્વ વિસ્તારમાં હાંસોલ ખાતે ૧૦ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-
ઔદ્યોગીકગૃહો સાથે સંકલન કરી રીસાયકલ વોટરનો ઉપયોગ :- રૂા.૧૦ કરોડ

ઠરાવ કર્યો કે શહેરનાં પૂર્વ વિસ્તારમાં મોટા પ્રમાણમાં વિકાસ થઇ રહયો છે જેને કારણે ડ્રેનેજ સુવિધાના પ્રશ્નો ઉભા થાય છે. અમદાવાદ શહેરમાં પ્રતિદિન ૮૫૦ એમ.એલ.ડી. જેટલો સુએજ જનરેટ થાય છે. શહેરમાં કુલ ૫૯ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો આવેલ છે અને ૭ એસ.ટી.પી. છે. જેની ટ્રીટમેન્ટ ક્ષમતા ૮૧૭ એમ.એલ.ડી. છે. નદીની પશ્ચિમ તરફ ૪૦૧ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ થાય છે. પૂર્વ વિસ્તારની મેઇન ટ્રંક લાઇન પર ભારણ વધી રહયુ છે. ઉત્તર ઝોન તથા પૂર્વ ઝોનના પાણીને નદી સુધીના એસ.ટી.પી. ખાતે લાવીને ટ્રીટ કરવામાં આવે છે. પૂર્વ વિસ્તારના ડ્રેનેજના પ્રશ્નને હલ કરવા આ વિસ્તારના જનરેટ થતા સુએજને હાંસોલ ખાતે નવો એસ.ટી.પી. તૈયાર કરી એજ વિસ્તારના ઔદ્યોગિક ગૃહોને રીસાઇકલ વોટરનો જથ્થો આપવા તથા નજીકના તળાવો ભરવા આયોજન હાથ ધરવાં હાંસોલ ખાતે નવો ૧૦ એમ.એલ.ડી. એસ.ટી.પી. તૈયાર કરવા રૂા.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૮) લેફ્ટ ટર્ન ફ્રી ટ્રાફીક વ્યવસ્થા રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરની ટ્રાફીક સીસ્ટમને આધુનીક અને સરળ બનાવવા પ્રતિ વર્ષ અંદાજપત્રમાં વિવિધ આયોજન કરવામાં આવે છે જેનાં ભાગ રૂપે શહેરનાં ટ્રાફીક સીગ્નલ, ટાઇમર, ફલાયઓવરબ્રિજ, લેન ટ્રાફીક, રોડ પાર્કીંગ, કેટ આઇ, ઝીબ્રા ક્રોસીંગ, માર્કીંગ, સ્ટોપ લાઇન, સેન્ટ્રલ વર્જના આયોજન ઉપરાંત ટ્રાફીક સાઇનેજ બોર્ડ મુકવામાં આવે છે.

અમદાવાદ શહેરની ટ્રાફીક સમસ્યાના અભ્યાસના એક તારણમાં વિગત ધ્યાને આવેલ છે કે ટ્રાફીક જંક્શન ખાતે ટ્રાફીક સીગ્નલની વ્યવસ્થાવાળા સર્કલ ઉપર સ્ટોપ લાઇન સમયે લેફ્ટ ટર્ન ટ્રાફીકને પણ અસર થાય છે. લેફ્ટ ટર્ન ટ્રાફીક ફ્રીની વ્યવસ્થા કરવામાં આવે તો ટ્રાફીક જંકશન ખાતે મોટી સમસ્યા હળવી બને તેમ છે. જે ધ્યાને લઇ શહેરના મુખ્ય ટ્રાફીક જંક્શનો ખાતે લેફ્ટ ટર્ન ફ્રી ટ્રાફીક માટે જંકશન ખાતે લેફ્ટ ટર્ન માટે કાર્વિંગ કરવા તથા સાઇનેજ મુકવા સાથે દબાણ દુર કરી ફુટપાથની સાઇઝમાં ઘટાડો કરવા અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૯) ડો.બાબાસાહેબ આંબેડકર ઓડીટોરીયમ — રૂા.૫ કરોડ

વીર ભગતસિંહ કોમ્યુનીટી હોલ — રૂા.૩ કરોડ

ઠરાવ કર્યો કે શહેરનાં પૂર્વ વિસ્તારમાં સરસપુર ખાતે આવેલ ડો.બાબાસાહેબ આંબેડકર હોલ વર્ષો પુરાણો છે અને હોલને અવારનવાર સમારકામ કરવામાં આવે છે. આ હોલને ડીમોલીશ કરી નવી ડીઝાઇન તૈયાર કરી અદ્યતન ''ડો. બાબાસાહેબ આંબેડકર'' ઓડીટોરીયમ તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. તથા ગોમતીપુર વિસ્તારમાં આવેલ વીર ભગતસિંહ કોમ્યુનીટી હોલને નવીનીકરણ કરવાને બદલે ડીમોલીશ કરી અદ્યતન કોમ્યુનીટી હોલ નવો તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૩ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. આમ, અંદાજપત્રમાં કુલ રૂા.૮ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૧૦) પાણીના નવા બોર માટે વધુ રકમની ફાળવણી :- — રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરનાં નવા સમાવેશ થયેલ વિસ્તારમાં પાણીના નેટવર્કની કામગીરી માટે વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા પાઈપ લાઈન નેટવર્કની કામગીરી ખુબ ઝડપથી ચાલી રહી છે. ઘણાં વિસ્તારોમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનની સાથે ભુગર્ભ જળનો જથ્થો મેળવવા બોરની આવશ્યકતા રહે છે. જે ધ્યાને લઈ પાણીનાં નવા બોર તૈયાર કરવા સારૂ અંદાજપત્રમા વધુ **રૂા.૫ કરો**ડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૧) સ્વામીવિવેકાનંદ - રીડીંગ લાઈબ્રેરી તથા ઓડીટોરીયમ :- — રૂા.૨ કરોડ

ઠરાવ કર્યો કે, શહેરનાં પૂર્વ વિસ્તારમાં મોટા પ્રમાણમાં શ્રમજીવી પરિવારો વસવાટ કરે છે. આ પરિવારો ખુબજ નાના મકાનોમાં રહેતા હોય છે. આ પરિવારનાં બાળકો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. તેઓને અભ્યાસ માટે તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટેની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી શહેરનાં પૂર્વ વિસ્તારમાં ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેવી બેઠક વ્યવસ્થા સાથેની વાતાનુકુલીત રીડીંગ લાઈબ્રેરી તથા માર્ગદર્શન માટેના સેમીનાર કરી શકાય તેવો ૩૦૦ બેઠકો સાથેનો ઓડીટોરીયમ તૈયાર કરવા અંદાજપત્રમાં પ્રારંભીક ધોરણે રૂા.૨ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૧૨) ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ બોર્ડ તથા ઔડાની વસાહતોમાં સુવિધા :- રૂા.૧૦ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ સ્લમ કલીયરન્સ બોર્ડ તેમજ હાઉસીંગ બોર્ડ તથા ઔડાની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા, ફુટપાથ, ગાર્ડન વગેરેની સુવિધા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે. જે માટે મ્યુનિ.કમિશનરશ્રીએ અંદાજપત્રમાં જોગવાઈ કરેલ છે તે ઉપરાંત ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ બોર્ડ ઔડાની વસાહતોમાં સુવિધાના કામો ડ્રેનેજ, રસ્તા, લાઈટ, પાણી તથા કોમન પ્લોટમાં મીની પાર્ટી પ્લોટ, આંગણવાડી, હેલ્થ કલબ, ચિલ્ડ્રન પ્લે એરીયા તેમજ સ્પોર્ટસ એકટીવીટીઝ સેન્ટર, લાયબ્રેરી વિગેરેની સુવિધા માટે અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ**ની ફાળવણી કરવામાં આવે છે.

(૧૩) મ્યુનિ. કાઉન્સીલર બજેટ રૂા.૨૫ લાખ :-

ઠરાવ કર્યો કે શહેરના ૪૮ વોર્ડમાં ચૂંટાયેલ ૧૯૨ પ્રતિનિધિઓ પોતાના મત વિસ્તારમાં પ્રજાલક્ષી પ્રાથમિક જરૂરીયાતના વિકાસ કામો કાઉન્સીલર બજેટ ફાળવણી દ્વારા અગ્રિમતાના ધોરણે કરી શકે તે હેતુથી પ્રતિવર્ષ મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓને વાર્ષિક રૂા.૧૭ લાખ બજેટ ફાળવવાની દરખાસ્ત મ્યુ.કમિશનરશ્રીએ રજુ કરેલ છે. જે બજેટમાં રૂા.૮ લાખનો વધારો કરી મ્યુનિ.કાઉન્સીલર બજેટ વાર્ષિક રૂા.૨૫ લાખ કરવા માટે અંદાજપત્રમાં વધુ **રૂા.૧૫.૩૬ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે. આમ, મ્યુનિ. કાઉન્સીલરશ્રીને ફાળવેલ બજેટ રૂા. ૨૫ લાખ પૈકી રૂા.૩ લાખ માત્ર વોર્ડ તથા શહેરની સ્વચ્છતા અભિયાનના સંદર્ભમાં જ ઉપયોગમાં લઈ શકાશે, જેમાં સફાઈના સાધનો, પબ્લીક યુરિનલ, નાના મોટા ડસ્ટબીન, સોસાયટીમાં કોમન સફાઈ કન્ટેઈનર, ન્યુસન્સ સ્પોટ સુધારણા તથા સોસાયટીનાં કોમન પ્લોટ ડસ્ટ ફ્રી કરવા માટે જ વાપરી શકાશે જેને કારણે શહેરની સફાઈ વ્યવસ્થા આદર્શ બને.

(૧૪) 'ઝીરો' બજેટ હેડ હેઠળ ફાળવણી :- રૂા.૧૪.૬૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરના વિકાસ માટે વિવિધ પ્રોજેકટ્સ અને વિકાસ કામો તેમજ મેઈન્ટેનન્સ કામગીરી માટે સ્પેશ્યલ હેડ હેઠળ બજેટ ફાળવણી કરવામાં આવે છે. પરંતુ, વર્ષ દરમ્યાન આકસ્મિક સંજોગોમાં આયોજન થતા મહત્વના કામો માટે બજેટની જરૂરીયાત ઉભી થાય ત્યારે અને અંદાજપત્રમાં આવા કામોની કોઈ જોગવાઈ ના હોય તેવા સંજોગોમાં અંદાજપત્રમાં 'ઝીરો' બજેટહેડ હેઠળ ફાળવેલ રકમમાંથી આવા કામો કરી શકાય તે માટે અંદાજપત્રમાં **રૂા.૧૪.૬૫૮૮ કરોડ**ની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે. આ બજેટહેડ હેઠળ ફાળવેલા નાણાં સ્ટે.કમિટીના ચેરમેનશ્રીની સૂચના મુજબ વિવિધ પ્રોજેકટો માટે ફાળવવામાં આવશે.

(૧૫) વર્લ્ડ હેરીટેજ સીટી - પ્રવેશ દ્વાર :- રૂા.૩ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર દેશનું સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી બન્યુ છે. આ શહેરને ગૌરવ પ્રાપ્ત થાય તેવો વિશેષ દરજ્જો પ્રાપ્ત થયો છે. દેશ અને દુનિયાના પ્રવાસીઓ આ હેરીટેજ વિરાસતની મુલાકાતે પધારશે.

આ શહેરમાં પ્રવેશનાં રાજમાર્ગમાં પ્રવેશતાની સાથે વર્લ્ડ હેરીટેજ સીટીની ઓળખ ઉભી થાય તે પ્રકારે અમદાવાદ શહેરમાં પ્રવેશવાનાં ચાર મુખ્ય દ્વારો ઉપર વર્લ્ડ હેરીટીજ સીટી પ્રવેશદ્વાર તૈયાર કરવા તથા પ્રવેશદ્વારથી ૧ કીલોમીટર સુધીનો રોડ વિશિષ્ટ પ્રકારની સ્ટ્રીટલાઈટ, ફલાવરબેડ સાથેની સેન્ટ્રલ વર્જ તથા બંન્ને તરફ વૃક્ષારોપણ અને વિવિધ હેરીટેજની કૃતીઓ મુકીને માર્ગને સુશોભીત કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે અંદાજપત્રમાં રૂા.૩ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૬) એ.એમ.સી. હેરીટેજ બિલ્ડીગ "સરદાર પટેલ ભવન" નવીનીકરણ તથા "હેરીટેજ ગેલેરી" રૂા.૧ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકાનો પ્રારંભ બરોથી થયો હતો. સ્વતંત્રતા પહેલાના સમયથી અસ્તિત્વમાં આવેલ વ્યવસ્થામાં દેશનાં પનોતાપુત્ર, લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલનું યોગદાન નોંધપાત્ર છે. દરીયાપુર વોર્ડનું પ્રતિનિધિત્વ કરનાર સરદાર વલ્લભભાઇએ આ નગરના પ્રમુખ તરીકે સુકાન સંભાળેલ હતુ. આ મહાનગરપાલીકાના મુખ્ય કાર્યાલય ખાતે આવેલ ઐતિહાસીક ઇમારત એ મહાનગરની હેરીટેજ વિરાસત છે. જ્યાં સરદાર વલ્લભભાઇ પટેલના સંસ્મરણો છે જેને મહાનગરપાલીકાએ "સરદાર વલ્લભભાઇ પટેલ ભવન" નામાભિકરણ કરેલ છે. આ ભવનની વિશિષ્ટ પ્રકારની બાંધકામ શૈલી તથા ભવનમાં આવેલ "ગાંધી હોલ"ની સ્મૃતિ કાયમી સ્વરૂપે જળવાય તે હેતુથી સરદાર વલ્લભભાઇ પટેલ ભવન ખાતે હેરીટેજ ગેલેરીની રચના કરવા તથા બિલ્ડીગના ભોંયતળીયે બેઠક વ્યવસ્થા કરી હાલમાં જે સ્વામીનારાયણ મંદિરથી 'હેરીટેજ વોક' નો પ્રારંભ થાય છે તેનું સમાપન આ ભવન ખાતે કરવા તેમજ મુલાકાતીઓને હેરીટેજ અંગેની વિશેષ માહિતી પ્રાપ્ત થાય તે પ્રકારનું આયોજન કરવા સાથે સરદાર પટેલ ભવનમાં નવીનીકરણ માટે રૂા.૧ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૧૭) નવા મ્યુનિસિપલ શાળાના મકાનો :- રૂા.૩ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સંચાલિતનગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ગરીબ અને મધ્યમવર્ગના પરિવારના બાળકો અભ્યાસ કરે છે. વિશેષરૂપે શ્રમજીવી વિસ્તારની શાળાઓમાં બાળકોની સંખ્યાનું પ્રમાણ વધારે હોય છે. આ વિસ્તારના બાળકોની શૈક્ષણિક સુવિધા વધારવા માટે શહેરમાં બે વિસ્તારોમાં મ્યુનિસિપલ શાળાના નવા મકાનો તૈયાર કરવા આયોજન કરવામાં આવેલ છે. જેમાં (૧) લાંભા રંગોળીનગર (૨) નિકોલ ફા. પ્લોટ ૧૮૦ ખાતે નવા મ્યુનિસિપલ શાળાના બિલ્ડીગ માટે રૂા.૩ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૧૮) ચંડોળા તળાવ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરના દક્ષિણઝોનમાં આવેલ ચંડોળા તળાવના વિકાસ માટે તળાવની માંગણી રાજય સરકારશ્રી પાસે કરવામાં આવી હતી. સરકારશ્રી દ્વારા આ પ્રોજેકટના વિકાસ માટે પ્રારંભિક ધોરણે રૂા.૫ કરોડની જોગવાઈ કરેલ છે. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન પણ ચંડોળા તળાવના ડેવલપમેન્ટ પ્રોજેકટનું આયોજન-વિચારણા

કરેલ છે. આ તળાવના ડેવલપમેન્ટ માટે ફેઝવાઈઝ આયોજન કરવા ઠરાવવામાં આવે છે. જે માટે અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે રૂા.૫ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૯) નાના તળાવોનો વિકાસ :- રૂા.૨ કરોડ

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ મોટા તળાવોને તબક્કાવાર વિકસાવવામાં આવી રહયા છે. પરંતુ ખાસ કરીને નવા પશ્ચિમ તથા નવા પૂર્વ વિસ્તારમાં અનેક નાના નાના તળાવો આવેલ છે. જયાં ચોમાસા દરમ્યાન કુદરતી રીતે પાણીનો સંગ્રહ થાય છે તેવા તળાવોની ફરતે પાકી પાળ બાંધી આસપાસ પેવીંગ કરી વિકસાવવાનું ઠરાવવામાં આવે છે. (૧) નિકોલ ગામ તળાવ (૨) હાથીજણ ગામ તળાવ (૩) આંબલી તળાવ. આ માટે અંદાજપત્રમાં રૂા.૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૦) ૬ નવા પાર્ટી પ્લોટ :- રૂા.૨ કરોડ

ઠરાવ કર્યો કે ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક કાર્યક્રમોનાં આયોજન માટે નગરજનોને સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી શહેરનાં વિવિધ વિસ્તારમાં કોમ્યુનિટી હોલ નવીનીકરણ કરવા અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. સામાજીક પ્રસંગોની ઉજવણી માટે ખુલ્લા પાર્ટી પ્લોટની જરૂરીયાતને ધ્યાને લઈ શહેરમાં અ.મ્યુ.કોર્પો.નાં પ્લોટોમાં ૬ નવા ઓપન પાર્ટી પ્લોટ રસોઈઘર, રૂમો તથા લાઈટીંગ અને આકર્ષક ગેટની સુવિધા સાથેના તૈયાર કરવાથી સામાન્ય ખર્ચમાં નાગરીકો પ્રસંગ કરી શકે. આ માટે અંદાજપત્રમાં રૂા.૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૧) મેયર હાઉસ રૂા.૨ કરોડ

ઠરાવ કર્યો કે શહેરના પ્રથમ નાગરિકના નિવાસ સ્થાન તરીકે હાલમાં લો ગાર્ડન સ્થિત મેયર બંગલોમાં વ્યવસ્થા છે. શહેરનો વિકાસ થતા મુલાકાતે પધારતાં દેશ વિદેશના પ્રતિનિધિ મંડળોની મેયરહાઉસ ખાતે વિપુલ પ્રમાણમાં મુલાકાતો યોજાય છે. મેયરશ્રીના નિવાસ સ્થાન ઉપરાંત કોન્ફરન્સ રૂમ, ગેસ્ટ રૂમ, કાર્યાલયની સુવિધા સાથેનું અદ્યતન મેયર હાઉસ તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૨ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૨૨) શહેરનાં જુના ગામતળના વિકાસ માટે નાણાંકીય આયોજન :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરના હદ વિસ્તારમાં વધારો થવાથી આસપાસની નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોના વિસ્તારનો શહેરની હદમાં સમાવેશ થયેલ છે.આ નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારનાં લોકો અમદાવાદ શહેરમાં થયેલ વિરાટ ભૌતિક વિકાસની સાથે તાલ મિલાવી શકે અને આ નાગરિકોને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ ગ્રામ પંચાયત સમયના આયોજનને નવું સ્વરૂપ આપી ગામડાંઓને શહેરી વિસ્તારની જેમ જ સુવિધા આપવા સારૂ ગામતળમાં આર.સી.સી. રોડ, સોડીયમ સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણી માટે પીવીસી લાઈનને બદલે કાસ્ટ આયર્ન

પાઇપ લાઇન, નીકવાળી ખુલ્લી ગટરને બદલે સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઇન, પીવાનું શુદ્ધ પાણી તથા પંચાયત સમયના જુનાપુરાણા મકાનોનું નવિનીકરણ કરવા, ચોરા-ચબુતરાના વિકાસ સહિત અમદાવાદ શહેરમાં નવા સમાવેશ થયેલ આ ગામતળ વિસ્તારમાં સુવિધાઓ આપવા ડ્રાફટ અંદાજપત્રમાં આયોજન કરવામાં આવેલ છે. એજ પ્રકારે શહેરની જુની હદમાં અનેક ગામતળો આવેલ છે આ ગામતળોમાં સુવિધા માટે રૂા. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૩) સીટી સીવીક સેન્ટરોનું નવિનીકરણ :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ ની મહાનગરની વિવિધ સેવાઓનું વોર્ડ કેન્દ્ર સીટી સીવીક સેન્ટર બનેલ છે. હાલ શહેરમાંપદ સીટી સીવીક સેન્ટર આવેલ છે. નાગરીકોને સ્થાનીક સ્તરે પ્રોપર્ટી ટેક્ષ ભરપાઇ કરવાની સુવિધા, કોમ્યુનીટી હોલ તથા પાર્ટી પ્લોટનું બુકીગ, જન્મ-મરણના પ્રમાણપત્રની નકલ, ગુમાસ્તધારાનું પ્રમાણપત્ર, જીમનેશીયમ-સ્નાનાગર વિગેરે વિવિધ મ્યુ.સુવિધાઓના નાણાં ભરવાની વ્યવસ્થા સીટી સીવીક સેન્ટર ખાતે ઉપલબ્ધ છે. આ સીટી સીવીક સેન્ટરોમાં જરૂરી નવા કોમ્પ્યુટર, જરૂરી ફર્નિચર, બેઠક વ્યવસ્થા સહિત નવિનીકરણ કરવા અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૨૪) સીટી ડિઝાઈન સેલની રચના - સીટી બ્યુટીફિકેશન પ્લાન :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે, અમદાવાદ શહેર ૪૬૬ ચો. કીલોમીટરનો વિસ્તાર તથા અંદાજીત ૬૪ લાખની જનસંખ્યા ધરાવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં શહેરમાં માળખાકીય સુવિધાઓ સાથે શહેર સુવિધાપૂર્ણ બનેલ છે. શહેરની વસ્તી અને વિસ્તારમાં ક્રમશઃ વધારો થતો જાય છે. શહેરના આગામી ૧૦ વર્ષની જરૂરીયાતનું આયોજન જરૂરી છે. સાથે સાથે શહેરની હયાત સુવિધાની જાળવણી સાથે શહેરની સુંદરતામાં વધારો થાય તે પ્રકારનું આયોજન કરવા માટે અલાયદા સેલની રચના કરવાથી સારા પરિણામ મળી શકે તેમ છે.

શહેરમાં પ્રતિવર્ષ ૩૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ કામોનું આયોજન કરવામાં આવે છે. આ આયોજન અંતર્ગત શહેરમાં ડ્રેનેજ લાઈન, એસ.ટી.પી., વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ગાર્ડન, સ્કુલ બિલ્ડીંગ, ઓફિસ બિલ્ડીંગ, ફાયર સ્ટેશન, સેન્ટ્રલવર્જ, આંગણવાડીનાં મકાનોનું પણ પ્લાનીંગ કરવા ડિઝાઈન કરવામાં આવે તો સરળતા રહે અને નાણાંકીય બચત થાય તેમ છે. સામાન્ય સંજોગોમાં પ્રોજેકટ માટે ટેન્ડર તૈયાર કરવા, ડિઝાઈન તૈયાર કરવા તથા મોનીટરીંગ કરવા એજન્સીઓની સેવા લેવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા AMC CITY DESIGN CELL ની રચના કરવામાં આવે તો આ સેલ દ્વારા વિવિધ પ્રોજેકટો અંગે સૌ અધિકારીઓ તથા ખાતાના સંકલનમાં રહી પ્રોજેકટ ડિઝાઈનની કામગીરી કરવામાં આવે તો સરળતા રહે અને નાણાંકીય બચત થાય તેમ છે. આ ઉપરાંત હાલમાં શહેરને ગ્રીન અને બ્યુટીફાય કરવા માટે શહેરના રસ્તા, સર્કલ, સેન્ટ્રલવર્જ, સ્ટ્રીટલાઈટ પોલ, બિલ્ડીગ, સાઈનબોર્ડની ડિઝાઈન તૈયાર કરી વિગેરે વિવિધતાપૂર્ણ અમલીકરણ કરવું જરૂરી છે.

શહેરનાં મુખ્ય રાજમાર્ગોનાં બ્યુટીફિકેશનનું આયોજન જરૂરી છે તે માટે અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૫) શહેરના પૂર્વ વિસ્તારમાં પીપીપી મોડલથી ૨ સ્વીમીંગ પુલ.

ઠરાવ કર્યો કે શહેરનાં પૂર્વ વિસ્તારના નાગરીકોની સુવિધા માટે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે અ.મ્યુ. કો. દ્વારા જમીનની ફાળવણી કરીને પીપીપી મોડલથી બે જગ્યાએ સ્વીમીંગપુલ તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે પીપીપી મોડલની જરૂરીયાતની નીતિ તૈયાર કરી સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૬) કાંકરીયા લેઇક ફ્રન્ટ તથા રીવરફ્રન્ટ ખાતે સ્માર્ટ લાઇટીંગ સીસ્ટમ. રૂા.૨ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં અમલમાં આવેલ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્ટ્રીટ લાઇટ સીસ્ટમને સ્માર્ટ સ્વરૂપ આપવામાં આવી રહયુ છે. જેમાં ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પ્રકાશની મર્યાદામાં સ્ટ્રીટલાઇટ ઓપરેટ થાય તેમજ કોઇપણ લાઇટમાં ખામી સર્જાય તો ઓટોમેટીક આ સીસ્ટમ જવાબદાર અધિકારીના મોબાઇલમાં મેસેજ મોકલે છે તેમજ સેન્ટ્રલ કન્ટ્રોલથી ઓપરેટ થાય તે માટે કાંકરીયા લેઇક ફ્રન્ટ તથા રીવરફ્રન્ટ ખાતે સ્માર્ટ લાઇટીંગ સીસ્ટમનું આયોજન કરવા માટે અંદાજપત્રમાં રૂા.૨ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૨૭) સાબરમતી રીવર ફ્રન્ટમાં પ્રવેશતા રસ્તા પહોળા કરવા આયોજન :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે સાબરમતી નદીના બન્ને તરફના કિનારાનો વિકાસ થતા પૂર્વ અને પશ્ચિમ તરફ શહેરને ૨ નવા રાજમાર્ગ પ્રાપ્ત થયા છે. આ માર્ગનો નાગરિકો દ્વારા મહત્તમ ઉપયોગ થઇ રહયો છે. એરપોર્ટ, ગાંધીનગર, દાણીલીમડા, વાસણા તરફ જવા માટે રીવરફ્રન્ટ માર્ગ ઝડપી અને ટ્રાફીક સમસ્યા મુક્ત છે. આ રાજમાર્ગની ઉપયોગિતાને ધ્યાને લઇ રીવરફ્રન્ટમાં પ્રવેશના ટી.પી. રસ્તાઓ પહોળા કરવાનું આયોજન કરવા અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૨૮) ઇ.ડબલ્યુ.એસ. તથા એલ.આઇ.જી. આવાસ યોજનાની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક રૂા.૩ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોતાની માલિકીના ઘરનું સ્વપ્ન પૂર્ણ થાય તથા સૌને રહેઠાણ પ્રાપ્ત થાય તે હેતુથી શહેરમાં ઇ.ડબલ્યુ.એસ. તથા એલ.આઇ.જી. આવાસ યોજનાના મકાનો તૈયાર કરેલ છે. આ કોલોનીઓમાં સ્વચ્છતાનુ ઉંચુ ધોરણ જળવાય તથા આરોગ્યના પ્રશ્નો ન ઉદ્ભવે તે હેતુ થી ઇ.ડબલ્યુ.એસ. તથા એલ.આઇ.જી. આવાસ યોજનાની ખુલ્લી જગ્યાઓને પેવર બ્લોકથી કવર્ડ કરવા અંદાજપત્રમાં રૂા.૩ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૨૯) સ્વચ્છ ભારત અભિયાન વોલ ટુ વોલ રોડ કારપેટ :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના રાજમાર્ગોને આધુનિક ટેકનોલોજીના સાધનો દ્વારા રાત્રિ દરમ્યાન સફાઈ કરવામાં આવે છે તેમજ સફાઈ કામદારો દ્વારા નિયમિત સફાઈ કરવામાં આવે છે. પરંતુ, રોડની બંન્ને તરફના કાચા ભાગને કારણે માર્ગ ઉપર ડસ્ટનું પ્રમાણ જોવા મળે છે. જેને કારણે પ્રદુષણ વધે છે આથી રસ્તાઓ ઉપર ડસ્ટનું પ્રમાણ દૂર કરવા પ્રથમ તબક્કામાં શહેરના રસ્તાઓને વોલ ટુ વોલ રોડ કાર્પેટ કરવા અંદાજપત્રમાં **રૂા.૫ કરોડ** ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૩૦) સરદાર પટેલ ભવન અ.મ્યુ.કોર્પો.ની મુખ્ય કચેરી ખાતે અંડર ગ્રાઉન્ડ પાર્કીંગ-ઓટોમેટેડ કાર પાર્કીંગ :- રૂા.૧ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર પાલિકાની મધ્યસ્થ કચેરી સરદાર પટેલ ભવન ખાતે આવેલ ઐતિહાસિક ઈમારતની જાળવણી યથાવત રાખી નવા વહીવટી ભવનો તૈયાર કરવામાં આવેલ છે. આ ઉપરાંત મેટ્રોપોલીટન કોર્ટ તથા વેકસીનેશન સેન્ટર પણ આ ભવનમાં આવેલ છે. હેરીટેજ બિલ્ડીંગ ખાતે અવાર નવાર વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. તેમજ હેરીટેજ ભવનનો મહત્તમ ઉપયોગ કરવાનું આયોજન હોવાથી સરદાર પટેલ ભવન ખાતે વાહનો પાર્કીંગ માટેની સુવિધા વધારવી આવશ્યક છે જે ધ્યાને લઈ કંમ્પાઉન્ડમાં અંડર ગ્રાઉન્ડ પાર્કીંગ સુવિધા અને ઓટોમેટેડ કાર પાર્કીંગ સુવિધા તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૩૧) નોન ટી.પી. રસ્તાઓ માટે રૂા. ૨.૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરનાં અનેક વિસ્તારમાં વર્ષોથી પબ્લીકનાં ઉપયોગમાં લેવાતાં રસ્તાઓ આવેલ છે. જેનો રસ્તા તરીકે ઉપયોગ થાય છે પરંતુ ટાઉન પ્લાનીંગ સ્કીમમાં રોડ તરીકે દર્શાવેલ નથી એવા રસ્તાઓનાં વિકાસ માટે અંદાજપત્રમાં રૂા.૨.૫ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૨) સ્વચ્છતા તથા ટ્રાફીક અને પર્યાવરણ સમસ્યા અંગે લોકજાગૃતી અભિયાન રૂા.૫૦ લાખ

ઠરાવ કર્યો કે સમગ્ર વિશ્વ આજે પર્યાવરણ સુરક્ષા અંગે ચિંતિત છે. સમગ્ર વિશ્વ જળ, વાયુ અને જમીન પ્રદુષણ રહિત થાય તેવા પ્રયાસો કરી રહ્યું છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઘણાં વર્ષોથી પર્યાવરણ સુરક્ષા અંગે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.. શહેરમાં વાહનો દ્વારા થતા વાયુ પ્રદુષણની માત્રામાં ઘટાડો કરવા સી.એન.જી.નાં ઉપયોગમાં વધારો કરવામાં આવી રહ્યો છે. પાણીનો રીસાઈકલ ઉપયોગ કરવામાં અમદાવાદ શહેરે નવીન પહેલ કરી છે. શહેરમાં પ્લાસ્ટીકના વપરાશ અંગેના કડક નિયમો અમલમાં મુકવામાં આવેલ છે. શહેરના નાગરીકોમાં જળ, વાયુ, જમીન પ્રદુષણ અંગે તથા ટ્રાફીક સમસ્યા તેમજ મા.પ્રધાનમંત્રીશ્રીએ પ્રારંભ કરેલ સ્વચ્છ ભારત મિશનની સફળતા અંગે જાગૃતિ લાવવા તથા નાગરીકોનો સહકાર પ્રાપ્ત થાય તે હેતુથી લોકજાગૃતિ અભિયાન સંદર્ભમાં વિવિધ કાર્યક્રમો, સેમીનારો, પોસ્ટર, હોર્ડીંગ, શોર્ટ ફિલ્મો તથા એન.જી.ઓ.ના સહકારથી લોગજાગૃતિ અભિયાન હાથ ધરવા માટે અંદાજપત્રમાં **રૂા.૫૦ લાખ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૩) ટ્રાફિક સર્કલ, આઈલેન્ડ તથા રાજમાર્ગને જનભાગીદારીથી પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપના ધોરણે ડેવલપ કરવા આયોજન

ઠરાવ કર્યો કે સુવિધાપૂર્ણ બની રહેલ અમદાવાદ શહેર વધુ સુંદર બને તથા શહેરના રાજમાર્ગ તથા સર્કલોનું બ્યુટીફીકેશન જનભાગીદારી - પી.પી.પી. ધોરણે થાય તે હેતુથી ટ્રાફિક સર્કલો, આઈલેન્ડ તથા રસ્તાની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યાના વિકાસ માટે વિવિધ રાજમાર્ગોનો સર્વે કરી થીમબેઝ આધારીત સર્કલોનો તથા રાજમાર્ગોનો વિકાસ કરવા માટે સરળ નીતિ તૈયાર કરી શહેરનાં સર્કલો તથા રાજમાર્ગને પીપીપી ધોરણે વિકસાવવા સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૪)	**મ્યુ.ગાર્ડનમાં ઓડિયો-મ્યુઝીક સીસ્ટમ :-**	**રૂા.૧ કરોડ**
	મ્યુ.ગાર્ડનમાં ચીલ્ડ્રન પ્લે એરીયામાં રમત-ગમતના સાધનો :-	**રૂા.૧ કરોડ**
	૬ ગાર્ડનમાં મેડીટેશન અને યોગ સેન્ટર :-	**રૂા.૧ કરોડ**
	હાજીપુરા ગાર્ડન નવીનીકરણ :-	**રૂા.૧ કરોડ**
	લો ગાર્ડન નવીનીકરણ :-	**રૂા.૧ કરોડ**
	સ્કલપ્ચર ગાર્ડન	**રૂા.૧ કરોડ**
	એક્યુપ્રેશર વોકીગ ટ્રેક	**રૂા.૫૦ લાખ**
	બ્રિજના પીલર ઉપર વર્ટીકલ ગ્રીનરી	**રૂા.૫૦ લાખ**
	ટેરેસ ગાર્ડન-કીચન ગાર્ડન વર્કશોપ	**રૂા.૫૦ લાખ**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં ૨૪૦ જેટલાં મ્યુ.ગાર્ડન આવેલ છે. પ્રતિ વર્ષ ટી.પી. સ્કીમમાં પ્રાપ્ત થતાં ગાર્ડન હેતુના પ્લોટોમાં નવા ગાર્ડનનુ આયોજન કરવામાં આવે છે.અ.મ્યુ.ગાર્ડનમાં વહેલી સવારના તથા સાંજના સમયે મોટા પ્રમાણમાં નાગરીકો વોકીગ તથા કસરત, યોગા, અને મેડીટેશન માટે આવે છે.જે ધ્યાને લઈ શહેરના વિવિધ ગાર્ડનમાં ઓડીયો મ્યુઝીક સીસ્ટમ મૂકવા અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે તેમજ મ્યુ.ગાર્ડનમાં આવેલ ચીલ્ડ્રન પ્લે એરિયામાં નવીન ડિઝાઈનના આધુનિક રમત ગમતનાં સાધનો મુકવા રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે તથા શહેરના ૬ ઝોનમાં આવેલ ગાર્ડન પૈકી પ્રત્યેક ઝોનના ગાર્ડનમાં એક મેડીટેશન એન્ડ યોગા સેન્ટર તૈયાર કરવા અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે તથા શહેરના મધ્યઝોનમાં આવેલ હાજીપુરા ગાર્ડનના નવીનીકરણ કરવા રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે. તેમજ મ્યુ ગાર્ડનમાં એક્યુપ્રેશર વોક વે ના નવા અભિગમના અમલ માટે અંદાજપત્રમાં રૂા.૫૦ લાખ તથા શહેરના બ્રિજોના પીલરોની શોભા વધારવા પીલરોમાં વર્ટીકલ ગ્રીનરી કરવા રૂા.૫૦ લાખ, જુદા જુદા લાઈવ સ્કલ્પચર સાથેનો લેન્ડ સ્કેપીગ ગાર્ડન તૈયાર કરવા રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે. આ ઉપરાંત ટેરેસ ગાર્ડન, ઓર્ગેનિક, કીચન ગાર્ડનીંગ અંગે નાગરિકોને માહિતી અને પ્રેક્ટીકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી વર્કશોપનું આયોજન કરવા રૂા.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે. લો ગાર્ડનનાં વિકાસ માટે રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે. આમ ગાર્ડનના વિવિધ પ્રોજેક્ટો માટે કુલ રૂા.૭.૫ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૫) મ્યુ. ગાર્ડનમાં રીસાઇકલ વોટરના ઉપયોગ માટે મીની એસ.ટી.પી. રૂા.૧ કરોડ
સેન્ટ્રલ વર્જની ગ્રીનરી માટે ડ્રીપ ઇરીગેશન સિસ્ટમ રૂા.૫૦ લાખ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં ૨૪૦ જેટલા મ્યુ. ગાર્ડન આવેલ છે. આ ગાર્ડનની જાળવણી માટે પ્રતિદિન લાખો લિટર પાણીનો ઉપયોગ થાય છે. ગાર્ડનની જાળવણી માટે રીસાયકલ વોટરનો ઉપયોગ કરવામાં આવે તો પાણીની બચત થાય તથા પર્યાવરણલક્ષી મહત્વનું કાર્ય થાય. અ. મ્યુ.કોર્પો. દ્વારા શહેરના લો ગાર્ડન વિસ્તારમાં ૧ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટનો પ્રારંભ કરી ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પાણી લો ગાર્ડન, પરિમલ ગાર્ડનના ઉપયોગ માટે લેવાય છે. આ જ પ્રકારે શહેરના અન્ય ગાર્ડનો પાસેથી પસાર થતી ડ્રેનેજ લાઇનો પાસે મીની એસ.ટી.પી. મુકી બગીચાની જરૂરીયાત મુજબ પાણી શુધ્ધ કરી ઉપયોગમાં લેવા માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઇ કરવામાં આવે છે તથા બગીચામાં પાણીના છંટકાવમાં કરકસરભર્યા ઉપયોગ માટે સ્પ્રીન્કલર લગાવવા તેમજ સેન્ટ્રલ વર્જની ગ્રીનરી માટે ડ્રીપ ઇરીગેશન સીસ્ટમનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જે માટે રૂા.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

(૩૬) મ્યુનિસિપલ હોસ્પિટલમાં પથરીના દર્દીઓને લીથોટ્રીપ્સી પધ્ધતિથી કરવામાં આવતી સારવારના દરોમાં ૫૦% રાહત.

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વિવિધ હોસ્પિટલમાં સારવાર લેવા આવતા દર્દીઓને રાહતદરે સારવાર ઉપલબ્ધ થાય તે હેતુથી સને ૨૦૧૪ના વર્ષથી અંદાજીત ૪૦૦ જેટલા મેડીકલ ચાર્જ શૂન્ય કરવામાં આવેલ હતા. જેને કારણે નાગરીકોને રાહતદરે મ્યુ. સંચાલીત હોસિપટલોમાં સારવાર પ્રાપ્ત થઇ રહી છે તે અંગે સરક્યુલર નં ૩૯ તા.૨૫-૨-૨૦૧૪થી નવી નીતિ અમલમાં આવેલ છે. હાલમાં આ નીતિ અમલમાં આવે ૪ વર્ષનો સમય થયો છે તે દરમ્યાન હોસ્પિટલમાં નવા આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવતા તેના દ્વારા વિવિધ સર્જરી કરવામાં આવે છે. જેમાં યુરોલોજી વિભાગ દ્વારા પથરીની સારવાર કરવામાં આવે છે. જેમાં LITHOTRIPSY સારવારના હયાત દરો કેટેગરીવાઈઝ જનરલ વોર્ડ, સેમી સ્પેશીયલ, સ્પેશીયલ અને ડીલક્ષ રૂમ માટે નક્કી કરવામાં આવેલ છે. પથરીના રોગની સારવાર સામાન્ય નાગરિકોને રાહતદરે પ્રાપ્ત થાય તે હેતુથી આ તમામ કેટેગરીના હયાત દરોમાં ૫૦% રાહત આપવાનું ઠરાવવામાં આવે છે.

(૩૭) સુવિધાપૂર્ણ મુકિતધામ :- રૂા.૩ કરોડ

ઠરાવ કર્યો કે શહેરના મુકિતધામોને સી.એન.જી. આધારીત સ્મશાન ભઠ્ઠી તથા ઇલેકટ્રીક સ્મશાન ભઠ્ઠીથી સજ્જ કરવા તબક્કાવાર આયોજન કરેલ છે. સ્મશાનગૃહોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે સ્મશાનગૃહોમાં પ્રાર્થના હોલ, વોટર કુલર, આર.ઓ. પ્લાન્ટ સાથેના પીવાના પાણીની સગવડ, સોલાર સીસ્ટમ સાથે ગરમ પાણીથી સ્નાન માટેની બાથરૂમની સુવિધા, સ્વચ્છ શૌચાલય અને બેઠક વ્યવસ્થા સાથે વધુ સુવિધાપૂર્ણ બને તે માટે અંદાજપત્રમાં વધુ **રૂા.૩ કરોડ**ની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૮) શીતાગાર શબ પેટી (MORTUARY FREEZER) :- રૂા.૧૦ લાખ

ઠરાવ કર્યો કે આકસ્મીક સંજોગોમાં પરિવારનાં કોઈ સ્વજનનું અવસાન થાય તેવા સમયે પરિવારનાં સભ્યો શહેરની બહાર તથા અન્ય રાજયમાં હોય છે. તેવા સમયે સ્વજનોને અંતિમવિધિમાં પહોંચવામાં ઘણો સમય થાય છે. તેવા સંજોગોમાં ડેડબોડીને હોસ્પીટલ ખાતેનાં કોલ્ડસ્ટોરેજમાં મુકવા તથા પરત લાવવાની વ્યવસ્થા કરવી પડે છે. આ પરિસ્થિતિમાં નાગરીકોને ઉપયોગી થવા અ.મ્યુ.કોર્પો. દ્વારા ૧૦ નંગ શીતાગાર શબપેટીની વ્યવસ્થા કરવાનું ઠરાવવામાં આવે છે જેથી આ વ્યવસ્થાથી નાગરીકો પોતાનાં નિવાસ સ્થાન ઉપર સ્વજનોનાં મૃતદેહ શીતાગાર શબપેટી (MORTUARY FREEZER) માં સાચવી શકશે. આ અંગે અંદાજપત્રમાં રૂા.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૩૯) ખારીકટ કેનાલ સફાઇ અભિયાન રૂા.૩ કરોડ

ઠરાવ કર્યો કે શહેરનાં પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી ખારીકટ કેનાલના ડેવલપમેન્ટ માટે રાજ્ય સરકારશ્રીના સહયોગથી બે ફેઝમાં ડેવલપ કરવાનું આયોજન કરેલ છે. આ પ્રોજેક્ટના અમલીકરણ દરમ્યાન આ કેનાલની જગ્યામાં સ્વચ્છતા જાળવવા જરૂરી મશીનરીનો ઉપયોગ કરી કેનાલમાંથી કચરો, ડેબરીસ દુર થાય તે માટે ખારીકટ કેનાલ સફાઇ અભિયાન હાથ ધરવા અંદાજપત્રમાં રૂા.૩ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. આ સાથે કેનાલની આસપાસના લોકો દ્વારા કેનાલમાં ગંદકી કરવામાં આવે છે તે અંગે જરૂરી દંડાત્મક પગલા ભરવા સાથે લોકજાગૃતિ કરવા આયોજન હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૦) મ્યુ.કોર્પોરેશન સંચાલિત હોસ્પીટલ સેવાઓ તથા અર્બન હેલ્થ સેન્ટર અંગેની દવાઓ તથા મેડીકલ સાધનોની ખરીદી માટે સેન્ટ્રલ પરચેઝ સીસ્ટમ :-

- ડ્રગ ટેસ્ટીંગ લેબોરેટરી રૂા.૪૦ લાખ

ઠરાવ કર્યો કે, અ.મ્યુ.કો સંચાલીત વા.સા. હોસ્પિટલ, લ.ગો. હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ, નગરી આંખની હોસ્પિટલ,ચેપીરોગની હોસ્પિટલ, રેફરલ હોસ્પિટલ અને દવાખાનાઓ, અર્બન હેલ્થ સેન્ટરો વિગેરે ખાતે જરૂરી દવાઓ, ઇન્જેકશનો,કન્ઝયુમેબલ્સ, લેબોરેટરી કેમિકલ્સ, એકસ-રે ફિલ્મસ, ગ્લાસવેર તથા તમામ પ્રકારના મેડિકલ સાધનોની ખરીદી માટેની તમામ પ્રક્રિયા જેવી કે ટેન્ડર ઇન્વીટેશન, મુલ્યાંકન, મંજૂરીની કામગીરી સેન્ટ્રલ મેડિકલ સ્ટોર્સ દ્વારા જ કરવાની રહેશે. (જે હાલમાં પણ કરવામાં આવી રહેલ છે.) અને ત્યારબાદ રેઇટ કોન્ટ્રાકટ (આર.સી) કે એકસેપટન્સ ઓફ ટેન્ડર (એ.ટી.) જાહેર કરવાને બદલે દવાઓ, ઇન્જેકશનો, કન્ઝયુમેબલ્સ, લેબોરેટરી કેમિકલ્સ, એકસ-રે ફિલ્મસ, ગ્લાસવેર તથા તમામ પ્રકારના મેડિકલ સાધનોની ખરીદીનો ઓર્ડર પણ સેન્ટ્રલ મેડિકલ સ્ટોર્સ દ્વારા જ સક્ષમ સત્તાની મંજુરી મેળવીને આપવાનો રહેશે અને હોસ્પિટલોની જરૂરિયાત/માંગણી પ્રમાણે તેની ઇન્ડેન્ટ બેઇઝ ડિલીવરી કરવાની રહેશે. જેનો તમામ જરૂરી રેકર્ડ સેન્ટ્રલ મેડિકલ સ્ટોર્સ દ્વારા રાખવાનો રહેશે અને ચુકવણીઓ પણ જે તે હોસ્પિટલના રેકર્ડ બજેટ ખાતેથી (હાલમાં સેન્ટ્રલ સ્ટોર્સ, જમાલપુર દ્વારા કરવામાં આવે છે તેવી પધ્ધતિથી) કરવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી નાણાંકીય વર્ષ થી સદરહુ વ્યવસ્થા કાર્યરત થઇ શકે તે હેતુથી જુદી-જુદી હોસ્પિટલો ખાતે આ પ્રકારની કામગીરી કરતા જુની.ફાર્માસીસ્ટ, આસી.ફાર્માસીસ્ટ, ફાર્માસીસ્ટ, કલાર્ક વિગેરે જેવો સ્ટાફ સેન્ટ્રલ મેડિકલ સ્ટોર્સ ખાતે ફાળવી આપવાનો રહેશે. જરૂર જણાયે વધારાનો સ્ટાફ રાખવાનો રહેશે તથા સદરહુ કામગીરી સુચારૂ અને સુવ્યવસ્થિત રીતે થઇ શકે તે માટે સ્ટાફ અને સાધનોની ફાળવણી, સમગ્ર કાર્ય પધ્ધતિ, બજેટ અને ચુકવણીઓની પ્રક્રિયા, માંગણી અને ઇસ્યુ માટેના નિયમો વિગેરેને આવરી લેતી વિગતવાર સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેસ (એસ.ઓ.પી) ઠરાવ કર્યાના એક માસની અંદર મ્યુ.કમિશ્નરશ્રી દ્વારા તૈયાર કરી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજુરી અર્થે રજુ કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ .....

✯ **ડ્રગ ટેસ્ટીગ લેબોરેટરી**

અ.મ્યુ.કોર્પો. સંચાલીત હોસ્પિટલો અને અર્બન હેલ્થ સેન્ટરો ખાતે જરૂરી દવાઓ, ઇન્જેક્શનો, કન્ઝયુમેબલ્સ, લેબોરેટરી કેમીકલ્સ વિગેરેની ખરીદી કરવામાં આવે છે. આ પ્રકારે હાલમાં કરવામાં આવતી ખરીદીઓનો સરેરાશ વાર્ષિક રૂા.૨૫ કરોડ ખર્ચ થવા જાય છે.

વધુમાં સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સના નવા મકાનનું બાંધકામ પણ થઇ રહેલ છે. જેનાં કારણે સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ ખાતે અદ્યતન ડ્રગ ટેસ્ટીગ લેબોરેટરી કાર્યરત કરાવવી પણ શક્ય બને તેમ છે. વધુમાં મેડીકલ કોલેજ ખાતે ઉપલબ્ધ માઇક્રો બાયોલોજી લેબોરેટરી તથા તેના સક્ષમ અને અનુભવી તબીબી શિક્ષકો પણ સદરહું કામગીરીમાં ઉપયોગી સાબિત થઇ શકે તેમ છે.

આથી ઠરાવ કરવામાં આવે છે કે અ.મ્યુ.કો. સંચાલિત હોસ્પિટલો અને અર્બન હેલ્થ સેન્ટરો ખાતે વપરાતી દવાઓની ગુણવત્તાની સઘન ચકાસણી થઇ શકે તે માટે સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ ખાતે ડ્રગ ટેસ્ટીગ લેબોરેટરી કાર્યરત કરવાનું તથા તેના માટે જરૂરી ડીઝોલ્યુશન ટેસ્ટીગ એપેરેટ્સ, ડીસઇન્ટ્રીગ્યુશન ટેસ્ટીગ એપેરેટ્સ. એચ.પી.એલ.સી., યુ.વી. હાર્ડનેશ ટેસ્ટીગ, ફ્રી ઓબેસ્ટ્રી ટેસ્ટર, એન્યુલેટીકલ બેલેન્સ, વેન્શાઇન્સ બેલેન્સ, પાર્ટીકલ ડીટેક્ટર બોર્ડ વિગેરે જેવા સાધનો વસાવવા તથા જરૂરી સ્ટાફ અને વ્યવસ્થા ગોઠવવા માટે આગામી નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં રૂા.૪૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

(૪૧) ૫ મોબાઇલ ડીસ્પેન્સરીવાન ૫ એમ્બ્યુલન્સ વાન :- રૂા.૩ કરોડ

વિનામુલ્યે મેડીકલ કેમ્પનું આયોજન તથા આંગણવાડીના બાળકોને સુવર્ણપ્રાસન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા શહેરના નાગરીકોને આરોગ્ય-તબીબી સેવાઓ ઘરઆંગણે પ્રાપ્ત થાય તે હેતુથી મોબાઇલ ડીસ્પેન્સરીવાનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ મોબાઇલ ડીસ્પેન્સરીવાન દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં ખાસ કરીને સ્લમ વિસ્તાર તથા ગરીબ વિસ્તારોમાં ફુડ પોઇઝનીગ, ઝાડા-ઉલટી જેવા એપેડેમીક સમયે મેડીકલવાન દ્વારા ઘરઆંગણે તબીબી સેવા આપવામાં આવે છે.

વર્ષ દરમ્યાન અંદાજીત ૧ લાખ લોકો આ મેડીકલ મોબાઈલવાન સેવાનો લાભ લે છે. આ ઉપરાંત શહેરમાં યોજાતાં વિવિધ મોટા કાર્યક્રમો જયાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં હોય છે. તેવા સમયે પણ મોબાઈલ મેડીકલવાનની સેવા આપવામાં આવે છે. આ સુવિધાને વધુ અસરકારક બનાવવા ૫ નંગ નવી મોબાઈલ મેડીકલવાન તથા ૫ નંગ અદ્યતન એમ્બ્યુલન્સ વાન ખરીદવા અંદાજપત્રમાં રૂા.૩ કરોડની જોગવાઈ કરવામાં આવે છે તથા વર્ષ દરમ્યાન વિવિધ સેવા વસ્તીમાં વિનામુલ્યે મેડીકલ સેવાના કેમ્પનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે તથા બાળકોના માનસિક અને શારિરીક વિકાસ માટે આર્યુવેદિક પધ્ધતિમાં અસરકારક નીવડે ''સુવર્ણપાસન'' તથા ''અમૃતબાળ રસાયણ'' આંગણવાડીના કુપોષિત બાળકોને આપવાનું ઠરાવવામાં આવે છે.

(૪૨) અંગદાન - જાગૃતિ અભિયાન :- રૂા.૫૦ લાખ

ઠરાવ કર્યો કે મેડીકલ સાયન્સના વિવિધ સંશોધનો તથા આધુનીક ટેકનોલોજીને કારણે મેડીકલ ક્ષેત્રમાં અંગ પ્રત્યારોપણની પ્રક્રિયા સફળ અને સરળ બનેલ છે.

શહેરની વિવિધ હોસ્પીટલોમાં ક્રીટીકલ કેર વિભાગમાં બ્રેઈનડેડ દર્દીઓની સંખ્યા મોટા પ્રમાણમાં હોય છે. મૃતક પરિવારના સભ્યોની સહમતીથી ડૉકટરની સલાહ અનુસાર બ્રેઈનડેડ વ્યકિતના અંગનું પ્રત્યારોપણ માટે દાન કરવામાં આવે તો અન્ય કોઈની જીંદગી બચી શકે છે. પરંતુ આ અંગદાન અંગે સમાજમાં જાગૃતી ફેલાવવાની આવશ્યકતા છે. અમદાવાદ મહાનગર પાલીકા દ્વારા સંચાલીત શેઠ વા.સા.જનરલ હોસ્પીટલ, શેઠ લ.ગો. જનરલ હોસ્પીટલ તથા શ્રીમતી શા.ચી.લા. જનરલ હોસ્પીટલ ખાતે અંગદાન અભિયાન અંગે પ્રચારાત્મક તથા દર્દીઓનાં સગાઓને વ્યવસ્થીત કાઉન્સીલીંગ કરવા આયોજન હાથ ધરવા સાથે શહેરનાં વિવિધ વિસ્તારમાં ''અંગદાન જાગૃતી અભિયાન'' અંતર્ગત લોકજાગૃતી માટે વિવિધ પ્રચારાત્મક કાર્યક્રમોનુંઆયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. એન. જી.ઓ. નાં સહયોગથી એ.એમ.સી. સંચાલીત હોસ્પીટલમાં ક્રીટીકલ કેર યુનિટ પાસે અંગદાન કાઉન્સીલીંગની વ્યવસ્થા કરવાનું ઠરાવવામાં આવે છે આ માટે અંદાજપત્રમાં રૂા.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૩) એ.એમ.સી. સોશીયલ મીડીયા સેન્ટર :- રૂા.૧ કરોડ

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતા એપ, વર્લ્ડ હેરીટેજ એપ, અ.મ્યુ.કોર્પો. વેબસાઈટ, હેરીટેજ સીટી વેબસાઈટ તૈયાર કરવામાં આવેલ છે. આધુનીક ટેકનોલોજીનાં યુગમાં વોટસઅપ , ટવીટર, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ માહિતીનું માધ્યમ બનેલ છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વિવિધ સ્કીમોની માહિતી તથા એરકવોલીટી અંગેનું બ્રોડકાસ્ટીંગ, ટેક્ષ રીબેટ સ્કીમની માહિતી, ચોમાસા દરમ્યાન વરસાદની માહિતી, ટ્રાફિક અંગેની માહિતી નગરજનોને પ્રાપ્ત થાય તેમજ વેબસાઈટ, ફેસબુકના માધ્યમથી વિકાસ કામોની માહિતી નગરજનોને મોકલી શકાય તેમજ વિવિધ પ્રોજેકટો અંગે નીતિ વિષયક પોલીસી અંગે નગરજનોનાં સૂચનો પ્રાપ્ત થાય તે હેતુથી અ.મ્યુ.કોર્પો.નું મીડીયા સેન્ટર તૈયાર કરવા અંગે જરૂરી વ્યવસ્થા કરવા અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૪) મહાપુરૂષોની પ્રતિમા સ્થળોની આસપાસ સુશોભન
- પુષ્પાંજલી માટેની વ્યવસ્થા :- **રૂા.૨ કરોડ**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં વિવિધ સ્થળોએ મહાપુરૂષો તથા રાષ્ટ્રનેતાઓની પ્રતિમા આવેલ છે. આ પ્રતિમાઓની આસપાસની ખુલ્લી જગ્યામાં ડેવલપમેન્ટ માટે આયોજન કરી તમામ પ્રતિમાઓનાં પ્લેટફોર્મને ગ્રેનાઈટ પથ્થરથી સુશોભીત કરવા ઉપરાંત રાત્રી દરમ્યાન લાઈટીંગ (પ્રકાશ)ની વ્યવસ્થા કરવા તેમજ પુષ્પાંજલી કરવાની સરળતા રહે તે હેતુથી કાયમી ધોરણે સીડીની વ્યવસ્થા કરવાનું ઠરાવવામાં આવે છે આ માટે અંદાજપત્રમાં રૂા. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૫) કાંકરીયા લેઈકફ્રન્ટ ખાતે 'યુથ એકટીવીટી સેન્ટર' :- **રૂા.૨૫ લાખ**

ઠરાવ કર્યો કે કાંકરીયા તળાવના વિકાસ સાથે મોટી સંખ્યામાં પ્રવાસીઓ તથા સ્થાનિક લોકો મુલાકાત લઈ રહયા છે. આ કાંકરીયા લેઈકફ્રન્ટ ખાતે ગેટ નં.૧ સામેની જગ્યામાં સ્ટેજ-પ્લેટફોર્મ તથા સાઉન્ડ સીસ્ટમની, લાઈટીંગની સુવિધા સાથે યુથ એકટીવીટી સેન્ટર તૈયાર કરવાનું આયોજન કરવાથી સદર એક્ટીવીટી સેન્ટર ખાતે યુવાનો તથા વિવિધ કલ્ચરલ એકટીવીટી કરતી સંસ્થાને પરફોર્મન્સનું પ્લેટફોર્મ પ્રાપ્ત થશે. આ સેન્ટર ખાતે શહેર પોલીસ બેન્ડ, એસ.આર.પી. બેન્ડ, મીલીટરી બેન્ડ તથા વિવિધ સંસ્થાઓના બેન્ડના કાર્યક્રમોનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૬) સફાઇ કામદાર કલ્યાણ સમિતિની રચના
ડો. બાબાસાહેબ આંબેડકર યુવા પુરસ્કાર **રૂા.૨૫ લાખ**

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલીકામાં શહેરને સ્વચ્છ રાખવા માટે સફાઇ સેવકની કામગીરી કરતા સફાઇ કામદારોના કલ્યાણ માટે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા તથા યોજનાઓ તૈયાર કરવા ''સફાઇ કામદાર કલ્યાણ સમિતિ''ની રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

આ સમિતિ દ્વારા કામદારો માટેના કલ્યાણલક્ષી કાર્યક્રમો જેવા કે મેડીકલ ચેક અપ કેમ્પ, સફાઇ કામદાર આવાસ યોજનામાં સુવિધા, કામદારોના બાળકો માટે રમતોત્સવ, સામાજીક પ્રસંગોની ઉજવણી માટે જરૂરી સુવિધાઓ સામાન્ય દરે તથા યુવા કામદારો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવાની તેમજ કામદાર કલ્યાણની સામાજીક પ્રવૃત્તિ કરનાર યુવાનોની પસંદગી કરી વિશિષ્ટ કૌશલ્ય પ્રદાન કરવા બદલ ''ડૉ. બાબાસાહેબ આંબેડકર યુવા પુરસ્કાર'' આપવાનું ઠરાવવામાં આવે છે જે માટે અંદાજપત્રમાં રૂા.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૭) કાંકરીયા તળાવ ખાતે ''ફીશ એક્વેરીયમ''

ઠરાવ કર્યો કે કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત વિકાસ પામેલ કાંકરીયા ખાતે પ્રતિવર્ષ નવીન આયોજન હાથ ધરવામાં આવે છે. ગતવર્ષ દરમ્યાન નોક્ટર્નલ એનીમલ પાર્ક તૈયાર કરી લોકાર્પણ કરવામાં

આવેલ છે. હાલમાં કાંકરીયા ખાતે ગુજરાત સરકારના મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા સંચાલીત ફીશ એક્વેરીયમ આવેલ છે સદર જગ્યા ગુજરાત સરકારના મત્સ્ય ઉદ્યોગ પાસેથી મેળવી આ જગ્યાએ આંતર રાષ્ટ્રીય કક્ષાના અદ્યતન ફીશ એક્વેરીયમનું પીપીપી મોડલથી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૮) વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્ષ નવિનીકરણ :- રૂા.૫૦ લાખ

ઠરાવ કર્યો કે શહેરનાં ઉત્તરઝોનમાં મેમ્કો ખાતે વીર સાવરકર સ્પોર્ટસ સંકુલ વિવિધ સુવિધા સાથે તૈયાર કરવામાં આવેલ છે. આ સંકુલમાં પ્લે ગ્રાઉન્ડ, ઈન્ડોર ગેમ, લાઈબ્રેરી, સ્વીમીંગપુલ તથા હેલ્થ ક્લબ છે. આ સ્પોર્ટસ સંકુલમાં એરકંડીશનીંગ તથા હેલ્થના આધુનિક સાધનો માટે તથા બિલ્ડીંગ સમારકામ વિગેરે કામગીરી માટે અંદાજપત્રમાં રૂા.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૯) હેરીટેજ ટુર - વિદ્યાર્થીઓ અને વ્યકિત વિશેષ માટે :- રૂા.૨૫ લાખ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર દેશનું સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી બન્યું છે. દેશ વિદેશના નાગરીકો હેરીટેજ સ્થળોની મુલાકાતે આવી રહ્યા છે શહેરનાં વ્યકિત વિશેષ નાગરિકો તથા વિદ્યાર્થીઓ દ્વારા પણ આ હેરીટેજ સ્થળોની મુલાકાત લેવા માટે "હેરીટેજ ટુર" નું આયોજન કરવા અંદાજપત્રમાં રૂા.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૫૦) અંદાજપત્ર રીવ્યુ કમિટી :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર પાલીકા દ્વારા રૂા.૬૫૦૦ કરોડ કરતાં વધુ રકમનું અંદાજપત્ર તૈયાર કરી વાર્ષિક નાણાંકીય અને વિકાસ કાર્યોનું આયોજન કરવામાં આવે છે.

અંદાજપત્રની જોગવાઈઓના ઝડપી અમલીકરણને ધ્યાને લઈ અંદાજપત્ર રીવ્યુ કમિટીની રચના કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંદાજપત્ર રીવ્યુ કમિટી સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રીનાં અધ્યક્ષ સ્થાને રહેશે તથા ડેપ્યુટી મેયરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, દંડક શાસકપક્ષ તથા સ્પેશીયલ કમિટીનાં ચેરમેનશ્રીઓ આ કમિટીનાં સભ્ય તરીકે રહેશે.

દર ત્રણ મહિને ૧ વખત આ કમિટી બેઠકનું આયોજન કરવામાં આવશે. અંદાજપત્રમાં દર્શાવેલ વિકાસ કાર્યોનો પ્રગતી અહેવાલ રજુ કરવાનો રહેશે તથા અંદાજપત્રમાં દર્શાવેલ મુખ્ય કામોનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. જેને કારણે સમયમર્યાદામાં શહેરના વિકાસ કામોના અમલીકરણની સરળતા રહેશે.

(૫૧) મ્યુ. કાઉન્સીલરના બજેટ ફાળવણી અંગે.

ઠરાવ કર્યો કે મ્યુ. કાઉન્સીલરશ્રીઓને અગ્રતાક્રમે વિકાસ કામો માટે મ્યુ. કાઉન્સીલર બજેટની ફાળવણી કરવામાં આવે છે. જે નીતિમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે.

૭૫ ચો.મી.અને તેથી ઓછો કાર્પેટ એરીયા ધરાવતા ટેનામેન્ટવાળી કાયદેસર સોસાયટીમાં પાણી, ગટર, રસ્તા, પેવર બ્લોક, પથ્થર પેવિંગ, ફુટપાથ તથા વરસાદી લાઇન (સ્ટ્રોમ વોટર ડ્રેઇન) વિજળીકરણ જેવી પ્રાથમિક સુવિધાઓના કામો માટે કાઉન્સીલરશ્રીનું ૧૦૦% બજેટ રૂા.૩ લાખની મર્યાદામાં ફાળવી આપવાની હયાત નીતિમાં ૭૫ ચો.મી.ના બદલે ૧૨૫ ચો.મી. રાખવાનું તથા રૂા.૩ લાખની મર્યાદાને બદલે રૂા.૫ લાખની મર્યાદા કરવાની નીતિ રાખવાનું ઠરાવવામાં આવે છે.

૭૫ ચો.મી.સુધીનું બાંધકામ ધરાવતા ફલેટ્સ, રો હાઉસ, ખાનગી સોસાયટીઓમાં આવેલ ટેનામેન્ટસ, હાઉસીંગ બોર્ડના મકાનો, સ્લમ ક્લીયરન્સ બોર્ડની વસાહતો વિગેરેની પાણી, ગટર, રસ્તા, પેવર બ્લોક, પત્થર પેવિંગ, ફુટપાથ તથા વરસાદી લાઇન (સ્ટ્રોમ વોટર ડ્રેઇન), વિજળીકરણની સુવિધા તેમજ સદરહું મકાનોમાં કોમન પ્લોટ્સ તથા કોમન વપરાશની ખુલ્લી જગ્યાઓ, કવર્ડ પાર્કિંગ એરીયા તથા હોલોપ્લીન્થની નીચેની જગ્યાઓમાં પેવર બ્લોક, પથ્થર પેવીંગ વિગેરેની સુવિધાઓ પુરી પાડવા માટે ૧૦૦% ખર્ચ પેટે કાઉન્સીલરશ્રી દ્વારા રૂા.૩ લાખની મર્યાદામાં બજેટ ફાળવી આપવાની હયાત નીતિમાં ૭૫ ચો.મી.ના બદલે ૧૨૫ ચો.મી. એટલો સુધારો કરવાનું તથા રૂા.૩ લાખની મર્યાદાને બદલે રૂા.૫ લાખની મર્યાદા કરવાનું ઠરાવવામાં આવે છે.

(૫૨) ટાઉનશીપ વિસ્તારનાં રસ્તાઓનો વિકાસ :-

ઠરાવ કર્યો કે શહેરનાં વિવિધ વિસ્તારમાં મોટી સંખ્યામાં મકાનો ધરાવતી ટાઉનશીપ આવેલ છે. આ ટાઉનશીપનાં આંતરીક રસ્તાઓ ટી.પી. સ્કીમનો ભાગ ગણાતો નથી. આ રસ્તાઓ જાહેર પબ્લીક તથા વસાહતનાં લોકો ઉપયોગ કરતા હોય છે. આ પ્રકારની ટાઉનશીપનાં રસ્તાના વિકાસ માટે તથા જરૂરી સુવિધા, પાણી, ડ્રેનેજ, લાઈટ માટે નીતિ તૈયાર કરી સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૫૩) આર્ચ ટાઇપ મેનહોલ એર તથા ડ્રેનેજ લાઇનમાં એર વેન્ટીલેશન પાઇપ **રૂા.૨ કરોડ**

ઠરાવ કર્યો કે શહેરની ડ્રેનેજ વ્યવસ્થા માટેના મેનહોલની નવી ડીઝાઇન પ્રમાણે આર્ચ ટાઇપ મેનહોલની સુવિધા કરવા અંદાજપત્રમાં રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે. તથા ડ્રેનેજ લાઇનની મેગાલાઇનોમાં ઉત્પન્ન થતાં ગેસને ઉંચાઇવાળી એર પાઇપ દ્વારા નિકાલ કરવામાં આવે તો ડ્રેનેજ લાઇન ચેમ્બરને નુકશાન ઓછુ થાય તે હેતુથી રૂા.૧ કરોડની જોગવાઇ ડ્રેનેજ લાઇનોમાં એરવેન્ટીલેશન પાઇપ મુકવા માટે કરવામાં આવે છે. આમ, અંદાજપત્રમાં કુલ રૂા.૨ કરોડ ફાળવવામાં આવે છે.

(૫૪) SUNDAY સખીહાટ :- **રૂા.૧ કરોડ**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરનાં વિવિધ વિસ્તારમાં આવેલ મ્યુનિ. કોર્પોરેશનના ખુલ્લા પ્લોટોમાં **"SUNDAY સખીહાટ"** નું આયોજન કરવામાં આવેલ છે.

મ્યુનિ. ખુલ્લા પ્લોટોમાં અસ્થાયી રૂપમાં વિવિધ માળખાકીય સુવિધા સાથે શ્રમજીવી મહિલાઓ દ્વારા તૈયાર કરેલ હસ્તકલા માટીકામની વસ્તુઓ, ગૃહ વપરાશની વસ્તુઓ, વિવિધ વાનગીઓ, તૈયાર નાસ્તા વિગેરેના વેચાણ માટે તમામ સુવિધાઓ સાથેના **"SUNDAY સખીહાટ"** નું આયોજન ખાસ કરીને દર રવિવારે શહેરના પૂર્વ વિસ્તારમાં કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૫૫) મ્યુનિ. પ્લોટોનાં વાયર ફેન્સીંગ તથા કંમ્પાઉન્ડ વોલ માટે આયોજન :- રૂા.૫ કરોડ

ઠરાવ કર્યો કે શહેરમાં ટાઉન પ્લાનીંગ સ્કીમોના ઝડપી અમલને કારણે ટી.પી. સ્કીમની જોગવાઈ પ્રમાણે મ્યુનિ. કોર્પોરેશનને વિવિધ હેતુઓ માટે પ્રાપ્ત થયેલ રીઝર્વેશનનાં પ્લોટોની જાળવણી માટે વાયર ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ તથા ગેટ મુકી મ્યુનિ. પ્રોપર્ટી અંગેની માહિતી દર્શાવતા બોર્ડ મુકવા અંદાજપત્રમાં **રૂા.૫ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૫૬) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પ્રાયમરી એજયુકેશન ફંડનું રૂા.૬૭૧ કરોડનું અંદાજપત્ર મંજુર કરેલ છે. જેમાં રાજય સરકારશ્રીની ગ્રાન્ટ કુલ રૂા.૪૯૨ કરોડ ૯૬ લાખ ૬૭ હજાર અંદાજેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પોરેશનના ડ્રાફટ અંદાજપત્રમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સરકારી અનુદાન સાથે કુલ રૂા.૪૫૨ કરોડની જોગવાઈ કરેલ છે. પરંતુ પ્રવર્તમાન આધુનિક સમયને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોનો વધુ સર્વાંગી વિકાસ થઈ શકે તે હેતુસર સ્કુલબોર્ડના ઠરાવ મુજબ રાજય સરકારશ્રીની પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ રૂા.૬૨ કરોડ ૯૬ લાખ ૬૭ હજારનો વધારો અંદાજી પ્રાથમિક કેળવણી માટે ની ગ્રાન્ટમાં વધુ રૂા.૨૧૯ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૭) શેઠ મા.જે.પુસ્તકાલયને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના વ્યવસ્થાપક મંડળે **રૂા. ૧૦૭૭.૯૦ લાખ** ગ્રાન્ટ તરીકે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પો.ના અંદાજપત્રમાં **રૂા.૭૦૦ લાખ**ની જોગવાઇ કરી છે પરંતુ શહેરના સુજ્ઞ નાગરિકોની વાંચન ભૂખને સંતોષવા વધુ સારી સુવિધાઓ ઉભી કરી શકાય અને નવી પેઢીને સંસ્કાર ઘડતર, સાહિત્ય પ્રત્યે રસ જાગે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા તેમજ નવીન આધુનિક આયોજનો માટે ગ્રાન્ટ અપૂરતી હોઇ, આ માટે બજેટમાં વધુ **રૂા.૩૭૭.૯૦ લાખ** ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૮) શેઠ વા.સા.જન.હોસ્પિટલને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે શેઠ શ્રી વા.સા.જનરલ હોસ્પિટલ વ્યવસ્થાપક મંડળે સામાન્ય ખર્ચ માટે રૂા.૧૫૮૨૪.૬૨ લાખ અને અસામાન્ય ખર્ચ માટે રૂા.૬૭૩.૭૦ લાખ મળી કુલ ખર્ચ રૂા.૧૬૪૯૮.૩૨ લાખમાંથી આવક રૂા. ૫૦૩.૧૦ લાખ બાદ થતાં રૂા.૧૫૯૯૫.૨૨ લાખ પૈકી રૂા.૨૦૦ લાખ રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ તરીકે મેળવવાની રકમ બાદ થતાં રૂા.૧૫૭૯૫.૨૨ લાખ ગ્રાન્ટ પેટે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ.કમિશનરશ્રીએ સામાન્ય ખર્ચ અને અસામાન્ય ખર્ચ પેટે કુલ **રૂા.૧૦૬૦૦ લાખ** ગ્રાન્ટ તરીકે આપવા અંદાજપત્રમાં જોગવાઇ કરેલ છે. પરંતુ વ્યવસ્થાપક મંડળના ઠરાવ મુજબ હોસ્પિટલના જુદા જુદા કાર્યો હાથ ધરવા, નવા અદ્યતન સાધનોની ખરીદી, તબીબી સેવા અદ્યતન અને અસરકારક બનાવવા તેમજ હોસ્પિટલના વિકાસ કાર્યને આગળ ધપાવવા ગ્રાન્ટની રકમ અપૂરતી હોઇ આ માટે ખૂટતી રકમ સામાન્ય ખર્ચ પેટે તેમજ અસામાન્ય ખર્ચમાં મળી વધુ રકમ **રૂા.૫૧૯૫.૨૨ લાખ** ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૯) મ્યુ.પ્લોટોના વેચાણ, પ્રિમિયમની તથા એફ.એસ.આઇ. વાપરવા અંગેની વધારાની આવક તથા વ્યવસાય વેરાની વસુલાતની ઝુંબેશ આદરી વધુ આવક મેળવવી પ્રોપર્ટી ટેક્ષની જૂની બાકી વસુલાતથી આવક મેળવવા અંગે સઘન ઝુંબેશ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં તૈયાર કરવામાં આવતી ટાઉન પ્લાનીંગ સ્કીમમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વિકાસના કામો માટે જમીન કપાતમાં લેવામાં આવે છે. આ પ્રકારના પ્લોટો જે તે હેતુ માટે વેચાણ કરી કોમર્શીયલ ડેવલપમેન્ટ કરી વિકાસના હેતુ માટે નાણાં ઉભા કરવાનું ઠરાવવામાં આવે છે. કોમર્શીયલ ડેવલપમેન્ટથી વધુ **રૂા.૨૦૦ કરોડ**ની આવક અંદાજવામાં આવે છે તેમજ પ્રિમિયમની આવકમાં **રૂા.૭૫ કરોડ** તથા વધારાની એફ. એસ.આઈ. વાપરવા અંગેની ફીમાં **રૂા.૮૦ કરોડ**નો વધારો અંદાજવામાં આવે છે તેમજ વ્યવસાય વેરાની વસુલાતની ઝુંબેશ આદરી વધુ **રૂા.૭.૦૩૩૩** કરોડની આવક તથા પ્રોપર્ટી ટેક્ષની જૂની બાકી અંગે ખાસ ઝુંબેશ ચલાવી વધુ રૂા.૧૦૦ કરોડની આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ - ૧

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ એક્ટ ૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

૧. ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) થી ૧૪૧(એફ) અન્વયે નક્કી કરેલ નિયમો ધ્યાને લેતાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં નીચે મુજબ મિલકત વેરો ગણવાનો રહેશે.

મિલકતવેરો - સામાન્ય વેરો + વોટર ટેક્ષ + કોન્ઝરવન્સી ટેક્ષ

સામાન્ય વેરો = વાર્ષિક દર x મિલકતનું ક્ષેત્રફળ x (ફેકટર-૧ x ફેકટર-૨ x ફેકટર-૩ x ફેકટર ૪)

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે સૂચિત વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ	રૂા.૧૬
બિન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ	રૂા.૨૮

ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે.

	રહેઠાણની મિલકતો માટે	અવયવ
(અ)	સમૃદ્ધ વિસ્તાર	૧.૬૦
(બ)	સારો વિસ્તાર	૧.૧૦
(ક)	મધ્યમ વિસ્તાર	૦.૯૦
(ડ)	નબળો વિસ્તાર	૦.૬૦

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

	બિન રહેઠાણની મિલકતો માટે	અવયવ
(અ)	ખૂબ જ સારી	૧.૬૦
(બ)	સારી	૧.૧૦
(ક)	મધ્યમ	૦.૯૦
(ડ)	નબળી	૦.૬૦

રાજ્ય સરકારના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેકટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેકટર

આ ફેકટર મિલકતના બાંધકામ વર્ષ ઉપર આધાર રાખે છે અને તેને અનુરૂપ ટેકસમાં રાહત આપવામાં આવશે. મિલકતના બાંધકામના વર્ષને ધ્યાનમાં લઈને પાંચ વિભાગ પાડવામાં આવેલ છે. તેને અનુરૂપ ફેકટરના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીસ વર્ષ સુધી	૦.૮૫
૩	વીસ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડાં (૨) ચાલી (૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો

(૪) ફલેટ (૫) રો-હાઉસ - ટેનામેન્ટ (૬) સ્વતંત્ર બંગલા

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

અ. નં.	મિલકતોનો પ્રકાર	અવયવનો દર
(૧)	ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા)	૦.૫૦
(૨)	પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો	૦.૭૦
(૩)	ફલેટ	૦.૭૦
(૪)	રો-હાઉસ - ટેનામેન્ટ	૧.૦૦
(૫)	સ્વતંત્ર બંગલા	૧.૫૦

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક) ૧ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૭.૦૦

વાણિજ્યિક હેતુઓ :

બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કિલનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી,સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔદ્યોગિક એકમોની કચેરી, ઓઈલ કું. ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઈમારતો

-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧થી મંજૂરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા.૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી

મ્યુ. કોર્પોરેશન બિલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામા રીબેટ

જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ

જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૧૨ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

૨. નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૬.૦
દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ,મનોરંજનના સ્થળો વગેરેઃ-

દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ.

૩ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦
ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-

વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામિક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમિકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ,લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ, ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન

સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્ક્રીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ, સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ

-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજૂરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ તા.૧-૪-૨૦૦૯ થી કરવામાં આવેલ છે.

જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ

-૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા, અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ

૪ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ- ૨.૦

ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામૂંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ.

(ખ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ-

પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય.

(ગ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર, ૦ વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.

મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ.

ફેક્ટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેક્ટર

	મિલકતોનો ભોગવટા પરિબળ	અવયવનો દર
(૧)	રહેઠાણની માલિકી ભોગવટાવાળી મિલકતો	૧.૦૦
(૨)	રહેઠાણની ભાડુઆત ભોગવટાવાળી મિલકતનો	૧.૦૦
(૩)	બિન રહેઠાણની માલિકી ભોગવટાવાળી મિલકતો	૧.૦૦
(૪)	બિન રહેઠાણની ભાડુઆત ભોગવટાવાળી મિલકતનો	૨.૦૦

કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોનાં સામાન્યવેરામાં ૨૦% રીબેટ આપવામાં આવશે.

(અ) રહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	ઝૂંપડા	-----	૮૪.૦૦
૨	ચાલી	૨૫ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૩	અન્ય	૩૦ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૪	અન્ય	૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના	૩૦૦.૦૦
૫	અન્ય	૫૦ ચો.મી. થી વધુ	૩૩૦.૦૦

ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો રૂા.૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો રૂા.૨૬૪/- રહેશે.

(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી નાના	૫૪૦.૦૦
૨	બિનરહેણાંક	૧૫ થી ૩૦ ચો.મી. સુધીના	૬૬૦.૦૦
૩	બિનરહેણાંક	૩૦ ચો.મી. થી વધુ	૭૮૦.૦૦
૪	નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક		૯૦૦.૦૦

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરામિક, કલે મેન્યુફેકચરીંગ, કેમિકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઈલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ,

લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઇંગ, ડાઇંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઇસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા, ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી બી, ફેકટરી સી, હમામખાના, મીલ્ક-કર્ડ-શોપ, ઢોર માર્કેટ, મીલ્ક-કેટલ સ્ટેબલ

વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સી ટેક્ષ

- ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ પાણીનો કર વસુલ કરવાનો રહેશે.

- ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(b) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ હલાલખોર કર વસુલ કરવાનો રહેશે.

ટેક્ષના દર	પ્રવર્તમાન વોટર ટેક્ષનાં દર	પ્રવર્તમાન કોન્ઝરવન્સી
રહેઠાણની મિલકતોના ફેકટરના દર	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતોના વપરાશ અંગેનો ફેકટર		
ફેકટર-૭	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૨	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૧	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%

વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સી ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં કોઇ વધારો સુચવવામાં આવેલ નથી .

-વાહન વેરો

- ગુજરાત રાજ્ય સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૫-૦૮થી મળેલ મંજુરી અનુસાર નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન કર લેવામાં આવે છે.

- સ્ટે.ક.ઠ.નં.૧૬૭૭ તા.૦૨-૦૨-૨૦૧૩ તથા મ્યુ.કોર્પો.જનરલ બોર્ડ ઠ.નં.૨૨૩૮ તા.૧૯-૦૨-૨૦૧૩ થી મળેલ મંજુરી અનુસાર આજીવન વાહનવેરાના દર વાહનના પ્રકાર પ્રમાણે વસુલ કરવાને બદલે વાહનની મૂળ કિંમત ઉપર નીચે દર્શાવેલ દર મુજબ વસુલ કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે યથાવત વાહન વેરાના દર

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪	**મોટર કાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈસ)**	
(એ)	રૂા.૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
(બી)	રૂા.૩,૦૦,૦૦૦ થી રૂા.૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા.૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે
(ડી)	રૂા.૧૦,૦૦,૦૦૦ થી રૂા.૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	રૂા.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખ
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

ઈલેકટ્રીક વાહનોને ઉપરોક્ત વાહન વેરાના દરમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ૫૦% રાહત આપવામાં આવશે.

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ.સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૨૦૦૧ ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૨૦૧૩ ની મંજુરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી શો દીઠ રૂા.૭૫ વસુલ લેવાનું ઠરાવવામાં આવેલ છે તથા વિડીયો શો માટેના શો દીઠ રૂા.૨૫/- થિયેટર ટેક્ષ તા.૧-૪-૨૦૧૩થી વસુલ લેવામાં આવશે

ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : અમન-૮૦૨૦૦૮-૨૨૪૫-પી તા.૧૩-૦૭-૨૦૧૧ મુજબ.

એનેક્ષર-એ

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે કારપેટ એરિયા બેઈઝ, ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ-૧૪૧બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડ્યુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ-૮(જ) નો ઉમેરો.

૮(જ) શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્યવેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમો

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો/જમીનોના વેકન્ડ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ/જમીન ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુ-બાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

☞ નામ ટ્રાન્સફર ફી :

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે (વીલ, વારસાઈની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહી) રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

☞ એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (મનોરંજન કર) :

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા.૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેકશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની અ.મ્યુ.કોર્પોરેશનને સોંપવામાં આવેલ સત્તા અનુસાર તેમજ સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવાની રહેશે.

☞ વ્યવસાય વેરા વિભાગ (Profession Tax) :

રાજ્ય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : ૨૦૦૮ પીએફટી (૯-જીએચએન) એસ) ૨ - એએ- (૧) (ઠ તા.૦૧-૦૪-૨૦૦૮ થી મ્યુનિસિપલ અમદાવાદને મુકરર કોર્પોરેશન ૧ ની નોંધ ક્રમાંક ૧ - સત્તા મંડળ તરીકે મળેલ સત્તા મુજબ કાયદાની અનુસૂચિ (B) અને ૨ થી ૧૦ માં સમાવેશ થતી અને મ્યુનિસિપલ હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યક્તિ સંસ્થાઓની પાસેથી વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરા કરદાતાની નોંધણી અને વેરાની ચૂકવણી સિટી સિવીક સેન્ટર પર થઈ શકે છે. વ્યવસાયવેરા અધિનિયમના અમલીકરણમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના જવાબો (FAQ) તથા અગત્યના ફોર્મ નંબર ૧,૩ અને ૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે.

PRC એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેતન વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો માસિક વેરો દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપવાની અને માસિક/ત્રિમાસિક વેરાની રકમ ત્યાર પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ભરવાની જવાબદારી એમ્પ્લોયરની હોય છે.

PEC એટલે સંસ્થા/પેઢીને લાગુ પડતો વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો વાર્ષિક વેરો દર વર્ષે ૩૦-મી સપ્ટેમ્બર સુધીમાં ભરી દેવાનો હોય છે.

વ્યવસાયવેરાના પ્રવર્તમાન દરોની વિગતો નીચે મુજબ છે.

(અ) વ્યક્તિ/સંસ્થાઓને લાગુ પડતો (ઈ.સી.) વેરાનો દર :

ક્રમ	વ્યક્તિઓનો વર્ગ	વાર્ષિક દર રૂ.
૧.	તમામ એડવોકેટ, સોલિસિટર્સ, નોટરી, ડોક્ટર, ઓર્કિટેક્ટ, એન્જીનીયર, તમામ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વીમા શાસ્ત્રી, વીમા એજન્ટો અને સર્વેયર, કોન્ટ્રાક્ટર, દલાલ, કમિશન એજન્ટ, ઓટોમોબાઈલ બ્રોકર્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી. ઓપરેટર, ફિલ્મ વિતરક, એડ.એજન્સી, ટયુશન અને ટયુટોરીયલ ઈન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર શિક્ષણ-તાલીમ અને ઈન્ફોર્મેશન આપતી સંસ્થા, ડ્રાઈવીંગ સ્કૂલ, મેરજ હોલ, પાર્ટી પ્લોટ, આંગડીયા, કુરીયર, હેલ્થ-મનોરંજન કલબ, શેર દલાલ, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશન, વિદેશી દારૂ વેચનાર પરમીટધારક, નિવાસી હોટલ અને થિયેટર, તમામ પબ્લીક અને પ્રાઈવેટ લીમીટેડ કંપની, તમામ બેન્કીંગ કંપની, રજીસ્ટર્ડ થયેલ સહકારી મંડળી, એસ્ટેટ એજન્ટ/બ્રોકર્સ, વિડીયો પાર્લર, વિડીયો લાયબ્રેરી, રજીસ્ટર્ડ થયેલ પેઢી, કારખાનાના ભોગવટેદાર, નાણાં ધીરધાર, ટ્રાન્સપોર્ટર્સ અને અધિકૃત સ્ટેમ્પ વેન્ડર વિગેરે તેમજ રાજય સરકારશ્રીના નાણાં વિભાગના તા.૦૧/૦૪/૨૦૦૮ના જાહેર ક્રમાંકઃ (જીએચએન-૧૦)-પીએફટી-૨૦૦૮-એસ-૩(૨)(૩)-ઠ મુજબ બહાર પડાયેલ અનુસૂચિના કોલમ-૨ માં નિર્દિષ્ટ કરેલા (વેટ કેટેગરીમાં સમાવેશ થતો હોય તે સિવાયના) બાકી રહેતા તમામ વ્યક્તિઓનો વર્ગ.	૨૦૦૦/-

૨.	ગુજરાત વેટ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતા વેપારીઓ કે જેઓનું વાર્ષિક ટર્નઓવરઃ-	
	(૧) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૫૦૦/-
	(૩) રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૧૨૫૦/-
	(૪) રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો	૨૪૦૦/-

(બ) પગારદાર/વેતનદારને લાગુ પડતો (આર.સી.) વેરાનો દર :-

ક્રમ	માસિક પગાર / વેતન	માસિક દર રૂા.
૧.	રૂા. ૬૦૦૦/- થી ઓછો	શૂન્ય
૨.	રૂા. ૬૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
૩.	રૂા. ૯૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૧૨૦૦૦/- થી ઓછો	૧૫૦/-
૪.	રૂા. ૧૨૦૦૦/- અથવા તેથી વધુ	૨૦૦/-

મ્યુનિ. કમિશનરશ્રીએ રજૂ કરેલ સને ૨૦૧૮-૨૦૧૯ ના ડ્રાફ્ટ અંદાજપત્રમાં સ્ટેન્ડીંગ કમિટીએ ઉપર જણાવ્યા મુજબ સુધારા - વધારા કરી એકટની કલમ-૯૬ મુજબ તૈયાર કરેલ અંદાજપત્ર- "એ" તથા એકટની કલમ - ૯૯ માં જણાવ્યા અનુસાર ટેક્ષેસન પ્રપોઝલ મંજુર કરવા તથા અંદાજપત્ર તા.૧૦ મી ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં રજુ કરવામાં જે વિલંબ થયો છે તે તથા સ્ટેન્ડીંગ કમિટીને પણ અંદાજપત્ર તૈયાર કરવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનને ભલામણ કરવામાં આવે છે.

રેવન્યુ આવકમાં વધારો

અ. નં.	વિગત	આવકમાં વધારો (રૂા.કરોડમાં)
૧.	સામાન્ય વેરાની આવક (જુની બાકી પેટે)	૧૦૦.૦૦૦૦
૨.	કોમર્શીયલ ડેવલપમેન્ટની આવક	૨૦૦.૦૦૦૦
૩.	પ્રિમીયમની આવકમાં વધારો	૭૫.૦૦૦૦
૪.	વધારાની એફએસઆઈ વાપરવા અંગેની ફી	૮૦.૦૦૦૦
૫.	પ્રાથમિક કેળવણી માટે મળતી રાજય સરકારશ્રીની ગ્રાન્ટમાં વધારો	૬૨.૯૬૬૭
૬.	વ્યવસાય વેરો	૭.૦૩૩૩
	કુલ :-	**૫૨૫.૦૦૦૦**

રેવન્યુ આવકમાં ઘટાડો

અ.નં.	વિગત	આવકમાં ઘટાડો (રૂા. કરોડમાં)
૧.	સામાન્ય વેરાની આવક (જંત્રીની રાહત આપતાં)	૩૫.૦૦૦૦
	કુલ :-	**૩૫.૦૦૦૦**
	રેવન્યુ આવકમાં એકંદરે વધારો	**૪૯૦.૦૦**

રેવન્યુ ખર્ચમાં વધારો

અ.નં.	વિગત	ખર્ચમાં વધારો (રૂા. કરોડમાં)
૧.	પ્રા.શિક્ષણ સમિતિની ગ્રાન્ટમાં વધારો	૨૧૯.૦૦
૨.	શેઠ મા.જે.પુસ્તકાલયની ગ્રાન્ટમાં વધારો	૩.૭૭૯૦
૩.	શેઠ વા.સા.હોસ્પિ.ની ગ્રાન્ટમાં વધારો	૫૧.૯૫૨૨
૪.	મ્યુ. કાઉન્સીલરશ્રીના બજેટમાં વધારો	૧૫.૩૬
૫.	સરદાર પટેલ ભવન નવીનીકરણ (હેરીટેજ ગેલેરી)	૧.૦૦૦૦
૬.	સીટી ડીઝાઈન સેલ - સીટી બ્યુટીફીકેશન પ્લાન	૨.૫૫૮૮
૭.	ટ્રાફીક સ્વચ્છતા - ટ્રાફીક અંગે લોક જાગૃતિ	૦.૫૦
૮.	ટેરેસ ગાર્ડન, કિચન ગાર્ડન અંગે વર્કશોપ	૦.૫૦
૯.	શીતાગાર શબપેટી	૦.૧૦
૧૦.	અંગદાન જાગૃતિ અભિયાન	૦.૫૦
૧૧.	સોશીયલ મીડીયા સેન્ટર	૧.૦૦૦૦
૧૨.	પ્રતિમા સ્થળોની આસપાસ સુશોભન	૨.૦૦૦૦
૧૩.	યુથ એક્ટીવીટી સેન્ટર	૦.૨૫
૧૪.	ડો. બાબાસાહેબ આંબેડકર યુવા પુરસ્કાર	૦.૨૫
૧૫.	હેરીટેજ ટુર	૦.૨૫
૧૬.	સન્ડે સખી હાટ	૧.૦૦૦૦
	કુલ :	**૩૦૦.૦૦૦૦**

ઉપર જણાવ્યા પ્રમાણે રેવન્યુ ખર્ચમાં રૂા.૩૦૦ કરોડનો વધારો થવા પામેલ છે. જેની સામે કુલ રેવન્યુ આવકમાં રૂા.૪૯૦ કરોડનો વધારો થવા પામેલ છે તથા રૂા.૧૭૪૦ કરોડ વિકાસ કામો માટે ટ્રાન્સફર કરતાં આખરી સિલક રૂા. ૦.૧૧ કરોડ રહેવા પામે છે.

રેવન્યુ એકાઉન્ટ જમા બાજુ (રૂા. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૮-૧૯ મ્યુ. કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ	સ્ટે. કમિટી તરફથી સૂચિત વધારો-ઘટાડો	સને ૨૦૧૮-૧૯ કમિટીએ તૈયાર કરેલ અંદાજ
	ઉઘડતી સિલક...	૦.૧૧	૦.૦૦	૦.૧૧
૧	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૧૨૯૫.૦૦	૦૦૦૦.૦૦	૧૨૯૫.૦૦
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર			
	(અ) જનરલ ટેક્ષ	૫૯૫.૦૦	૪૦.૬૦	૬૩૫.૬૦
	(બ) વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૩૫૫.૦૦	૨૪.૪૦	૩૭૯.૪૦
૩.	વાહન વેરો	૧૦૦.૦૦	૦૦૦૦.૦૦	૧૦૦.૦૦
૪	વ્યવસાય વેરો	૧૯૪.૦૦	૭.૦૩૩૩	૨૦૧.૦૩૩૩
૫	નોન ટેક્ષ રેવન્યુ આવક	૧૦૯૫.૦૦	૨૮૦.૦૦	૧૩૭૫.૦૦
૬	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૭૦૬.૦૦	૬૨.૯૬૬૭	૭૬૮.૯૬૬૭
૭	બીજી આવક	૪૧૦.૦૦	૭૫.૦૦	૪૮૫.૦૦
	રેવન્યુ આવકનું કુલ...	**૪૭૫૦.૦૦**	**૪૯૦.૦૦**	**૫૨૪૦.૦૦**
	એકંદરે કુલ...	**૪૭૫૦.૧૧**		**૫૨૪૦.૧૧**

રેવન્યુ એકાઉન્ટ ખર્ચ બાજુ (રૂા.કરોડમાં)

અ. નં.	બજેટહેડના નામ	સને ૨૦૧૮-૧૯ મ્યુ.કમિ.શ્રી તરફથી સૂચવેલ અંદાજ	સ્ટે.કમિટીનો વધારો-ઘટાડો	સને ૨૦૧૮-૧૯ નો સ્ટે.કમિટીએ તૈયાર કરેલ અંદાજ
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૧૪૨૫.૦૦	૦.૦૦	૧૪૨૫.૦૦
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૮૮.૦૦	૧.૨૫	૮૯.૨૫૦૦
૩	મરામત અને નિભાવ	૩૫૩.૦૦	૪.૧૦	૩૫૭.૧૦
૪	પાવર અને બળતણ	૨૫૭.૦૦	૦.૦૦	૨૫૭.૦૦
૫	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૩૬૧.૦૦	૧૯.૯૧૮૮	૩૮૦.૯૧૮૮
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૬૩૫.૦૦	૨૭૪.૭૩૧૨	૯૦૯.૭૩૧૨
૭	લોન ચાર્જીસ	૭૫.૦૦	૦.૦૦	૭૫.૦૦
૮	અન્ય ખર્ચ	૬.૦૦	૦.૦૦	૬.૦૦
(અ)	**રેવન્યુ ખર્ચનું કુલ**	**૩૨૦૦.૦૦**	**૩૦૦.૦૦**	**૩૫૦૦.૦૦**
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૧૫૫૦.૦૦	૧૯૦.૦૦	૧૭૪૦.૦૦
	આખરી સિલક	**૦.૧૧**		**૦.૧૧**
	એકંદરે કુલ.....	**૪૭૫૦.૧૧**		**૫૨૪૦.૧૧**

: સ્ટેન્ડીંગ કમિટીએ સૂચવેલ વિકાસ કાર્યો :-

નં.	વિગત	રકમ રૂા. કરોડમાં
૧.	નરોડા - પાટીયા ફલાયઓવર બ્રિજ કુબેરનગર, કાલુપુર અને વાસણા પીરાણા ફીઝીબીલીટી રીપોર્ટ	૧૨.૦૦૦૦
૨.	નવી ટી.પી. સ્કીમમાં આર.સી.સી.રોડ	૧૫.૦૦૦૦
૩.	એરીયા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ	૧૦.૦૦૦૦
૪.	જુની એલ.જી. હોસ્પિટલ ખાતે નવો માળ	૫.૦૦૦૦
૫.	હોટમીક્ષ પ્લાન્ટ, મેટલ ડેપો, મટીરીયલ ટેસ્ટીગ લેબોરેટરી	૨૦.૦૦૦૦
૬.	હાંસોલ એસ.ટી.પી. પ્લાન્ટ	૧૦.૦૦૦૦
૭.	લેફ્ટ ટર્ન ફ્રી ટ્રાફીક	૫.૦૦૦૦
૮.	ડો. બાબાસાહેબ આંબેડકર હોલ નવો તૈયાર કરવા	૫.૦૦૦૦
૯.	વીર ભગરસિંહ કોમ્યુનીટી હોલ	૩.૦૦૦૦
૧૦.	પાણીના નવા બોર બનાવવા	૫.૦૦૦૦
૧૧.	રીડીગ લાયબ્રેરી તથા ઓડીટોરીયમ	૨.૦૦૦૦
૧૨.	હાઉસીગ બોર્ડ વસાહતમાં સુવિધા	૧૦.૦૦૦૦
૧૩.	ઝીરો બજેટ	૧૪.૬૫૮૮
૧૪.	વર્લ્ડ હેરીટેજ સીટી પ્રવેશ દ્વાર	૩.૦૦૦૦
૧૫.	મ્યુ. શાળાના મકાનો	૩.૦૦૦૦
૧૬.	ચંડોળા તળાવનો વિકાસ	૫.૦૦૦૦
૧૭.	નાના તળાવોનો વિકાસ	૨.૦૦૦૦
૧૮.	૬ નવા પાર્ટી પ્લોટ	૨.૦૦૦૦
૧૯.	અદ્યતન મેયર હાઉસ	૨.૦૦૦૦
૨૦.	શહેરના ગામતળનો વિકાસ	૫.૦૦૦૦

નં.	વિગત	રકમ રૂા. કરોડમાં
૨૧.	સીટી સીવેક સેન્ટરો નવીનીકરણ	૫.૦૦૦૦
૨૨.	સીટી ડીઝાઈન સેલ - સીટી બ્યુટીફીકેશન	૨.૪૪૧૨
૨૩.	સ્માર્ટ લાઈટીગ સીસ્ટમ	૨.૦૦૦૦
૨૪.	રીવરફ્રન્ટમાં પ્રવેશતા રસ્તાઓ પહોળા કરવા	૫.૦૦૦૦
૨૫.	ઈ.ડબલ્યુ.એસ.,એલ.આઈ.જી. આવાસોમાં પેવર બ્લોક	૩.૦૦૦૦
૨૬.	વોલ ટુ વોલ રોડ કારપેટ	૫.૦૦૦૦
૨૭.	અ.મ્યુ.કો. મુખ્ય કચેરી ખાતે ઓટોમેટેડ કાર પાર્કિંગ	૧.૦૦૦૦
૨૮.	નોન ટી.પી. રસ્તાઓ માટે	૨.૫૦
૨૯.	મ્યુ. ગાર્ડનમાં ઓડીયો સીસ્ટમ અને રમતગમતના સાધનો, મેડીટેશન યોગા સેન્ટર લો ગાર્ડન - હાજીપુરા ગાર્ડન નવીનીકરણ, સ્કલ્પચર ગાર્ડન, એક્યુપ્રેશર વોકીગ ટ્રેક, બ્રિજ પીલર બ્યુટીફીકેશન	૭.૦૦૦૦
૩૦.	ગાર્ડનમાં રીસાઈકલ વોટર માટે મીની એસ.ટી.પી. તથા ડ્રીપ ઈરીગેશન સ્પ્રિન્કલર	૧.૫૦૦૦૦
૩૧.	સુવિધાપૂર્ણ મુકિતધામ	૩.૦૦૦૦
૩૨.	ખારીકટ કેનાલ સફાઈ અભિયાન	૩.૦૦૦૦
૩૩.	ડ્રગ ટેસ્ટીગ લેબોરેટરી	૦.૪૦
૩૪.	મોબાઈલ ડીસ્પેન્સરી વાન - એમ્બ્યુલન્સ વાન	૩.૦૦૦૦
૩૫.	સ્પોર્ટસ કોમ્પલેક્ષ નવીનીકરણ	૦.૫૦
૩૬.	ડ્રેનેજ લાઈનમાં એર વેન્ટીલેશન સીસ્ટમ - આર્ચ ટાઈપ મેનહોલ	૨.૦૦૦૦
૩૭.	મ્યુ. પ્લોટોમાં કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીગ	૫.૦૦૦૦
	કુલ	**૧૯૦.૦૦૦૦**

સને ૨૦૧૮-૨૦૧૯ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન

સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષમાં રૂા. ૩૪૯૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

અ. નં.	વિગત	૨૦૧૮-૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચ માટે સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજી આવક (રૂા.કરોડમાં)
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૭૪૦.૦૦
૨.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦
૩.	મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ	૨૦૦.૦૦
૪.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૮૦.૦૦
૫.	સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ	૨૧.૦૦
૬.	ફાયર ટેક્ષની આવક	૨૫.૦૦
૭.	નાણાપંચની ગ્રાન્ટ	૭૦.૦૦
૮.	EWS- L.I.G. લાભાર્થીનો ફાળો	૨૨૦.૦૦
૯.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૪૫.૦૦
૧૦.	મેટ્રો પ્રોજેકટ	૧૦.૦૦
૧૧.	EWS લાભાર્થી લોન	૬૦.૦૦
૧૨.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો અન્વયેની રાજય સરકારશ્રીની ગ્રાન્ટ	૫૦.૦૦
૧૩.	પ્રધાનમંત્રી આવાસ યોજના	૧૪૫.૦૦
૧૪.	અન્ય	૧૨૪.૦૦
	કુલ ...	**૩૪૯૦.૦૦**

સને ૨૦૧૮-૨૦૧૯ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષમાં મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ વિકાસના કામોમાં રૂા.૧૬૦ કરોડનો વધારો કરીને રૂા.૩૪૯૦ કરોડનાં વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂા. કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૮-૨૦૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	૨૦૧૮-૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૮૦.૦૦	૩૮૦.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૭૦.૦૦	૧૧૩.૦૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૧૬૦.૦૦	૧૭૨.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૧૪૫.૦૦	૧૫૬.૭૫
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૬૦.૦૦	૧૭૪.૭૫
૬.	મકાન	૫૮.૫૦	૯૦.૩૪૧૨
૭.	જાહેર સ્થળો	૬૯.૬૦	૧૦૫.૬૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૨૦.૦૦	૨૪.૬૫૮૮
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૧૧૦.૦૦	૧૩૩.૦૦
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૨.૦૦	૧૨.૦૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૧.૫૦	૧.૫૦
૧૧.	જમીન સંપાદન	૫.૦૦	૫.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૧૫.૦૦	૨૮.૦૦
૧૪.	અન્ય	૩.૪૦	૩.૪૦
	(ક) નું કુલ	**૧૨૧૦.૦૦**	**૧૪૦૦.૦૦**
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	**૩૫૫.૦૦**	**૩૫૫.૦૦**
(ગ)	સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ	**૨૦૧.૦૦**	**૨૦૧.૦૦**
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	**૧૩૦.૦૦**	**૧૩૦.૦૦**

અ. નં.	વિગત	૨૦૧૮-૨૦૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	૨૦૧૮-૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજ
(ચ)	**JnNURM ના કામો**		
૧.	સ્ટોર્મ વોટર ડ્રેઈન	૭.૦૦	૭.૦૦
૨.	પાણી પૂરવઠાના કામો	૬.૫૦	૬.૫૦
૩.	ડ્રેનેજ પ્રોજક્ટ	૧૨.૫૦	૧૨.૫૦
૪.	એસ.ટી.પી.	૭.૮૦	૭.૮૦
૫	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૦.૨૦	૦.૨૦
૬	ઈ- ગવર્નન્સ	૪.૦૦	૪.૦૦
	(ચ) નું કુલ	**૩૮.૦૦**	**૩૮.૦૦**
(છ)	**ગ્રાન્ટના કામો**		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૦૦.૦૦
૨.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૮.૦૦	૮.૦૦
૩.	સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૭.૦૦	૧૭.૦૦
૪.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૮૦.૦૦	૮૦.૦૦
૫.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો	૫૦.૦૦	૫૦.૦૦
૬.	RAY અન્વયે ગ્રાન્ટના કામો	૨.૦૦	૨.૦૦
૭.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૨.૫૦	૨.૫૦
૮.	મુખ્યમંત્રી ગૃહ યોજના - L.I.G.	૧૭.૫૦	૧૭.૫૦
૯.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટના કામો	૨૩૫.૦૦	૨૩૫.૦૦
૧૦.	મેટ્રો પ્રોજેકટ	૯.૦૦	૯.૦૦
૧૧.	સ્માર્ટ સીટી	૫૦.૦૦	૫૦.૦૦
૧૨.	પ્રધાનમંત્રી આવાસ યોજના	૨૦૦.૦૦	૨૦૦.૦૦
૧૩.	અન્ય ગ્રાન્ટ	૯૫.૦૦	૯૫.૦૦
	(છ) નું કુલ	**૧૩૬૬.૦૦**	**૧૩૬૬.૦૦**
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ)	**૩૩૦૦.૦૦**	**૩૪૯૦.૦૦**

અંદાજપત્ર - સને ૨૦૧૮-૨૦૧૯

(રૂા. કરોડમાં)

વિગત	મ્યુ.કમિશનરશ્રીની દરખાસ્ત	વધારો	સ્ટે. કમિટીએ તૈયાર કરેલ અંદાજપત્ર
રેવન્યુ ખર્ચ	૩૨૦૦.૦૦	૩૦૦.૦૦	૩૫૦૦.૦૦
વિકાસના કામો	૩૩૦૦.૦૦	૧૯૦.૦૦	૩૪૯૦.૦૦
કુલ બજેટ	**૬૫૦૦.૦૦**	**૪૯૦.૦૦**	**૬૯૯૦.૦૦**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
અંદાજપત્ર : સને ૨૦૧૮-૨૦૧૯

રૂપિયો કયાંથી આવશે ?

૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૨૫ પૈસા
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર	
	(અ) જનરલ ટેક્ષ	૧૨ પૈસા
	(બ) વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૦૭ પૈસા
૩	વાહન વેરો	૦૨ પૈસા
૪	પ્રોફેશન ટેક્ષ	૦૪ પૈસા
૫	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૬ પૈસા
૬	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૫ પૈસા
૭	અન્ય આવક	૯ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

રૂપિયો કયાં જશે ?

૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૭ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૦૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૦૭ પૈસા
૪	વિજળી અને બળતણ	૦૫ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૦૭ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૧૭ પૈસા
૭	લોન ચાર્જીસ	૦૨ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૩ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

પ્રસ્તાવના :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ઉપર લીધેલ અને પૂરા કરેલ પ્રોજેકટસના કારણે તથા માળખાગત સુવિધાઓના સુચારૂ આયોજનને કારણે આપણા અમદાવાદ શહેરની સરખામણી દેશ અને વિદેશના શહેરો સાથે થઈ રહી છે. ગત વર્ષે આર્થિક સુધારાઓના સંદર્ભમાં ડી-મોનીટાઈઝશેન તથા જી.એસ.ટી. ના અમલીકરણ કરવા છતાં કોર્પોરેશન દ્વારા હાથ ધરેલ વિકાસકાર્યોની ગતિ ઉપર અસર પડેલ નથી અને વિકાસના કામો અટકયા નથી તે આપણા કોર્પોરેશનના કાર્યક્ષમ અને યોગ્ય આર્થિક વહીવટને આભારી છે. આજે જયારે વિકાસની બાબતમાં દેશના શહેરોની વચ્ચે સ્પર્ધાનું વાતાવરણ ઉભુ થયેલ છે ત્યારે આપણા શહેરે પ્રાપ્ત કરેલ મોખરાનું સ્થાન જાળવી રાખવા તથા હજુ વધુ આગળ લઈ જવા વિકાસના ક્ષેત્રે લાંબા ગાળાના આયોજન કરવા જરૂરી છે. વિકાસની બાબતમાં માપદંડો બદલાઈ રહ્યા છે ત્યારે આપણે હજુ વિકાસના નવા આયામો પ્રાપ્ત કરવાના છે, વિકાસની નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરવાની છે. આપણું શહેર સ્વચ્છ અને સુંદર બને,સમતોલ અને સર્વાંગી વિકાસ થાય, શહેરમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાના જતન સાથે આપણું અમદાવાદ શહેર સ્વચ્છ, સુંદર અને સુવિધાયુકત બને એ પ્રકારનું આયોજન કરવાનો આ બજેટમાં પ્રયાસ કરવામાં આવેલ છે.

૬૦૦ વરસના જીવંત,ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાથી સમૃધ્ધ એવા આપણાં શહેરને યુનેસ્કો દ્વારા કડક માપદંડો દ્વારા ચકાસી દેશના પ્રથમ અને એકમાત્ર હેરીટેજ સીટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ સાથે આપણું શહેર દુનિયાના પેરિસ,વિયેના,રોમ જેવા હેરીટેજ સીટીની યાદીમાં આવી ગયેલ છે જે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની બાબત છે. અમદાવાદના ઈતિહાસમાં આપણી આ સિધ્ધિને સીમાચિન્હરૂપ નોંધપાત્ર સિધ્ધિ તરીકે ગણવામાં આવશે.હેરીટેજ સીટીનો દરજ્જો આપણા માટે ગૌરવ સાથે જવાબદારી પણ છે.હેરીટેજ સીટીના દરજ્જાને યુનેસ્કોની ગાઈડલાઈન અનુસાર હેરીટેજ ઈમારતોની યોગ્ય રીતે સાચવણી અને જાળવણી કરવી,સમાજના વિવિધ વર્ગને આ કાર્ય સાથે જોડવા જરુરી છે. જેથી તેઓ હેરીટેજ વારસાની જાળવણીનો હિસ્સો બની રહે.

શહેરના મૂલ્યવાન હેરીટજ ઈમારતોની યોગ્ય જતન અને જાળવણી કાયમ માટે પ્રોફેશનલ ઢબે થાય તે માટે અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટ (WHC) ની રચના કરવામાં આવેલ છે. હેરીટેજ જાગૃતિના ભાગરુપે કરવામાં આવતી હેરીટેજ વોક દેશ અને વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આ માટે કોર્પોરેશન દ્વારા હેરીટેજ વોકને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોફેશનલી પ્રમોટ કરી મેનેજ કરવાનું અને દેશ-વિદેશના વધુમાં વધુ મુલાકાતીઓ આકર્ષવા માટે પ્રોફેશનલ સંસ્થા જોડે એમ.ઓ.યુ.કરી કામગીરી સોંપવામાં આવેલ છે. હેરીટેજની સુયોજિત વ્યવસ્થાથી સારસંભાળ થાય તે હેતુથી હેરીટેજ કોન્ઝરવેશન પ્લાન, લોકલ એરીયા પ્લાન,ટુરીઝમ મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં આવનાર છે. આ કામ પ્રોફેશનલ ઢબે થાય તે હેતુથી સબંધિત નિષ્ણાતો સાથેના સહકારથી ટુરીઝમ મેનેજમેન્ટ પ્લાન

બનાવવામાં આવનાર છે. પંડિત દિનદયાલ ઓડીટોરિયમમાં ઐતિહાસિક શહેર અંગેની વિગતવાર માહિતિ દર્શાવતું હેરીટેજ પ્રદર્શન કાયમ માટે જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. હેરીટેજ ઈમારતોની સુંદરતામાં વધારો થાય અને શહેરીજનોમાં આર્કષણ જન્માવે તે માટે ઈમારતો તથા શહેરના મુખ્ય બ્રિજોને કાયમી ધોરણે લાઈટીંગથી સજાવવાનું આ બજેટમાં આયોજન કરેલ છે. કોર્પોરેશન દ્વારા આયોજીત કાર્યક્રમમાં હેરીટેજ થીમ આધારિત કલ્ચરલ પ્રોગ્રામ, લેકચર સીરીઝ વગેરેનું આયોજન કરવામાં આવે છે. શહેરમાં ઉજવાતા તહેવારો, શહેરમાં આવેલ હવેલીઓ, નાગરિક સ્થળો વગેરેની કેટેગરીવાઈઝ માહિતી આપતી અને તમામ હેરીટેજ સ્થળોને મેપ દ્વારા લોકેશન બતાવતી "Ahmedabad World Heritage City Guide" ના નામે ઓળખાતી મોબાઈલ એપ મુલાકાતીઓને મદદરૂપ થઈ શકે તે હેતુથી લોન્ચ કરવામાં આવેલ છે. જેમાં શહેરના હેરીટેજ લોકેશનની વિગતવાર માહિતીનો સમાવેશ થાય છે.એપ દ્વારા અમદાવાદના હેરીટેજને ગ્લોબલ સ્કેલ ઉપર પ્રમોટ કરવામાં મદદરૂપ થશે તેવો મને વિશ્વાસ છે.

શહેરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની ઉંડાણપૂર્વક, સચોટ માહિતી મળી રહે તે હેતુથી પાલડી ખાતે આવેલ સંસ્કાર કેન્દ્રમાં હેરીટેજ થીમ ઉપર આધારિત વર્લ્ડ હેરીટેજ સીટી મ્યુઝીયમ (WHC) બનાવવાનું આયોજન કરેલ છે. જેનાથી અમદાવાદના ભવ્ય ઈતિહાસ, સ્થાપત્ય, કલા, સંસ્કૃતિ તથા શહેરના હેરીટેજના તમામ સ્થળો, તેની સાથે સંકળાયેલ તમામ માહિતી આપવામાં આવશે જેનાથી શહેરના સાંસ્કૃતિક વારસો, મૂલ્યો, ગૌરવ, અસ્મિતાને જાળવવા અને પોષવા માટે મહત્વની કામગીરી થઈ શકશે.

વાહનો દ્વારા ઉત્પન્ન થતું પ્રદુષણ,રોડની સાઈડ તથા રોડ ઉપરની ધુળ મુખ્યત્વે એરકવોલીટીના ઘટાડા માટે જવાબદાર છે. આ માટે કોર્પોરેશન દ્વારા પ્રથમવાર રોડની આજુબાજુના ભાગ ઉપર પાણીનો છંટકાવ કરી ડસ્ટ દુર કરવામાં આવે છે તથા શહેરમાં આવેલા બ્રિજ ઉપર ન્યુસન્સ ટેન્કરો વડે પાણીથી ધોઈ ડસ્ટને દુર કરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય રસ્તાઓ ઉપરના નાનાં-મોટા વૃક્ષો/પ્લાન્ટેશનની સફાઈ કરી પાણીથી ધોવડાવી ધુળના રજકણો દુર કરવાનો નવતર પ્રયોગ કરવામાં આવેલ. જેનાથી પ્રદુષણમાં ઘટાડો થશે અને શહેરીજનોને સ્વચ્છ હવા મળશે.આવનારા દિવસોમાં આ કામ નિયમિત ધોરણે થાય, આયોજનબધ્ધ રીતે થાય અને અસરકારક રીતે થાય તેનું ખાસ આયોજન કરવામાં આવેલ છે. શહેરીજનો માટે પબ્લીક ટ્રાન્સપોર્ટની કામગીરી અસરકારક બને તથા તેનો વ્યાપ વધે, વિશ્વસનીય સેવા પુરી પાડે તથા શહેરીજનો ખાનગી વાહનોને બદલે પબ્લીક ટ્રાન્સપોર્ટ તરફ વળે તેવું આયોજન કરવામાં આવી રહેલ છે. વધુમાં નેશનલ ઈલેકટ્રીક મોબીલીટી મિશન અંતર્ગત કેન્દ્ર સરકારની ગ્રાન્ટ અંતર્ગત ૪૦ ઈલેકટ્રીક બસ, ૨૦ ઈલેકટ્રીક ઓટોરીક્ષા તથા ૨૦ મેકસી ખરીદી વધુ ટ્રાફિકવાળા વિસ્તારમાં દોડાવવામાં આવશે જેનાથી પ્રદુષણમાં અને ઘોંઘાટમાં ઘટાડો થશે. ઈલેકટ્રીક વાહન માત્ર પબ્લીક ટ્રાન્સપોર્ટનું સાધન ન રહેતાં કોમ્પ્રિહેન્સીવ સીટી એર પોલ્યુશન કન્ટ્રોલ એકશન પ્લાનનો હિસ્સો બનશે. વધુમાં પ્રદુષણ ઘટાડવા તથા શહેરીજનોની સુખાકારી માટે નવી ૮૦ એર કન્ડીશન સી.એન.જી. બસ ખરીદવાનું આયોજન કરવામાં આવેલ છે. જી.પી.સી.બી.ના સહકારથી હવામાંના ઘટકોની માહિતી આપતાં નવા એર કવોલીટી મોનીટરીંગ સ્ટેશન મુકવામાં આવશે. જેથી શહેરીજનોને હવામાંના ઘટકોની માહિતી મળી શકશે.

કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા અંગેના લેવામાં આવેલ પગલાંના કારણે શહેરમાં સ્વચ્છતાની પરિસ્થિતિમાં ઘણો જ સુધારો થયેલ છે. સ્વચ્છતાનો કાર્યક્રમ માત્ર કોર્પોરેશનનો કાર્યક્રમ ન રહેતા સમાજની દરેક વ્યકિતનો કાર્યક્રમ બની રહે તે ખૂબ જરૂરી છે અને સ્વચ્છતા કાર્યક્રમ વનટાઈમ કાર્યક્રમ ન રહેતા શહેરજનોની આદત/સ્વભાવમાં હમેંશ માટે વણાય તથા સ્વભાવનો હિસ્સો બને તે ખૂબ જ જરુરી છે.આપણા શહેરીજનો સફાઈ આંદોલનનો હિસ્સો બને અને સફાઈ ઝુંબેશમાં સીધા ભાગીદાર બને અને તેઓને સ્વચ્છતા અંગેનું પ્રોત્સાહન મળે તે હેતુથી આ વર્ષમાં ઝોનવાઈઝ પાંચ-પાંચ સોસાયટીઓને સ્વચ્છતા જાળવી રાખવા અંગે એક લાખથી પાંચ લાખ સુધીના રોકડ પુરસ્કારનું આયોજન કરવામાં આવેલ છે અને આવી સોસાયટીઓને GLORY OF WORLD HERITAGE CITY નો પુરસ્કાર આપવામાં આવનાર છે.

કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે થાય અને કચરામાંથી વીજળી ઉત્પન્ન થાય તે માટે ૨૫ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરતા બે નવા પ્લાન્ટનું આયોજન કરવામાં આવનાર છે. બાગ,બગીચા,ખાણી પીણીના બજારોના સ્થળેથી ઉત્પન્ન થતા ફુડ વેસ્ટ તથા અન્ય વેસ્ટમાંથી પ્રોસેસ કરી ખાતર બનાવવું, બાયોગેસના ૧૭ પ્લાન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે. મારું શહેર સ્વચ્છ શહેર, સુંદર શહેરનો ખ્યાલ સાચા અર્થમાં ચરિતાર્થ થશે અને આપણા શહેરને ઝીરો વેસ્ટ સીટી બનાવવાના લક્ષ્યાંકની નજીક પહોંચીશું તેવો મને પૂર્ણ વિશ્વાસ છે અને આ માટે ઘણાં મહત્વના પગલાં લેવાનું આયોજન આ બજેટમાં કરવામાં આવેલ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં દૈનિક ધોરણે ઉત્પન્ન થતા ઘન કચરાના નિકાલની કામગીરી સઘન અને અસરકારક બનાવવા ડોર ટુ ડોર પધ્ધતિ અનુસાર કચરાના એકત્રીકરણનું કવરેજ આવનારા દિવસોમાં ૧૦૦% સુધી લઈ જઈ અમદાવાદ શહેરને Zero Waste City બનાવવાનું આયોજન છે.

આજે જયારે આર્થિક ક્ષેત્રે ડીજીટલ ક્રાંતિ તરફ દેશ હરણફાળ ગતિએ આગળ વધી રહ્યુ છે ત્યારે ડીજીટલ પેમેન્ટનું પ્રમાણ જે ગત વર્ષે ૭૬% હતુ તે હાલમાં ૮૭% સુધી પહોંચલ છે અને ૯૫% નો લક્ષ્યાંક આગામી વર્ષે નક્કી કરવામાં આવેલ છે. આ માટે સ્માર્ટ સીટી પ્રોજેકટમાં ખાસ આયોજન કરવામાં આવેલ છે. સ્માર્ટ સીટી મિશન હેઠળ આપણાં શહેરનો સમાવેશ થતાં સ્માર્ટ સીટી પ્રોજેકટ હેઠળ નાગરિકોની સુખાકારી માટે કોમન કાર્ડ પેમેન્ટ સીસ્ટમ (CCPS),ઈન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સીસ્ટમ, બી.આર.ટી.એસ. ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક, કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર, પાન સીટી ઓ.એફ.સી., પી.પી.પી. સ્લમ રીડેવલપમેન્ટ વગેરે કામગીરી કરવામાં આવી રહી છે. જેનાથી શહેરીજનોને વિવિધ મ્યુનિસિપલ સેવાઓ અંગે કરવામાં આવતી ચૂકવણી તથા શોપીંગ કે અન્ય યુટીલીટી બિલોના પેમેન્ટ તથા અન્ય ઓનલાઈન સેવાઓના પેમેન્ટ એક જ કાર્ડથી પેમેન્ટ કરી શકે તે માટે જનમિત્ર કાર્ડની સેવા શરૂ કરવામાં આવેલ છે જે શહેરીજનો માટે આર્શિવાદરૂપ બનેલ છે. આવનાર વર્ષમાં અત્યાધુનિક સગવડ જેવી કે QR Code ના ફીચર્સ સાથેના ટેક્ષ બિલ શરૂ કરવામાં આવનાર છે. જેનાથી શહેરીજનો માટે પેમેન્ટની પ્રક્રિયા સરળ બનશે. સ્માર્ટ સીટી પ્રોજેકટના સફળ અમલીકરણના કારણે દેશના વિવિધ સ્માર્ટ સીટી શહેરોમાંથી આપણાં શહેરને (1) Best Solutions For Mobility & ITMS/Janmitra Card (2) Best Smart City of The Year (3) Best CEO Smart City જેવા એવોર્ડ મળેલ છે જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

અત્યંત આધુનિક સુવિધાઓ તથા અત્યંત સ્માર્ટ ફીચર્સવાળા સીસી ટીવી કેમેરા, ANPR કેમેરા, RLVD કેમેરા વગેરેથી સજ્જ એવું કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર પાલડી ખાતે બનાવવામાં આવી રહેલ છે. જેનાથી શહેરમાં ગંભીર બનેલ ટ્રાફિક સમસ્યાના નિયંત્રણ માટે, ટ્રાફિક નિયમના પાલન માટે, એર પોલ્યુશન સબંધિત હવામાનની માહિતી, શહેરીજનોને સ્માર્ટ પાર્કિંગના ફીચર્સ, વાઈ-ફાઈની સુવિધાઓ સહિતની વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવશે. હાલમાં બી.આર.ટી.એસ. પ્રોજેકટમાં સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત આઈ.ટી.એમ.એસ.ના સફળ અમલીકરણના કારણે આપણા શહેરના બી.આર.ટી.એસ. પ્રોજેકટને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ મળેલી છે. ભવિષ્યમાં એ.એમ.ટી.એસ. ની ૭૫૦ બસોને પણ ક્રમશઃ ITMS ની સુવિધાઓથી જોડવામાં આવનાર છે. જેથી આપણી ટ્રાન્સપોર્ટ સુવિધા કમ્પલીટ ટ્રાન્સપોર્ટનો પર્યાય બનશે/કમ્પલીટ ટ્રાન્સપોર્ટની દિશામાં મહત્વનું પગલું ગણાશે. સ્માર્ટ સીટી અંતર્ગત પ્રોજેકટના કારણે શહેરીજનોને ટ્રાફિકની સમસ્યા, શહેરમાં મોટા ભાગના સ્થળોએ કેમેરાને કારણે, હવામાંના પ્રદુષણની માહિતી મળવાને કારણે, મ્યુનિસિપલની તમામ સેવાઓ એક જનમિત્ર કાર્ડ હેઠળ આવરી લેવાના કારણે, વિવિધ મ્યુનિસિપલ સેવાઓ અસરકારક રીતે પુરી પાડી શકાશે. જેનાથી આપણું શહેર Safe And Secure બનશે તેવી મને ખાત્રી છે.

નાગરિકોમાં રમતગમતની વૃત્તિને ઉત્તેજન મળે તે હેતુથી વધુ એડવાન્સ, વધુ કેપેસીટી ધરાવતું અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એવું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ પશ્ચિમ વિસ્તારમાં નારણપુરા ખાતે બનાવવામાં આવનાર છે. જે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના સહકારથી બનાવવામાં આવશે. જેનાથી કોમ્પલેક્ષમાં રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓની તાલીમ પ્રોફેશનલ ઢબે મળતા ભવિષ્યમાં સારા ખેલાડીઓને આગળ વધવા પ્રોત્સાહન મળશે.

રેલ્વે ક્રોસીંગ મુકત અમદાવાદ બનાવવાના આયોજનરૂપે આગામી વર્ષમાં કુલ ૨૬ જગ્યાએ નવા રેલ્વે ઓવરબ્રીજ, ફલાય ઓવરબ્રીજ અને રેલ્વે અન્ડરબ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે અને હાલમાં અલગ અલગ ૮ જગ્યાએ બ્રીજનું કામ પ્રગતિમાં છે. આ કામો પૂર્ણ થતા શહેરમાં ટ્રાફિકની સમસ્યામાં મહદ્ અંશે ઘટાડો થશે અને શહેરની સુંદરતામાં વધારો થશે. શહેરમાં સૌપ્રથમ વખત 3-Layer ફલાય ઓવર બ્રીજનું બે જંકશન પર બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી સરદારબ્રીજ થઈ કાલુપુર રેલ્વે સ્ટેશન પર જવા આશરે ત્રણ કિ.મી. લંબાઈના રસ્તા ઉપર હેરીટેજ લુક ધરાવતાં બ્રીજનું આયોજન કરવામાં આવેલ છે. સદર બ્રીજ શહેરના હેરીટેજ વિસ્તારમાંથી પસાર થતો હોઈ હેરીટેજ થીમ ઉપર બનાવવામાં આવનાર છે. જેનાથી શહેરના ટ્રાફિકની સમસ્યામાં ચોક્કસપણે ઘટાડો થશે.

શહેરમાં દિન પ્રતિદિન વધતા જતાં વાહનોની સંખ્યાના કારણે શહેરના ટ્રાફિકની સમસ્યા વધુને વધુ ગંભીર બનતી જાય છે. આ સમસ્યાના ઉકેલના ભાગરુપે કોર્પોરેશન દ્વારા મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવામાં આવેલ છે. ટ્રાફિક ગીચતા ધરાવતા એસ.જી. હાઈવે પર પે એન્ડ પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાના સુચારુરૂપે સંચાલન અને વ્યવસ્થા થાય અને ભવિષ્યમાં સમસ્યામાં રાહત થાય તે હેતુથી લાંબા ગાળાનું આયોજન કરવું જરૂરી છે. આ સમસ્યા માટે On Street Parking Policy બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત ટ્રાફિકની ગીચતા

ધરાવતા એસ.જી.હાઈવેના અલગ અલગ સર્વિસ રોડ ઉપર અંદાજીત ૩૦,૦૦૦ ચો.મી.ના વિસ્તારમાં પે એન્ડ પાર્ક ડેવલપ કરવામાં આવનાર છે. વધુમાં શહેરીજનો દ્વારા રોડ ઉપર ગમે ત્યાં જો વાહન પાર્ક કરવામાં આવશે તો દૈનિક ધોરણે તેઓને ચાર્જ કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા રોડ તથા ટ્રાફિક અંગે લીધેલ પગલાંને કારણે આપણા શહેરને તાજેતરમાં Award for Best City - Road Transport Infrastructure, Award for Best City - Emergency Service, Award for Best City - Heavy Vehicle Traffic Management નો એવોર્ડ મળેલ છે.

રોડ રીસરફેસની કામગીરી ઝડપી,ગુણવત્તાયુકત અને લાંબા સમય માટે ટકી રહે તે રીતે થાય અને શહેરીજનોને તકલીફ ના પડે તે માટે કોર્પોરેશનનું વહીવટીતંત્ર બહુ જ ગંભીર છે. આ માટે કોર્પોરેશન દ્વારા રોડના જાણકાર અને તજજ્ઞ અનુભવી એન્જીનીયરોનો સમાવેશ કરતી રોડ ડીઝાઈન સેલ (RDC) ની રચના કરવાનું આયોજન કરેલ છે. જેઓ દ્વારા રોડ નેટવર્કના રીસરફેસ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય તેનું ધ્યાન રાખવામાં આવશે. RDC દ્વારા શહેરમાં આવેલ સ્થળ પરિસ્થિતિના આધારે હયાત રસ્તાઓની જુદી-જુદી લેબોરેટરીમાં ચકાસણી કરી, જરૂરી સ્ટ્રેન્ધનીંગ તથા રીસરફેસ કરવાની પ્રાયોરીટી નક્કી કરશે.

શહેરના રીંગ રોડને સમાંતર, વિકસતા વિસ્તાર તથા શહેરની આગામી ૨૦ વર્ષ પછીની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને શહેરમાં નવા વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ઓવરહેડ ટાંકી તથા નવા ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું તથા હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશનને ઓગમેન્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે.

વાડજ ખાતે આવેલ ચંદ્રભાગા નાળાના આજુ-બાજુના વિસ્તારની ડ્રેનજ અને વરસાદી પાણી વહેણ મારફતે નદીમાં જાય છે. જેના બ્યુટીફિકેશનના ભાગરૂપે આ ખુલ્લામાં વહેતા નાળાંને બંધ કરી વહેણાંની જગ્યાએ આર.સી.સી. ડકટ બનાવી તેના ઉપર રોડ બનાવવાનું આયોજન કરવામાં આવી રહેલ છે. વધુમાં નવા બનાવવામાં આવેલ આર.સી.સી.બોક્ષની ઉપર ટ્રાફિકની અવર-જવરમાં ઉપયોગ કરી શકાશે. જેથી અન્ય વિસ્તારમાંથી ટ્રાફિકનું ભારણ ઘટશે.

કોર્પોરેશનનો વહીવટ કાર્યક્ષમ થાય, આર્થિક બચત થાય અને શહેરની સુંદરતામાં વધારો થાય તે હેતુથી સ્ટ્રીટલાઈટમાં કન્વેશનલ લાઈટની જગ્યાએ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ બદલવાના પ્રોજેકટ અંતર્ગત ૧.૫૦ લાખ એલ.ઈ.ડી. લાઈટ પૈકી ૧.૪૦ લાખ એલ.ઈ.ડી. લાઈટ ઈન્સ્ટોલ કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. જેનાથી કોર્પોરેશનને વાર્ષિક રૂા.૧૫.૨૦ કરોડની બચત થયેલ છે. કોર્પોરેશન દ્વારા વિન્ડ એનર્જી, વેસ્ટ ટુ એનર્જી તથા સુએજ ગેસમાંથી કુલ ૪૪ મેગાવોટ વીજળી ઉત્પાદનનું આયોજન હાથ ધરેલ છે.

શહેરના બગીચાઓ શહેરની સુંદરતામાં વધારો કરી શહેરીજનો માટે ઉપયોગી બનતા હોય છે. આ બજેટમાં અલગ-અલગ વિસ્તારમાં ૧૫ નવા બગીચાઓ બનાવવાનું તથા ૫ હયાત બગીચાઓના નવીનીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. રીવરફ્રન્ટ ખાતે એક હેરીટેજ થીમ ઉપર આધારિત હેરીટેજ ગાર્ડન બનાવવામાં આવનાર છે. વધુમાં શહેરમાં આવેલ વિવિધ તળાવોને ડેવલપ કરવામાં આવનાર છે. નવા પશ્ચિમ ઝોનમાં કોમ્યુનીટી હોલ અને

પી.પી.પી. ધોરણે લાયબ્રેરી બનાવવાનું આયોજન આ બજેટમાં કરવામાં આવેલ છે. શહેરના છ ઝોનના અલગ-અલગ વિસ્તારોમાં અંદર નવા બગીચા બનાવવા, ચિલ્ડ્રન પાર્ક બનાવવા, વટવામાં સીનીયર સીટીઝન પાર્ક અને કોમ્યુનીટી હોલ, અસારવામાં સબ-ઝોનલ ઓફિસ બનાવવાનું આયોજન કરેલ છે. વસ્ત્રાપુર લેકની સુંદરતા જળવાઈ રહે તે હેતુથી વસ્ત્રાપુર લેક રીચાર્જ કરવામાં આવનાર છે.

શહેરમાં વસતા પ્રત્યેક શહેરીજનોને મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવાનો લાભ મળવો જોઈએ. શહેરમાં વસતાં ગરીબોના લાભ અને કલ્યાણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઘણાં અસરકારક પગલાં લઈ રહી છે. શહેરમાં રહેતાં ઘરવિહોણા માટે શહેરમાં જુદી-જુદી જગ્યાએ નાઈટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન યોજના અંતર્ગત હજી વધુ શેલ્ટર્સ બધી જ માળખાગત સુવિધાઓથી સજ્જ બનાવવાનું આયોજન કરેલ છે.

કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા ફલાવર શૉ માં શહેરીજનો દ્વારા ખૂબ જ ઉત્સાહથી ભાગ લેવામાં આવે છે અને ફલાવર શૉ ઉપરાંત ગુજરાત ગૌરવ દિન નિમિત્તે સાબરમતી નદીના કિનારે કરવામાં આવતો સાબરમતી ફેસ્ટીવલ શહેરમાં ઉજવાતા સાંસ્કૃત્તિક કાર્યક્રમનો એક હિસ્સો બનેલ છે અને તહેવારપ્રિય શહેરીજનોમાં આવકાર પામેલ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ઘણા વર્ષોમાં બી.આર.ટી.એસ., કાંકરીયા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ઈ-ગવર્નન્સ, સ્માર્ટ સીટી પ્રોજેકટ વગેરે હાથ ઉપર લીધેલ પ્રોજેકટસ અને તેના સફળ અમલીકરણના કારણે અમદાવાદ શહેર Best City To Live In બનેલ છે. દેશના અન્ય શહેરોમાંથી આપણા પ્રોજેકટનો તેમના શહેરમાં અમલ કરી શકાય તે હેતુથી અભ્યાસ કરવા આપણાં શહેરની મુલાકાત માટે આવતા હોય છે. આપણાં શહેરને વર્લ્ડ હેરીટેજ સીટી જાહેર કરાતાં વિદેશથી આપણા શહેરના સ્મારકોને આટલા લાંબા વર્ષો સુધી જાળવવાની અને સાચવવાની અને તેની માવજતની પધ્ધતિનો અભ્યાસ કરવા આવી રહ્યા છે. આમ આપણું શહેર દેશના અન્ય શહેરો માટે રોલમોડલ બનેલ છે. આ યશગાથા જળવાઈ રહે અને માળખાગત સુવિધાઓમાં લાંબા ગાળાનું આયોજન સાથે વધારો થાય તે માટે લેવામાં આવેલ વિવિધ પગલાંઓને કારણે આપણું શહેર સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાયુકત બનશે તેવો મને પૂર્ણ વિશ્વાસ છે.

આમ, અમદાવાદ શહેરના સમતોલ તથા સર્વાંગી વિકાસ માટેના લક્ષ્યને ધ્યાનમાં લઈ આંતરમાળખાકિય સુવિધાના કામો, સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામોના વિકાસના ચાલતાં કામો, અમૃત યોજના, સ્માર્ટ સિટી, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ અન્ય ગ્રાન્ટ હેઠળ શરૂ થનાર કામો તેમજ સામાજીક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓના કામો સહિત તમામ ઝોનલ પ્રાયોરિટી વર્કસના વિકાસ કાર્યોના સંકિલત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહિવટ સાથેના આગામી વર્ષના રૂા.૧૫૫૦.૦૦ કરોડ રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અંદાજીત રૂા.૩૩૦૦.૦૦ કરોડના વિકાસ કાર્યો સાથેનું નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ નું રૂા.૬૫૦૦.૦૦ કરોડનું અંદાજપત્ર રજૂ કરતાં અત્યંત આનંદ અનુભવું છું.

૧. સને ૨૦૧૬-૧૭ ના વર્ષની ખરેખર પરિસ્થિતિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સને ૨૦૧૬-૧૭ ના વર્ષના સુધારેલા અંદાજપત્ર સામે સને ૨૦૧૬-૧૭ ના વર્ષની ખરેખર આવક તથા ખર્ચમાં રહેલ છેવટની પરિસ્થિતિ તથા તેની વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

૧. રેવન્યુ એકાઉન્ટ

(₹.કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૫-૧૬ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો રીવાઈઝડ અંદાજ	વધ-ઘટ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ
આવક					
૧	ઉઘડતી સિલક	૦.૧૩	૦.૧૧	૦.૦૦	૦.૧૧
૨	રેવન્યુ આવક	૩૪૩૨.૦૦	૩૭૦૦.૦૦	-૨૯૩.૯૭	૩૪૦૬.૦૩
	કુલ	૩૪૩૨.૧૩	૩૭૦૦.૧૧	-૨૯૩.૯૭	૩૪૦૬.૧૪
ખર્ચ					
૧	રેવન્યુ ખર્ચ	૨૩૧૫.૫૨	૨૬૨૦.૦૦	-૧૨૦.૮૭	૨૪૯૯.૧૩
૨	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૧૧૧૬.૫૦	૧૦૮૦.૦૦	-૧૭૩.૧૦	૯૦૬.૯૦
૩	આખરી સિલક	૦.૧૧	૦.૧૧	૦.૦૦	૦.૧૧
	કુલ	૩૪૩૨.૧૩	૩૭૦૦.૧૧	-૨૯૩.૯૭	૩૪૦૬.૧૪

૧.૧ રેવન્યુ આવક :

સને ૨૦૧૬-૧૭ ના સુધારેલા અંદાજપત્ર અનુસાર રેવન્યુ આવક ₹.૩૭૦૦.૦૦ કરોડ અંદાજવામાં આવેલી હતી જે સામે ખરેખર આવક ₹.૩૪૦૬.૦૩ કરોડ થયેલ છે. આમ સુધારેલ અંદાજ કરતાં ₹.૨૯૩.૯૭ કરોડની આવક ઓછી થવા પામેલ છે.

રેવન્યુ આવકનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં થયેલ ખરેખર આવક	સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો સુધારેલ અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં થયેલ ખરેખર આવક
	ઉઘડતી સિલક	૦.૧૩	૦.૧૧	૦.૦૦	૦.૧૧
૧.	ઓક્ટ્રોયને બદલે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૦૭૪.૮૭	૧૦૪૫.૫૭	-૧૭૩.૯૧	૮૭૧.૬૬
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૪૪૮.૨૨	૪૮૦.૭૧	-૫૬.૮૭	૪૨૩.૮૪
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૨૦૦.૨૦	૨૮૭.૧૫	-૩૯.૭૨	૨૪૭.૪૩
૪.	વાહન વેરો	૬૯.૩૫	૭૧.૦૦	૮.૯૯	૭૯.૯૯
૫.	વ્યવસાય વેરો	૧૨૯.૧૦	૧૫૧.૦૦	-૫.૪૨	૧૪૫.૫૮
૬.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૮૯૦.૨૪	૯૫૦.૦૦	૪૪.૫૪	૯૯૪.૫૪
૭.	રેવન્યુ ગ્રાન્ટ, સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૩૬૧.૮૫	૫૧૩.૦૦	-૫૫.૮૨	૪૫૭.૧૮
૮.	બીજી આવક	૨૫૮.૧૭	૨૦૧.૫૭	-૧૫.૭૬	૧૮૫.૮૧
	રેવન્યુ આવકનું કુલ	૩૪૩૨.૦૦	૩૭૦૦.૦૦	-૨૯૩.૯૭	૩૪૦૬.૦૩
	એકંદરે કુલ...	૩૪૩૨.૧૩	૩૭૦૦.૧૧	-૨૯૩.૯૭	૩૪૦૬.૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનો સૌથી મહત્ત્વનો સ્રોત મિલકત વેરામાં સને ૨૦૧૬-૧૭ માં જનરલ ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ/ચાર્જની આવક ₹.૬૭૧.૨૭ કરોડ સામે સને ૨૦૧૫-૧૬ માં ₹.૬૪૮.૪૨ કરોડની આવક થયેલ. જે સને ૨૦૧૫-૧૬ માં થયેલ આવક કરતા ₹.૨૨.૮૫ કરોડ વધુ છે.

નોન ટેક્ષ રેવન્યુની આવકના ગ્રુપમાં ભાડુ, સેવાઓનો ચાર્જ તથા ટી.ડી.ઓ.ની આવકમાં વધારો થતાં સને ૨૦૧૫-૧૬ ના વર્ષની ₹.૮૯૦.૨૪ કરોડની સરખામણીમાં સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૧૦૪.૩૦ કરોડના વધારા સાથે ₹.૯૯૪.૫૪ કરોડ થયેલ છે. જે ૧૧.૭૨% નો વધારો છે.

આમ સને ૨૦૧૬-૧૭ ના વર્ષના સુધારેલ અંદાજ ₹.૩૭૦૦.૦૦ કરોડની સામે ખરેખર રેવન્યુ આવક ₹.૩૪૦૬.૦૩ કરોડ થયેલ છે. જે ₹.૨૯૩.૯૭ કરોડનો ઘટાડો સૂચવે છે તથા સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં ખરેખર રેવન્યુ આવક ₹.૩૪૩૨.૦૦ કરોડની સામે ₹.૨૫.૯૭ કરોડનો ઘટાડો થયેલ છે. જે ૦.૭૬% નો ઘટાડો છે.

૧.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૬-૧૭ ના સુધારેલા અંદાજોમાં રેવન્યુ ખર્ચ ₹.૨૬૨૦.૦૦ કરોડ અંદાજવામાં આવેલ. જે સામે વર્ષાન્તે ખરેખર ખર્ચ ₹.૨૪૯૯.૧૩ કરોડ થયેલ છે. આમ અંદાજેલ ખર્ચ સામે ખરેખર થયેલ ખર્ચમાં ₹.૧૨૦.૮૭ કરોડનો ઘટાડો થયેલ છે. રેવન્યુ ખર્ચના મુખ્ય સદર પ્રમાણે થયેલ ખર્ચની વિગત નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબની છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ	સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષનો સુધારેલો અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૯૮૦.૫૧	૧૦૯૬.૪૨	૨.૩૫	૧૦૯૮.૭૭
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૫૭.૮૫	૭૧.૩૩	-૧૪.૪૪	૫૬.૮૯
૩	મરામત અને નિભાવ	૨૩૩.૧૯	૩૦૬.૫૪	-૩૦.૧૯	૨૭૬.૩૫
૪	પાવર અને બળતણ	૨૩૮.૯૩	૨૪૮.૫૫	-૨૧.૪૬	૨૨૭.૦૯
૫	સર્વિસીસ તથા પ્રોગ્રામના ખર્ચા	૨૪૪.૭૦	૨૮૫.૮૮	-૫૦.૦૭	૨૩૫.૮૧
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૭૯.૨૪	૫૩૨.૨૦	-૫.૮૪	૫૨૬.૩૬
૭	લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકીય ખર્ચ	૮૦.૫૯	૭૬.૬૨	-૦.૨૪	૭૬.૩૮
૮	અન્ય ખર્ચ	૦.૫૧	૨.૪૬	-૦.૯૮	૧.૪૮
	રેવન્યુ ખર્ચનું કુલ...	૨૩૧૫.૫૨	૨૬૨૦.૦૦	-૧૨૦.૮૭	૨૪૯૯.૧૩
	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૧૧૧૬.૫૦	૧૦૮૦.૦૦	-૧૭૩.૧૦	૯૦૬.૯૦
	આખરી સિલક ...	૦.૧૧	૦.૧૧	૦.૦૦	૦.૧૧
	એકંદરે કુલ ...	૩૪૩૨.૧૩	૩૭૦૦.૧૧	-૨૯૩.૯૭	૩૪૦૬.૧૪

- એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચમાં સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં સુધારેલ અંદાજ ₹.૧૦૯૬.૪૨ કરોડની સામે ખરેખર ₹.૧૦૯૮.૭૭ કરોડનો ખર્ચ થયેલ છે. જે સુધારેલ અંદાજની સામે ₹.૨.૩૫ કરોડનો વધારો દર્શાવે છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મિલકતોના મરામત-નિભાવની કામગીરી પાછળ સને ૨૦૧૫-૧૬ ની સરખામણીમાં સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૪૩.૧૬ કરોડનો વધારે ખર્ચ કરવામાં આવેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કુલ બોર્ડ, વી. એસ. હોસ્પિટલ, એમ. જે. લાયબ્રેરી તેમજ અન્યને આપવામાં આવતી ગ્રાન્ટના ખર્ચમાં સને ૨૦૧૫-૧૬ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૪૭.૧૨ કરોડનો વધારો થયેલ છે તથા સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચમાં સને ૨૦૧૫-૧૬ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૮.૮૯ કરોડનો ઘટાડો થયેલ છે.

આમ, સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં શરૂઆતની સીલક ₹.૦.૧૧ કરોડ તથા વર્ષ દરમ્યાન થયેલ રેવન્યુ આવક ₹.૩૪૦૬.૦૩ કરોડ એમ મળી કુલ ₹.૩૪૦૬.૧૪ કરોડની આવક સામે કુલ રેવન્યુ ખર્ચ ₹.૨૪૯૯.૧૩ કરોડ થયેલ. જ્યારે ₹.૯૦૬.૯૦ કરોડની રકમ વિકાસના કામો માટે કેપીટલ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને આખરી સીલક ₹.૦.૧૧ કરોડ રહેલ છે.

૧.૩ કેપીટલ ખર્ચ :

સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કેપીટલ એકાઉન્ટમાં વિકાસ કામો માટે કુલ ₹.૨૦૭૩.૧૬ કરોડ ખર્ચ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. જેમાં મુખ્યત્વે મ્યુનિસિપલ ફંડમાંથી ₹.૩૭૯.૯૯ કરોડ અને JnNURM હેઠળ ₹.૬૧.૦૨ કરોડના અલગ-અલગ કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત એ.એમ.ટી.એસ., સાબરમતી રીવર ફ્રન્ટ કંપની, અમદાવાદ જનમાર્ગ લિ.ને કુલ ₹.૫૭૮.૨૮ કરોડ આપવામાં આવેલ છે. જ્યારે ગ્રાન્ટ હેઠળ કુલ ₹.૧૦૫૩.૮૭ કરોડના કામો કરવામાં આવેલ છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૫-૨૦૧૬ નું ખરેખર	૨૦૧૬-૨૦૧૭ નો સુધારેલ અંદાજ	૨૦૧૬-૨૦૧૭ નું ખરેખર
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**			
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૧૨૬.૦૧	૧૬૩.૦૮	૧૪૫.૧૪
૨.	રસ્તા	૪૫.૦૭	૨૯.૦૬	૧૮.૭૦
૩.	પુલો	૯.૬૨	૨૪.૮૫	૨૪.૪૩
૪.	પાણી પુરવઠો	૮૭.૯૬	૫૫.૦૦	૩૫.૩૮
૫.	ડ્રેનેજ	૧૨૯.૫૧	૭૯.૦૫	૫૬.૫૨
૬.	મકાન	૨૭.૧૮	૩૭.૬૨	૩૨.૨૯
૭.	જાહેર સ્થળો	૧૫.૦૧	૨૫.૬૨	૧૪.૬૪
૮.	સ્ટ્રીટ લાઈટ	૧૬.૮૯	૨૨.૦૦	૧૫.૭૫
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૩૮.૦૮	૪૮.૩૮	૨૬.૦૮
૧૦.	ઈ-ગવર્નન્સ	૩.૮૨	૭.૦૦	૩.૯૫
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૬૭	૦.૧૩	૦.૦૦
૧૨.	જમીન સંપાદન	૧૩.૫૫	૭.૦૦	૫.૮૮
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૭.૧૬	૧૨.૪૭	૧૦.૮૦
૧૪.	અન્ય	૨.૩૦	૨.૭૫	૧.૯૨
	(ક) નું કુલ	૫૨૨.૮૩	૫૧૪.૦૧	૩૯૧.૪૮
(ખ)	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર	-૯૧.૫૮	૦.૦૦	-૧૧.૪૯
	કોર્પોરેશન ફંડનું કુલ (નેટ) (ક-ખ)	૪૩૧.૨૫	૫૧૪.૦૧	૩૭૯.૯૯

અ. નં.	વિગત	૨૦૧૫-૨૦૧૬ નું ખરેખર	૨૦૧૬-૨૦૧૭ નો સુધારેલ અંદાજ	૨૦૧૬-૨૦૧૭ નું ખરેખર
(ગ)	એ.એમ.ટી.એસ. ને લોન	૨૯૧.૭૮	૩૦૪.૦૦	૩૦૩.૭૪
(ઘ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૦૦.૩૭	૨૪૩.૦૦	૨૧૪.૫૪
(ચ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૪૮.૫૦	૬૫.૦૦	૬૦.૦૦
(છ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ	૧.૦૦	૫.૦૦	૦.૦૦
(જ)	JnNURM ના કામો			
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૨૩.૯૮	૧૦.૦૦	૭.૨૧
૨.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૦.૧૩	૦.૫૫	૦.૦૦
૩.	EWS હાઉસીંગ	૬.૭૨	૨૦.૫૦	૩.૯૯
૪.	પાણી પુરવઠાના કામો	૩૬.૫૫	૨૫.૦૭	૩૪.૨૮
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૨૪.૭૦	૧૩.૩૯	૧૧.૯૮
૬.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૪.૩૭	૧.૬૧	૦.૬૧
૭.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૦.૨૩	૦.૩૮	૦.૦૦
૮.	ઈ-ગવર્નન્સ	૪.૩૬	૩.૦૦	૨.૯૫
	(જ) નું કુલ	૧૦૧.૦૪	૭૪.૫૦	૬૧.૦૨
(ઝ)	ગ્રાન્ટના કામો			
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૪૫.૪૪	૬૨૭.૭૭	૫૫૦.૬૨
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૧.૩૨	૪.૦૦	૦.૦૭
૩.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટના કામો	૧૨.૭૯	૧૪.૩૬	૯.૨૩
૪.	સંસદસભ્યશ્રી - ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૬.૪૮	૧૬.૦૦	૧૧.૭૧

અ. નં.	વિગત	૨૦૧૫-૨૦૧૬ નું ખરેખર	૨૦૧૬-૨૦૧૭ નો સુધારેલ અંદાજ	૨૦૧૬-૨૦૧૭ નું ખરેખર
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૧૪.૯૯	૫૦.૦૦	૪૦.૫૯
૬.	૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના	૮૪.૪૪	૪૫.૦૦	૬૨.૫૨
૭.	RAY અન્વયે ગ્રાન્ટના કામો	૨૩.૯૮	૫૦.૦૦	૩૮.૮૩
૮.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૧૮૩.૬૧	૧૮૦.૦૦	૧૬૭.૭૭
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG	૨૧૪.૪૨	૧૨૩.૦૦	૧૨૧.૭૩
૧૦.	મેટ્રો પ્રોજેક્ટ	૦.૫૮	૧૦.૦૦	૫.૪૭
૧૧.	સ્માર્ટ સિટી	૧.૫૬	૩૫.૦૦	-૧.૫૬
૧૨.	અમૃત	૦.૦૦	૬.૦૦	૨.૦૧
૧૩.	પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY)	૦.૦૦	૨૫.૦૦	૧૪.૨૧
૧૪.	અન્ય ગ્રાન્ટ	૦.૪૩	૩૨.૩૬	૩૦.૬૭
	(ઝ) નું કુલ	૧૨૦૦.૦૪	૧૨૧૮.૪૯	૧૦૫૩.૮૭
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ)	**૨૨૭૩.૯૮**	**૨૪૨૪.૦૦**	**૨૦૭૩.૧૬**

૧.૪ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

વર્ષ આખરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બાકી દેવાની જુદી-જુદી લોન પ્રમાણે વિગતો નીચે મુજબ છે.

સને ૨૦૧૬-૨૦૧૭ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(₹.કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૬ ના રોજ ઉઘડતી બાકી	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરેલ લોન	તા.૩૧-૩-૧૭ ના રોજની આખરી બાકી
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	હુડકો લોન (ગેપ ફંડ)	૮૭.૪૩	0.00	૮૭.૪૩	૮.૭૫	૭૮.૬૮
૩.	GSFS લોન	૧૧૦.૧૮	0.00	૧૧૦.૧૮	૨૮.૧૩	૮૨.૦૫
કુલ		૨૭૭.૭૨	0.00	૨૭૭.૭૨	૩૬.૮૮	૨૪૦.૮૪

૨. સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો આ સાથેના રેવન્યુ આવક તથા રેવન્યુ ખર્ચના પત્રક મુજબ રાખવા યોગ્ય જણાયેલ છે.

૨.૧ રેવન્યુ આવક :

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો સુધારેલ અંદાજ
	ઉઘડતી સિલક...	૦.૧૧	૦.૦૦	૦.૧૧
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૧૨૦૨.૦૦	-૭૭.૦૦	૧૧૨૫.૦૦
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૫૭૫.૦૦	-૮૦.૦૦	૪૯૫.૦૦
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૩૪૪.૦૦	-૪૦.૦૦	૩૦૪.૦૦
૪.	વાહન વેરો	૭૭.૦૦	૧૫.૦૦	૯૨.૦૦
૫.	વ્યવસાય વેરો	૧૮૮.૨૧	-૧૩.૨૧	૧૭૫.૦૦
૬.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૧૩૩૦.૦૦	-૩૧૫.૦૦	૧૦૧૫.૦૦
૭.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૭૪૭.૭૯	-૨૦૨.૭૯	૫૪૫.૦૦
૮.	બીજી આવક	૪૭૦.૦૦	-૨૭૦.૦૦	૨૦૦.૦૦
	રેવન્યુ આવકનું કુલ...	૪૯૩૪.૦૦	-૯૮૩.૦૦	૩૯૫૧.૦૦
	એકંદરે કુલ	૪૯૩૪.૧૧	-૯૮૩.૦૦	૩૯૫૧.૧૧

સને ૨૦૧૭-૧૮ ના સુધારેલ અંદાજમાં ટેક્ષ તથા નોનટેક્ષ વિભાગની વર્ષના શરૂઆતના છ માસની આવકોને ધ્યાને લઈ અંદાજીત કુલ રેવન્યુ આવક ₹.૪૯૩૪.૦૦ કરોડ હતી જેમાં ₹.૯૮૩.૦૦ કરોડનો ઘટાડો કરી સુધારેલ આવક ₹.૩૯૫૧.૦૦ કરોડ અંદાજેલ છે. જે સને ૨૦૧૬-૧૭ ની ખરેખર રેવન્યુ આવક ₹.૩૪૦૬.૦૩ કરોડ કરતાં ૧૬% વધુ અંદાજેલ છે.

૨.૨ રેવન્યુ ખર્ચ :

રેવન્યુ ખર્ચનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો સુધારેલ અંદાજ
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૧૨૨૧.૫૦	૧૧૮.૫૦	૧૩૪૦.૦૦
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૮૮.૧૧	-૧૩.૧૨	૭૫.૦૦
૩.	મરામત અને નિભાવ	૩૨૫.૦૦	-૭.૦૦	૩૧૮.૦૦
૪.	પાવર અને બળતણ	૨૭૫.૮૦	-૩૫.૮૦	૨૪૦.૦૦
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૩૪૮.૩૫	-૫૮.૩૫	૨૯૦.૦૦
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ, અને સબસીડી	૮૯૧.૭૯	-૩૩૭.૧૪	૫૫૪.૬૫
૭.	લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકીય ખર્ચ	૮૬.૨૦	-૮.૧૦	૭૮.૧૦
૮.	અન્ય ખર્ચ	૪.૨૫	૦.૦૦	૪.૨૫
	રેવન્યુ ખર્ચનું કુલ...	૩૨૪૧.૦૦	-૩૪૧.૦૦	૨૯૦૦.૦૦
	વિકાસના કાર્યોમાં ટ્રાન્સફર	૧૬૯૩.૦૦	-૬૪૨.૦૦	૧૦૫૧.૦૦
	આખરી સિલક...	૦.૧૧	૦.૦૦	૦.૧૧
	એકંદરે કુલ....	૪૯૩૪.૧૧	-૯૮૩.૦૦	૩૯૫૧.૧૧

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ જે સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષનાં અંદાજમાં ₹.૧૨૨૧.૫૦ કરોડ અંદાજવામાં આવેલ. જે સાતમા પગાર પંચના અમલીકરણના કારણે સુધારેલ અંદાજમાં ₹.૧૩૪૦.૦૦ કરોડ થવાનો અંદાજ છે તેમ છતાં કુલ રેવન્યુ આવકના ૩૩.૯૨% થી વધવા દેવામાં આવેલ નથી. પાવર અને બળતણનો ખર્ચ સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષનો અંદાજ ₹.૨૭૫.૮૦ કરોડ અંદાજેલ. જે સુધારેલ અંદાજમાં ₹.૨૪૦.૦૦ કરોડ થવાનો અંદાજ છે.

સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષમાં રેવન્યુ ખર્ચના ₹.૩૨૪૧.૦૦ કરોડના અંદાજ સામે સુધારેલ અંદાજમાં ₹.૨૯૦૦.૦૦ કરોડ અંદાજીને ₹.૧૦૫૧.૦૦ કરોડ વિકાસના કામો માટે ટ્રાન્સફર કરવાનું અંદાજેલ છે. સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષની આખરે રેવન્યુ એકાઉન્ટમાં ₹.૦.૧૧ કરોડની આખરી સિલક રહેવા અંદાજ છે.

૨.૩ વિકાસ કાર્યો :

સને ૨૦૧૭-૧૮ માં અંદાજેલ ₹.૩૩૧૦.૦૦ કરોડના વિકાસ કાર્યોની સામે રીવાઈઝ અંદાજમાં ₹.૨૪૫૦.૦૦ કરોડના કામો થવાનો અંદાજ છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૭-૧૮ નો અંદાજ	૨૦૧૭-૧૮ નો સુધારેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૭૦.૦૦	૧૬૫.૦૦
૨.	રસ્તા	૧૦૭.૦૦	૫૮.૦૦
૩.	પુલો	૭૮.૫૦	૨૫.૦૦
૪.	પાણી પુરવઠો	૧૭૧.૨૫	૭૦.૦૦
૫.	ડ્રેનેજ	૧૫૬.૨૫	૭૮.૪૦
૬.	મકાન	૬૮.૦૦	૩૭.૦૦
૭.	જાહેર સ્થળો	૭૯.૩૧	૩૪.૦૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૩૬.૫૦	૧૭.૦૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૧૨૧.૦૦	૬૫.૦૦
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૪.૪૦	૧૦.૦૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૨૦	૦.૦૦
૧૨.	જમીન સંપાદન	૧૦.૦૦	૫.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૨૫.૦૦	૮.૨૫
૧૪.	અન્ય	૨.૫૯	૨.૩૫
	(ક) નું કુલ	૧૨૪૦.૦૦	૫૭૫.૦૦

અ. નં.	વિગત	૨૦૧૭-૧૮ નો અંદાજ	૨૦૧૭-૧૮ નો સુધારેલ અંદાજ
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૩૫૦.૦૦	૩૨૫.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૦૩.૦૦	૧૯૫.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૬૫.૦૦	૬૦.૦૦
(ચ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૦.૦૦	૫.૦૦
૨.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૭.૦૦	૧.૫૫
૩.	EWS હાઉસીંગ	૦.૦૦	૦.૫૦
૪.	પાણી પુરવઠાના કામો	૧૪.૨૭	૮.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૨૪.૪૨	૧૬.૫૦
૬.	એસ.ટી.પી.	૯.૬૨	૨.૬૪
૭.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૦.૦૦	૧.૫૦
૮.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૦.૬૯	૧.૩૧
૯.	ઇ-ગવર્નન્સ	૪.૦૦	૪.૦૦
	(ચ) નું કુલ	૬૦.૦૦	૪૧.૦૦
(છ)	ગ્રાન્ટના કામો		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૫૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૦.૦૦	૪.૦૦
૩.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટના કામો	૯.૦૦	૧૨.૦૦
૪.	સંસદસભ્યશ્રી - ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૮.૦૦	૧૫.૦૦

અ. નં.	વિગત	૨૦૧૭-૧૮ નો અંદાજ	૨૦૧૭-૧૮ નો સુધારેલ અંદાજ
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૮૨.૭૦	૮૦.૦૦
૬.	૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના	૪૫.૦૦	૭૦.૦૦
૭.	RAY અન્વયે ગ્રાન્ટના કામો	૨૧.૭૩	૨૧.૦૦
૮.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૬૫.૦૦	૫૫.૦૦
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG	૧૦.૦૦	૨૦.૦૦
૧૦.	પ્રધાનમંત્રી આવાસ યોજના	૧૭૫.૦૦	૧૧૦.૦૦
૧૧.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૩૦.૦૦	૬૫.૦૦
૧૨.	મેટ્રો પ્રોજેક્ટ	૨૦.૫૭	૭.૦૦
૧૩.	સ્માર્ટ સિટી	૧૨૫.૦૦	૧૦૦.૦૦
૧૪.	અન્ય ગ્રાન્ટ	૯૦.૦૦	૪૫.૦૦
	(છ) નું કુલ	૧૩૯૨.૦૦	૧૨૫૪.૦૦
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ)	૩૩૧૦.૦૦	૨૪૫૦.૦૦

૨.૪ કેપીટલ આવક :

સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં કેપીટલ આવકનો સુધારેલ અંદાજ નીચે મુજબ છે.

(₹.કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૭-૧૮ નો મૂળ અંદાજ	૨૦૧૭-૧૮ નો સુધારેલ અંદાજ
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૬૯૩.૦૦	૧૦૫૧.૦૦
૨.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૦૦.૦૦
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ	૧૫૦.૦૦	૦.૦૦
૪.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૦.૦૦	૧૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૭૫.૦૦	૩૧.૬૦
૬.	સંસદસભ્ય/ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં વિકાસ કામો માટેની ગ્રાન્ટ	૨૩.૦૦	૨૨.૦૦
૭.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૮.૦૦	૨૫.૦૦
૮.	નાણાં પંચની ગ્રાન્ટ	૮૦.૦૦	૮૦.૦૦
૯.	ફાયર ટેક્ષની આવક	૨૨.૦૦	૨૨.૦૦
૧૦.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો અન્વયેની રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૦.૦૦	૬૨.૦૦
૧૧.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS - LIG ગ્રાન્ટ	૨૦.૦૦	૦.૦૦
૧૨.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS - LIG લાભાર્થી ફાળો	૯૦.૦૦	૧૮૨.૦૦
૧૩.	RAY અન્વયે ગ્રાન્ટના કામો	૧૫.૦૦	૧૮.૩૦
૧૪.	SRFDCL - લોન રિ-પેમેન્ટ	૦.૦૦	૭૪.૦૦
૧૫.	મેટ્રો પ્રોજેક્ટ	૨૦.૦૦	૨૦.૦૦
૧૬.	સ્માર્ટ સિટી	૨૦.૦૦	૦.૦૦
૧૭.	અમૃત	૧૨૦.૦૦	૪૫.૦૦
૧૮.	EWS બેનીફીશીયરી લોન	૬૦.૦૦	૦.૦૦
૧૯.	પ્રધાનમંત્રી આવાસ યોજના	૧૭૫.૦૦	૧૨૬.૬૦
૨૦.	AMC-MET લોન	૦.૦૦	૧૭.૫૦
૨૧.	અન્ય આવક	૧૧૯.૦૦	૬૩.૦૦
	કુલ.....	૩૩૧૦.૦૦	૨૪૫૦.૦૦

૨.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૭-૧૮ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી લોન પ્રમાણે નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

(₹.કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૭ ના રોજ ઉઘડતી બાકી	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરવામાં આવનાર લોન	તા.૩૧-૩-૧૮ ના રોજની આખરી બાકી
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	હુડકો લોન (ગેપ ફંડ)	૭૮.૬૮	0.00	૭૮.૬૮	૮.૭૫	૬૯.૯૩
૩.	G.S.F.S. લોન	૮૨.૦૫	0.00	૮૨.૦૫	૨૮.૧૩	૫૩.૯૨
	કુલ	૨૪૦.૮૪	0.00	૨૪૦.૮૪	૩૬.૮૮	૨૦૩.૯૬

૩. સને ૨૦૧૮-૧૯ ના વર્ષનું અંદાજપત્ર

☞ સામાન્ય વેરાના દર

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી કાનુની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ (એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે નકકી થયેલ નિયમોને ધ્યાને લેતાં નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં નીચે મુજબ મિલકતવેરો ઉઘરાવવામાં આવશે.

મિલકત વેરા = સામાન્યવેરો + વોટર ટેકસ + કોન્ઝરવન્સી ટેકસ

સામાન્ય વેરો = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪)

ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોકત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નકકી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની ક્ષ્ાદ્ધાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૧૬/-
બીન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૨૮/-

- ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે પાણીનો કર વસુલ કરવામાં આવશે.

☞ વોટર ટેક્ષ (પાણી કર)

	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીન રહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૭ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%

વોટર ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

- ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ બી હેઠળ સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર) વસુલ કરવામાં આવશે.

☞ કોન્ઝર્વન્સી ટેક્ષ (હલાલખોર કર)

	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીન રહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૭ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર) ના દરમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

☞ વાહન વેરો

જીપીએમસી એક્ટની કલમ ૧૪૨(૧) મુજબ તથા ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા. ૧૬/૫/૦૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન વાહનવેરો વસુલવામાં આવે છે.

સ્ટે.ક.ઠ.નં.૧૬૭૭ તા.૦૨-૦૨-૨૦૧૩ તથા મ્યુ.કોર્પોરેશન ઠ.નં.૨૨૩૮ તા.૧૯-૦૨-૨૦૧૩ અનુસાર તા. ૦૧/૪/૨૦૧૩ થી નીચે મુજબ આજીવન વાહનવેરાના દર રાજ્ય સરકાશ્રીની મંજુરીની અપેક્ષાએ વસુલ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે વ્હીકલ ટેક્ષ (આજીવન વાહનવેરાના દર)

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪	**મોટર કાર તથા જીપ (બેઝીક પ્રાઈસ)**	
(એ)	₹ ૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
(બી)	₹ ૩,૦૦,૦૦૦ થી ₹ ૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	₹ ૫,૦૦,૦૦૦ થી ₹ ૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે
(ડી)	₹ ૧૦,૦૦,૦૦૦ થી ₹ ૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	₹ ૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખ
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ. સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૦૧ ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૧૩ ની મંજૂરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી **થિયેટર શૉ ટેક્ષ, શૉ દીઠ ₹.૭૫/- તથા વિડીયો શૉ માટે શૉ દીઠ ₹.૨૫/-** તા.૦૧-૦૪-૧૩ થી વસુલ લેવામાં આવે છે.

☞ ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ)

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧-બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડયુલ-એ પ્રકરણ ૮ માં નિયમ ૮ (જ) નો ઉમેરો :

૮(જ): શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્ય વેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમોઃ અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ થી એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે. પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો / જમીનોના વેકેન્ટ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ / જમીન ઉપર વેકેન્ટ લેન્ડ ટેકસ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપરના વેકેન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુબાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

☞ નામ ટ્રાન્સફર ફી :

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ **રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે** (વીલ, વારસાઈની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહીં) **રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની** સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં ૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

☞ એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (મનોરંજન કર) :

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા.૨૦-૦૯-૨૦૧૪ અન્વયે **તા.૧-૧૦-૨૦૧૪ થી** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં **કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેકશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની** અ.મ્યુ.કોર્પોરેશનને સત્તા સોંપવામાં આવેલ છે. સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવામાં આવે છે.

☞ વ્યવસાય વેરા વિભાગ (Profession Tax) :

રાજ્ય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : (જીએચએન-૯) પીએફટી - ૨૦૦૮ - એસ.-૨ (એએ) (૧) - ઠ તા.૦૧-૦૪-૨૦૦૮ થી મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને મુકરર સત્તા મંડળ તરીકે મળેલ સત્તા મુજબ કાયદાની અનુસૂચિ - ૧ ની નોંધ ક્રમાંક ૧ (B) અને ૨ થી ૧૦ માં સમાવેશ થતી અને મ્યુનિસિપલ હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યક્તિ સંસ્થાઓની પાસેથી વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરા કરદાતાની નોંધણી અને વેરાની ચૂકવણી સિટી સિવીક સેન્ટર પર થઈ શકે છે. વ્યવસાયવેરા અધિનિયમના અમલીકરણમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના જવાબો (FAQ) તથા અગત્યના ફોર્મ નંબર ૧,૩ અને ૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે.

PRC એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેતન વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિય-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો માસિક વેરો દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપવાની અને માસિક/ત્રિમાસિક વેરાની રકમ ત્યાર પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ભરવાની જવાબદારી એમ્પ્લોયરની હોય છે.

PEC એટલે સંસ્થા/પેઢીને લાગુ પડતો વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો વાર્ષિક વેરો દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં ભરી દેવાનો હોય છે.

વ્યવસાયવેરાના પ્રવર્તમાન દરોની વિગતો નીચે મુજબ છે.

(અ) વ્યક્તિ/સંસ્થાઓને લાગુ પડતો (ઇ.સી.) વેરાનો દર :

ક્રમ	વ્યક્તિઓનો વર્ગ	વાર્ષિક દર રૂ.
૧.	તમામ એડવોકેટ, સોલિસિટર્સ, નોટરી, ડોક્ટર, ઓર્કિટેક્ટ, એન્જીનીયર, તમામ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વીમા શાસ્ત્રી, વીમા એજન્ટો અને સર્વેયર, કોન્ટ્રાક્ટર, દલાલ, કમિશન એજન્ટ, ઓટોમોબાઇલ બ્રોકર્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી. ઓપરેટર, ફિલ્મ વિતરક, એડ.એજન્સી, ટયુશન અને ટયુટોરીયલ ઇન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર શિક્ષણ-તાલીમ અને ઇન્ફોર્મેશન આપતી સંસ્થા, ડ્રાઇવિંગ સ્કૂલ, મેરજ હોલ, પાર્ટી પ્લોટ, આંગડીયા, કુરીયર, હેલ્થ-મનોરંજન કલબ, શેર દલાલ, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશન, વિદેશી દારૂ વેચનાર પરમીટધારક, નિવાસી હોટલ અને થિયેટર, તમામ પબ્લીક અને પ્રાઇવેટ લીમીટેડ કંપની, તમામ બેન્કીગ કંપની, રજીસ્ટર થયેલ સહકારી મંડળી, એસ્ટેટ એજન્ટ/બ્રોકર્સ, વિડીયો પાર્લર, વિડીયો લાયબ્રેરી, રજીસ્ટર થયેલ પેઢી, કારખાનાના ભોગવટેદાર, નાણા ધીરધાર, ટ્રાન્સપોર્ટર્સ અને અધિકૃત સ્ટેમ્પ વેન્ડર વિગેરે તેમજ રાજય સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૦૮ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૧૦)-પીએફટી-૨૦૦૮-એસ-૩(૨)(૩)-ઠ મુજબ બહાર પડાયેલ અનુસૂચિના કોલમ-૨ માં નિર્દીષ્ટ કરેલા (વેટ કેટેગરીમાં સમાવેશ થતો હોય તે સિવાયના) બાકી રહેતા તમામ વ્યક્તિઓનો વર્ગ.	૨૦૦૦/-
૨.	ગુજરાત વેટ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતા વેપારીઓ કે જેઓનું વાર્ષિક ટર્નઓવરઃ-	
	(૧) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૫૦૦/-
	(૩) રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૧૨૫૦/-
	(૪) રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો	૨૪૦૦/-

(બ) પગારદાર/વેતનદારને લાગુ પડતો (આર.સી.) વેરાનો દર :-

ક્રમ	માસિક પગાર / વેતન	માસિક દર રૂા.
૧.	રૂા. ૬૦૦૦/- થી ઓછો	શૂન્ય
૨.	રૂા. ૬૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
૩.	રૂા. ૯૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૧૨૦૦૦/- થી ઓછો	૧૫૦/-
૪.	રૂા. ૧૨૦૦૦/- અથવા તેથી વધુ	૨૦૦/-

✯ સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નંબર ૩૬૭ તા.૧૭-૦૭-૨૦૧૪ થી સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન જંત્રી આધારીત દરોમાં ફેરફારથી થયેલ પ્રોપર્ટી ટેક્ષના વધારા અંગે આપવામાં આવેલ રાહત ચાર વર્ષ માટે એટલે કે, સને ૨૦૧૭-૧૮ સુધી ચાલુ રહેલ રાહત સને ૨૦૧૮-૧૯ ના વર્ષથી બંધ કરવાની દરખાસ્ત કરવામાં આવે છે.

આગામી વર્ષ સને ૨૦૧૮-૧૯ નું અંદાજપત્ર નીચે મુજબ સૂચવવામાં આવે છે.

૩.૧ રેવન્યુ આવક :

રેવન્યુ આવકનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો સુધારેલ અંદાજ	સને ૨૦૧૮-૧૯ ના વર્ષનો મ્યુનિ. કમિશ્નરશ્રી એ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
	ઉઘડતી સિલક...	૦.૧૧	૦.૧૧	
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૧૧૨૫.૦૦	૧૨૯૫.૦૦	૧૫.૧૧%
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૪૯૫.૦૦	૫૯૫.૦૦	૨૦.૨૦%
૩.	વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૩૦૪.૦૦	૩૫૫.૦૦	૧૬.૭૮%
૪.	વાહન વેરો	૯૨.૦૦	૧૦૦.૦૦	૮.૭૦%
૫.	વ્યવસાય વેરો	૧૭૫.૦૦	૧૯૪.૦૦	૧૦.૮૬%
૬.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૧૦૧૫.૦૦	૧૦૯૫.૦૦	૭.૮૮%
૭.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૫૪૫.૦૦	૭૦૬.૦૦	૨૯.૫૪%
૮.	બીજી આવક	૨૦૦.૦૦	૪૧૦.૦૦	૧૦૫.૦૦%
	રેવન્યુ આવકનું કુલ...	૩૯૫૧.૦૦	૪૭૫૦.૦૦	૨૦.૨૨%
	એકંદરે કુલ...	૩૯૫૧.૧૧	૪૭૫૦.૧૧	

આવકના મુખ્ય સ્રોત ઓકટ્રોય નાબૂદ થતાં તેના બદલે સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ, મિલકતવેરા તથા વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષની વસુલાતને ધ્યાનમાં રાખીને સને ૨૦૧૭-૧૮ ના સુધારેલ અંદાજમાં ૨૦.૨૨% વધારો કરીને ₹.૪૭૫૦.૦૦ કરોડની આવક અંદાજેલ છે. આ સાથે સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ઉઘડતી સિલક ₹.૦.૧૧ કરોડ સાથે કુલ રેવન્યુ આવક ₹.૪૭૫૦.૧૧ કરોડ અંદાજેલ છે.

આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૮-૧૯ માં રૂપિયાની આવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	આવક	૨૦૧૮-૧૯
૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૨૭ પૈસા
૨	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૧૩ પૈસા
૩	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૭ પૈસા
૪	વાહન વેરો	૨ પૈસા
૫	પ્રોફેશન ટેક્ષ	૪ પૈસા
૬	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૩ પૈસા
૭	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૫ પૈસા
૮	અન્ય આવક	૯ પૈસા
	કુલ	૧૦૦ પૈસા

REVENUE INCOME
RS. IN CRORE
5000
4500
4000
3500
3000
2500
2000
1500
1000
500
0
1554.17
1616.94
1899.58
2142.12
2117.16
2538.16
2890.67
3432.00
3406.02
3951.00
4750.00
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18 (RB)
2018-19 (B)
YEAR

૩.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ખર્ચમાં રેવન્યુ ખર્ચનો અંદાજ ₹.૩૨૦૦.૦૦ કરોડ અંદાજવામાં આવેલ છે. અંદાજીત રેવન્યુ ખર્ચનું પત્રક નીચે મુજબ છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૮-૧૯ ના વર્ષનો મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી (%)
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૧૩૪૦.૦૦	૧૪૨૫.૦૦	૬.૩૪%
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૭૫.૦૦	૮૮.૦૦	૧૭.૩૩%
૩.	મરામત અને નિભાવ	૩૧૮.૦૦	૩૫૩.૦૦	૧૧.૦૧%
૪.	પાવર અને બળતણ	૨૪૦.૦૦	૨૫૭.૦૦	૭.૦૮%
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૨૯૦.૦૦	૩૬૧.૦૦	૨૪.૪૮%
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૫૫૪.૬૫	૬૩૫.૦૦	૧૪.૪૯%
૭.	લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકીય ખર્ચ	૭૮.૧૦	૭૫.૦૦	-૩.૯૭%
૮.	અન્ય ખર્ચ	૪.૨૫	૬.૦૦	૪૧.૧૮%
	રેવન્યુ ખર્ચનું કુલ	૨૯૦૦.૦૦	૩૨૦૦.૦૦	૧૦.૩૪%
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૧૦૫૧.૦૦	૧૫૫૦.૦૦	૪૭.૪૮%
	આખરી સિલક	૦.૧૧	૦.૧૧	
	એકંદરે કુલ.....	૩૯૫૧.૧૧	૪૭૫૦.૧૧	૨૦.૨૨%

સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રેવન્યુ ખર્ચમાં સને ૨૦૧૭-૧૮ ના સુધારેલ અંદાજની સરખામણીમાં ૧૦.૩૪% જેટલો વધારો અંદાજેલ છે. આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટેના જરૂરી આવશ્યક ખર્ચાઓ કરવાના અભિગમ સાથે આગામી ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ₹.૩૨૦૦.૦૦ કરોડનો રેવન્યુ ખર્ચ અંદાજેલ છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૮-૨૦૧૯ માં રૂપિયાની જાવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	ખર્ચ	૨૦૧૮-૧૯
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૩૦ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૭ પૈસા
૪	વિજળી અને બળતણ	૫ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૮ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૧૩ પૈસા
૭	લોન ચાર્જીસ તથા અન્ય	૨ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૩ પૈસા
	કુલ	૧૦૦ પૈસા

REVENUE EXPENDITURE
RS. IN CRORE
3500
3000
2500
2000
1500
1000
500
0
910.44
1155.99
1322.79
1563.83
1760.56
1923.72
2103.30
2315.52
2499.13
2900.00
3200.00
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18 (RB)
2018-19 (B)
YEAR

ESTABLISHMENT EXP.
RS. IN CRORE
1600
1400
1200
1000
800
600
400
200
0
358.74
512.96
629.99
723.99
762.80
837.20
900.21
980.51
1098.77
1340.00
1425.00
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18 (RB)
2018-19 (B)
YEAR

LOAN CHARGES & OTHER FINANCIAL EXP.
RS. IN CRORE
90
80
70
60
50
40
30
20
10
0
68.82
63.90
12.00
36.96
21.89
38.17
58.74
80.59
76.38
78.10
75.00
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18 (RB)
2018-19 (B)
YEAR

TRANSFER TO CAP. A/C
RS. IN CRORE
1800
1600
1400
1200
1000
800
600
400
200
0
644.00
461.00
576.80
578.30
356.60
614.50
787.35
1116.50
906.90
1051.00
1550.00
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18 (RB)
2018-19(B)
YEAR

૩.૩ સને ૨૦૧૮-૧૯ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન :

સને ૨૦૧૭-૧૮ ના વર્ષના ચાલુ કામો તથા સને ૨૦૧૮-૧૯ ના નવા કામો સાથે સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ₹.૩૩૦૦.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૮-૧૯ ના વર્ષના વિકાસ કાર્યો માટે મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજીત આવક
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૫૫૦.૦૦
૨.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦
૩.	મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ	૨૦૦.૦૦
૪.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૮૦.૦૦
૫.	સંસદસભ્યશ્રી-ધારાસભ્યશ્રીના વિકાસ કામોની ગ્રાન્ટ	૨૧.૦૦
૬.	ફાયર ટેક્ષની આવક	૨૫.૦૦
૭.	નાણાં પંચની ગ્રાન્ટ	૭૦.૦૦
૮.	EWS - LIG લાભાર્થીનો ફાળો	૨૨૦.૦૦
૯.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૪૫.૦૦
૧૦.	મેટ્રો પ્રોજેક્ટ	૧૦.૦૦
૧૧.	EWS - યોજના લાભાર્થી લોન	૬૦.૦૦
૧૨.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો અન્વયેની રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૫૦.૦૦
૧૩.	પ્રધાનમંત્રી આવાસ યોજના	૧૪૫.૦૦
૧૪.	અન્ય	૧૨૪.૦૦
	કુલ ...	૩૩૦૦.૦૦

૩.૪ સને ૨૦૧૮-૧૯ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૭-૧૮ ના વર્ષના બજેટના ચાલુ કામો તથા સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં હાથ ધરવાના નવા કામો સાથે સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ₹.૩૩૦૦.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(ક)	મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૧૬૫.૦૦	૩૮૦.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૫૮.૦૦	૭૦.૦૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૨૫.૦૦	૧૬૦.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૭૦.૦૦	૧૪૫.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૭૮.૪૦	૧૬૦.૦૦
૬.	મકાન	૩૭.૦૦	૫૮.૫૦
૭.	જાહેર સ્થળો	૩૪.૦૦	૬૯.૬૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૧૭.૦૦	૨૦.૦૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૬૫.૦૦	૧૧૦.૦૦
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૦.૦૦	૧૨.૦૦
૧૧.	જમીન સંપાદન	૫.૦૦	૫.૦૦
૧૨.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૮.૨૫	૧૫.૦૦
૧૩.	અન્ય	૨.૩૫	૪.૯૦
	(ક) નું કુલ	૫૭૫.૦૦	૧૨૧૦.૦૦
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૩૨૫.૦૦	૩૫૫.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૧૯૫.૦૦	૨૦૧.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૬૦.૦૦	૧૩૦.૦૦

અ. નં.	વિગત	સને ૨૦૧૭-૧૮ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(ચ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૫.૦૦	૦.૦૦
૨.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૧.૫૫	૭.૦૦
૩.	EWS હાઉસીંગ	૦.૫૦	૦.૦૦
૪.	પાણી પુરવઠાના કામો	૮.૦૦	૬.૫૦
૫.	ડ્રેનેજ પ્રોજક્ટ	૧૬.૫૦	૧૨.૫૦
૬.	એસ.ટી.પી.	૨.૬૪	૭.૮૦
૭.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૧.૫૦	૦.૦૦
૮.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૧.૩૧	૦.૨૦
૯.	ઈ-ગવર્નન્સ	૪.૦૦	૪.૦૦
	(ચ) નું કુલ	૪૧.૦૦	૩૮.૦૦
(છ)	ગ્રાન્ટના કામો		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૫૦.૦૦	૬૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૪.૦૦	૦.૦૦
૩.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટના કામો	૧૨.૦૦	૮.૦૦
૪.	સંસદસભ્યશ્રી - ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૫.૦૦	૧૭.૦૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૮૦.૦૦	૮૦.૦૦
૬.	૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના	૭૦.૦૦	૫૦.૦૦
૭.	RAY અન્વયે ગ્રાન્ટના કામો	૨૧.૦૦	૨.૦૦
૮.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૫૫.૦૦	૨.૫૦
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG	૨૦.૦૦	૧૭.૫૦
૧૦.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટના કામો	૬૫.૦૦	૨૩૫.૦૦
૧૧.	મેટ્રો પ્રોજેક્ટ	૭.૦૦	૯.૦૦
૧૨.	સ્માર્ટ સિટી	૧૦૦.૦૦	૫૦.૦૦
૧૩.	પ્રધાનમંત્રી આવાસ યોજના	૧૧૦.૦૦	૨૦૦.૦૦
૧૪.	અન્ય ગ્રાન્ટ	૪૫.૦૦	૯૫.૦૦
	(છ) નું કુલ	૧૨૫૪.૦૦	૧૩૬૬.૦૦
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ)	૨૪૫૦.૦૦	૩૩૦૦.૦૦

૩.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૮-૧૯ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી લોન પ્રમાણે નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

(₹.કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૮ ના રોજ ઉઘડતી બાકી	નવી લોન	કુલ લોન	ભરપાઇ થનાર લોન	તા.૩૧-૩-૧૯ ના રોજની આખરની બાકી
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	હુડકો લોન (ગેપ ફંડ)	૬૯.૯૩	0.00	૬૯.૯૩	૮.૭૫	૬૧.૧૮
૩.	G.S.F.S. લોન	૫૩.૯૨	0.00	૫૩.૯૨	૨૮.૧૩	૨૫.૭૯
૪.	મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ	0.00	૨૦૦.૦૦	૨૦૦.૦૦	0.00	૨૦૦.૦૦
	કુલ	૨૦૩.૯૬	૨૦૦.૦૦	૪૦૩.૯૬	૩૬.૮૮	૩૬૭.૦૮

☞ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ સાથે અને તદઅન્વયે ઉપસ્થિત થતા પડકારોને તથા શહેરોની માળખાગત સુવિધાઓની જરૂરિયાતને પહોંચી વળવાના આશયથી રાજય સરકારશ્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯-૧૦ થી કરવાનું ઠરાવેલ છે. આ યોજનાનો આશય શહેરી સ્વરાજની સંસ્થાઓ સક્ષમ બને, તેમનો વહીવટ પારદર્શક તેમજ નાગરિક કેન્દ્રિત બને અને આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેઓની જરૂરિયાત મુજબની અને ઉડીને આંખે વળગે તેવી આંતર-માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને વિકાસ કાર્યોમાં સક્ષમ અને સહ-ભાગીદાર બનાવવાનો છે.

દેશ અને વિદેશમાં અમદાવાદ શહેરની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવા રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના પ્રોજેકટને પરિપૂર્ણ કરવા અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં રોડ, બ્રીજ,ફલાયઓવર, જળ વિતરણ વ્યવસ્થા, ગટર યોજના, શાળાઓનું આધુનિકરણ, સ્પોર્ટસ કોમ્પલેક્ષનો વિકાસ, અર્બન હેલ્થ સેન્ટરોનું નવિનીકરણ વિગેરે માટે રૂા.૬૩૬.૦૦ કરોડના અંદાજીત રકમના ૭૦૦ કામો વર્ષ ૨૦૦૯-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

- ➢ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ માં શહેરી પરિવહન, ટ્રાફીક મેનેજમેન્ટ, પાણી પુરવઠા, ભૂર્ગભ ગટર, સ્લમ વિસ્તારના વિકાસના કામો, હોસ્પીટલ બિલ્ડીંગ, સ્કુલ અપગ્રેડેશન વગેરે કામો માટે યુ.ડી.પી.-૭૮ (૧૨-૧૩) હેઠળ રૂા.૨૪૩.૦૦ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને મળેલ છે. જે અન્વયે કુલ ૪૬ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જે અંતર્ગત રૂા.૨૪૬.૩૬ કરોડનો ખર્ચ થયેલ છે.

- ➢ યુ.ડી.પી.-૫૭ (૧૨-૧૩) હેઠળ રૂા.૧૮૪.૪૩ કરોડના મંજૂર થયેલ કુલ ૨૦૫ કામોમાં બ્રીજ, મુખ્ય રસ્તા, પાણી પુરવાઠના કામો, ગટર વ્યવસ્થાના કામો, સ્લમ વિસ્તારના કામો, આરોગ્યલક્ષી કામો, ટ્રાફીક, હોસ્પીટલ બિલ્ડીંગ તથા સ્કુલનો સમાવેશ થાય છે. જે પૈકી ૨૦૫ કામો પૂર્ણ થયેલ છે જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૨૦૨.૯૦ કરોડનો ખર્ચ થયેલ છે.

- ➢ યુ.ડી.પી.-૫૭ (૧૩-૧૪) હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો જેવાકે પેવર રસ્તા, પાણી પુરવઠાના કામો, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઇન, તળાવ, સામાજીક આંતરમાળખાકીય સુવિધાના કામો જેવાકે સ્કુલ, ગાર્ડન, સ્મશાન ગૃહ તથા હોસ્પીટલ બિલ્ડીંગ રૂા.૨૪૫ .૦૦ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૮૨ કામો હાથ ધરવામાં આવેલ.

જે પૈકી ૧૮૦ કામો પૂર્ણ થયેલ છે. જયારે ૨-કામો ચાલુ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૩૪૮.૬૪ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ યુ.ડી.પી.-૭૮ (૧૩-૧૪) હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો જેવાકે પેવર રસ્તા, પાણી પુરવઠાના કામો, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, તળાવ, લાઈટ, ફાયર સ્ટેશન, સામાજીક આંતરમાળખાકીય સુવિધાના કામો જેવા કે સ્કુલ તથા હોસ્પીટલ બિલ્ડીંગ, અર્બન મોબીલીટી-શહેરી પરિવહન માટે બ્રીજ તથા ઘન કચરા તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન માટે રૂા.૪૨૯.૨૪ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૫૮ કામો પૂર્ણ થયેલ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૪૬૯.૨૭ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ યુ.ડી.પી.-૭૮ (૧૩-૧૪) તથા યુ.ડી.પી.-૭૮ (૧૪-૧૫) હેઠળ આગવી ઓળખના કામો જેવા કે વી.એસ. હોસ્પીટલ, એલ. જી. યુ.જી. હોસ્ટેલ તથા વી.એસ. ગર્લ્સ હોસ્ટેલ, ગોતા- ગોધાવી કેનાલ વિકાસના કામો, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેઈનનું કામ, નર્મદા કેનાલ એચ.આર. થી કોતરપુર વોટર વર્કસ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ગેવીટી લાઈન-૨ નાંખવા તથા નર્મદા કેનાલ પાસે ૫૦૦ એમ. એલ.ડી. પાણી મેળવવા નવું એચ.આર. બનાવવાનું કામ વગેરે કામો માટે રૂા.૫૧૬.૦૦ કરોડના મંજૂર થયેલ કામો પૈકી અત્યાર સુધીમાં રૂા.૫૬૭.૫૫ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ યુ.ડી.પી.-૭૮ (૧૪-૧૫) હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો જેવા કે પેવર રસ્તા, પાણી પુરવઠાના કામો, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, તળાવ, લાઈટ, ફાયર સ્ટેશન, સામાજીક આંતરમાળખાકીય સુવિધાના કામો જેવાકે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પીટલ બિલ્ડીંગ, અર્બન મોબીલીટી-શહેરી પરિવહન માટે બ્રીજ તથા ઘન કચરા તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન માટે રૂા.૨૯૮.૭૬ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૭૮ કામો હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૭૩ કામો પૂર્ણ થયેલ છે. જયારે ૫-કામો ચાલુ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૨૦૨.૬૭ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ યુ.ડી.પી.-૭૮ (૧૫-૧૬) હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો જેવા કે પેવર રસ્તા, પાણી પુરવઠાના કામો, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, તળાવ, લાઈટ, ફાયર સ્ટેશન, સામાજીક આંતરમાળખાકીય સુવિધાના કામો જેવા કે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પીટલ બિલ્ડીંગ, અર્બન મોબીલીટી-શહેરી પરિવહન માટે બ્રીજ તથા ઘન કચરા તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન માટે રૂા.૪૫૦.૦૦ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૧૯ કામો હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૮૨ કામો પૂર્ણ થયેલ છે. જયારે ૩૭ કામો ચાલુ છે જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૨૯૫.૦૭ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૭૮ (૧૫-૧૬) હેઠળ રોડ રીસરફેસના કામો માટે રૂા.૧૩૦.૦૦ કરોડની ગ્રાંટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૦૦ કામો પૂર્ણ થયેલ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા. ૧૧૫.૭૫ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ યુ.ડી.પી.-૭૮ (૧૬-૧૭) હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો જેવાકે પેવર રસ્તા, પાણી પુરવઠાના કામો, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, તળાવ, લાઈટ, ફાયર સ્ટેશન, સામાજીક આંતરમાળખાકીય સુવિધાના કામો જેવા કે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પીટલ બિલ્ડીંગ, અર્બન મોબીલીટી-શહેરી પરિવહન માટે બ્રીજ તથા ઘન કચરા તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન માટે રૂા.૪૪૪.૦૦ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૨૦૯ કામો હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૮૩ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૨૬ કામો ચાલુ છે જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૧૮૬.૦૬ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૭૮ (૧૬-૧૭) હેઠળ સડક યોજના અંતર્ગત રોડ રીસરફેસના કામો માટે રૂા.૮૫.૦૦ કરોડની ગ્રાંટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૯૫ કામો હાથ ધરવામાં આવેલ. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૫૯.૨૭ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ યુ.ડી.પી.-૭૮ (૧૭-૧૮) હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો જેવાકે પેવર રસ્તા, પાણી પુરવઠાના કામો, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, તળાવ, લાઈટ, ફાયર સ્ટેશન ,સામાજીક આંતરમાળખાકીય સુવિધાના કામો જેવાકે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પીટલ બિલ્ડીંગ, અર્બન મોબીલીટી-શહેરી પરિવહન માટે બ્રીજ તથા ઘન કચરા તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન માટે રૂા. ૪૮૪.૪૭ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૪૩ કામો હાથ ધરવામાં આવેલ. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૩૦.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૭૮ (૧૭-૧૮) હેઠળ સડક યોજના અંતર્ગત રોડ રીસરફેસના કામો માટે રૂા.૮૫.૦૦ કરોડની ગ્રાંટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૯ કામો હાથ ધરવામાં આવેલ છે.

☞ અમૃત (Atal Mission for Rejuvenation and Urban Transformation)

"અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) યોજનાનો હેતુ દેશના વસ્તીના આધારે મોટા શહેરોની માળખાગત સુવિધાઓની બાબતમાં સર્વાંગી તથા ચોકકસ દિશામાં વિકાસ થાય તે માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા.૨૫-૦૬-૨૦૧૫ ના રોજ અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશનની રચના કરવામાં આવેલ છે. અમૃત મિશન અંતર્ગત દેશના અલગ-અલગ કેટેગરી ધરાવતા પાંચસો શહેરોનો સમાવેશ કરવાનું નક્કી કરેલ છે.

સદરહુ મિશનમાં ઘરોમાં મૂળભૂત સેવાઓ (દા.ત. પાણી પુરવઠો, ગટર, શહેરી પરિવહન) પૂરી પાડવાનું આયોજન છે તથા બિલ્ડ સુવિધાથી ખાસ કરીને ગરીબ સહિત બધા માટે જીવનની ગુણવત્તામાં સુધારો થશે. જે શહેરો સુવિધાઓ થી વંચિત છે તેને રાષ્ટ્રીય અગ્રતા આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

અટલ મિશનનો હેતુ કાયાકલ્પ અને શહેરી ટ્રાન્સફોર્મેશનનો છે. (૧) દરેક ઘરમાં પાણી માટે નળ અને ગટરનું જોડાણ છે તે સુનિશ્ચિત કરવું. (૨) હરીયાળી વિકાસ દ્વારા શહેરોમાં સુખસગવડના મૂલ્યમાં વધારો કરવા અને ખુલ્લી જગ્યાઓ (દા.ત. ઉદ્યાનો) સારી રીતે જાળવવા (૩) પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા પ્રદૂષણ ઘટાડવા અથવા નોન મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ, વૉકીંગ અને સાયકલિંગ જેવી સુવિધાઓનું નિર્માણ કરવું. આ તમામ પરિણામો નાગરિકો, ખાસ કરીને મહિલાઓ દ્વારા આંકવામાં આવે છે અને શહેરી વિકાસ મંત્રાલય (MoUD) દ્વારા સૂચવેલ સર્વિસ લેવલ બેન્ચમાર્ક સ્વરૂપમાં સંકેતો અને ધોરણો નક્કી કરવામાં આવેલ છે.

અમૃત મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરેલ પ્રોજેક્ટની રકમના ૨૦:૪૦:૪૦ ના ત્રણ હપ્તામાં ફંડ આપવામાં આવશે. અમદાવાદ શહેર માટે પ્રોજેક્ટની રકમના કેન્દ્ર સરકાર દ્વારા ૩૩.૩૩%, રાજ્ય સરકાર દ્વારા ૨૦% અને બાકીનો ખર્ચ કોર્પોરેશને ભોગવવાનો રહેશે. અમૃત મિશન અંતર્ગત રિફોર્મ દ્વારા સુધારો કરવાનો એક ઉદ્દેશ રાખેલ છે. મિશન પિરીયડ દરમ્યાન અલગ-અલગ ૧૧-શ્રેણીમાં સુધારાનો લક્ષ્યાંક રાખેલ છે.

અમૃત મિશન અંતર્ગત મંજૂર થયેલ પ્રોજેક્ટની વિગત નીચે મુજબ છે.

અ.નં.	પ્રોજેક્ટનું નામ	મંજૂર થયેલ રકમ (રૂા.કરોડમાં)
	૨૦૧૫-૧૬ માં મંજૂર થયેલ પ્રોજેક્ટ	
૧	એસ.ટી.પી. (૬૦ એમ.એલ.ડી. કેપેસીટી), જલવિહાર, વાડજ	૮૨.૦૦
૨	વંદેમાતરમ સીટી વિસ્તારમાં, ચાંદલોડીયા વોર્ડમાં ગાર્ડન ડેવલપ કરવા	૦.૪૫
	કુલ	**૮૨.૪૫**

અ.નં.	પ્રોજેક્ટનું નામ	મંજૂર થયેલ રકમ (રૂા.કરોડમાં)
	૨૦૧૬-૧૭ માં મંજૂર થયેલ પ્રોજેક્ટ	
૧	વૈષ્ણોદેવી ઈ.એસ.આર. થી ભાડજ, શીલજ અને ઓગણજ (અંદાજીત ૩૦ કિ.મી.) સુધી એમ.એસ.ડી.આઈ. પાઈપ લાઈન નાંખવાનું કામ	૯૦.૦૦
૨	ડફનાળા ખાતે ૨૫ એમ.એલ.ડી. એસ.ટી.પી. બનાવવા	૪૨.૫૦
૩	શંકર ભુવન છાપરા ખાતે ૨૫ એમ.એલ.ડી. એસ.ટી.પી. બનાવવા	૪૨.૫૦
૪	સાયકલ ટ્રેક અને સેફ રૂટ ટુ સ્કુલ	૭.૦૦
૫	ગાર્ડન ડેવલપમેન્ટ (ઓઢવ લેક અને લાંભા લેક)	૩.૦૦
	કુલ	**૧૮૫.૦૦**
	૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધીમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ	
૧	પૂર્વના શહેરી વિસ્તારમાં કોતરપુર વોટર વર્કસ ખાતે ૩૦૦ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા અને પી.એસ.એલ.એલ. અને વોટર સપ્લાય માટે એમ. એસ. પાઈપલાઈનનું જોડાણ કરવાનું કામ	૧૭૦.૦૦
૨	અમદાવાદ શહેરમાં જુદા-જુદા ઝોનમાં પાંચ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા	૯૦.૦૦
૩	નવા પૂર્વ વિસ્તાર તથા દક્ષિણ વિસ્તારના સુઅરેજના ટ્રીટમેન્ટ માટે વિંઝોલ ખાતેના હયાત સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં વધારાનો ૧૦૦ એમ.એલ.ડી. કેપેસિટીના ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા	૧૨૫.૦૦
૪	નરોડા થી વિંઝોલ એસ.ટી.પી. ખાતે હયાત ટ્રન્ક મેઈનમાં સુઅરેજ ફ્લોનો પ્રવાહ ડાઈવર્ટ કરવા માટે ઓઢવ થી વિંઝોલ એસ.ટી.પી.ના સમાંતર તથા એસ.પી. રીંગ રોડ સુધી નવી સુઅરેજ ટ્રન્ક લાઈન નાંખવાનું કામ	૪૫.૦૦
૫	નોન મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ	૫.૦૦
૬	ગાર્ડન અને ગ્રીન સ્પેસ વર્ક	૫.૦૦
	કુલ	**૪૪૦.૦૦**

અમૃત યોજના અંતર્ગત મંજૂર થયેલ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં રૂા.૬૫.૦૦ કરોડનો તથા આગામી સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂા.૨૩૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૪. મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના વિકાસ કાર્યો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વભંડોળ તેમજ અન્ય કેપીટલ આવકમાંથી નીચે મુજબના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરેલ છે.

૪.૧ ઝોનલ પ્રાયોરીટી વર્કસ :

સને ૨૦૦૪-૦૫ માં ઝોનવાઈઝ ફંડ ફાળવી શરૂ કરવામાં આવેલ વિકાસ કાર્યોની પરંપરામાં સને ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રથી સુધારો કરી તેને પ્રથમવાર વોર્ડ વાઈઝ કામો અગાઉથી નક્કી કરી તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ. આ પરંપરાને આગળ વધારતાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં કરવાના થતાં ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળના કામો માટે વોર્ડ વાઈઝ ગઠન કરવામાં આવેલ વોર્ડ કમિટીની બેઠક બોલાવી વોર્ડ વાઈઝ કરવાના થતાં વિકાસ કાર્યો નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. જેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

(₹.કરોડમાં)

ક્રમ	ઝોનનું નામ	ફાળવેલ રકમ	કેરી ફોરવર્ડ કામોની રકમ	નવા વિકાસના કામોની રકમ
૧	મધ્ય ઝોન	૩૮.૦૦	૦.૫૦	૩૭.૫૦
૨	ઉત્તર ઝોન	૬૮.૦૦	૧૩.૫૦	૫૪.૫૦
૩	દક્ષિણ ઝોન	૬૮.૦૦	૬.૭૨	૬૧.૨૮
૪	પૂર્વ ઝોન	૬૮.૦૦	૧.૯૯	૬૬.૦૧
૫	પશ્ચિમ ઝોન	૫૦.૦૦	૩.૨૧	૪૬.૭૯
૬	નવા પશ્ચિમ ઝોન	૮૮.૦૦	૯.૨૯	૭૮.૭૧
	કુલ	૩૮૦.૦૦	૩૫.૨૧	૩૪૪.૭૯

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૩૪૪.૭૯ કરોડના નવા ઝોનલ વિકાસ કાર્યો તથા પાછલા વર્ષોના ચાલુ ₹.૩૫.૨૧ કરોડના વિકાસ કાર્યો મળી કુલ ₹.૩૮૦.૦૦ કરોડ ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળ ફાળવવામાં આવેલ છે.

મધ્ય ઝોન

☞ **ચાલુ કામોની યાદી :**

- ☆ રૂા.૩.૦૦ કરોડના ખર્ચે દુધેશ્વર વોર્ડમાં આવેલ લાલાકાકા કોમ્યુનીટી હોલને ડીમોલીસ્ડ કરી તે જગ્યાએ નવેસરથી અદ્યતન સુવિધાઓ અને વધારે ક્ષમતા ધરાવતો હોલ બનાવવાની કામગીરી
- ☆ રૂા.૨.૭૫ કરોડના મધ્યઝોન જમાલપુર વોર્ડ સેન્ટ્રલ સ્ટોર્સ માં કોમન વહીવટી બિલ્ડીંગ બનાવવાની કામગીરી.
- ☆ રૂા.૦.૮૫ કરોડના ખર્ચે અસારવા વોર્ડમાં અસારવા ગામતળ વિસ્તારમાં અસારવા ચકલા પાસે આવેલ હયાત મ્યુનિ.લાઇબ્રેરી તોડીને નવેસર થી મ્યુનિ. લાઇબ્રેરી બનાવવાની કામગીરી.
- ☆ રૂા.૦.૫૫ કરોડના ખર્ચે અસારવા વોર્ડમાં અસારવા ગામતળ વિસ્તારમાં ખડુભાઇ હોલ પાસે આવેલ હયાત મ્યુનિ.સ્નાનાગર તોડીને નવેસર થી મ્યુનિ.સ્નાનાગર બનાવવાની કામગીરી.
- ☆ રૂા.૦.૬૫ કરોડના ખર્ચે શાહીબાગ વોર્ડમાં આવેલ નવીનચંદ્રપાર્ક સોસાયટી પાસે મ્યુનિ.પ્લોટમાં ચિલ્ડ્રન પ્લે પાર્ક બનાવવાની કામગીરી.
- ☆ રૂા.૫.૭૫ કરોડના ખર્ચે મધ્યઝોનમાં અસારવા તથા શાહીબાગ વોર્ડમાં જુદા જુદા વોર્ડમાં પેવરથી તથા હેન્ડ લેઈંગથી રોડ રીસરફેસ કરવાની કામગીરી.
- ☆ રૂા.૩.૦૦ કરોડ મધ્યઝોનમાં શાહપુર તથા દરિયાપુર વોર્ડમાં જુદા જુદા વોર્ડમાં પેવરથી તથા હેન્ડ લેઈંગથી રોડ રીસરફેસ કરવાની કામગીરી.
- ☆ રૂા.૩.૧૫ કરોડના ખર્ચે મધ્યઝોનમાં ખાડિયા તથા જમાલપુર વોર્ડમાં જુદા જુદા વોર્ડમાં પેવરથી તથા હેન્ડ લેઈંગથી રોડ રીસરફેસ કરવાની કામગીરી.
- ☆ રૂા.૦.૫૦ કરોડના ખર્ચે ખાડિયા વોર્ડમાં રતનપોળમાં સેન્ડ બ્લાસ્ટ ઈન્ટરલોકિંગ પેવર બ્લોકનું ફલોરીંગ કરવાની કામગીરી.
- ☆ જમાલપુર દરવાજા થી ખમાસા સુધીના રોડ પર ની ફુટપાથ પર શોટ બ્લાસ્ટેડ બ્લોક પેવીંગ કરવા

☞ **આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :**

- ☆ રૂા.૮.૦૦ કરોડના મધ્યઝોન ના જમાલપુર , ખાડિયા, શાહીબાગ,શાહપુર વિસ્તારમાં મેઈન ટ્રંક ડ્રેનેજ લાઈન ટ્રેન્ચલેસ ટેકનીક પધ્ધતિ થી સી.આઈ.પી.પી. મેથડ થી રીહેબીલેશન કરવાના કામ.
- ☆ રૂા.૦.૪૦ કરોડના ખર્ચે દરિયાપુર વોર્ડમાં દરિયાપુર મસ્ટર સ્ટેશન રીનોવેશન કરી અદ્યતન કરવા.

- ☆ રૂા.૦.૯૫ કરોડના ખર્ચે મધ્યઝોન અસારવા વોર્ડમાં સબઝોનલ ઓફીસ બનાવવની કામગીરી.
- ☆ રૂા.૦.૭૫ કરોડના મધ્યઝોન દરિયાપુર વોર્ડમાં આવેલ દરિયાપુર કોમ્યુનિટી હોલ રીનોવેશન કરવા.
- ☆ રૂા.૦.૩૦ કરોડના ખર્ચે ખાડિયા વોર્ડમાં સારંગપુર સર્કલ ખાતે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની આજુબાજુ અપગ્રેડેશનની કામગીરી.
- ☆ રૂા.૨.૫૦ કરોડના ખર્ચે મધ્યઝોનમાં શાહપુર સર્કલ થી દિલ્હી દરવાજા થઈ પ્રેમ દરવાજા થી દરિયાપુર પમ્પીંગ સ્ટેશન સુધી સી.સી.ટી.વી.કેમેરાથી ડ્રેનેજ લાઈન ડીસીલ્ટીંગ કરવાની કામગીરી.
- ☆ રૂા.૩.૨૫ કરોડના ખર્ચે મધ્યઝોનમાં કાલુપુર થી સારંગપુર થી ન્યુ કલોથ માર્કેટ થી કાંકરીયા ઝુ સુધી સી.સી.ટી.વી.કેમેરાથી ડ્રેનેજ લાઈન ડીસીલ્ટીંગ કરવાની કામગીરી

પશ્ચિમ ઝોન

☞ **ચાલુ કામોની યાદી :**

- ☆ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડના રીસરફેઈસ તથા પથ્થર પેવીંગ માટે રૂા.૧૧.૬૫ કરોડના કામો હાલમાં ચાલુ છે.
- ☆ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડના પાણીની લાઈન નાંખવાના કામ માટે રૂા.૪.૭૭ કરોડના કામો હાલમાં ચાલુ છે.
- ☆ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડના ડ્રેનેજ લાઈન નાંખવાના કામ માટે રૂા.૩.૦૧ કરોડના કામો હાલમાં ચાલુ છે.
- ☆ પશ્ચિમ ઝોનના જુદા-જુદા વોર્ડમાં આવેલ મ્યુનિ.શાળાઓ, મ્યુનિ.બિલ્ડીંગો તથા બગીચાઓમાં રીનોવેશન તથા રીપેરીંગ કરવાના કામ માટે રૂા ૩.૫૦ કરોડના કામો હાલમાં ચાલુ છે.
- ☆ નારણપુરા વોર્ડમાં ટી.પી.સ્કીમ નં.૧૯, ફા.પ્લોટ નં.૧૨૦ માં ડી.કે.પટેલ હોલનું નવીનીકરણ માટે રૂા.૧૫.૫૬ કરોડનું કામ હાલમાં ચાલુ છે.
- ☆ નારણપુરા વોર્ડમાં આવેલ સબ ઝોનલ ઓફીસ તથા હેલ્થ ખાતાની ઓફિસો તથા વોર્ડની જરૂરીયાત મુજબનો નાનો કોન્ફરન્સ હોલ જેવી સવલત સાથે રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે બનાવવાનું કામ ચાલુ છે.

- ☆ સાબરમતી વોર્ડમાં આવેલ સબ ઝોનલ ઓફીસ તથા હેલ્થ ખાતાની ઓફિસો તથા વોર્ડની જરૂરીયાત મુજબનો નાનો કોન્ફરન્સ હોલ જેવી સવલત સાથે રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે બનાવવાનું કામ ચાલુ છે.
- ☆ સરદાર પટેલ સ્ટેડીયમ વોર્ડમાં જુનું વાડજ સ્મશાનગૃહ રૂા.૧૦.૦૦ કરોડના ખર્ચે નવિનીકરણ કરવાનું કામ ચાલુ છે.

☞ **આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :**

- ☆ પશ્ચિમ ઝોનના જુદા-જુદા વોર્ડના રોડ રીસરફેઈસ, ફુટપાથ પેવીંગ તથા પથ્થર પેવીંગ રૂા.૧૩.૬૧ કરોડના ખર્ચે કરવાનું આયોજન
- ☆ પશ્ચિમ ઝોનના જુદા-જુદા વોર્ડના પાણીની લાઈન રૂા.૪.૭૫ કરોડના ખર્ચે નાંખવાનું કામ
- ☆ પશ્ચિમ ઝોનના જુદા-જુદા વોર્ડના ડ્રેનેજ લાઈન રૂા.૪.૦૫ કરોડના ખર્ચે નાંખવાનું કામ
- ☆ પશ્ચિમ ઝોનના જુદા-જુદા વોર્ડમાં આવેલ મ્યુનિ.શાળાઓ, મ્યુનિ.બિલ્ડીંગો તથા બગીચાઓમાં રીનોવેશન તથા રીપેરીંગ રૂા.૪.૬૦ કરોડના ખર્ચે કરવાનું કામ
- ☆ પાલડી વોર્ડમા પાલડીગામ મ્યુ-શાળા નંબર-૨૨ ની કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામ માટે રૂા.૦.૨૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ વાસણા વોર્ડમાં આવેલ વાસણા સબ ઝોનલ ઓફીસ ના પ્રથમ માળે સીવીક સેન્ટર રૂા.૦.૫૦ કરોડના ખર્ચે બનાવવાના કામ
- ☆ વાસણા વોર્ડમાં હયાત સ્કેટીંગ રીંગના પ્લોટમાં અદ્યતન સ્કેટીંગ રીંગ બનાવવાના કામ માટે રૂા.૦.૬૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ ચાંદખેડા વોર્ડમાં ટી.પી.૨૨ માં આવેલ ફા.પ્લોટ નં.૨૮૮ માં સીટી સીવીક સેન્ટર બનાવવાના કામ માટે રૂા.૨.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ ચાંદખેડા વોર્ડમાં આઈ.ઓ.સી. રોડ પર કર્ણાવતી સોસાયટી સામે આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના ખુલ્લા પ્લોટમાં પે એન્ડ યુઝ રૂા.૦.૨૦ કરોડના ખર્ચે બનાવવાના કામ
- ☆ ચાંદખેડા વોર્ડમાં વિસત-ગાંધીનગર હાઈવે પર પે એન્ડ યુઝ રૂા.૦.૧૫ કરોડના ખર્ચે બનાવવાના કામ
- ☆ નવા વાડજ વોર્ડમાં બલોલનગર પંપીંગ સ્ટેશનથી હરીઓમ ચાર રસ્તા સુધી ૧૬૦૦ એમ.એમ. ડાયાની ડ્રેનેજ લાઈન તથા જી.એસ.ટી. ક્રોસીંગથી રીધ્ધી સિધ્ધી સોસાયટી સુધી ૬૦૦ એમ.એમ. ડાયાની ડ્રેનેજ લાઈનમાં સી.આઈ.પી.પી. પધ્ધતિથી રીહેબીલેશન રૂા.૧૮.૦૦ કરોડના ખર્ચે કરવાના કામ

ઉત્તર ઝોન

☞ **ચાલુ કામોની યાદી :**

- ☆ સરદારનગર વોર્ડમાં રૂા.૭૦.૦૦ લાખના ખર્ચે જ્યોતિ રેસ્ટોરન્ટ થી ભરવાડવાસ સુધીનો રસ્તો રી-ગ્રેડ કરી રી-સરફેસ કરેલ છે.
- ☆ નરોડા વોર્ડમાં સમાવિષ્ટ ગામતળ વિસ્તારોમાં રૂા.૬૪.૦૦ લાખના ખર્ચે પેવર બ્લોકનું કામ કરેલ છે.
- ☆ કુબેરનગર વોર્ડમાં રૂા.૩૫.૧૭ લાખના ખર્ચે મેમ્કોબ્રીજથી ગુરૂકૃપા પંમ્પીગ સ્ટેશનથી રેલ્વેને સમાંતર ડ્રેનેજલાઈન નાખવામાં ખેલ છે.
- ☆ કુબેરનગર વોર્ડમાં રૂા.૨૮.૦૦ લાખના ખર્ચે મેમ્કો બ્રીજથી ગુરૂકૃપા પંપીંગ સ્ટેશનથી રેલ્વેને સમાંતર પાણીની લાઈન નાખવામાં આવેલ છે.
- ☆ ઉત્તર ઝોન હદ વિસ્તારમાં રૂા.૧૨૦.૫૦ લાખના ખર્ચે રસ્તા તથા ફૂટપાથ નિર્માણનું કામ હાથ ધરેલ છે.
- ☆ ઠકકરબાપાનગર વોર્ડમાં રૂા.૨૬.૯૯ લાખના ખર્ચે આવેલ મ્યુનિ.પ્લોટને ફરતે દબાણ ન થાય તે હેતુથી પ્રિકાસ્ટ/આર.સી.સી વોલ બનાવવાના કામ ચાલુ છે.

☞ **આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :**

- ☆ સરદારનગર વોર્ડમાં રૂા.૬૦.૦૦ લાખના ખર્ચે હોમગાર્ડ મેદાનવાળો રસ્તો રી-ગ્રેડ કરી રીસરફેસ કરવા આયોજન કરેલ છે.
- ☆ બાપુનગર વોર્ડમાં અંદાજે ૩૫.૦૦ લાખના ખર્ચે ગુ.હા.બોર્ડના આંતરીક રસ્તાઓમાં આર.સી.સી રસ્તાના બાધકામનું આયોજન કરેલ છે.
- ☆ સરદારનગર વોર્ડમાં અંદાજે ૩૫.૦૦ લાખના ખર્ચે ભદ્રેશ્વર હાઉસીંગમાં પેવર બ્લોક નાંખવાના કામનું આયોજન કરેલ છે.
- ☆ ઈન્ડિયા કોલોની વોર્ડમાં અંદાજે ૩૦.૦૦ લાખના ખર્ચે જુદી-જુદી ચાલીઓમાં ડ્રેનેજલાઇન અપગ્રેડ કરવા તથા ડ્રેનેજ લાઇનમાં જરૂરી સુધારા-વધારા કરવાના કામનું આયોજન કરેલ છે.

પૂર્વ ઝોન

☞ **ચાલુ કામોની યાદી :**

- ☆ વસ્ત્રાલ વોર્ડમાંરૂા.૧૩૫.૭૩ લાખના ખર્ચે વાંચનાલય તથા જીમ્નેશિયમ બનાવવાની કામગીરી ચાલુ છે.
- ☆ નિકોલ વોર્ડમાં રૂા.૧૧૨.૯૪ લાખના ખર્ચે કોમ્યુનીટી હોલ બનાવવાની કામગીરી ચાલુ છે.
- ☆ પૂર્વ ઝોનના જુદા-જુદા વોર્ડમાં રૂા.૧૦૬.૬૨ લાખના ખર્ચે આંગણવાડી બનાવવાની કામગીરી ચાલુ છે.
- ☆ ભાઈપુરા વોર્ડમાં ત્રિપદા સોસાયટી પાસે વિદ્યાર્થીઓ તથા સીનીયર સીટીઝન માટે રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે મલ્ટી એક્ટિવીટી સેન્ટર બનાવવાની કામગીરી ચાલુ છે.
- ☆ એન.યુ.એચ.એમ. યોજના હેઠળ પૂર્વ ઝોનના ગોમતીપુર વોર્ડમાં રૂા.૨૯૩.૦૦ લાખના ખર્ચે કોમ્યુનિટી હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી ચાલુ છે.
- ☆ પૂર્વ ઝોનમાં ગોમતીપુર વોર્ડમાં વીરભગત સિંહ હોલનું રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે નવીનીકરણ કરવા
- ☆ પૂર્વ ઝોનના ગોમતીપુર વોર્ડમાં આવેલ નવા સીમાંકન મુજબ સમાવેશ થયેલ રખિયાલ વિસ્તારમાં આવેલ રાયપુર મીલ પાસે આવેલ રાયપુર મીલ પાસે આવેલ સરસપુર હિન્દી શાળા ૧ અને ૨ ના હયાત જર્જરીત જુના બીલ્ડીંગને તોડીને તે જ જગ્યાએ રૂા.૧૨૦.૨૦ લાખના ખર્ચે નવેસરથી સ્કુલ બીલ્ડીંગ બનાવવાનું કામ ચાલુ છે.
- ☆ રામોલ હાથીજણવોર્ડમાં જશોદાનગર પાણીની ટાંકી પાસે આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પ્લોટમાં ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૪ (ઘોડાસર-૨)ના રીઝર્વ પ્લોટનં.૨૭ (હેતુઃએન.એચ.સી.સી) માં રૂા.૧૩૨.૦૦ લાખના ખર્ચે ઓપન પાર્ટી પ્લોટ બનાવવાનું કામ ચાલુ છે.
- ☆ NUHM હેઠણ નવા બનાવવાના થતા અર્બન હેલ્થ સેન્ટર પૈકી પૂર્વ ઝોન અમરાઈવાડી વોર્ડમાં ટી.પી.સ્કીમ નં.ફા.પ્લોટ નં.૪૯ માં સ્વસ્તીક ઈન્ડસ્ટ્રીઝ પાસે રૂા.૮૭.૨૯ લાખના ખર્ચે નવું અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું કામ ચાલુ છે.
- ☆ NUHM હેઠણ પૂર્વ ઝોન ગોમતીપુર વિસ્તારમાં નવા સિમાંકન અમરાઈવાડી વોર્ડમા રૂા.૨૬૬.૭૦ લાખના ખર્ચે કોમ્યુનીટી હેલ્થ સેન્ટર બનાવવાનું કામ ચાલુ છે.

☆ અ.મ્યુ.કો. ની હદમાં આવેલી જુદા-જુદા અર્બેન હલ્થ સેન્ટર, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, પબ્લીક હેલ્થ સેન્ટર તથા હેલ્થ ખાતાના તાબા હેઠળની મીલકતો પૈકી પૂર્વ ઝોનની મીલકતોનું રીપેરીંગ અને રીનોવેશન કરવાનું રૂા.૨૦.૪૨ લાખના ખર્ચે ચાલુ છે.

☞ **આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :**

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે પૂર્વઝોનના અમરાઇવાડી વોર્ડમા રબારી કોલોની વસાહતના વિસ્તારમા રોડ રીસરફેસ કરવાના કામ

☆ રૂા.૨૦.૦૦ લાખના ખર્ચે અમરાઈવાડી વોર્ડમા ગીતાનગર, જનતાનગર તથા જુદી-જુદી હાઉસીંગ વસાહત વિસ્તારમાં રોડ રીસરફેસ કરવાના કામ

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં એસ.પી. રીંગ રોડ ઉપર અક્ષરપુરુષોતમનગર સોસાયટીની સામે ૩૧૦ પંપીંગ સ્ટેશન તરફ નવી ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં જુદા-જુદા વિસ્તારમાં આવેલ ઈ.ડબલ્યુ.એસ. ક્વાટર્સની પાણીની લાઈનો, ડ્રેનેજ લાઇનો તથા વરસાદી પાણીની લાઈનો રીપેરીંગ કરવા તેમજ પેવર બ્લોક તથા અન્ય જરૂરી રીપેરીંગ કરવાનું કામ

☆ રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ મેઈન ટી.પી. રાડ ઉપર જુદી-જુદી સર્વે લાઇનોના રૂટ ઉપર હોટમીક્ષ મટીરીયલ્સથી હેવી પેચવર્ક કરવાના કામ

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ મેઈન ટી.પી. રોડ ઉપર જુદી-જુદી સર્વે લાઇનોના રૂટ ઉપર ગ્રાઉટીંગ કરવાના કામ

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં ગેલેક્ષી કોરલની સામેથી દુન સ્કુલ થી ક્રિસ બંગ્લોઝ થઇ ૨૦૦ ફૂટ રીંગ રોડને જોડતો મેઈન ટી.પી.રોડ પેવરથી રીસરફેસ કરવાનું કામ

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં નવા ઓઢવમાં ગિરીરાજનગરની પાછળ પુષ્પક રેસીડેન્સી વાળો મેઈન ટી.પી. રોડ પેવરથી રીસરફેસ કરવાનું કામ

☆ રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે રામોલ હાથીજણ વોર્ડમા રામોલ ગામ, ન્યુ મણિનગર, ત્રિકમપુરા ગામના વિસ્તારમાં આવેલ જુદા-જુદા ટી.પી. રસ્તાઓ તથા અન્ય વિસ્તારના રસ્તાઓ રીસરફેસ કરવાનું કામ

☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે રામોલ-હાથીજણ વોર્ડમાં ગોપી ડેરી, પરીશીખર એસ્ટેટ થી રાજીવનગરનો મુખ્ય ટી.પી.રસ્તો ગ્રાઉટીંગ લેવલે પાકો કરી રીસરફેસ કરવાનું કામ

☆ રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં સુયોગ-૯૯ બંગ્લોઝ થી આર.પી. વસાણી સ્કુલ થઈ અવની હોમ્સ સુધીનો રસ્તો રીસરફેસ કરવાનું કામ

- ☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં આવેલ જુદા-જુદા મેઈન ટી.પી. રોડને ડસ્ટ ફ્રી કરવા રોડની બન્ને બાજુએ ફુટપાથ કરવાના કામ
- ☆ રૂા.૩૩.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં શીવાજી ચોક થી કાવ્યા રેસીડન્સી સુધીનો કેનાલ પેરેલલ રોડ ગ્રાઉટીંગ કરી રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે અમરાઈવાડી વોર્ડમાં આવેલ શિવાનંદનગર હાઉસીંગ વસાહત વિસ્તારમાં રોડ રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે ભાઈપુરા વોર્ડમાં જુદા-જુદા વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ પાણી, ડ્રેનેજ તથા સ્ટોર્મ વોટર ડ્રેઈનને લગતા આકસ્મિક તથા બ્રેક ડાઉનની કામગીરી કરવા
- ☆ રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં ૨૦૦ ફુટની પૂર્વ દિશામાં તરફના જુદા-જુદા મેઈન ટી.પી.૧૧૨,૧૧૩,૧૧૪ માં અન્ય જરૂરી રસ્તાઓ ગ્રાઉટીંગ લેવલ સુધી પાકો કરવાના કામ
- ☆ રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં ૨૦૦ ફુટની પૂર્વ દિશામાં તરફના જુદા-જુદા મેઈન ટી.પી.૧૧૨,૧૧૩,૧૧૪માં અન્ય જરૂરી રસ્તાઓ પેવરથી રીસરફેસ કરવા
- ☆ રૂા.૩૬.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં શુકન ચાર રસ્તા થી સ્વામિનારાયણ મંદિર તરફનો રોડ રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૩૯.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં શ્રીહરિ એવન્યુ થી કાવેરી બંગ્લોઝ થઈ ટી.પી.૧૦૧ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સુધીનો રોડ રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૪૦.૦૦ લાખના ખર્ચે ભાઈપુરા વોર્ડમાં જુદા-જુદા રસ્તા રીસરફેસ કરવાના કામ
- ☆ રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં રીંગરોડને જોડતાં જુદા-જુદા રોડ પર નવી ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ
- ☆ રૂા.૨૮.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ આવેલ કોર્પોરેશનના ખુલ્લાં પ્લોટોને પ્રિકાસ્ટ કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામ
- ☆ રૂા.૩૮.૦૦ લાખના ખર્ચે રામોલ હાથીજણ વોર્ડમાં જશોદાનગર વિસ્તારમાં આવેલ દ્વારકેશ રેસીડેન્સી થી પુનીતનગર રેલ્વે ક્રોસીંગ સુધીનો રોડ રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૪૫.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં સૂર્યનગર સોસાયટી પાસેનો રોડ ગ્રાઉટીંગ કરી રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડમાં જુદા-જુદા મુખ્ય રોડ તથા જુદી-જુદી ચાલીઓ તેમજ ગામતળ તથા અન્ય વિસ્તારમાં આકસ્મિક પાણી, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર ડ્રેઈનના બ્રેક ડાઉન તેમજ ડીશીલ્ટીંગ પ્રકારની આકસ્મિક કામગીરી કરવાના કામ

- ☆ રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડના જુના ગોમતીપુર તથા જુના રાજપુર અને જુના રખિયાલ વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ તથા અન્ય જગ્યાઓએ હેવી પેચવર્ક કરવા હોટમીક્ષ મટીરીયલ સપ્લાય કરવાના કામ
- ☆ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે અમરાઈવાડી વોર્ડમાં પાણી/ગટર બ્રેકડાઉનના કામો, બિલ્ડીંગ રીપેરીંગના કામો, રોડ રી-ઈન્સ્ટેટના કામો તથા અન્ય કામ
- ☆ રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં ગામ તેમજ અન્ય જરૂરી જગ્યાએ વરસાદી પાણીની કેચપીટો બનાવવા, ઈમરજન્સીમાં પાણી, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર ડ્રેઈનના પડેલ બ્રેક ડાઉન રીપેરીંગ તેમજ ડીશીલ્ટીંગ વિગેરે આકસ્મિક કામો
- ☆ રૂા.૫૫.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં ઉગતી રેસીડેન્સી થી રીંગ રોડ સુધીનો રોડ વાઈડનીંગ કરી રીસરફેસ કરવાનું કામ
- ☆ રૂા.૮૦.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં રોયલ ફલોરા થી પરિમલ સોસાયટી થઈ પંચામૃત સ્કુલ સુધીનો રસ્તો રીસરફેસ કરવા
- ☆ રૂા.૮૦.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં વસ્ત્રાલ વિસ્તાર, રતનપુરા વિસ્તાર, નવા ઓઢવ આદીનાથનગર વિસ્તાર, વિદ્યાનગર વસાહત વસ્ત્રાલ ગામ તેમજ અન્ય જરૂરી જગ્યાએ ભરાઈ રહેતા વરસાદી પાણીનો નિકાલ કરવા જરૂરી સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈન નાંખવા તેમજ જરૂરી કેચપીટ કરવા
- ☆ પૂર્વ ઝોનમાં નવી ઝોનલ ઓફિસ બનાવવા રૂા.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

દક્ષિણ ઝોન

☞ **ચાલુ કામોની યાદી :**

- ☆ ઈન્દ્રપુરી વોર્ડમાં સી.ટી.એમ. થી રામરાજય તરફ રોડ ઉપર રૂા.૦.૪૪ કરોડના ખર્ચે સેન્ટ્રલ વર્જ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ વટવા વોર્ડ વિદ્યાસરીતા સ્કૂલપાછળ મ્યુનિ. રીઝર્વ પ્લોટમાં રૂા.૦.૯૪ કરોડના ખર્ચે ઓપન પાર્ટી પ્લોટ-કોમ્યુનીટી સેન્ટર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.

- ☆ વટવા વોર્ડમાં (૧) નિગમ ડ્રેનેજ પંપીગ થી આર.કે.પાન પાર્લર થઇ પી.ડી.પંડયા ચોકઠા સુધી (૨) સદાનીધાબી થી બીબીતળાવ સુધી (૩) નિગમ ડ્રેનેજ પંપીગ થી તીર્થય ફલેટ સુધીની તથા અન્ય જુદા-જુદા રસ્તા મુખ્ય ડ્રેનેજ નેટવર્ક લાઇનો રૂા.૦.૫૨ કરોડના ખર્ચે સી.સી.ટી.વી.થી ડિશીલ્ટીગ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ ઈસનપુરવોર્ડમાં ગોવિંદવાડી સર્કલ થી વિશાલનગર થઇ મહાવીર સ્કુલ સુધી રૂા. ૧૯.૯૮ લાખના ખર્ચે ફલાવરબેડ ટાઇપની ઉંચી સેન્ટ્રલ વર્જ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ બહેરામપુરા વોર્ડમાં આવેલ ચેપીરોગ હોસ્પીટલમાં રૂા.૪.૨૩ કરોડના ખર્ચે ૫૦ બેડનો સમાવેશ થાય તેવો નવો વોર્ડ બનાવવની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ વોટર પ્રોજેકટ અંતર્ગત દક્ષિણઝોનમાં વટવા વોર્ડમાં ડ્રાફટ ટી.પી સ્કીમ નં.૮૪ ફાયનલ પ્લોટ નં.૧૧૯ (વટવા માટીખાનાવાળા પ્લોટ) ખાતે નવા બનાવવામાં આવતા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન માટે રૂા.૦.૮૫ કરોડના ખર્ચે વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક નાંખવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ વટવા વોર્ડમાં જુદા-જુદા વોટર ડિસ્ટ્રીબ્યુશન ના કમાન્ડ એરિયાનુ પ્રેશર સુધારવા માટે ડી.આર. એ.દ્વારા સુચવ્યા અનુસાર રૂા.૦.૫૭ કરોડના ખર્ચે પાણીના નેટવર્કમાં જરૂરી સુધારા કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ બહેરામપુરા વોર્ડમાં ટી.પી ૧૩ ફા. પ્લોટ નં. ૧૭૪/પી મા રૂા.૨.૬૨ કરોડના ખર્ચે મ્યુનિસિપલ શાળા બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ દક્ષિણઝોનના હાલમાં થયેલ નવા સીમાંકન મુજબ બહેરામપુરા વોર્ડમાં આવલે ચંડોળાતળાવ પાસે આવેલ ઉર્દુ શાળામાં પ્રીફેબ ની બનાવેલ શાળા તોડીને તેની જગ્યએ ૯ સ્કુલ રૂમ તથા ૪ ઓફીસરૂમ એમ ૧૩ ઓરડાની રૂા.૧.૫૮ કરોડના ખર્ચે શાળા નવી બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ મણિનગર વોર્ડમાં આવેલ સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ બિલ્ડીંગનું રૂા.૪.૩૫ કરોડના ખર્ચે નવીનિકરણ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ ખોખરાવોર્ડમાં બાલભવન પાસે ટી.પી સ્કીમ નં.૭, ફા.પ્લોટ નં-૧૯૫ માં રૂા. ૦.૮૭ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ લાંભા વોર્ડમાં ટી.પી.સ્કીમ.નં.૮૦, ફા.પ્લોટ નં.૧૦૯ માં રૂા.૦.૮૪ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ☆ જવાહરચોકથી ભૈરવનાથ ક્રોસરોડ તરફની ૪૫૦ મીટર લંબાઇની ૧૬૦૦ મીમી વ્યાસની રૂા.૪.૯૯ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈન રીહેબીલીટેશન કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.

☆ વટવા વોર્ડમાં આવેલ ઈસનપુર ટી.પી સ્કીમ નં.૫૫ એફ.પી.નં.૧૬૮માં રૂા.૦.૮૫ કરોડના ખર્ચે સ્મૃતિ મંદિર પાસે નવું અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.

☞ **આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :**

☆ દક્ષિણઝોનના જુદા-જુદા વોર્ડના રોડ રીસરફેઈસ તથા પત્થર પેવીંગ માટે રૂા.૧૨.૯૬ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

☆ દક્ષિણઝોનના જુદા-જુદા વોર્ડના પાણીના કામ માટે રૂા.૬.૩૫ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.

☆ દક્ષિણઝોનના જુદા- જુદા વોર્ડના ડ્રેનેજના કામ માટે રૂા.૧૨.૨૩ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.

☆ ઈન્દ્રપુરી વોર્ડમાં આવેલ સ્નાનાગારમાં રૂા.૦.૫૦ કરોડના ખર્ચે મેઈન પુલની ઊંડાઈ ઘટાડવા તેમજ જરૂરી સિવિલ કામ કરવા માટે બજેટનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

☆ વટવા વોર્ડમાં મચ્છીપીર બોર,મુરલીધર બોર અને વડાલીયા બોરનાં પ્લોટમાં તેમજ જુદા-જુદા પ્લોટની ફરતે રૂા.૦.૬૦ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલ બનાવવાના બજેટનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

☆ મણીનગર વોર્ડમાં રૂા.૫.૦૦ કરોડના ખર્ચે ઉત્તમનગર કર્ણાવતી એપાર્ટમેન્ટથી હીરાભાઈ ટાવર ચાર રસ્તાથી જવાહર ચોક ચાર રસ્તા થઈ પટેલ સોસાયટી સુધીની ૧૫૦૦ એમ.એમ. ડાયાની ડ્રેનેજ લાઈન ડીશીલ્ટીંગ કરી રીહેબીલાઈઝેશન કરવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

☆ બહેરામપુરા વોર્ડમાં ગુડલક બેરલ માર્કેટથી નારોલ સુધીના વિસ્તારમાં રૂા.૧.૫૦ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈન નાંખવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

☆ બહેરામપુરા વોર્ડમાં રૂા.૦.૬૦ કરોડના ખર્ચે જલઘર પ્લોટમાં વોટર પ્રોજેક્ટ દ્વારા નવી બનાવેલ પાણીની ટાંકીના બાકી રહેતા પાણીના નેટવર્કને જોડતી નવી પાણીની બ્રાન્ચ લાઈનો નાંખવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

☆ બહેરામપુરા તથા દાણીલીમડા વોર્ડમાં રૂા.૭.૨૧ કરોડના ખર્ચે મુખ્ય લાઈનો ડ્રેનેજ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈનોના ચોકઅપ થયેલ સેકશનને ડીશીલ્ટીંગ કરવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- ઈન્દ્રપુરી વોર્ડમાં રામરાજ્યનગર થી સુરેલીયા સર્કલ થઇ સકરીબા ગાર્ડન સુધી તથા તેને આનુષાંગીક જુદા-જુદા રસ્તાની ૪૫૦ મી.મી. વ્યાસની રૂા.૦.૭૭ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઇન સી.સી. ટી.વી. મેથડ થી ડીશીલ્ટીંગ કરવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- ખોખરા વોર્ડમાં સુવિધા પાર્ક સોસાયટીથી આવકાર હોલ જંકશન સુધી વર્ષો જુની ડ્રેનેજ લાઇન પર વારંવાર ભુવા પડતા હોઇ ૭૨ ઈંચ ડાયાની લાઇન રૂા.૪.૦૦ કરોડના ખર્ચે સીસીટીવી પદ્ધતિથી ડીશીલ્ટીંગ કરી રીહેબ કરવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- વટવા વોર્ડમાં રૂા.૦.૬૦ કરોડના ખર્ચે વટવા તળાવના કમાન્ડ વિસ્તારમાં વરસાદી પાણીનું નેટવર્ક નાંખવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- વટવા વોર્ડમાં દેવીમાતા વરસાદી પંપીગ સ્ટેશનથી લાંભા બ્રાન્ચ કેનાલ સમાંતર ૨૪ મીટરના ટી.પી રસ્તા લક્ષ્મી સર્કલ સુધી રૂા.૦.૫૦ કરોડના ખર્ચે રીલીફ સુઅર લાઈન નાંખવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- ઈસનપુર વોર્ડમાં ઈસનપુર તળાવ પાસે આવેલ ઈસનપુર સ્મશાનમાં રૂા.૧.૦૭ કરોડના ખર્ચે સી.એન.જી ભઠ્ઠીની સુવિધા સાથે અદ્યતન બનાવવાના કામનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોન

ચાલુ કામોની યાદી :

- નવા પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડમા રૂા.૨.૭૯ કરોડ, સરખેજ વોર્ડમાં રૂા.૨.૨૨ કરોડ, મકતમપુરા વોર્ડમાં રૂા.૨.૦૫ કરોડ, ચાંદલોડીયા વોર્ડમાં રૂા.૨.૦૦ કરોડ આમ કુલ રૂા.૯.૦૭ કરોડના ખર્ચે નવી વોર્ડ ઓફીસ બનાવવાના કામ
- સરખેજ વોર્ડમાં રૂા.૧.૯૫ કરોડના ખર્ચે મ્યુનિ.હોસ્પીટલના કેમ્પસમાં કોમ્યુનીટી હેલ્થ સેન્ટર બનાવવાનું કામ (એકસ્ટેન્શન કરવાનું કામ)
- બોડકદેવ વોર્ડમાં રૂા.૧.૪૩ કરોડના ખર્ચે આવેલ ટી.પી. ૫૦ તથા ટી.પી ૧/બી ના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટ પર કમ્પાઉન્ડ વોલ કરી સીકયોર કરવાનું કામ
- ઘાટલોડીયા વોર્ડમાં રૂા.૧.૩૭ કરોડના ખર્ચે ટી.પી.-૨ એફ.પી.-૯૪ માં લાયબ્રેરી, ફિઝીયોથેરાપી સેન્ટર અને લેડીઝ જીમ્નેશીયમ બનાવવાનું કામ (ફર્સ્ટ ફલોર)

- ☆ ચાંદલોડીયા વોર્ડમાં વંદેમાતરમ સીટી પાસેની બાજુના પ્લોટ (ટી.પી.-૩૩ એફ.પી.-૧૪૨) માં ગાર્ડન ડેવલપ કરવાનું કામ તેમજ ગોતા વોર્ડમાં રૂા.૦.૫૪ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ આંગણવાડી બનાવવાનું કામ

☞ **આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :**

- ☆ નવા પશ્ચિમ ઝોનની નવી સબ ઝોનલ કચેરીનું આયોજન
- ☆ ગોતા વોર્ડમાં રૂા.૩.૦૦ કરોડના ખર્ચે ટી.પી. ૨૮ ના ફા.પ્લોટનં. ૯૧ માં નવું કોમ્યુનીટી સેન્ટર બનાવવાનું કામ
- ☆ ગોતા વોર્ડમાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે ચાણક્યપુરી બ્રીજ થી કારગીલ પેટ્રોલ પંપ સુધીની તથા ગોતા હાઈવે થી મહાત્મા ગાંધી વસાહત સુધીની હયાત ડ્રેનેજ લાઈનને સીસીટીવી ડીસીલ્ટીગ કરાવવાનું કામ
- ☆ ચાંદલોડીયા વોર્ડમાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે આવેલ જગતપુર વિસ્તારમાં જગતપુર વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનથી માલાબાર કાઉન્ટી થઈ સાગા ચાર રસ્તા થઈ અદાણી પ્રથમ સુધી તથા જગતપુર ક્રોસીંગ થી ગોદરેજ સિટી ચાર રસ્તા થઈ ગણેશ ગોલ્ડ તથા નિર્માણ ફ્લેટ સુધીના રોડ પર પાણીની નવી ડી.આઈ. લાઈનનું નેટવર્ક નાંખવાના કામ
- ☆ નવા પશ્ચિમ ઝોનના ચાંદલોડીયા વોર્ડમાં રૂા.૦.૫૦ કરોડના ખર્ચે ડ્રેનેજ અને સ્ટ્રોમ વોટર લાઈન અપગ્રેડ કરવાનું કામ
- ☆ સરખેજ વોર્ડમાં રૂા.૦.૭૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ રોડ રીસરફેસ/પેચવર્ક/વેટમીક્ષ અને જોધપુર વોર્ડમાં રૂા.૩.૩૫ કરોડના ખર્ચે જુદા-જુદા ટી.પી.રસ્તાઓ રીગ્રેડ કરી રીસરફેસ કરવાનું કામ તથા હોટમીક્ષ મટીરીયલ સપ્લાય કરવાના કામ
- ☆ સરખેજ વોર્ડમાં રૂા.૦.૪૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ ડ્રેનેજ લાઈન,સ્ટ્રોમવોટર ડ્રેનેજલાઈન નાંખવાના કામ તથા મેનહોલ બનાવવા તેમજ રીપેરીંગ અને જોધપુર વોર્ડમાં રૂા.૦.૩૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ/ટી.પી. રસ્તાઓ પર ડ્રેનેજ લાઈન નાંખવા, નવી કેચપીટ /સ્ટ્રોમવોટર ડ્રેનેજલાઈન નાંખવા, મેનહોલ અપગ્રેડ કરવાનું કામ
- ☆ સરખેજ વોર્ડમાં રૂા.૦.૬૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ આર.સી.સી રોડ તથા પેવર બ્લોક અને મકતમપુરા વોર્ડમાં રૂા.૦.૭૫ કરોડના ખર્ચે સંકલિતનગરમાં જુદા-જુદા વોર્ડમાં પેવર બ્લોક નાંખવાના કામ તેમજ જોધપુર વોર્ડમાં રૂા.૦.૩૦ કરોડના ખર્ચે જુદા-જુદા ટી.પી રસ્તાઓં ઉપર ફુટપાથ/સેન્ટ્રલ વર્જ તેમજ પેવર બ્લોક નવી કરવા તથા રીપેરીંગ કરવાના કામ અને વેજલપુર વોર્ડમાં રૂા.૦.૪૦ કરોડના ખર્ચે (૧) બુટભવાની મંદિરથી આર.આર. દ્વિવેદી થી કેમ્બે હોટલ સુધીનો રોડ (૨) ટી.વી.-૯ થી યશ કોમ્પલેક્ષ સુધીના રસ્તા પર (૩) ધનંજય ટાવર થી રેડીયો મિર્ચી રોડ તેમજ અન્ય જુદા-જુદા ટી.પી. રસ્તા પર ફુટપાથ કરવાના કામ

- સરખેજ વોર્ડમાં રૂા.૦.૩૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ પાણીની ડી.આઇ લાઇન નાંખવાના તથા જરૂરી મેઈન્ટેનન્સ કરવાના કામ અને જોધપુર વોર્ડમાં રૂા.૦.૦૫ કરોડના ખર્ચે મેનહોલ તથા કેચપીટ શીટ કવર સપ્લાય કરવાના કામ
- વેજલપુર વોર્ડમાં રૂા.૦.૪૦ કરોડના ખર્ચે વેજલપુર ગામતળ, રવિનગર વિભાગ ૧-૨ તેમજ અન્ય જુદી-જુદી ના આંતરીક રસ્તા પર આર.સી.સી ના કરવાના કામ
- વેજલપુર વોર્ડમાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે ચામુંડાનગરના છાપરા, અંબિકાનગર ૧,૨,૩, માધવનગરના છાપરા તથા રામજી મંદીરની ચાલી તેમજ અન્ય જુદી-જુદી જગ્યાએ જરૂરીયાત મુજબ હયાત ડ્રેનેજ લાઈન અપગ્રેડેશન કરવાના કામ તથા સુર્યનગર, શકિતનગર, ચંદ્રનગર તેમજ અન્ય હયાત નેટવર્કમાં તથા પાણીના પ્રેશરમાં સુધારા-વધારા કરવા, જુની લાઈનો બદલી જરૂરીયાત મુજબ નવી ડી.આઈ. લાઈન નાંખવાના કામ તથા પેવરબ્લોક કરવાના કામ
- મકતમપુરા વોર્ડમાં રૂા.૦.૩૦ કરોડના ખર્ચે નરીમાનપુરા, બાદરાબાદ, નવા બાકરોલ, આશાપુરા, જુના વણઝર તથા જુદા-જુદા ગામતળનાં અવર-જવરના રસ્તા બનાવવાનું કામ
- મકતમપુરા વોર્ડમાં રૂા.૦.૩૫ કરોડના ખર્ચે (૧) સાહીસ્તા ફલટેથી તીનબત્તી રોડ (૨) રોયલ અકબર થઈ ગેબનશાહ દરગાહ થઈ કબ્રસ્તાન સુધી (૩) જુહાપુરા ચાર રસ્તાથી જાહેદા એપાર્ટમેન્ટ સુધી રોડની બન્ને બાજુ કાચા ભાગમાં પેવર બ્લોક પેવીંગ કરવાના કામ
- બોડકદેવ વોર્ડમાં રૂા.૩.૧૫ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ રોડના તથા પેચવર્કના કામ અને ગોતા વોર્ડમાં રૂા.૦.૭૫ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ રોડ રીસરફેસ કરવાના કામ/પેચવર્ક કરવાના કામ/વેટમીક્ષ સપ્લાય કરવાના કામ
- બોડકદેવ વોર્ડમાં રૂા.૦.૪૫ કરોડના ખર્ચે પાણીની લાઈન, સ્ટ્રોમ વોટર, ડ્રેનેજે લાઈન નાંખવાના કામ અને ઘાટલોડીયા વોર્ડમાં કામ રૂા.૦.૪૫ કરોડના ખર્ચે ટી.પી.-૧ તથા ૨ વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ બ્રેકડાઉન થયેલ મેનહોલ રીપેર કરવા તથા જરૂરીયાત મુજબ ડ્રેનેજ લાઈન નાંખવા તથા આર્ચ ટાઈપના મેનહોલ સ્લેબ ટાઈપના કરવાના કામ તેમજ ચાંદલોડીયા વોર્ડમાં રૂા.૦.૩૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ ડ્રેનેજ લાઈન નાંખવાના કામ તેમજ ગોતા વોર્ડમાં રૂા. ૦.૬૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ ડ્રેનેજ લાઈન, સ્ટ્રોમવોટર ડ્રેનેજલાઈન નાંખવાના કામ તથા મેનહોલ નવી બનાવવા તેમજ રીપેરીંગ કરવાના કામ
- બોડકદેવ વોર્ડમાં રૂા.૦.૧૫ કરોડના ખર્ચે આવેલ અમ.મ્યુ.કોર્પો. હસ્તકની બિલ્ડીગોમાં જરુરીયાત મુજબનુ કામ અને ઘાટલોડીયા વોર્ડમાં રૂા.૦.૫૦ કરોડના ખર્ચે ચાણકયપુરી બ્રીજ નીચે સબ ઝોનલ ઓફિસની સામેના ભાગમાં ઓફિસ તથા સ્ટોર રૂમ બનાવવાનું કામ તેમજ ગોતા વોર્ડમાં રૂા.૦.૩૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ આવેલ પ્લોટને ફરતે ચણતરની કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ અને બોડકદેવ વોર્ડમાં રૂા.૦.૨૫ કરોડના ખર્ચે નહેરૂપાર્ક ટાંકીરવાળો ગાર્ડન ડેવલપ કરવાનું કામ

- ☆ થલતેજ વોર્ડમાં રૂા.૦.૫૫ કરોડના ખર્ચે ટી.પી.૧,૨,૩૭,૩૮ તથા નવા ખુલનાર ટી.પી. વિસ્તારમાં ખુટતી ડ્રેનેજ લાઈન તેમજ બ્રેકડાઉન રીપેર કરવાના કામ અને ચાંદલોડીયા વોર્ડમાં રૂા.૦.૧૫ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાના કામ તેમજ ચાંદલોડીયા વોર્ડમાં રૂા.૦.૨૦ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાએ પાણીની લાઈન નાંખવાના કામ અને ગોતા વોર્ડમાં રૂા. ૦.૪૫ કરોડના ખર્ચે જુદી-જુદી જગ્યાયે પાણીની લાઈન નાંખવા
- ☆ થલતેજ વોર્ડમાં રૂા.૦.૬૫ કરોડના ખર્ચે ટી.પી.૧,૨,૩૭,૩૮ અને હેબતપુર, શીલજ, થલતેજ ગામ તથા ભાડજ ગામતળ વિસ્તારમાં તથા અન્ય જુદી-જુદી જગ્યાએ હોટમીક્ષ મટીરીયલ સપ્લાય કરી પેચવર્ક કરવાનું કામ
- ☆ ઘાટલોડીયા વોર્ડમાં રૂા.૦.૨૫ કરોડના ખર્ચે ટી.પી.-૧ તથા ૨ વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ ફૂટપાથ રીપેરીંગ તથા જરૂરીયાત મુજબ નવી બનાવવાના તથા સેન્ટ્રલ વર્જ નવી બનાવવા તથા નોઝીંગ રીપેરીંગ કરવાનું કામ

➠ Special Project by Zone :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઝોન દ્વારા હાથ ધરવામાં આવતાં કામો ઉપરાંત વધારાના સ્પેશ્યલ પ્રોજેક્ટસના કામો માટે વધારાના વિશિષ્ટ બજેટની ફાળવણી કરવામાં આવેલ છે. સદર બજેટ હેઠળ ઝોન દ્વારા થડા, મસ્ટર સ્ટેશન, શાળાના મકાનો, રમત-ગમતના મેદાનો, બગીચાઓ, પાર્કિંગ સ્ટેન્ડ, જાહેર શૌચાલય, તળાવોના સર્વાંગી વિકાસના કામો હાથ ધરવામાં આવશે તે ઉપરાંત ડ્રેનેજ / વોટર લાઈન નાંખવાને કારણે જરૂરી રોડ રીસરફેસ કરવા, સાયકલ ટ્રેક બનાવવા યોગ્ય રીતે રોડ ડિઝાઈનીંગ, ડ્રેનેજ લાઈન તથા સ્ટૉર્મ વોટર ડ્રેનેજ લાઈન રીપેર/નવી નાંખવી, ડીશીલ્ટીંગ તથા ડ્રેનેજને કારણે ઉદ્ભવતાં પ્રદૂષણના પ્રશ્નોના નિવારણ વિગેરે માટે કામો હાથ ધરવામાં આવશે. વધુમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંતર્ગત પર્કોલેટીંગ વેલ બનાવવા તથા પાણીની લાઈનો રીપેર/નવી નાંખવી તેમજ પાણીજન્ય રોગચાળા અટકે તે માટે જરૂરી પાણીના નેટવર્ક બદલવા જેવા કામો સદર વિશિષ્ટ બજેટ હેઠળ જે-તે ઝોન દ્વારા હાથ ધરવામાં આવશે. વધુમાં સ્વચ્છતા જન મોડલ આધારિત કામો માટે અને હાઉસીંગ સ્કીમ અંતર્ગત કરવાના થતાં કામો માટે બજેટની ફાળવણી કરવામાં આવેલ છે. જેના કારણે દરેક ઝોનના શહેરીજનોને રોજ-બરોજ ઉદ્ભવતાં વોટર, ડ્રેનેજને લગતાં પ્રશ્નોનું નિરાકરણ અસરકારક રીતે આવી શકશે.

સને ૨૦૧૮-૧૯ ના નવા વિકાસ કાર્યો માટે ઝોન પ્રમાણેની બજેટ ફાળવણી

(રૂા. કરોડમાં)

મધ્ય ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
મધ્ય ઝોન કુલ	૬.૦૦	૩.૦૦	૮.૩૫	૪.૧૫	૨૧.૫૦
Special Project by Zone	૧.૦૦	૪.૦૦	૫.૫૦	૫.૫૦	૧૬.૦૦
કુલ	૭.૦૦	૭.૦૦	૧૩.૮૫	૯.૬૫	૩૭.૫૦

ઉત્તર ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
ઉત્તર ઝોન કુલ	૯.૦૧	૫.૭૩	૫.૩૬	૨.૪૦	૨૨.૫૦
Special Project by Zone	૩.૦૦	૮.૭૫	૧૦.૦૦	૧૦.૨૫	૩૨.૦૦
કુલ	૧૨.૦૧	૧૪.૪૮	૧૫.૩૬	૧૨.૬૫	૫૪.૫૦

દક્ષિણ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
દક્ષિણ ઝોન કુલ	૧૨.૭૦	૬.૩૫	૧૨.૨૩	૫.૦૦	૩૬.૨૮
Special Project by Zone	૩.૦૦	૭.૦૦	૭.૦૦	૮.૦૦	૨૫.૦૦
કુલ	૧૫.૭૦	૧૩.૩૫	૧૯.૨૩	૧૩.૦૦	૬૧.૨૮

પૂર્વ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
પૂર્વ ઝોન કુલ	૧૮.૧૬	૫.૭૧	૭.૩૪	૬.૮૦	૩૮.૦૧
Special Project by Zone	૩.૦૦	૭.૭૫	૭.૦૦	૧૦.૨૫	૨૮.૦૦
કુલ	૨૧.૧૬	૧૩.૪૬	૧૪.૩૪	૧૭.૦૫	૬૬.૦૧

પશ્ચિમ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
પશ્ચિમ ઝોન કુલ	૧૩.૬૦	૪.૭૫	૪.૦૫	૪.૩૯	૨૬.૭૯
Special Project by Zone	૨.૦૦	૩.૫૦	૪.૫૦	૧૦.૦૦	૨૦.૦૦
કુલ	૧૫.૬૦	૮.૨૫	૮.૫૫	૧૪.૩૯	૪૬.૭૯

નવા પશ્ચિમ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
નવા પશ્ચિમ ઝોન કુલ	૨૩.૦૧	૨.૫૦	૮.૦૦	૨.૨૦	૩૫.૭૧
Special Project by Zone	૭.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૬.૦૦	૪૩.૦૦
કુલ	૩૦.૦૧	૧૨.૫૦	૧૮.૦૦	૧૮.૨૦	૭૮.૭૧

☞ મૂળભૂત માળખાગત સેવા અને સુવિધાઓ

અમદાવાદ શહેરના નાગરિકો માટે ખૂબ જ આવશ્યક એવી મૂળભૂત માળખાગત સુવિધાઓ જેવી કે વોટર, ડ્રેનેજ, રોડ તથા આરોગ્યની સુવિધા વિગેરે પુરી પાડવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સતત પ્રયત્નશીલ છે.

૧. વોટર પ્રોજેક્ટ

અમદાવાદ શહેરનો હાલનો વિસ્તાર ૪૬૬ ચો.કિ.મી. તથા વસ્તી આશરે ૬૪ લાખ જેટલી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ફરજિયાત સેવાના ભાગરૂપે અમદાવાદના શહેરીજનોને પાણી પુરૂ પાડે છે.અત્યારે હાલમાં અમદાવાદ શહેરમાં ૩૭૪૨ કિ.મી. જેટલી સપ્લાય લાઈન તથા ૩૮૬.૨૦ કિ.મી જેટલી ટ્રન્ક મેઈન લાઈન છે. શહેરમાં હાલમાં ૧૯૬૫ એમ.એલ.ડી સોર્સની ક્ષમતા સામે ૧૨૫૦ એમ.એલ.ડી. નો હાલમાં વપરાશ છે. શહેરમાં હાલ પાણી શુદ્ધિકરણના કોતરપુર, જાસપુર, રાસ્કા, દુધેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૪૫૦ એમ.એલ.ડી. ક્ષમતા સામે હાલમાં ૧૨૫૦ એમ.એલ.ડી. ની ક્ષમતા વપરાશમાં છે.

હાલમાં અમદાવાદ શહેરમાં ૧૯૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન કાર્યરત છે. જેની ભુગર્ભ ટાંકીઓ તથા ઓવરહેડ ટાંકીઓની સંયુકત ક્ષમતા ૧૩૬૬.૦૬ મીલીયન લિટર છે. જેના દ્વારા શહેરીજનોને ૧૪૦ થી ૧૫૦ લિટર પ્રતિ વ્યકિત પ્રતિ દિન પાણી પુરૂ પાડવામાં આવે છે. નોન રેવન્યુ વોટર આશરે ૨૫% થી ૩૦% જેટલુ છે. જેને સમયાંતરે ઘટાડવા માટે પ્લાનીંગ કરવામાં આવેલ છે.

શહેરના વિકાસને કારણે વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને દર વર્ષની જેમ હયાત વોટર સપ્લાય સીસ્ટમને અપગ્રેડ કરવાની કામગીરી આગામી વર્ષના બજેટમાં હાથ ધરવાનું આયોજન કરેલ છે. જે અન્વયે મુખ્યત્વે,

- જુના પમ્પીંગ સ્ટેશન પર પમ્પોની ક્ષમતા ચકાસી જરૂર જણાય ત્યાં અપગ્રેડેશન કરવાનું આયોજન
- જ્યાં નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તૈયાર થયા હોય ત્યાં બોરવેલનો વપરાશ બંધ કરવાનું આયોજન
- નવા વિકસતા વિસ્તારમાં તેમજ સેન્ટ્રલ બીઝનેસ ડિસ્ટ્રીક્ટ (CBD) તેમજ ટ્રાન્ઝીટ ઓરીએન્ટેડ ઝોન (TOZ) ના વિસ્તારમાં ભવિષ્યના વિકાસને ધ્યાને લઈ સર્વેક્ષણ હાથ ધરી કોમ્પ્રીહેન્સીવ વોટર સપ્લાય સિસ્ટમ તૈયાર કરવાનું આયોજન
- ડીસેન્ટ્રલાઈઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન થકી રીસાઈકલીંગ સુઅરેજ વોટરનો વપરાશ કરી શુદ્ધ પાણીની બચત કરવાનું આયોજન
- હાલમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન તથા નેટવર્કની ડીઝાઈન આગામી ૧૦ વર્ષની વસ્તીને ધ્યાને લઈ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું અમલીકરણ ચાલુ વર્ષથી તબક્કાવાર શરૂ કરવાનું આયોજન

૧.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પૂર્ણ થયેલ કામોની વિગત નીચે મુજબ છે.

- શહેરના ઈન્દ્રપુરી, ઘોડાસર, વટવા,ઈસનપુર તથા લાંભા વગેરે વિસ્તારને રાસ્કા સંતરામ જળ શુધ્ધિકરણ પ્લાન્ટનું પાણી પુરૂ પાડવા રૂા.૩૭.૫૨ કરોડના ખર્ચે એકસપ્રેસ હાઈવે - બી.આર. ટી.એસ. જંકશન પાસે હયાત ૨૧૦૦ મીમી વ્યાસની એમ.એસ.રાસ્કા મેઈન્સ સાથે જોડાણ કરી સી.ટી.એમ. થી નારોલ બી.આર.ટી.એસ. રૂટ તથા નારોલથી લાંભા તરફ નેશનલ હાઈવે પર જુદા જુદા વ્યાસની એમ.એસ. પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- કોતરપુર વોટર વર્કસ ખાતે વધારાનો ૨૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂા.૬૧.૯૨ કરોડના ખર્ચે કામ પુર્ણ કરવામાં આવેલ છે.
- નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટરવર્કસ સુધી ૨૦૦૦ મીમી વ્યાસની ટવીન પાઈપલાઈન રૂા.૭૪.૦૩ કરોડના ખર્ચે કામ પૂર્ણ કરવામાં આવેલ છે.
- નવા પશ્ચિમ ઝોનના શીલજ ગામ ખાતે રૂા.૮.૫૯ કરોડના ખર્ચે ૪૫.૪૦ લાખ લિટર ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- નવા પશ્ચિમ ઝોનના ચાણકયપુરી કારગીલ પેટ્રોલ પંપ સામે (એફ.પી.૯૨) રૂા.૧૩.૭૪ કરોડના ખર્ચે ૯૦.૯૦ લાખ લિટર ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાની કામગીરી પૂર્ણ
- ઉત્તર ઝોનમાં નોબલનગર વો. ડી.સ્ટેશન ખાતે રૂા.૨.૬૨ કરોડના ખર્ચે વિસ્તૃતિકરણ કરવા (ક્ષમતા ૫૯.૧૦ લાખ લિટર) કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- દક્ષિણ ઝોનના લાંભા ઈન્દિરાનગર વિભાગ-૧ ખાતે રૂા.૯.૧૦ કરોડના ખર્ચે ૫૪.૫૦ લાખ લિટર ક્ષમતાનું તથા ઈસનપુર ધ્વનિ ટેનામેન્ટ ખાતે રૂા.૧૨.૮૨ કરોડના ખર્ચે ૮૧.૮૦ લાખ લિટર ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- વટવા માટીખાના ખાતે રૂા.૧૩.૭૦ કરોડના ખર્ચે ૬૫.૯૦ લાખ લિટર ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- પૂર્વ ઝોનમાં ઓઢવ વારીગૃહ વો. ડી.સ્ટેશન ખાતે રૂા.૨.૮૩ કરોડના ખર્ચે વિસ્તૃતિકરણ કરવા (ક્ષમતા ૬૩.૬૦ લાખ લિટર) બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- પૂર્વ ઝોનમાં ઇન્દ્રપુરી વોર્ડમાં સી.ટી.એમ. વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના કમ્પાઉન્ડમાં રૂા.૩.૬૯ કરોડના ખર્ચે નવી ૨૪.૦૦ લાખ લિટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ ઊંચાઈવાળી ઓવર હેડ ટાંકી બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

ચાલુ કામો

- ઉત્તર ઝોનમાં સરદારનગર વોર્ડમાં આવેલ ટી.પી. ૬૮ ફા.પ્લોટનં ૩૬ (ઈસ્કોન વિલા) માં રૂા.૧૩.૩૪ કરોડના ખર્ચે ૮૬.૪૦ લાખ લિટર ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ૧૫.૦૦ લાખ લિટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ ઊંચાઈવાળી ઓવરહેડ ટાંકી બનાવવાનું કામ તથા ભીલવાસ વોટર ડીસ્ટ્રી. સ્ટેશન ખાતે ૧૨.૯૦ લાખ લિટર ક્ષમતાનું રૂા.૦.૮૪ કરોડના ખર્ચે વિસ્તૃતિકરણ કરવા
- પૂર્વ ઝોનમાં (૧) રામોલ-હાથીજણ વોર્ડમાં ટીપી ૧૦૭-૧૦૮ (ન્યુ મણિનગર) માં રૂા.૨૨.૧૭ કરોડના ખર્ચે ૧૩૧.૮૦ લાખ લિટર ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ૨૪.૦૦ લાખ લિટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ ઊંચાઈવાળી ઓવરહેડ ટાંકી (૨) નોન ટી.પી. નરોડા સર્વે નંબર ૭૮૪/૧ માં ૧૨૦.૪૦ લાખ લિટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકી તથા ૨૫.૦૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી (૩) વસ્ત્રાલ વોર્ડમાં ટી.પી.૧૧૪ એફ.પી. ૧૩૩ માં અબજીબાપા ફલેટ સામે ૯૫.૪૦ લાખ લિટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકી તથા ૨૫.૦૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી બનાવવાનું કામ
- દક્ષિણ ઝોનમાં દાણીલીમડા વોર્ડમાં દાણીલીમડા ગામ પાસે આવેલ ટી.પી.૩૭/૪, ફા. પ્લોટ ૭૮ (એકતાનગર) માં રૂા.૩.૮૬ કરોડના ખર્ચે નવી ૨૫.૦૦ લાખ લિટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ ઊંચાઈવાળી ઓવરહેડ ટાંકી બનાવવાનું કામ
- નવા પશ્ચિમ ઝોનમાં સરખેજ વોર્ડમાં ટીપી ૮૪/એ ફા.પ્લોટ ૯૪ (પોલીસ લાઈન સામે) માં રૂા.૨૪.૯૯ કરોડના ખર્ચે ૧૬૩.૬૦ લાખ લિટર ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ૨.૭ મીલીયન લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ ઊંચાઈવાળી ઓવરહેડ ટાંકી (૨) એ.પી.એમ.સી. માર્કેટ નવા પશ્ચિમ ઝોનમાં સરખેજ વોર્ડમાં ટીપી ૮૪/એ ફા.પ્લોટ ૯૪ માં ૯૦.૯૦ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકી બનાવવાંનું કામ
- પશ્ચિમ ઝોનમાં રાણીપ બસ સ્ટેન્ડ પાસે ₹.૯.૧૭ કરોડના ખર્ચે ૬૮ લાખ લિટર તથા ચાંદખેડા સંતોષનગર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે ₹.૧૧.૪૮ કરોડના ખર્ચે ૫૨ લાખ લિટર ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા નારણપુરા પ્રગતિનગર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે ₹.૭.૪૫ કરોડના ખર્ચે પંપહાઉસ સાથે વિસ્તૃતિકરણ કરી ૩૬.૪૦ લાખ લિટર ક્ષમતાવાળું બનાવવાનું કામ

૧૩મા નાણાં પંચના કામો :

ચાલુ કામો

- પશ્ચિમ ઝોનમાં ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડના પ્લોટમાં ખાતે રૂા.૧૪.૭૮ કરોડના ખર્ચે ૧૧૩.૬૦ લાખ લિટર ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાની કામગીરી

✯ **૧૪મા નાણાં પંચના કામો :**

પૂર્ણ કામો

❀ નવા પશ્ચિમ ઝોનમાં જોધપુર વોર્ડમા ટી.પી.૨૦૪ ફા.પ્લોટ નં.૪૪૪ મુમતપુરા ગામ ખાતે રૂા.૧૦.૨૦ કરોડના ખર્ચે ૫૯.૦૦ લાખ લિટર ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

ચાલુ કામો

❀ દક્ષિણ ઝોનમાં લાંભા વોર્ડમાં બી.આર.ટી.એસ. વર્કશોપ પાસે ટી.પી.૩૮/૧, દાણીલીમડા પૂર્વના એફ.પી.નં.૩૫ માં ૭૨.૭૦ લાખ લીટર ક્ષમતાનું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનુ કામ

➞ **૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના :**

રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરની ખાનગી સોસાયટીઓમાં ઓછા ખર્ચે સારી માળખાકિય સુવિધાઓ મળી શકે તે હેતુથી જનભાગીદારીથી રસ્તા, સ્ટ્રીટ લાઈટ તેમજ પાણીની પાઈપ લાઈનના કામો માટે સહાય આપવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૭૦% ગ્રાન્ટ તેમજ કોર્પોરેશન દ્વારા ૧૦% ખર્ચ ભોગવવાનો થાય. જ્યારે જે-તે સોસાયટીએ માત્ર ૨૦% નો ખર્ચ કરવાનો થાય. આમ ખૂબ ઓછા ખર્ચામાં જે-તે સોસાયટીને મૂળભૂત માળખાકિય સુવિધાઓ મળે તે માટે અત્યાર સુધીમાં પાણીની યોજના હેઠળ સામાન્ય વિસ્તાર માટે કુલ ૫૬૦ સોસાયટીઓના કુલ ₹.૨૬.૨૨ કરોડની મંજૂરી અંતર્ગત ૫૨૧ સોસાયટીના કામો ₹.૧૫.૨૪ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૩૪ સોસાયટીના કામો ₹.૦.૩૭ કરોડના ખર્ચે કામગીરી પ્રગતિ હેઠળ છે. વધુમાં ગરીબ અને પછાત વિસ્તાર માટે કુલ ૩૫ સોસાયટીઓના કુલ ₹.૧.૮૭ કરોડની મંજૂરી અંતર્ગત ૨૬ સોસાયટીના કામો ₹.૧.૬૮ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. આમ ડીસેમ્બર-૨૦૧૭ સુધીમાં એકંદરે કુલ ૫૯૫ સોસાયટીઓ પૈકી ૫૪૭ સોસાયટીના કામો ₹.૧૬.૯૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૩૪ સોસાયટીના ₹.૦.૩૭ કરોડના કામ પ્રગતિ હેઠળ છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત વોટર પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૮૭.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૮૭.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧.૨ અમૃત (Atal Mission for Rejuvenation and Urban Transformation)

ચાલુ કામ :

➞ વૈષ્ણોદેવી ઈ.એસ.આર. થી ભાડજ, શીલજ અને ઓગણજ (અંદાજીત ૩૦ કિ.મી.) સુધી એમ.એસ. ડી.આઈ. પાઈપ લાઈન :

નવા પશ્ચિમ ઝોનમાં વૈષ્ણોદેવી ચાર રસ્તાથી શાંતીપુરા સર્કલ સુધી સરદાર પટેલ રીંગ રોડ (એસ.પી. રીંગ રોડ) સમાંતર હાલમાં રેશીડેન્શીયલ તથા કોમર્શીયલ ડેવલપમેન્ટ ચાલુ છે. આ વિસ્તારમાં જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આધારિત શુધ્ધ પાણી પુરૂ પાડવા માટે વૈષ્ણોદેવી ઓવરહેડ ટાંકીથી સરદાર પટેલ રીંગ રોડને સમાંતર આવેલ ભાડજ, ઓગણજ, શીલજ પાસેના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લીમીટમાં સાણંદ સર્કલ સુધી માઈલ્ડ સ્ટીલ પાઈપ લાઈન નાંખવાનુ આયોજન કરવામાં આવેલ છે. આ પાઈપ લાઈન નાંખવાથી એસ.પી. રીંગ રોડની આજુ-બાજુ આવેલ વિસ્તારમાં ટ્રીટેડ વોટર સપ્લાય કરવાની વ્યવસ્થા ઉભી કરી શકાશે. સદર કામનો રૂા.૧૩૩.૦૦ કરોડનો ડી.પી.આર. અમૃત યોજના હેઠળ મંજુર થયેલ છે.

➞ અમદાવાદ શહેરમાં જુદા-જુદા સ્થળોએ ૫ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન :

અમૃત યોજના હેઠળ અમદાવાદ શહેરમાં જુદા-જુદા ઝોનમાં ૫ નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા માટે ₹.૯૦.૦૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર થયેલ તે અંતર્ગત ચાલુ કામની વિગતો નીચે મુજબ છે.

(૧) પુર્વ ઝોન નિકોલ વોર્ડમાં ટી.પી.૧૧૯, એફ.પી.૧૯૨ (ભોજલ ગામ)માં ૧૬૮.૨૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકી તથા ૨૪.૦૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી અંદાજીત રૂા.૨૩.૮૦ કરોડના ખર્ચે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

(૨) ઉત્તર ઝોનના સરદારનગર વોર્ડમાં ટી.પી-૯૯, એફ.પી.૧૨૮ માં ૮૬.૪૦ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકી તથા ૨૧.૪૦ લાખ લીટર ક્ષમતાની ૧૮ મીટર સ્ટેજીંગ હાઈટની ઓવરહેડ ટાંકી અંદાજીત રૂા.૧૭.૦૩ કરોડના ખર્ચે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

(૩) પુર્વ ઝોન ઓઢવ વોર્ડમાં ટી.પી.૨, એફ.પી.૬૩ માં ૧૦૪.૫૦ લાખ લીટર ક્ષમતાની પંપ હાઉસ, ભૂગર્ભ ટાંકી તથા ૨૪.૦૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી (ઓઢવ રોડ સ્ટોર) અંદાજીત રૂા.૧૮.૦૬ કરોડના ખર્ચે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

(૪) પશ્ચિમ ઝોન સરખેજ વોર્ડ ખાતે બળીયાદેવ મંદિર પાસે ફતેહવાડી રેસ.નં.૪૮૪ માં ૯૦.૯૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકી તથા ૧૬.૫૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી અંદાજીત રૂા.૧૭.૪૨ કરોડના ખર્ચે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

(૫) નવા પશ્ચિમ ઝોનમાં ત્રાગડ ટી.પી.૬૯, એફ.પી.૩૦૯ ખાતે ૧૨૦.૪૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકી તથા ૨૪.૦૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી અંદાજીત રૂા.૧૯.૨૯ કરોડના ખર્ચે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

આયોજનના કામો

➞ **પૂર્વના શહેરી વિસ્તારમાં કોતરપુર વોટર વર્કસ ખાતે ૩૦૦ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા અને PSLL અને વોટર સપ્લાય માટે એમ.એસ. પાઈપ લાઈનનું જોડાણ :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ, ઉત્તર અને દક્ષિણ વિસ્તારોમાં નવા રેસીડેન્શીયલ તથા કોમર્શીયલ ડેવલપમેન્ટ થઈ રહેલ છે. જેથી આ વિસ્તારોની હાલની તથા ભવિષ્યની પાણીની જરૂરીયાતાને પહોંચી વળવા તથા આ વિસ્તારોમાં નર્મદાનુ ટ્રીટેડ વોટર સપ્લાય કરવા માટે કોતરપુર વોટર વર્ક્સ ખાતે નવો ૩૦૦ એમ. એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનુ આયોજન કરેલ છે. આ ઉપરાંત કોતરપુર વોટર વર્કસથી હંસપુરા થઈ ઓઢવ સુધી રીંગ રોડને સમાંતર પાણીની ટ્રન્ક મેઈન લાઈન નાંખવાનુ પણ આયોજન કરેલ છે. જેના મારફતે નોર્થ- ઈસ્ટ સાઈડ નવા ડેવલપ થતા વિસ્તારમાં બનાવવામાં આવનાર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનને પાણીનો પુરવઠો પુરો પાડી શકાશે.

અમૃત યોજના હેઠળ વોટર પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૩૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૩૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧.૩ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

પૂર્ણ થયેલ કામો

❀ દક્ષિણ ઝોનમાં ઈન્દિરાનગર વિભાગ - ૨ ખાતે રૂા.૧૦.૬૯ કરોડના ખર્ચે નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન (૭૭.૩૦ લાખ લીટર ક્ષમતા) (૨) લાંભા સોહંગ હીલ ખાતે રૂા.૧૪.૭૦ કરોડના ખર્ચે નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન (૭૨.૭૦ લાખ લીટર ક્ષમતા) (૩) લાંભા શ્રીનાથ રેસીડન્સી ખાતે રૂા.૧૪.૦૦ કરોડના ખર્ચે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન (૭૫.૦૦ લાખ લીટર ક્ષમતા) બનાવવાનું કામ પૂર્ણ થયેલ છે.

ચાલુ કામો

❀ કોતરપુર વોટર વર્કસ ખાતે રો-વોટર પંપહાઉસ તથા ૨૫૦૦ મીમી વ્યાસની રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાનું કામ રૂા.૧૪.૩૨ કરોડના ખર્ચે કામગીરી ચાલુ

❀ કુબેરનગરમાં જી-વોર્ડમાં વોટર ડીસ્ટી. સ્ટેશન ખાતે ૪૦.૯૦ લાખ લીટર ક્ષમતાનું વિસ્તૃતીકરણ

❀ ઉત્તરઝોનના બાપુનગર વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે ૪૫.૪૦ લાખ લીટર ક્ષમતાનું વર્ટીકલ ટર્બાઈન પ્રકારના પમ્પ હાઉસ સાથે ભૂગર્ભ ટાંકી બનાવવાની કામગીરી ચાલુ

❀ દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં સપ્તઋષી વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે નવી ૪૩.૨૦ લાખ લીટર ક્ષમતાની પંપ હાઉસ સાથેની ભૂગર્ભ ટાકી તથા ફેઝ-૨ માં ૫૦ હજાર લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી બનાવવાની કામગીરી ચાલુ

- પૂર્વ ઝોન નિકોલ વોર્ડમાં નિકોલ લીલાનગર ખાતે ૨૫.૦૦ લાખ લીટર ક્ષમતા વાળી ૨૪ મીટર હાઈટવાળી ઓવર હેડ ટાંકી બનાવવાની કામગીરી ચાલુ
- વોટર પ્રોજેકટ અંતર્ગત પૂર્વઝોનના ગોમતીપુરવોર્ડમાં આવેલ સીલ્વર કોટન વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે ૨૭.૩૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકી તથા વર્ટીકલ ટર્બાઈન પ્રકારનું પમ્પ હાઉસ બનાવવાની કામગીરી ચાલુ
- નવા પશ્ચિમ ઝોન ગોતા વોર્ડમાં આવેલ ટી.પી.૫૬ ફા.પ્લોટ નં.૨૮૨ માં સોલા ભાગવત વિધાપીઠ પાસે ૮૯.૨૦ લાખ લીટર ક્ષમતાની પંપ હાઉસ સાથેની ભુર્ગભ ટાંકી તથા ૨૪.૦૦ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટની ઓવરહેડ ટાંકી બનાવવાના સિવિલ, ઈલેક્ટ્રીક-મીકેનીકલ નેટવર્ક ફીડર લાઈન વિગેરે સહિતનું કામ

→ જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અપગ્રેડેશન :

જાસપુર ગામ પાસે ઔડા દ્વારા સને ૨૦૦૪માં બનાવવામાં આવેલ ૨૭૫ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ લામેલા ક્લેરીફાયર ટેક્નોલોજી આધારીત છે. સદર પ્લાન્ટને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અન્ય સફળ કાર્યરત ટ્રીટમેન્ટ પ્લાન્ટ ટેક્નોલોજી આધારીત કન્વેન્શનલ ક્લેરીફાયરમાં કન્વર્ટ કરી ચોમાસા દરમ્યાન આવતી ૫૦ થી ૬૦ NTU જેટલી ટર્બીડીટી વાળા રો-વોટરનું શુધ્ધીકરણ કરી ૧ થી ૨ NTU જેટલી ગુણવત્તાવાળુ ક્લીયર વોટર મેળવવાનું કામ રૂા.૩૦.૦૦ કરોડના ખર્ચે કામગીરી ચાલુ છે.

આયોજન હેઠળના કામો

→ નવા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા/હયાત વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન વિસ્તૃતિકરણ :

નવા સમાવિષ્ટ વિસ્તારમાં ટ્રીટેડ વોટર પુરૂ પાડવા પાણીના નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા તથા હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનું વિસ્તૃતિકરણ કરી સ્ટોરેજ કેપેસીટી વધારવા તથા વોટર પાઈપલાઈનનું નવુ નેટવર્ક નાંખવા તથા હયાત નેટવર્કમાં જરૂરી સુધારા વધારા કરવા વગેરે કામગીરી કરવાની થાય છે.

અ.નં.	વિગત	ક્ષમતા	સંખ્યા
૧	હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતેની ભુગર્ભ ટાંકી તથા ઓવરહેડની સંયુકત સ્ટોરેજ કેપેસીટી	૧૩૬૬.૦૬ એમ.એલ.	૧૯૨
૨	હાલમાં કામ ચાલુ હોય તેવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન થકી વધનાર સ્ટોરેજ કેપેસીટી	૨૧૬.૧૪ એમ.એલ.	૨૪
૩	હાલમાં કરેલ આયોજન થકી વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની વધનાર સ્ટોરેજ કેપેસીટી	૧૫૦ એમ.એલ.	૧૯

- મધ્યઝોનમાં દુધેશ્વર વોટર વર્કસ ખાતે તથા રાયખડ વોર્ડમાં લાલ દરવાજા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે રૂા.૫.૦૦ કરોડના ખર્ચે ઓગમેન્ટેશન કરવા
- ઉત્તર ઝોનમાં રૂા.૭૭.૦૦ કરોડના ખર્ચે (૧) નરોડા મુઠીયા વોર્ડમાં ટી.પી.નં.૧૦૯, એફ.પી.નં.૯૯ હંસપુરા દહેગામ રોડ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ (૨) નરોડા વોર્ડમાં સાંદીપની સ્કુલની સામે આવેલ ટી.પી.૧૨૧, ફા. પ્લોટ ૧૫૩ માં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા તથા ત્રણ હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઓગમેન્ટેશન કરવા
- દક્ષિણ ઝોનમાં રૂા.૫૮.૦૦ કરોડના ખર્ચે (૧) મણીનગર વોર્ડમાં પ્રકાશનગર (ઉત્તમનગર) વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે નવી ઓવરહેડ ટાંકી બનાવવા (૨) વટવા વોર્ડમાં નવા વિંઝોલ વિસ્તારમાં જામીયા પીરના ટેકરા પાસે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૩) ખોખરા વોર્ડમાં કામદાર કલ્યાણ મેદાન હાઉસીંગ બોર્ડમાં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાં (૪) વટવા નિગમ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં ઓવરહેડ ટાંકી બનાવવા/જરૂરી ઓગમેન્ટેશન (૫) બી.આર.ટી.એસ. વર્કશોપ ખાતે ઓવરહેડ ટાંકી (૬) વટવા વોર્ડમાં પી.ડી.પંડયા કોલેજની આસપાસ નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા તથા રૂા.૨૧.૫૦ કરોડના ખર્ચે છ હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઓગમેન્ટેશન કરવા
- પૂર્વ ઝોનમાં રૂા.૮૮.૫૦ કરોડના ખર્ચે (૧) વસ્ત્રાલ ટી.પી.૧૧૩ એફ.પી. ૨૨૫ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૨) નિકોલ વોર્ડમાં રીંગ રોડ પર નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૩) કાશીબાનગર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે નવી ઓવરહેડ ટાંકી બનાવવી (૪) હાટકેશ્વર-ભાઈપુરા વોર્ડમાં ધીરજ હાઉસીંગ બોર્ડમાં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૫) ઓઢવ અંબિકાનગર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે નવી ઓવરહેડ ટાંકી બનાવવી (૬) ઓઢવ વારીગૃહ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે નવી ઓવરહેડ ટાંકી બનાવવી તથા જુદી-જુદી જગ્યાએ વિસ્તૃતિકરણ કરવા
- પશ્ચિમ ઝોનમાં રૂા.૯૦.૦૦ કરોડના ખર્ચે ૧૦ નવા કામો (૧) ચાંદખેડા વોર્ડમાં ન્યુ સી.જી.રોડની આસપાસના વિસ્તારમાં પાણી પુરૂ પાડવા ટી.પી.નં.૪૪, એફ.પી.૨૩૭ પાસે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૨) ચાંદખેડા વોર્ડમાં આઈ.ઓ.સી.રોડની આસપાસના વિસ્તારમાં પાણી પુરૂ પાડવા ટી.પી.નં.૬૯, એફ.પી.૩૩૫ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૩) નારણપુરાના ગ્રીન બેલ્ટના પટ્ટામાં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ (૪) સાબરમતી જવાહર ચોક અર્હમ ફલેટની સામે ટી.પી સ્કીમ નં.૨૩, એફ.પી.૯૦૨ માં નવું

વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૫) નવરંગપુરા વોર્ડમાં વી.એસ. હોસ્પિટલ કંપાઉન્ડમાં આવેલ હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનું વિસ્તૃતિકરણ (૬) નારણપુરા વોર્ડમાં શાસ્ત્રીનગર ખાતે હાઉસીંગ બોર્ડના પ્લોટમાં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૭) વાડજ સર્કલ મહેસાણા સોસાયટી પાસે / અથવા અન્ય ઉપલબ્ધ પ્લોટમાં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા તથા રૂા.૨૮.૦૦ કરોડના ખર્ચે જુદા-જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનું ઓગમેન્ટેશન તથા ઓવરહેડ ટાંકી બનાવવા (૮) પાલડી વોર્ડમાં ભગવાનનગરનો ટેકરો, દીપકુંજ સોસાયટી, રાજનગર સોસાયટી આસપાસના વિસ્તારોમાં પાણીની સમસ્યા હલ કરવા પાણીની ટાંકી બનાવવાનું કામ (૯) નવા વાસણા વિસ્તારમાં પાણીનું પ્રેશર સુધારવા રજવાડુની સામે આવેલ બંધ ટાંકી ચાલુ કરાવવાનું કામ (૧૦) વાસણા વિસ્તારમાં જવાહરનગરમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનની આવેલ પાણીની ટાંકીનું સ્ટ્રેન્થનીંગનું કામ

❀ નવા પશ્ચિમ ઝોનમાં રૂા.૧૧૫.૦૦ કરોડના ખર્ચે (૧) વૈષ્ણોદેવી ખાતે નવી ઓવરહેડ ટાંકી બનાવવા (૨) ઘાટલોડીયા વોર્ડમાં ટી.પી.૨, એફ.પી.૫૧ ઘાટલોડીયા વોર્ડ ઓફિસ સામે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૩) સરખેજ ટી.પી. ૮૫ એફ.પી. ૯૮ અંબર ટાવર વિસ્તારમાં નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૪) થલતેજ વોર્ડમાં થલતેજ ફાયર સ્ટેશન પાસે આવેલ ટી.પી.૩૭, ફા.પ.૧૭૭ માં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૫) બોડકદેવ વોર્ડમાં રાજપથ કલબ પાછળ ટી.પી-૫૦, ફા.પ.-૩૮૪ માં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૬) થલતેજ વોર્ડમાં ટી.પી.૨ એફ.પી. ૧૦૦/પી સુરધારા સર્કલ પાસે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૭) ગોતા વોર્ડમાં ટી.પી. ૩૨ ફા.પ્લોટ નંબર ૧૭૦ માં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા (૮) ચાંદલોડીયા વોર્ડમાં ચેનપુર ક્રોસીંગ આસપાસ નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા તથા રૂા.૪.૦૦ કરોડના ખર્ચે હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનું ઓગમેન્ટેશન કરવાનું આયોજન હાથ ધરેલ છે.

➞ વોટર રિઝર્વોયર :

અમદાવાદ શહેરમાં શહેરીજનોને પુરો પાડવામાં આવતો મહત્તમ પાણી પુરવઠો નર્મદા મેઈન કેનાલમાંથી લેવામાં આવે છે. શહેરીજનોને નિયમિત પાણી પુરવઠો મળી રહે તે હેતુસર સદરહુ મેઈન કેનાલની જાળવણી અંગે તથા ભવિષ્યમાં બ્રેકડાઉન થાય તો પાણીના પુરવઠાને માઠી અસર ન પડે તે મુજબનું આયોજન કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આ સંજોગોમાં શહેરીજનો માટે ૧૦ થી ૧૫ દિવસ પીવાના પાણીનો સંગ્રહ કરવાની શક્યતાઓ ચકાસી કોતરપુર વોટર વર્કસના પાછળના ભાગમાં સાબરમતી નદી ઉપર બેરેજ બનાવી પાણીનો સંગ્રહ કરવાની

શક્યતાઓ ચકાસવાની કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ બેરેજ બનાવવાથી પશ્ચિમ બાજુના સાબરમતીના અચેર વિસ્તારને તથા પૂર્વ બાજુના હાંસોલ વિસ્તારને જોડતો બ્રીજ તરીકે શહેરીજનો ઉપયોગ કરી શકે તે અંગેનું પણ આયોજન કરવામાં આવેલ છે. સદર વોટર રિઝર્વોયરથી નર્મદા મેઈન કેનાલના ઉપસ્થિત થતાં બ્રેક ડાઉનના સંજોગોમાં પણ શહેરીજનોને કોઈપણ કાપ વગર પાણી પુરવઠો નિયમીતરૂપે મળી રહેશે. સદરહુ વોટર રિઝર્વોયર અંદાજીત ₹.૨૦૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે. જે માટે પ્રારંભિક તબક્કે સને ૨૦૧૭-૧૮ માં ₹.૧૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ, તે જ પ્રમાણે સદર કામને આગળ વધારવા સને ૨૦૧૮-૧૯ માં રૂા.૧૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ રેઈન વોટર હાર્વેસ્ટીંગ :

વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મીંગ તથા ક્લાઈમેટની સમસ્યા સમગ્ર વિશ્વ પર સંકટ બનીને આવી છે, જેના કારણે પ્રાકૃતિક સંશાધનોની અપ્રાપ્યતા તથા તેના અસંતુલનથી ઘણી સમસ્યાઓ ઉભરીને આવી છે.

હાલમાં શહેરીકરણનો વ્યાપ જેમ-જેમ વધી રહ્યો છે તેમ-તેમ શહેરી વિસ્તારમાં વરસાદી પાણી શોષાય તેવા ભૂ-વિસ્તારમાં ઘટાડો થઈ રહ્યો છે તેમજ વપરાશ યોગ્ય ચોખ્ખા પાણીની માંગમાં વધારો થઈ રહ્યો છે. સદર સમસ્યાના નિવારણ માટે ભૂગર્ભજળ રીચાર્જ માટે વિવિધ વિસ્તારોમાં ભૂગર્ભજળ રીચાર્જ કરવાના પરકોલેટીંગ વેલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમના ભાગરૂપે પરકોલેટીંગ વેલ બનાવી જમીનમાં વરસાદી પાણી નીચે ઉતારી જમીનનું ગ્રાઉન્ડ વોટર લેવલ ઊંચુ કરી શકાશે. રેઈન વોટર હાર્વેસ્ટીંગ દ્વારા સંગ્રહ કરવામાં આવેલ પાણીનો જે-તે બિલ્ડીંગમાં લેન્ડસ્કેપીંગ, સાફ-સફાઈ તથા અન્ય ઘરેલુ ઉપયોગ કરી શકાશે. જે અંતર્ગત આગામી વર્ષમાં એક લાખ મકાનોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગથી પાણી ભૂગર્ભમાં ઉતારી ભૂગર્ભ પાણીનું લેવલ ઊંચું લાવવાનું આયોજન છે. સદર અભિયાનમાં કોર્પોરેશનની મિલકતો, શાળાઓ તેમજ સરકારશ્રીની તમામ મિલકતો પણ આવરી લેવાનું આયોજન છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આમ, કોર્પોરેશન ફંડના વોટર પ્રોજેક્ટના કામો માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૭૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧૪૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

વોટર પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨૦૦.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૩૭૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨. ડ્રેનેજ પ્રોજેક્ટ

અમદાવાદ શહેરમાં સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઇનો વર્ષોથી હયાત છે તેમાં સમયાંતરે શહેરની જરૂરીયાત મુજબ સુધારો વધારો થતો રહે છે. હાલમાં શહેરની ૯૫ % વસ્તી અને ૯૦ % જેટલા વિસ્તારને ડ્રેનેજ નેટવર્કથી આવરી લેવામાં આવેલ છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સમાવિષ્ટ વિસ્તારોના થયેલ વધતાં વિકાસના કારણે ડ્રેનેજ નેટવર્ક તેમજ સ્ટોર્મ વોટર નેટવર્કમાં નોંધપાત્ર વધારો કરવામાં આવેલ છે. હાલમાં શહેર કુલ ડ્રેનેજ નેટવર્ક ૨૫૮૮ કિ.મી. લંબાઇ તથા સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક ૯૩૦ કિ.મી. લંબાઇ ધરાવે છે. આગામી વર્ષોમાં શહેરના લગભગ ૧૦૦ % વિસ્તારને ડ્રેનેજ સુવિધાથી સાંકળી લેવાનું આયોજન છે.

➞ ડ્રેનેજ લાઈન, પંપીંગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

અમદાવાદ શહેરમાં હાલમાં સરેરાશ રોજનો ૮૫૦ એમ.એલ.ડી. જેટલો સુએજ જનરેટ થાય છે. શહેરમાં કુલ ૫૯ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન અને ૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ હયાત છે. જેની ટ્રીટમેન્ટની ક્ષમતા ૮૧૭ એમ.એલ.ડી. ની છે. જે પૈકી નદીની પશ્ચિમ તરફ ૪૦૧ એમ.એલ.ડી. અને પૂર્વ તરફ ૪૧૬ એમ.એલ.ડી. સુએજ ટ્રીટ થાય છે.

શહેરના જુદા-જુદા વિસ્તારમાં ડ્રેનેજ બેકીંગની સમસ્યા દૂર કરવા માટે ડ્રેનેજ પ્રોજેકટ ખાતા દ્વારા મુખ્યત્વે નવા ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવા, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નવા બનાવવા, નવી રીલીફ સુઅર ટ્રન્ક લાઇન નાંખવા, ડ્રેનેજ ડીશીલ્ટીંગ તેમજ જુની લાઈનોનું રીહેબીલીટેશન તથા નવા સમાવેશ થયેલ અને ડ્રેનેજના ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધા વિગેરેના વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાની તથા સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી તેમજ તળાવોના વિકાસની કામગીરી કરવામાં આવે છે. જેથી શહેરના નાગરીકોને પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની સાથો-સાથ આજના વ્યસ્ત જીવનમાં આનંદ-પ્રમોદના સ્થળો મળી શકે તેમજ વરસાદી પાણીનો સંગ્રહ થઇ શકે.

૨.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

પૂર્ણ થયેલ કામ

- ❀ મધ્ય ઝોનમાં મીરઝાપુર ત્રણ ખુણીયા બગીચા તથા ગિરધરનગર માકુભાઈના છાપરા પાસે નવુ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ રૂા.૧૪.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
- ❀ પશ્ચિમ ઝોનમાં આર.એ.એફ. થી પાંજરા પોળ સુધી મેઈન ટ્રંક લાઇન નાંખવાની કામગીરી રૂા.૭.૦૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
- ❀ ઉત્તર ઝોનમાં નોબલનગર ખાતે નવુ ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ રૂા.૬.૦૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

હાલમાં ચાલુ કામોની વિગત

- પૂર્વ ઝોનમાં વિંઝોલ ખાતે ૩૫ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી રૂા.૭૦.૭૭ કરોડના ખર્ચે ચાલુ છે.
- દક્ષિણ ઝોન લાંભા વોર્ડમાં ૧૭.૫૦ એમ.એલ.ડી. પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ રૂા. ૬.૬૬ કરોડના ખર્ચે ચાલુ છે તેમજ ડ્રેનજ નેટવર્ક ની કામગીરી રૂા. ૬.૪૪ કરોડના ખર્ચે ચાલુ છે.
- પૂર્વ ઝોનમાં મણીયાર ટ્રેલરથી બાપુનગર ચાર રસ્તા સુધી સુએજ લાઇનની રીહેબીલીટેશનની કામગીરી રૂા. ૧૦.૮૪ કરોડના ખર્ચે ચાલુ છે.

→ ગોતા-ગોધાવી કેનાલ ડેવલપ કરવાના કામ :

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન તથા ઔડા વિસ્તારમાંથી પસાર થતી ૧૬.૪૬ કિ.મી. લંબાઇ પૈકી અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની ૮.૪૬ કિ.મી. તથા ઔડા વિસ્તારની ૮.૦૦ કિ.મી. લંબાઇની ગોતા ગોધાવી કેનાલનું ડેવલપમેન્ટ હાલમાં ચાલુ છે. જેમાં રહેણાંકવાળા વિસ્તારમાં બોક્ષ ટાઇપ બંધ સ્ટ્રકચર તેમજ અન્ય ભાગમાં તળિયે વરસાદી પાણી ઉતારવા ખુલ્લી રાખીને કેનાલ લાઇનીંગનું કામ ચાલી રહેલ છે. જેમાં રોડ પ્રોજેકટ તરફથી રોડ બનાવવાની કામગીરી થનાર છે. ડ્રેનેજ પ્રોજેકટ તરફથી પેકેજ-૧ અને ૨ ની રૂા.૪૦.૨૭ કરોડની કામગીરી પુરી થયેલ છે.જયારે પેકેજ-૩ અંતર્ગત બોક્ષ બનાવવાની તથા પેકેજ-૪ અને પેકેજ-૫ અંતર્ગત કેનાલ લાઈનીંગની કામગીરી રૂા.૪૭.૭૪ કરોડની કામગીરી હાલમાં ચાલુ છે. આ માટે રાજ્ય સરકાર તરફથી રૂા.૮૦.૦૦ કરોડ સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત મળેલ છે જ્યારે ઔડા તરફથી રૂા.૪૫.૦૦ કરોડની નાણાકીય સહાય મળનાર છે.

ગોતા-ગોધાવી કેનાલ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૨૪.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૨૦.૦૦કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આયોજન હેઠળના કામો

- ઉત્તર ઝોનના બાપુનગર ચાર રસ્તા સુએજ લાઇનને રીહેબીલીટેશનની ₹.૧૧.૦૦ કરોડના ખર્ચે થનાર કામગીરીના કારણે સદર લાઇનની ડ્રેનેજ વહનની ક્ષમતામાં વધારો થશે.
- નવા પશ્ચિમ ઝોનના સરખેજ વોર્ડમાં ટી.પી.૮૬,૮૭ અને ૨૦૪ માં ₹.૩૦.૦૦ કરોડના ખર્ચે ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું આયોજન કરવામાં આવનાર છે.

→ ૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના :

રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરની ખાનગી સોસાયટીઓમાં ઓછા ખર્ચે સારી માળખાકિય સુવિધાઓ મળી શકે તે હેતુથી જનભાગીદારીથી રસ્તા, સ્ટ્રીટ લાઈટ તેમજ પાણીની પાઈપ લાઈનના કામો માટે સહાય આપવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર

દ્વારા ૭૦% ગ્રાન્ટ તેમજ કોર્પોરેશન દ્વારા ૧૦% ખર્ચ ભોગવવાનો થાય. જ્યારે જે-તે સોસાયટીએ માત્ર ૨૦% નો ખર્ચ કરવાનો થાય. આમ ખૂબ ઓછા ખર્ચામાં જે-તે સોસાયટીને મૂળભૂત માળખાકિય સુવિધાઓ મળે તે માટે અત્યાર સુધીમાં ડ્રેનેજની યોજના હેઠળ સામાન્ય વિસ્તાર માટે કુલ ૮૧ સોસાયટીઓના કુલ ₹.૫.૨૨ કરોડની મંજૂરી અંતર્ગત ૬૧ સોસાયટીના કામો ₹.૨.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૪ સોસાયટીના કામો ₹.૦.૧૫ કરોડના ખર્ચે કામગીરી પ્રગતિ હેઠળ છે. વધુમાં ગરીબ અને પછાત વિસ્તાર માટે કુલ ૧૮ સોસાયટીઓના કુલ ₹.૦.૯૦ કરોડની મંજૂરી અંતર્ગત ૧૪ સોસાયટીના કામો ₹.૦.૩૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. આમ ડીસેમ્બર-૨૦૧૭ સુધીમાં એકંદરે કુલ ૯૯ સોસાયટીઓ પૈકી ૭૫ સોસાયટીના કામ ₹.૨.૮૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૪ સોસાયટીના ₹.૦.૧૫ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૩.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

✯ **૧૪મા નાણાં પંચના કામો :**

ચાલુ કામો

❀ લાંભાવોર્ડમાં લાંભા ગામતળાવ પાસે ૫ એમ.એલ.ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી રૂા.૧૨.૭૦ કરોડના ખર્ચે હાલમાં ચાલુ છે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત ડ્રેનેજ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૮૭.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૮૭.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨.૨ અમૃત (Atal Mission for Rejuvenation and Urban Transformation)

અમૃત યોજના અંતર્ગત ₹.૩૩૭.૦૦ કરોડના ખર્ચે પશ્ચિમ બાજુએ ૧ તથા પૂર્વ બાજુએ ૩ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

ચાલુ કામ

→ **૬૦ એમ.એલ.ડી. એસ.ટી.પી. જલવિહાર - વાડજ :**

હયાત ટ્રન્ક મેઇન અને એસ.ટી.પી. માં સુએજનું ભારણ ઘટાડવા માટે રૂા.૮૩.૩૩ કરોડના ખર્ચે પશ્ચિમ ઝોનમાં જુનાવાડજ જલવિહાર ખાતે ચંદ્રભાગા નાળાના છેડે ૬૦ એમ.એલ.ડી. ક્ષમતાનો એસ.બી.આર. ટેકનોલોજી આધારીત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમૃત યોજના હેઠળ બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. ચંદ્રભાગાના નાળામાં કાળીગામ તરફથી તેમજ મહેસાણા સોસાયટી તરફથી ખુલ્લામાં આવતા સુએજ ફલોને સદર એસ.ટી.પી માં ડાયવર્ટ કરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરેલ પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવશે. સદર એસ.ટી.પી. પ્લાન્ટ બનવાને કારણે પશ્ચિમ ઝોનમાં જૂના વાડજ, નવા વાડજ તથા આસપાસના વિસ્તારમાં ડ્રેનેજ બેકીંગના પ્રશ્નોમાં રાહત મળશે. આ કામગીરી આગામી વર્ષ દરમ્યાન પૂર્ણ કરવામાં આવશે.

➞ શાહપુર શંકર ભુવન ખાતે ૨૫ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

શહેરના મધ્યઝોન વિસ્તારમાંથી પસાર થતી દીલ્હી ચકલાથી શાહપુર થઇ નદી તરફ જતી સ્ટોર્મ વોટર ડ્રેઇનમાં આવતા સુએજ ફલોને ટ્રીટમેન્ટ કરી નદીમાં છોડવા માટે રૂા.૪૦.૭૫ કરોડના ખર્ચે મધ્ય ઝોનમાં શાહપુર શંકર ભુવનના છાપરા પાસે ૨૫ એમ.એલ.ડી. ક્ષમતાનો એસ.બી.આર. ટેકનોલોજી આધારીત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમૃત યોજના હેઠળ બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. સદરહુ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુદ્ધ કરેલ પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવશે. સદર એસ.ટી.પી. પ્લાન્ટ બનવાને કારણે મધ્યઝોનમાં શાહપુર શંકરભુવન તથા ભવન્સ કોલેજ ની આસપાસના વિસ્તારમાં ડ્રેનેજ બેકીંગના પ્રશ્નોમાં રાહત મળશે.

➞ ડફનાળા પાસે કેન્ટોનમેન્ટ ખાતે ૨૫ એમ.એલ.ડી. સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

શહેરના મધ્યઝોન વિસ્તારમાંથી પસાર થતી સીવીલ હોસ્પીટલ થઇ મહાકાળી મંદિર થી ડફનાળા થઇ નદી તરફ જતી સ્ટોર્મ વોટર ડ્રેઇનમાં આવતા સુએઝ ફલોને ટ્રીટમેન્ટ કરી નદીમાં છોડવા માટે અંદાજે રૂા.૪૫.૦૦ કરોડના ખર્ચે ડફનાળા પાસે કેન્ટોનમેન્ટ એરીયામાં દશામાના મંદિર પાસે નદી કીનારે ૨૫ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા તેમાંથી ૨.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો ટી.ટી.પી. અમૃત યોજના હેઠળ બનાવવાનું આયોજન કરેલ છે. સદરહુ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરેલ પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવશે. સદર સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરેલ પાણીનો ઉપયોગ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલ બગીચાઓ તથા વૃક્ષોની જાળવણી માટે કરવામાં આવશે. સદર એસ.ટી.પી. બનવાને કારણે હયાત ટ્રન્ક મેઇન અને એસ.ટી.પી. માં સુએજનું ભારણ ઘટશે. જેને કારણે મધ્યઝોનમાં ડફનાળાની આસપાસના વિસ્તારમાં ડ્રેનેજ બેકીંગના પ્રશ્નોમાં રાહત મળશે.

➞ વિંઝોલ ખાતે નવો ૧૦૦ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

પૂર્વ ઝોનમાં વિઝોલ ખાતે ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી રૂા.૧૩૯.૭૧ કરોડના ખર્ચે ચાલુ કરેલ છે. સદરહુ કામગીરી એસબીઆર ટેકનોલોજી આધારિત કરવામાં આવી રહેલ છે. આમાં સૌ પ્રથમ વખત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ઉત્પન્ન થતાં બાયોગેસમાંથી ૨.૫ મેગા વૉટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવે છે. જેથી પ્લાન્ટ ચલાવવા માટેના પાવરમાં બચત રહેશે અને તેને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આર્થિક ફાયદો થશે. આ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાથી પૂર્વ ઝોન તેમજ દક્ષિણ ઝોનના રીંગ રોડ તરફના વિસ્તારોને લાભ મળશે.

➞ ઓઢવ થી વિંઝોલ એસ.ટી.પી. ના સમાંતર તથા એસ.પી. રીંગ રોડ સુધી ડ્રેનેજ ટન્ક લાઈન :

ઉત્તર ઝોનના નાના ચિલોડા થી ઓઢવ રીંગ રોડ સુધી ૧૨૦૦ મી.મી. થી ૧૮૦૦ મી.મી. ડાયામીટરની નવી ટ્રન્ક લાઇન નાંખવાની કામગીરી રૂા.૪૫.૦૦ કરોડના ખર્ચે ચાલુ કરવામાં આવેલ છે. શહેરના પૂર્વ વિસ્તારો જેવા કે નવા નરોડા, હંસપુરા, નવા ઓઢવ, વસ્ત્રાલ, રામોલ, વિંઝોલના વિસ્તારોનું સુએજ રીંગ રોડને સમાંતર ૨૦૦૪ માં ઔડા દ્વારા નાંખવામાં આવેલ મેઈન ટ્રન્ક લાઈન મારફતે વિંઝોલ એસ.ટી.પી., જુના તેમજ નવા

પિરાણા એસ.ટી.પી. માં હાલમાં ટ્રીટ થાય છે. પૂર્વ વિસ્તારોમાં હાલમાં વર્ટીકલ ડેવલપમેન્ટ ઝડપથી થઇ રહેલ છે. જેથી હાલમાં જુની ડ્રેનેજ લાઇનોમાં બેકીંગ થાય છે. આથી, આ ડ્રેનેજ લાઇનો ઉપરનો ભાર ઓછો કરવા માટે નાના ચિલોડા થી ઓઢવ રીંગ રોડ સુધી રોડને સમાંતર સદર નવી ડ્રેનેજની મેઇન ટ્રન્ક લાઈન નાંખવામાં આવી રહેલ છે.

આમ, અમૃત યોજના હેઠળ મંજૂર ડ્રેનેજ પ્રોજેક્ટના કામો માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૩૪.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧૦૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨.૩ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

પૂર્ણ થયેલ કામો

- ઉત્તર ઝોનમાં ચમનપુરા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનની રાઈઝીંગ લાઈન અપગ્રેડ કરવાની કામગીરી રૂા.૪.૮૩ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જેના કારણે આ વિસ્તારની ડ્રેનેજ બેકીંગની સતત અને વર્ષો જૂની સમસ્યાનું નિરાકરણ થયેલ છે.
- પૂર્વ ઝોનમાં પાંજરાપોળ થી રામોલ ટોલ પ્લાઝા એસ.પી. રીંગ રોડ થઈને પુશીંગ પદ્ધતિથી ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ રૂા.૧.૨૦ કરોડના ખર્ચે પુરૂ થયેલ છે. આ કામગીરીને કારણે નિકોલ, વસ્ત્રાલ અને ઓઢવ વોર્ડની ડ્રેનેજ બેકીંગની સમસ્યાનો નિકાલ થઇ શકેલ છે.

ચાલુ કામો

- નવા પશ્ચિમ ઝોનમાં સરખેજ, મકરબા અને ઓકાફ વિસ્તારોમાં ટી.પી.૮૬, ૮૭ અને ૨૦૪ માં નવાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી રૂા.૨૬.૫૨ કરોડના ખર્ચે હાલમાં ચાલુ છે. આ કામગીરીને કારણે આ નવા વિસ્તારોમાં સિસ્ટેમેટીક ડ્રેનેજ સુવિધાનો નાગરીકોને લાભ મળી શકશે.
- રાણીપ, ચેનપુર અને કાળી વિસ્તારમાં ટી.પી.૬૬-એ માં ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી રૂા.૬.૬૨ કરોડના ખર્ચે ચાલુ કરેલ છે. આ કામગીરી ને કારણે આ વિસ્તારોમાં સતત ઉભરાતી ડ્રેનેજની અને બેકીંગની સમસ્યાનો નિકાલ કરી શકાશે.

આયોજન હેઠળના કામો

- નવા પશ્ચિમ ઝોનમાં ગોદરેજ ગાર્ડન સીટી થી એસ.પી. રીંગ રોડ થઇને ઓગણજ થઈને સાયન્સ સીટી રોડ સુધી નવી ૧૬૦૦ મીમી ડાયાની રીલીફ સુઅર લાઈનની કામગીરી રૂા.૨૪.૪૦ કરોડના ખર્ચે થનાર છે. આ કામગીરીને કારણે રીંગ રોડને સમાંતર આવેલ રાણીપ, ચાંદલોડીયા, ગોતા તેમજ ચેનપુર જેવા વિસ્તારોમાં હયાત ડ્રેનેજ બેકીંગની સમસ્યાનો નિકાલ આવશે તેમજ આ વિસ્તારોમાં ખુબજ મોટા પ્રમાણમાં થઇ રહેલ બાંધકામોને પણ ડ્રેનેજ સુવિધા આપી શકાશે.

- દક્ષિણ ઝોનમાં લાંભાવોર્ડમાં ટીપી ૮૧ અને ૮૨ માં નવા ૧૩ એમ.એલ.ડી. ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી રૂા.૬.૯૫ કરોડના ખર્ચે થનાર છે તથા તેના ડ્રેનેજ નેટવર્કની કામગીરી રૂા.૭.૨૭ કરોડના ખર્ચે થનાર છે. આ કામગીરીને કારણે આ નવા ડેવલપ થઇ રહેલ વિસ્તારોમાં સિસ્ટેમેટીક ડ્રેનેજની સુવિધા આપી શકાશે.
- દક્ષિણ ઝોનમાં લાંભા વોર્ડમાં ટીપી ૭૯ અને ૧૨૮ માં નવા ૪૯ એમએલડી ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી રૂા.૧૦.૧૩ કરોડનાં ખર્ચે થનાર છે તથા તેના ડ્રેનેજ નેટવર્કની કામગીરી રૂા.૨૫.૭૭ કરોડના ખર્ચે થનાર છે. આ કામગીરીને કારણે આ નવા ડેવલપ થઇ રહેલ વિસ્તારોમાં સિસ્ટેમેટીક ડ્રેનેજની સુવિધા આપી શકાશે.
- પૂર્વ ઝોનમાં ઓઢવ પ્લોટ નં.૩૧૦ ખાતે નવા ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી રૂા.૩૦.૫૧ કરોડના ખર્ચે થનાર છે. આ કામગીરી ને કારણે પુર્વ તેમજ ઉત્તર ઝોન વિસ્તારોમાં હયાત લાઈનની વહનક્ષમતામાં ખૂબજ વધારો થશે.
- હાથીજણ સર્કલ થી વિંઝોલ એસ.ટી.પી. સુધી રીંગ રોડ ઉપર થઈને નવી ૧૮૦૦ મીમી ડાયાની ડ્રેનેજ લાઇન રૂા.૧૨.૨૯ કરોડના ખર્ચે નાંખવામાં આવનાર છે. આ ઉપરાંત રામોલ થી હાથીજણ સર્કલ સુધી ૧૬૦૦ મીમી ડાયા અને ૧૮૦૦ મીમી ડાયાની ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી રૂા.૧૯.૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.
- પૂર્વ ઝોનમાં ડ્રાફટ ટી.પી.૧૨૭ માં ટ્રન્ક મેઇનના સુએજ ફલોને વિંઝોલ એસ.ટી.પી. સુધી લઈ જવા માટે ૯૩ એમ.એલ.ડી. ક્ષમતાના પંપીંગ સ્ટેશનની કામગીરી રૂા.૧૨.૦૪ કરોડના ખર્ચે થનાર છે. જેથી પૂર્વ અને ઉત્તર ઝોન વિસ્તારોમાં હયાત લાઇનની વહનક્ષમતામાં વધારો થશે.
- દક્ષિણ ઝોન ખાતે ખોડીયારનગર વિસ્તારમાં ડ્રેનેજ લાઇન રીહેબીલીટેશન કરવાની કામગીરી રૂા.૧૨.૪૪ કરોડના ખર્ચે થનાર છે. આ કામગીરી હાથ ધરવાથી આ લાઇનની વહન ક્ષમતામાં ખૂબ જ વધારો થશે અને બેકીંગની સમસ્યા ને મહત્તમ અંશે નિવારી શકાશે.
- પશ્ચિમ ઝોનમાં આશ્રમ રોડ ઉપર CBD વિસ્તારમાં નવી રીલીફ ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી તેમજ પંમ્પીગ સ્ટેશન બનાવવાની કામગીરી રૂા.૧૦૦ કરોડનાં ખર્ચે કરવાનું આયોજન છે. આ કામગીરીને કારણે CBD વિસ્તારમાં સુવિધા પુરી પાડી શકાશે.
- પશ્ચિમ ઝોનમાં જી.બી. શાહ કોલેજ થી કેનાલ સુધી ૨૦૦૦ મીમીની લાઈન તથા ૯૦૦ મીમીની લાઈન સી.સી.ટી.વી. સર્વે કરાવી ડિશીલ્ટીંગ કરવાનું કામ

➞ પોલ્યુશન કન્ટ્રોલ એક્શન પ્લાન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૬૬ ચો.કિ.મી.ના વિસ્તારમાં લાઈનો વર્ષો જુની હોવાને કારણે તેમજ શીલ્ટીંગ થવાને કારણે તેની વહનક્ષમતા ઓછી થયેલ છે તેમજ વારંવાર બ્રેકડાઉનના વિકટ પ્રશ્નો દર વર્ષે ઉપસ્થિત થાય છે. જેના કારણે દરિયાપુર, બહેરામપુરા, દાણીલીમડા વિગેરે કોટ વિસ્તારોમાં તથા શહેરમાં અન્ય જગ્યાઓએ પોલ્યુશનના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જે નિવારવા ચાલુ વર્ષ દરમ્યાન પોલ્યુશન એક્શન પ્લાનના ભાગરૂપે કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૨૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ નેશનલ રીવર કન્ઝર્વેશન પ્રોજેક્ટ (NRCP) અંતર્ગત કરવાની થતી કામગીરી :

કેન્દ્ર સરકાર દ્વારા એન.આર.સી.પી. અંતર્ગત સાબરમતી રીવર કલીનીંગ પ્રોજેક્ટનો ફેઝ-૨ ચાલુ છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૪૪૪.૪૪ કરોડનો ડી.પી.આર. મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી ચંદ્રભાગા નાળા પાસે સુએઝ પંપીંગ સ્ટેશન અને ડ્રેનેજ લાઈનની કામગીરી, મેઘાણીનગર, ચીલોડા, હાથીજણ, નવા નિકોલ તેમજ વસ્ત્રાલ ખાતે સુએઝ પંપીગ સ્ટેશનની કામગીરી અને વાસણા એ.પી.એમ.સી. થી ગુપ્તાનગર સુધીની ડ્રેનેજ રીહેબીલીટેશનની કામગીરી પૂર્ણ થયેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૧૦૧.૬૮ કરોડ થયેલ છે.

ચાલુ કામ

- ❀ વાસણા ખાતે ૪૮ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી રૂા.૫૨.૯૮ કરોડના ખર્ચે

આયોજન હેઠળના કામ

- ❀ પીરાણા ખાતે ૧૫૫ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ રૂા.૧૫૨.૪૪ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.
- ❀ નેહરૂનગર થી વિજય ક્રોસિંગ, વાસણા ગુપ્તાનગર થી અંજલી થઈ પાલડી, મેમ્કો થી બાપુનગર ક્રોસિંગ તેમજ દરીયાપુર પોલીસ ચોકી થી કાલુપુર સ્ટેશન સુધીની જુની ડ્રેનેજની મુખ્ય ટ્રન્ક લાઈનોના રીહેબીલીટેશનની કામગીરી રૂા.૬૦.૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.
- ❀ બાદરાબાદ, નરીમાનપુરા, સૈજપુર તળાવ થી નરોડા પાટીયા થઈ નરોડા બેઠક સુધી, મોટેરા વિસ્તારની ટી.પી.૨૨૧, ૨૦૧, ૮૮, ૮૯, ૯૫ પર ડ્રેનેજ લાઈનો નાંખવાની રૂા.૫૪.૦૦ કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવનાર છે.
- ❀ આશ્રમ રોડ પર જુદી-જુદી જગ્યાઓએ નવી રીલીફ સુઅર લાઈનો નાંખવાની રૂા.૫૨.૨૩ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.

આમ, કોર્પોરેશન ફંડના ડ્રેનેજ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૬૩.૪૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧૩૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨૦૭.૦૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૩૩૯.૩૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૩. સ્ટોર્મ વોટર ડ્રેઈન

અમદાવાદ શહેરમાં વર્ષોથી સાબરમતી નદીમાં જતાં વરસાદી નાળા તેમજ ડ્રેઈનો મારફતે વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે છે. આ ઉપરાંત શહેરમાં વધતાં વિકાસને લીધે પૂર્વ તરફના વરસાદી પાણીનો નિકાલ પંપો અને સમ્પો મારફતે ખારીકટ કેનાલમાં કરવામાં આવી રહેલ છે.

૩.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

પૂર્ણ થયેલ કામ

- દક્ષિણ ઝોનમાં પીરાણા ખાતે સાબરમતી નદી સુધી નવી ૨૨૦૦ મીમી ડાયાની પાઈપ લાઈન નાંખવાની કામગીરી રૂા.૨.૬૧ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
- ઉત્તર ઝોનમાં નરોડા ટી.પી. સ્કીમ નં.૨ માં વ્યાસવાડી પાસે નવું સ્ટોર્મ વોટર પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ રૂા.૩.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

ચાલુ કામ

- દક્ષિણ ઝોનમાં પીરકમાલ દરગાહ થી સાબરમતી નદી સુધીની હયાત સ્ટોર્મ વોટર લાઈન રૂા.૬.૪૫ કરોડના ખર્ચે ચાલુ છે.

આયોજન હેઠળના કામ

- ભાડજ તળાવથી નવી ઓવરફલો ૧૨૦૦ મીમી ડાયામીટરની સ્ટોર્મ વોટર લાઈન ગોતા ગોધાવી કેનાલ સુધી નાંખવાની કામગીરી રૂા.૨.૦૭ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.
- કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સ્ટોર્મ વોટર ડકટ / પાઈપની કામગીરી અંદાજીત રૂા.૧૦.૫૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.
- પશ્ચિમ ઝોનમાં જયદીપ ટાવર થી જીવરાજ મહેતા હોસ્પીટલ થઈ વાસણા ફતેહવાડી કેનાલ સુધીની જુની સ્ટોર્મ વોટર ડકટનું ડીશીલ્ટીંગ અને નવીનીકરણ કરવાની કામગીરી અંદાજીત રૂા.૧૦.૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.
- પૂર્વ ઝોનમાં ટી.પી. સ્કીમ નં.૧૦૭, ૧૦૮ માં ન્યુ મણીનગર વિસ્તારમાં તેમજ રામોલ પોલીસ ચોકી થી લાલગેબી સર્કલ સુધી સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી અંદાજીત રૂા.૨૦.૦૦ કરોડના ખર્ચે હાથ ધરેલ છે.

❀ દક્ષિણ ઝોનમાં ટીપી સ્કીમ નં.૫૭,૫૮ માં કર્ણાવતી એપાર્ટમેન્ટ થી આકૃતિ ટાઉનશીપ તેમજ આસપાસના વિસ્તારમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી અંદાજીત રૂા.૨૦.૦૦ કરોડના ખર્ચે હાથ ધરેલ છે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત સ્ટોર્મ વોટર ડ્રેઈન પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૩૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૫.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૩.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ સ્ટોર્મ વોટર નેટવર્કની કામગીરી :

ચાલુ વર્ષમાં શહેરનાં કેટલાક ક્રિટીકલ વિસ્તારોને સ્ટોર્મ વોટર નેટવર્કથી સાંકળી લેવાનું આયોજન છે. જેને લક્ષ્યમાં રાખી જરૂરીયાત મુજબ સ્ટોર્મ વોટર નેટવર્ક નાંખવાના કામો ડ્રેનેજ પ્રોજેકટ ખાતેથી હાથ ધરાયેલ છે. ચંદ્રભાગાનાળા, ગુરૂજી બ્રીજથી આવકાર હોલ તથા મધ્ય ઝોન કેન્ટોનમેન્ટ વિસ્તાર, ટી.પી.૫૭,૫૮ માં તેમજ પૂર્વ ઝોનમાં વસ્ત્રાલ વોર્ડમાં અંદાજે રૂા.૩૨.૦૦ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેનેજ નાંખવાનું આયોજન કરેલ છે.

➞ ચંદ્રભાગા નાળાના જગ્યાએ આર.સી.સી. ડક્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમઝોન તથા નવા પશ્ચિમ ઝોનમાંથી રાણીપ ટી.પી.નં.૩ અને વાડજ ટી.પી.૨૮ માંથી પસાર થતા ચંદ્રભાગાના ખુલ્લા નાળામાં વર્ષોથી ઉપરવાસમાં એટલે કે સાબરમતી, ચાંદખેડા, કાળી, આઈ.ઓ.સી. રોડ, રેલ્વે કોલોની ચાંદખેડા, રાણીપ, વાડજનું ડ્રેનેજ / વરસાદી પાણી વહેળા મારફતે નદીમાં જાય છે. સદર ખુલ્લામાં વહેતા પાણીને બંધ કરવા માટે નવા જાહેર કરવામાં આવેલ કાળીગામ ગરનાળા થી પ્રબોધ રાવલ બ્રીજ સુધીના ટી.પી રોડ પર વહેળાની જગ્યાએ ૧૨.૦૦ મીટર x ૪.૦૦ મીટરની આર.સી.સી. ડકટ બનાવવાના તથા તેની ઉપર રોડ બનાવવાના કામનું અંદાજી રૂા.૭૦.૦૦ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે. સદર ડકટ બનાવવાથી ચંદ્રભાગામાં વહેતા ચોમાસાના પાણીનો નિકાલ થશે તથા ખુલ્લા વહેળામાં જતાં ગંદા પાણીને નિયંત્રિત કરીને આર.સી.સી. ડકટ મારફતે નિકાલ થતાં તેની આજ-બાજુના વિસ્તારમાં ગંદકી દૂર થશે અને તેથી સ્થાનિક રહીશોની સુખાકારીમાં વધારો થઇ શકશે. નવા બનાવવામાં આવનાર આર.સી.સી બોક્ષ બનાવવાથી તેની ઉપરથી ટ્રાફીક પણ ચલાવી શકાશે, તેથી સદર વિસ્તારના ટ્રાફીકની અવર-જવરમાં પણ સરળતા રહેશે. સદર રોડ હાલના પ્રબોધ રાવળ બ્રીજની નીચે ઉતારી બ્રીજ પછીના સ્માર્ટ સીટી હેઠળ ડેવલપ થનાર રોડ સાથે જોડી તેને સંલગ્ન સાબરમતી રીવર ફ્રન્ટ રોડ, આશ્રમ રોડ, ૧૩૨ ફુટ બી.આર.ટી.એસ. રોડ સાથે પણ જોડી શકાય તેમ છે.

➞ ખારીકટ કેનાલ ડેવલપમેન્ટની કામગીરી :

ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ અર્તગત સિંચાઇ માટે આર.સી.સી બોક્ષ, કેનાલને બન્ને બાજુ સ્ટૉર્મ વોટર ડકટ તેમજ ડ્રેનેજ લાઈન નાંખી રોડ ડેવલપની કામગીરી બે ફેઝમાં કરવામાં આવશે. ફેઝ-૧ અંતર્ગત નરોડાથી એક્સપ્રેસ હાઈ-વે સુધી કેનાલ ડેવલપમેન્ટના કામ પેટે ખર્ચ રૂ.૩૫૦.૦૦ કરોડનો ડી.પી.આર તૈયાર કરવામાં આવેલ છે. જે માટે રાજ્ય સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળનાર છે.

આ કામગીરી કરવાથી ગંદકીની સમસ્યા દૂર કરી શકાશે તેમજ ૨૨ કિ.મી.નો રોડનો ઉમેરો થશે તેમજ આજુ-બાજુના રહેઠાણોને ડ્રેનેજ અને પાણીની સુવિધામાં વધારો થશે તથા વધારાના રોડને કારણે ટ્રાફિક ગીચતાનું પ્રમાણ ઘટશે.

આમ, કોર્પોરેશન ફંડના સ્ટૉર્મ વોટર ડ્રેઈન પ્રોજેક્ટના કામો માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૧૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં ₹.૩૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

સ્ટૉર્મ વોટર ડ્રેઈન માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૪૬.૫૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૫૨.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૪. રોડ પ્રોજેક્ટ - ટ્રાફિક પ્રોજેક્ટ - પાર્કિંગ

☞ રોડ પ્રોજેક્ટ :

આગામી સને ૨૦૧૮-૧૯ માં શહેરમાં અંદાજે ૨૦૦ કિ.મી. ના રોડનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત નવા આર.સી.સી. રોડ, નવા બેઝ વર્ક સાથેના રોડ, રોડ વાઈડનીંગ તથા રોડ રીસરફેસનું આયોજન છે.

૪.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ ફૂટપાથ ડેવલપમેન્ટ :

❀ નવા પશ્ચિમ ઝોનમાં તમામ વોર્ડમાં સર્વે કર્યા બાદ નવી ૬૮ કિ.મી. ફૂટપાથ અંદાજે રૂા.૧૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું કામ

➞ વિકાસ પથ (મોડેલ રોડ) :

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે, ટ્રાફિકના નિયમન અને નિયંત્રણ માટે સારા રસ્તા વિકસાવવાની જરૂરીયાત હોવાથી અમદાવાદ શહેરના મુખ્ય રસ્તાઓ જેવા કે બી.આર.ટી.એસ, એસ.જી.હાઈવે, એરપોર્ટ વિગેરેને જોડતાં મુખ્ય રસ્તાઓને "મોડેલ રોડ" તરીકે વિકસાવવામાં આવેલ છે. અમદાવાદ શહેરના જે રસ્તાઓ ઉપર ટ્રાફિકનું ભારણ ખુબજ મોટા પ્રમાણમાં છે તે શહેરના જુદા-જુદા વિસ્તારોને જોડતાં મુખ્ય રસ્તાઓ છે તેનો જાહેર જનતા દ્વારા તેઓની રોજ-બરોજની કામગીરી માટે મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.

જેમાં મુખ્યત્વે યુટીલીટી માટેના પાઈપ ડક્ટ, કેચપીટ શીફટીંગ, નવી બનાવવી, રોડ વાઈડનીંગનું કામ, વોલ ટુ વોલ રોડ રીસરફેસ, સેન્ટ્રલ વર્જ, ફૂટપાથ, વોટર ટેબલ કર્બ તથા ટ્રાફિકને લગતી સુવિધાઓ જેવી કે રોડ માર્કીંગ, કટ પટ્ટા, થર્મોપ્લાસ્ટ, ઝીબ્રા, કેટ આઈ તથા રોડ સાઈનેજીસ, ડીરેકશન બોર્ડ તથા બોલાર્ડ જેવા કામો તેમજ ઓન-રોડ પાર્કીંગ તથા આ રસ્તાઓ ઉપર સ્વચ્છતા જળવાય તે માટે ડસ્ટ બીન મુકવા વિગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સદર પ્રકારે સને ૨૦૧૮-૧૯ માં નવા મોડેલ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➞ ૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના :

રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરની ખાનગી સોસાયટીઓમાં ઓછા ખર્ચે સારી માળખાકિય સુવિધાઓ મળી શકે તે હેતુથી જનભાગીદારીથી રસ્તા, સ્ટ્રીટ લાઈટ તેમજ પાણીની પાઈપ લાઈનના કામો માટે સહાય આપવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૭૦% ગ્રાન્ટ તેમજ કોર્પોરેશન દ્વારા ૧૦% ખર્ચ ભોગવવાનો થાય. જ્યારે જે-તે સોસાયટીએ માત્ર ૨૦% નો ખર્ચ કરવાનો થાય. આમ ખૂબ ઓછા ખર્ચામાં જે-તે સોસાયટીને મૂળભૂત માળખાકિય સુવિધાઓ મળે તે માટે અત્યાર સુધીમાં રોડની યોજના હેઠળ સામાન્ય વિસ્તાર માટે કુલ ૪૩૫૧ સોસાયટીઓના કુલ ₹.૬૦૭.૭૦ કરોડની મંજૂરી અંતર્ગત ૪૦૦૭ સોસાયટીના કામો ₹.૪૪૩.૩૪ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૨૧૭ સોસાયટીના કામો ₹.૮.૮૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. વધુમાં ગરીબ અને પછાત વિસ્તાર માટે કુલ ૩૧૨ સોસાયટીઓના કુલ ₹.૪૯.૫૪ કરોડની મંજૂરી અંતર્ગત ૨૧૭ સોસાયટીઓના કામો ₹.૩૬.૭૩ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૩૭ સોસાયટીઓના કામો રૂા.૦.૫૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. આમ ડીસેમ્બર-૨૦૧૭ સુધીમાં એકંદરે કુલ ૪૬૬૩ સોસાયટીઓ પૈકી ૪૨૨૪ સોસાયટીઓના કામ ₹.૪૮૦.૦૭ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૨૫૪ સોસાયટીઓના કામો ₹.૯.૩૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૫૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૪૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ માઈક્રો સરફેસીંગ :

આસ્ફાલ્ટ રોડની ઉપરની સરફેસમાં બહુ ડેમેજ ન હોય તેની ઉપર પ્રિવેન્ટીવ મેઝર તરીકે જો માઈક્રો સરફેસ કરવામાં આવે તો બીજા ત્રણ વર્ષ સુધી રોડ ચાલી શકે છે. માઈક્રો સરફેસીંગની જાડાઈ ફકત ૬ થી ૮ મીમી હોવાના કારણે રોડનું લેવલ જળવાઇ રહે તથા રસ્તાની લાઈફ સાઈકલ વધે છે. જેથી આજુ-બાજુની સોસાયટીના લેવલને રોડના લેવલ વધવાને કારણે ઉદ્ભવતી મુશ્કેલીઓ નિવારી શકાય છે.

➞ નેનો ટેકનોલોજી :

રોડ રીસરફેસ કરવાના કામમાં ઝાયકો થર્મ, એન્ટી સ્ટ્રીપીંગ કેમીકલનો ઉપયોગ કરવામાં આવે છે. આ નેનો ટેકનોલોજીથી રીસરફેસના કામમાં વાપરવામાં આવતા એગ્રીગેટને પૂર્ણ રીતે બીટયુમીન કોટીંગ કરવામાં સફળતા મળે છે. જેના કારણે ચોમાસામાં એગ્રીગેટનું બોન્ડીંગ જળવાઈ રહેતાં રોડ તૂટવાની શકયતા નહીંવત રહે છે.

રસ્તા રીસરફેસના કામોમાં આ નેનો ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે. જેને કારણે રીસરફેસ કરેલ રોડનું આયુષ્ય વધશે તથા રોડની ગુણવત્તા પણ સુધરશે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત રોડ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૨૭.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૦૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૪.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ રોડ ડિઝાઈન સેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના દર વર્ષે આશરે ૨૦૦ થી ૨૫૦ કિ.મી. ના રોડ રીસરફેસ કરવામાં આવે છે. વધુમાં આ શહેરના નવિન વિસ્તારના વિકાસની સાથે-સાથે ડ્રેનેજ તથા પાણીની લાઈનો તથા વરસાદી પાણીના લાઈનોનું નેટવર્ક નાંખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવતી હોય છે. શહેરમાં ડેવલપમેન્ટની સાથે જુદી-જુદી એજન્સીઓ દ્વારા અન્ડર ગ્રાઉન્ડ યુટીલિટીની કામગીરી હાથ ધરાતી હોય છે. આમ શહેરમાં નિયમિત રીતે રોડ રીસરફેસ કામગીરી કરવી ખૂબ જ જરૂરી તેમજ તાંત્રિક રીતે માર્ગદર્શન માંગી લે તેવી છે.

રોડ રીસરફેસ માટે નવી અદ્યતન ટેકનોલોજીનો અભ્યાસ કરી આ શહેરમાં સ્થળ પરિસ્થિતિ અનુસાર આધુનિક ટેકનોલોજીનો જેવી કે, મીલીંગ, સોઈલ સ્ટેબીલાઈઝીંગ, માઈક્રો, સ્ટોન આસફાલ્ટ કોંક્રીટ, વાઈટ ટોપીંગ, પી.ક્યુ.સી. જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરી સ્થળ પરિસ્થિતિને આધારે સારા રોડ બનાવવાનું આયોજન કરવું ખૂબ જ જરૂરી છે.

વધુમાં શહેરમાં આવેલ હયાત રસ્તાઓની જુદા-જુદા લેબોરેટરીમાં તાંત્રિક ચકાસણી કરી તેના માટે જરૂરી સ્ટ્રેન્ધનીંગ તથા રીસરફેસ કરવાની પદ્ધતિ તેની પ્રાયોરિટી નક્કી કરવા તથા હયાત રોડનું ટેકનીકલ ઑડીટ કરી તેનો ટેકનીકલ અભિપ્રાય આપવા માટેના ટેકનીકલ ઑડીટ કન્સલટન્ટ એજન્સીની નિમણૂંક કરવામાં આવનાર છે.

આમ, શહેરના આવેલ રોડ નેટવર્કના રીસરફેસ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય તે માટે તેમજ ટેકનીકલ ઑડીટ કન્સલટન્ટ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેનું સંકલન કરવા માટે રોડના જાણકાર, તજજ્ઞ તથા અનુભવી એન્જીનીયરોનો સમાવેશ કરી રોડ ડિઝાઈન સેલની રચના કરવાનું આયોજન કરવામાં આવનાર છે.

→ જેટ પેચર ટેકનોલોજી દ્વારા રોડ પેચવર્ક :

અત્યાર સુધી કોર્પોરેશન દ્વારા રોડ પેચવર્ક માટે પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાં મુખ્યત્વે પેચવર્ક કરવાનું હોઈ તે રોડ નજીકની જગ્યાએ અથવા નજીકના વોર્ડ/ઝોન રોડ સ્ટોરમાં હોટમીક્ષ મટીરીયલ્સ ઉતારીને હયાત રોડની સરફેસને બરાબર સાફ કરી તેના ઉપર ટેક કોટ છાંટવાને બદલે નવી જેટ પેચર ટેકનોલોજીમાં પેચવર્કનું કામ સ્ટેજવાઈઝ કરવામાં આવે છે. જેટ પેચર મશીનના હાઈ વોલ્યુમ લો પ્રેશર બ્લોઅર દ્વારા રોડ ઉપરના ખાડા ઉપરની માટી તથા કચરો વગેરે સાફ કરી રોડની સપાટીને પેચવર્ક કરવા માટે તૈયાર કરવામાં આવે છે. જેથી રોડ ઉપરની ભેજની શક્યતા ઘટે છે અને ભવિષ્યમાં રોડની તૂટવાની સંભાવના ઘટતાં રોડની મજબૂતાઈ વધે છે.

→ આર.સી.સી. રોડ :

અમદાવાદ શહેરમાં હાલમાં તમામ રસ્તાઓ ફલેક્ષીબલ પેવમેન્ટ ટાઈપના એટલે કે ડામરના બનેલ રસ્તાઓ છે. સદર રસ્તાઓને કોર્પોરેશન દ્વારા પીરીયોડીકલ મેઈન્ટેનન્સના ભાગરૂપે આશરે ૬ થી ૭ વર્ષે તેની ઉપર રીસરફેસની કામગીરી કરવામાં આવે છે. સદર ડામરના રસ્તાઓની એકંદરે લાઈફ સાયકલ ૫ થી ૭ વર્ષની હોય છે. પરંતુ ઘણીવાર ભારે વરસાદના કારણે આ રસ્તાઓ ઘણીવાર સમય કરતા વહેલા તુટી જવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપર

આર્થિક ભારણ વધે છે. જેના નિવારણ માટે રીજીડ પેવમેન્ટ ટેકનોલોજીથી એટલે કે સિમેન્ટ કોંક્રીટના રસ્તાઓ બનાવવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત આ રસ્તાઓ ઉપરથી હયાત ડામર સપાટી દૂર કરી આ રસ્તાઓને સબવેઝ લેવલથી ફીનીશ લેવલ સુધીની કામગીરીનો સમાવેશ કરેલ છે. તદ્ઉપરાંત સદર રસ્તાઓ સેન્ટર લાઈનથી બંને બાજુએ ૭.૫૦ મી.પહોળાઈમાં રીજીડ પેવમેન્ટથી કરવામાં આવેલ છે. જયારે રસ્તાની બાકી રહેતી પહોળાઈમાં રસ્તાની બંને બાજુ પેવરબ્લોક બનાવવામાં આવેલ છે. જેથી આ ભાગમાં અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી જેવી કે પાણીની લાઈન, ગટરલાઈન, લાઈટ-ટેલીફોનના કેબલ વગેરે રસ્તાની ત્રીજી અથવા ચોથી લેનમાં મેઈન્ટેનન્સ પોઈન્ટ ઓફ વ્યુ થી આ ભાગમાં પેવરબ્લોક લગાવવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન (૧) ઓઢવ રીંગ રોડ થી સ્ટેટ હાઈવેને જોડતો રોડ (૮૦૦ મીટર લંબાઇ) (૨) અનીલ સ્ટાર્ચ (સુહાના) થી સંજયનગર થઇ ત્રિકમલાલ ચોકઠા સુધીનો રોડ (૨૭૦૦ મીટર) (૩) સંજયનગર થી એવરેસ્ટ ચાર રસ્તા સુધીનો રોડ (૧૩૦૦ મીટર) (૪) પીપળજ ગામનો રોડ (૯૦૦ મીટર) (૫) રામદેવનગર થી રાજસુર્યા બંગલા સુધીનો રોડ (૪૦૦ મીટર) પર રૂા.૬૧.૦૦ કરોડના અંદાજી ખર્ચે આર.સી.સી. રોડ બનાવવાનું આયોજન છે.

→ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રિ-સરફેસ કરવામાં આવેલ પોલીમર બીટયુમીન રોડ :

ભારત સરકાર દ્વારા તા.૦૪/૦૨/૨૦૧૧ ના રોજ પ્રકાશિત કરવામાં આવેલ નોટીફીકેશનની સેકશન નં.૬(૨)માં જણાવ્યા મુજબ "મ્યુનિસિપલ ઓથોરીટીએ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રોડ બનાવવાની ટેકનોલોજી અપનાવવી" એવુ સુચન કરેલ હોઈ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરીને અ.મ્યુ.કો. દ્વારા શહેરમાં નવા બનાવવાનાં થતા/રીસરફેસ કરવાના થતા રોડ એગ્રીગેટ અને VG-30 ગ્રેડના બિટયુમિનનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. રોડના સદર પ્રકારને ટેકનીકલ રીતે ફલેક્સીબલ પેવમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે તૈયાર થતાં હોટમીક્ષ મટીરીયલમાં પોલીમર બ્લેન્ડેડ બીટયુમીન વાપરવાથી બીટયુમીનની બાઇન્ડીંગની ફીઝીકલ પ્રોપર્ટીમાં ટેસ્ટીંગમાં સોફનીંગ પોઈન્ટ, પેનીટ્રેશન ટેસ્ટ, ડક્ટીલિટી, સ્ટ્રીપીંગ વેલ્યુ તથા માર્શલ ટેસ્ટ વિગેરે ફાયદાકારક ફેરફારો જોવા મળે છે તથા શહેરમાંથી પ્લાસ્ટીક વેસ્ટનો નિકાલ સરળ બનશે.

પ્લાસ્ટીક વેસ્ટેજનો ઉપયોગ કરી બીટયુમીનસ રોડ બનાવવાના ફાયદા :-

- ❀ વેસ્ટ પોલીમર બીટયુમીન મીક્ષ મટીરીયલની બોન્ડીંગ કેપેસીટી વધારે છે તથા રોડની સપાટીમાં પાણી ન ઉતરે તેવી વોટરપ્રુફ સપાટી થાય છે. જેના કારણે ઉપરની સપાટી ભેજ રહીત બનવાના કારણે ઈરોઝન તથા પોટ હોલની મુશ્કેલીઓ નિવારી શકાય છે.
- ❀ પોલીમર બીટયુમીન મીક્ષ વધુ પ્રમાણમાં એસીડ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે.
- ❀ પ્લાસ્ટીકના વેસ્ટનો ઉપયોગ કરવાથી શહેરના પ્લાસ્ટીકના કચરાનો નિકાલ સરળ બનશે.

→ એસ. જી. હાઈવે સર્વિસ રોડ એરિયા ડેવલપમેન્ટ :

અમદાવાદ શહેરમાં આવેલ એસ.જી. હાઈવેની ડેવલપમેન્ટની કામગીરી નેશનલ હાઈવે દ્વારા હાથ ધરવામાં આવેલ છે. નેશનલ હાઈવે વિભાગ દ્વારા તેઓ લીમીટ સુધીના એસ.જી. હાઈવેના ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવનાર છે તેની સાથે-સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોતાના હસ્તકના એસ.જી. હાઈવેના સમાંતર બન્ને બાજુ આવેલ સર્વિસ રોડ એરિયા ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

➞ સી. જી. રોડનું નવિનીકરણ :

અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં પરીમલ અંડરપાસ થી શરૂ કરી સ્ટેડિયમ અંડરપાસ સુધીના અંદાજીત ૩ કિ.મી. લંબાઇના "સી.જી.રોડ" જે તે સમયે અંદાજીત ૨૦ વર્ષ પહેલાં ડેવલપ કરવામાં આવેલ હતો. ત્યાર બાદ વખતો વખત સી.જી. રોડની બંને બાજુએ નિર્માણ થયેલ નવા બિલ્ડીંગ તથા આસપાસના વિસ્તારનું ડેવલપમેન્ટ થયેલ. જેને લક્ષમાં લઇ "સી.જી.રોડ" નું ટ્રાફિક અને પાર્કિંગનો અભ્યાસ કરીને નવિનીકરણ કરવાની વિચારણા કરવામાં આવેલ છે. જે અનુસંધાને સને ૨૦૧૭-૧૮ માં આ નવિનીકરણમાં "સી.જી.રોડ" ને હાલના ટ્રાફિકને અનુલક્ષીને કેરેજ-વે ની ડિઝાઇન કરવી, જરૂરીયાત મુજબના પાર્કિંગ એરીયા ડેવલપ કરવા, બંને બાજુએ ફુટપાથ, સેન્ટ્રલ વર્જ, થર્મોપ્લાસ્ટીક પેઇન્ટીંગ થી રોડ માર્કિંગ કરવા, જરૂરીયાત મુજબ કેચપીટ નવી બનાવવી, કોશનરી સાઇનેજીસ લગાવવા, હયાત સ્ટ્રીટ લાઇટ પોલ ઉપર સીંગલ / ડબલ પેનલ કેન્ટીલીવર ઇન્ફોર્મેટીવ સાઇનેજીસ લગાવવા, કેટ-આઇ, બોર્લાડ લગાવવા તથા ડસ્ટ બીન મૂકવા વિગેરે જેવી સુવિધાઓથી નવિનીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ તે અંતર્ગત કન્સલટન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે. જે અંગે આગળની આનુષાંગીક કાર્યવાહી સને ૨૦૧૮-૧૯ માં કરવામાં આવનાર છે.

➞ ગોતા-ગોધાવી કેનાલ વિકસાવવાના હેતુસર કેનાલની બન્ને બાજુ રોડ :

ગોતા ગોધારી કેનાલ બોક્સ તથા લાઇનીંગ કરવાની કામગીરી પ્રગતિમાં છે. જેનો રૂા.૧૫૦.૦૦ કરોડનો અંદાજ છે. જેમાં કેનાલની બન્ને બાજુના રોડને ટ્રાફીકની અવર-જવર માટે ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. તે મુજબ સદર પ્રોજેકટમાં પેકેજ-૧ તથા પેકેજ-૨ મળી કુલ ૬૪૬૫ મીટર લંબાઇમાં બન્ને બાજુના રોડ ડેવલપ કરવાના ટેન્ડર મંજૂર થયેલ છે તથા તેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

➞ નવી હદમાં આવેલાં ગામતળના વિકાસનું આયોજન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૨૦૦૬ પછી જે નવી હદની અંદર ગામતળનો સમાવેશ થયેલ છે તે ગામતળના સર્વાંગી વિકાસ માટે રોડ, પાણી, ડ્રેનેજ, લાઈટ તેમજ અન્ય જરૂરી સુવિધાઓ મળી રહે અને સદર ગામતળનો વિકાસ થાય તે માટે સને ૨૦૧૮-૧૯ ના બજેટમાં ₹.૨૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ રોડ નેટવર્કમાં વધારો :

શહેરમાં ટી.પી. અમલીકરણની કામગીરી મોટા પાયા પર ચાલી રહેલ છે. જે અન્વયે નવી ૪૦ ટી.પી. વિસ્તારમાં ૧૫૦ કિ.મી. ના રોડ ખોલી મૂળભુત માળખાકીય સવલતો જેવી કે રોડ, ગટર, પાણી, લાઈટ માટેનું આયોજન કરવામાં આવેલ છે.

આમ, કોર્પોરેશન ફંડના રોડ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૫૮.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૭૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

રોડ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨૪૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૧૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

☞ ટ્રાફિક :

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

❀ સ્વર્ણીમ બજેટના કામ પૈકી અમદાવાદ શહેરના આવેલ ૭૬ સિગ્નલાઈઝડ ટ્રાફિક જંકશન ઉપર આવેલ ટ્રાફિક સિગ્નલ પોલ ઉપર હેંગીંગ ડબલ સાઈડેડ રેટ્રો રીફલેકટીવ પ્રકારના ડાયરેકશન સાઈન બોર્ડ લગાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના માટે સને ૨૦૧૮-૧૯ માં રૂા.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન વધતી જતી ટ્રાફિક સમસ્યાના ઉકેલના ભાગ રૂપે ઈજનેર ટ્રાફિક પ્રોજેકટ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના તમામ છ ઝોનના મુખ્ય રસ્તા તેમજ અન્ય રસ્તા ઉપર વાહન ચાલકોને રસ્તા અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ થી ઝીબ્રા ક્રોસીગ, એઈજ લાઈન, સેન્ટરલાઈન પેઈન્ટ કરવાની તેમજ બમ્પ ઉપર થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ તેમજ કેટ આઈ લગાવવાની, વિવિધ પ્રકારના ટ્રાફિક સાઈન બોર્ડસ જેવા કે મેન્ડેટરી, કોશનરી તેમજ ઈન્ફરમેટીવ પ્રકારના ટ્રાફિક સાઈન બોર્ડ, દિશા સુચક એટલેકે ડાયરેકશન બોર્ડ તથા વાહન ચાલકોને સેન્ટ્રલ વર્જની નોઝીગ અંગે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે કીપ લેફટ બોલાર્ડ લગાવવા તેમજ તેનુ મેઈન્ટેનન્સ કરવાની તેમજ ટ્રાફિક સિગ્નલો ઈન્સ્ટોલ કરવા તથા મેઈન્ટેનન્સ કરવાની કામગીરી તેમજ શહેરમાં ટ્રાફિક પોલીસ ખાતાના માર્ગદર્શન હેઠળ જંકશન ડેવલોપ કરવાની કામગીરી કરવામાં આવે છે. તમામ ઝોનમાં થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ અને ઈનેમલ પેઈન્ટના કામો તાકીદે હાથ ધરી શકાય અને સુચારૂ રીતે નિયમન થાય તે હેતુથી થર્મોપ્લાસ્ટીક અને ઈનેમલ પેઈન્ટના તમામ કામો દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે.

અમદાવાદ શહેરમાં વર્ષે ૧૪૦ ટ્રાફિક સિગ્નલો ઉપર કાઉન્ટ ડાઉન ટાઈમર લગાવવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. ટાઈમર ને કારણે વાહન વપરાશકર્તાને જંક્શન ઉપર પોતાનુ વાહન બંધ/ચાલુ કરવા માટે સરળતા રહેશે અને હવાનુ પ્રદુષણ ઘટશે.

ચાલુ કામો

સને ૨૦૧૭-૧૮ માં અમદાવાદ શહેરના જુદા-જુદા રસ્તા પર ૭૦૦૮૦ ચો.મી. થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ, કુલ ૫૭૫૪૦ નંગ કેટ આઈ, ૧૧૭૬ નંગ બમ્પ અહેડના બોર્ડ, ૧૬૪૭ નંગ કોશનરી બોર્ડ, ૧૨૪૫ નંગ મેન્ડેટરી બોર્ડ, ૩૦૭ નંગ ઈન્ફોર્મેટીવ બોર્ડ લગાવવાની તથા જંકશન ઉપર ફ્રી લેફટની સેન્ટ્રલ વર્જ લંબાવવાના કામગીરી કુલ રૂા.૧૧.૯૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

આગામી વર્ષ માટે આયોજન હેઠળના કામો

❀ અમદાવાદ શહેરમાં જુદા-જુદા ઝોનમાં આવેલ રસ્તાઓ ઉપરના બમ્પ ઉપર રૂા.૧.૮૦ કરોડના ખર્ચે થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ, કેટ આઈ તથા બમ્પ અહેડના સાઈન બોર્ડ લગાવવામાં આવશે.

- અમદાવાદ શહેરમાં ઝોન દ્વારા તેમજ રોડ પ્રોજેકટ દ્વારા રીસરફેસ કરવામાં આવેલ રસ્તાઓ ઉપર રૂા.૫૦૦.૦૦ લાખના ખર્ચે થર્મોપ્લાસ્ટીક પેઇન્ટ કરવાના કામ કરવામાં આવશે.
- અમદાવાદ શહેરનાં જુદા-જુદા ઝોનમાં આવેલ મુખ્ય રસ્તાઓ તેમજ જરૂરીયાત મુજબ અન્ય જગ્યાઓ ઉપર રૂા.૧૫૦.૦૦ લાખના ખર્ચે ટ્રાફિક સાઇન બોર્ડ જેવા કે મેન્ડેટરી કોશનરી, ઇન્ફોર્મેટીવ તથા દિશાસૂચક સાઇન બોર્ડ લગાવવાના કામ કરવામાં આવશે.
- અમદાવાદ શહેરમાં રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે હેરીટેજ લોકેશનો દર્શાવતાં ડાયરેકશન બોર્ડ લગાવવાના કામ કરવામાં આવશે.
- અમદાવાદ શહેરમાં આવેલ જુદા-જુદા રોડ ઉપર રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે સોલાર સ્ટડ, સ્પ્રેપીંગ પોસ્ટ, લગાવવાના કામ કરવામાં આવશે.

આમ, કોર્પોરેશન ફંડના ટ્રાફિક પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૮.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૮.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

ટ્રાફિક પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૧.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

☞ પાર્કિંગ :

➙ ઓન સ્ટ્રીટ પાર્કિંગ પોલિસી (On Street Parking Policy) :

આર.ટી.ઓ. ઓફિસની માહિતી મુજબ શહેરમાં ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલરના રજીસ્ટ્રેશનમાં વાર્ષિક ૧૭% નો ગ્રોથ છે. જેને કારણે જાહેર રસ્તા પરની સફાઈ તથા ટ્રાફિકની સમસ્યા ઉપસ્થિત થાય છે. શહેરની વધતી-જતી પાર્કિંગની જરૂરિયાતને ધ્યાનમાં રાખી નવા પાર્કિંગ સ્પેસ બનાવવાને બદલે વ્હીકલ હયાત જાહેર રસ્તા પર પાર્ક ન કરતાં શહેરીજનો તેઓના વ્હીકલ પાર્કિંગની જગ્યામાં પાર્ક થાય તથા તેને કારણે જાહેર માર્ગોમાં સફાઈ તથા ટ્રાફિકની અડચણ ન થાય તે મુજબની ઓન સ્ટ્રીટ પાર્કિંગ પોલિસી બનાવવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. તે ધ્યાનમાં રાખીને પૂના મ્યુનિસિપલ કોર્પોરેશન અને તથા કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનની પાર્કિંગ પોલિસીની જેમ આગામી વર્ષે રહેણાંક તેમજ બિનરહેણાંક માટે ઓન સ્ટ્રીટ પાર્કિંગ પોલિસી નક્કી કરી અને તેનો અમલ શરૂ કરવામાં આવશે. સદર પોલિસી બનાવવાનો મુખ્ય હેતુ અસરકારક પાર્કિંગ મેનેજમેન્ટ સિસ્ટમ દાખલ કરવાનો તથા જાહેર રસ્તા પરનો હયાત ટ્રાફિક હળવો કરવાનો છે.

આ પોલિસી મુજબ ૧૨ મીટર સુધીના રોડ ઉપર દૈનિક રૂા.૧૦ લેખે ફોર વ્હીલર વ્હીકલ ઉપર ચાર્જ કરવામાં આવશે અને ૧૨ મીટરથી મોટા ૨૪ મીટરથી નાના રોડ ઉપર દૈનિક રૂા.૨૦ લેખે ફોર વ્હીલર વ્હીકલ ઉપર ચાર્જ કરવામાં આવશે તથા ૨૪ મીટરથી મોટા રોડ ઉપર દૈનિક રૂા.૩૦ લેખે ફોર વ્હીલર વ્હીકલ ઉપર ચાર્જ કરવામાં આવશે.

➞ એસ.જી. હાઈવે પર મલ્ટી સ્ટોરીડ પાર્કિંગ :

અમદાવાદ શહેરમાં આવેલ એસ.જી. હાઈવે કે જ્યાં વૈષ્ણવદેવી સર્કલ થી સરખેજ ઉજાલા સર્કલ સુધીના રોડમાં બન્ને બાજુ કોમર્શીયલ તથા પબ્લિક બિલ્ડીંગો આવેલ છે. જેમાં ખૂબ જ પ્રમાણમાં ટ્રાફિકનું ભારણ રહે છે તથા રોડને સમાંતર પાર્કીંગની જરૂરિયાત રહે છે. હાલમાં સદર રોડ પર સિસ્ટેમેટીક પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી શહેરીજનો દ્વારા ગમે ત્યાં પાર્કિંગ કરવામાં આવે છે જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા રહે છે. વધુમાં નેશનલ હાઈવે દ્વારા સદર રોડને સંપૂર્ણપણે ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે તથા તેના માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ટેન્ડર પણ મંગાવવામાં આવી રહેલ છે. આ સંજોગોમાં સદર રોડ ઉપર ટ્રાફિકનું ભારણ ખૂબ જ વધશે તથા તેના કારણે પાર્કિંગની સમસ્યા ઘણી ઉદ્ભવશે. આ માટે એસ.જી. હાઈવે ઉપર એક મલ્ટીલેવલ પાર્કિંગનો ફાળવી પ્લોટ તથા તેની ફિઝીબીલિટી સ્ટડી કરી આગળની કાર્યવાહી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે સને ૨૦૧૮-૧૯ માં રૂા.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ એસ.જી. હાઈવે સર્વિસ રોડ પે એન્ડ પાર્ક ડેવલપમેન્ટ :

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના નવા પશ્ચિમઝોનમાંથી નેશનલ હાઈવે ઓથોરીટી હસ્તકનો સરખેજ-ગાંધીનગર હાઈવે પસાર થાય છે. સદર રોડની બન્ને બાજુએ ૧૨મી. પહોળાઈનો અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન હસ્તકનો સર્વીસ રોડ આવેલ છે. આ સર્વીસ રોડ પર વ્યવસ્થિત પાર્કિંગ થાય તે માટે કર્ણાવતી ક્લબ થી હેબતપુર ચાર રસ્તા સુધીના પુર્વ તરફના સર્વીસ રોડ પર મેઈન રોડને સમાંતર અંદાજીત રૂા.૯.૪૩ કરોડના ખર્ચે અંદાજીત ૩૦,૦૦૦ ચો.મી નો પે એન્ડ પાર્ક ડેવલપ કરવાનું કામ હાથ ધરવામાં આવનાર છે. જેમાં ૧૬૦૦ જેટલા દ્વિ-ચક્રીય વાહનો તથા ૯૨૦ જેટલી કાર પાર્કિંગ માટેની વ્યવસ્થા હશે. તદ્ઉપરાંત રોડની સુંદરતા વધારે તે હેતુ થી સદર કામમાં ૫૧૦૦ ચો.મી જેટલો ગાર્ડન/લેન્ડસ્કેપીંગનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

પાર્કિંગ માટે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૫.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૫. બ્રીજ પ્રોજેક્ટ

શહેરમાં હયાત ૫ર બ્રીજ છે. હાલમાં ૮ બ્રીજનું કામ ચાલુ છે તથા આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં ૨૬ રેલ્વે ઓવર બ્રીજ/રેલ્વે અન્ડર બ્રીજનું કામ હાથ ધરવામાં આવનાર છે. આમ શહેરમાં કુલ ૮૬ બ્રીજ બનવાથી અમદાવાદ શહેરને રેલ્વે ક્રોસીંગ મુક્ત બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➞ અમદાવાદ શહેરને રેલ્વે ક્રોસીંગ મુક્ત કરવા માટેનું આયોજન :

અમદાવાદ શહેરમાંથી અલગ-અલગ વિસ્તારમાંથી સાબરમતી - ચાંદલોડીયા - વિરમગામ-રાજકોટ (બ્રોડગેજ), ચાંદલોડીયા - જગતપુર- ખોડીયાર- ગાંધીનગર (બ્રોડગેજ), સાબરમતી - ચાંદલોડીયા- ગાંધીગ્રામ-બોટાદ (મીટરગેજ), કાળુપુર- સાબરમતી -પાલનપુર- દિલ્હી (બ્રોડગેજ), કાળુપુર - મણીનગર- મુંબઈ (બ્રોડગેજ),

કાળુપુર- અસારવા- નરોડા- હિંમતનગર (મીટરગેજ) રેલ્વે લાઈન સેક્શનની રેલ્વે લાઈન પસાર થાય છે. જેના ઉપર કુલ ૩૩ રેલ્વે ઓવર બ્રીજ તથા રેલ્વે અન્ડર બ્રીજ આવેલ છે. બાકી રહેતા કુલ ૪૦ રેલ્વે ક્રોસીંગો ઉપર અત્યારે પ્રગતિમાં હોય તેવા ૨ રેલ્વે ઓવર બ્રીજ આયોજન કરવામાં આવેલ હોય તેવા ૨૬ રેલ્વે ઓવર બ્રીજ / રેલ્વે અન્ડર બ્રીજ, ૩ રેલ્વે ક્રોસીંગના ફાટક પહોળાં કરવાનું આયોજન કરેલ છે તેમજ ૯ ક્રોસીંગો બંધ કરવાનું આયોજન કરેલ છે. રેલ્વેના અલગ-અલગ વિભાગો સાથે અ.મ્યુ.કો. સતત પરામર્શમાં રહી રેલ્વે વિભાગ પાસે રેલ્વે વિભાગના ખર્ચે થઈ શકતા કામો કરાવી અ. મ્યુ.કો. દ્વારા પોતાના ખર્ચે એપ્રોચ રોડ બનાવવા સાથેની જરૂરી કામગીરી માટે આ વર્ષના બજેટમાં રૂા.૧૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. સદર વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

અ. નં.	રેલ્વે સેકશન	આવેલ રેલ્વે ક્રોસીંગની સખ્યા	ક્રોસીગ પરના અગા ઉ બનાવેલ હોય તેવા હયાત ROB/ RUB ની સંખ્યા	ROB/ RUB સિવાયના હયાત ક્રોસીગોની સંખ્યા	હાલમા ROB/ RUB પ્રગતિમા હોય તેની સંખ્યા	આયોજનમા હોય તેવા ROB/ RUB ની સખ્યા	ફાટક પહોળા કરવાનુ આયોજન હોય તેવા ક્રોસીંગોની સખ્યા	બંધ કરવાના હોય તેવા ક્રોસીગોની સખ્યા
૧	સાબરમતી - ચાંદલોડીયા - વિરમગામ- રાજકોટ બ્રોડગેજ	૫	૩	૨	૧	૦	૧	૦
૨	ચાંદલોડીયા-જગતપુર- ખોડીયાર- ગાંધીનગર બ્રોડગેજ	૫	૨	૩	૦	૩	૦	૦
૩	સાબરમતી-ચાંદલોડીયા- ગાંધીગ્રામ- બોટાદ મીટરગેજ (અત્યારે બ્રોડગેજમાં રૂપાંતરણનું કામ હાથ ધરાયેલ છે.)	૩૨	૧૩	૧૯	૦	૧૬	૧	૨
૪	કાળુપુર-સાબરમતી-પાલનપુર- દિલ્હી બ્રોડગેજ	૧૦	૬	૪	૦	૩	૦	૧
૫	કાળુપુર-મણીનગર-મુંબઈ બ્રોડગેજ	૯	૬	૩	૦	૨	૧	૦
૬	કાળુપુર-અસારવા-નરોડા-હિંમતનગર મીટરગેજ (અત્યારે બ્રોડગેજમાં રૂપાંતરણનું કામ હાથ ધરાયેલ છે.)	૮	૩	૫	૧	૧	૧	૨
	કુલ	૬૯	૩૩	૩૬	૦૨	૨૫	૦૪	૦૫

૫.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

પૂર્ણ થયેલ કામ :

→ પૂર્વ વિસ્તારમાં દિનેશ ચેમ્બર જંકશન ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

દિનેશ ચેમ્બર જંકશન ઉપર ટ્રાફીકની ગીચતા વધારે પ્રમાણમાં હોવાથી તેમજ એ.એમ.ટી.એસ.બસો અને બાપુનગરથી સૌરાષ્ટ્ર વિસ્તાર તરફ જતી સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસોનું પ્રમાણ પણ વધારે હોઇ ટ્રાફીકની ગીચતાને ધ્યાને રાખી હાટકેશ્વરથી હીરાવાડી તરફ જતા ૧૩૨ ફુટના રોડ ઉપર આવેલ દિનેશ ચેમ્બર ઉપર ૬૧૦ લંબાઇનો, ૧૬.૬૦ મીટર પહોળાઇ, ૪-લેનનો ફલાય ઓવરબ્રીજ રૂા.૫૨.૪૬ કરોડના ખર્ચે કામ પુર્ણ થયેલ છે.

➞ પૂર્વ વિસ્તારમાં હાટકેશ્વર જંકશન ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં સી.ટી.એમ.થી ખોખરા તરફ જતાં ૧૩૨ ફુટના રીંગ રોડ ઉપર આવેલ હાટકેશ્વર સર્કલ ઉપર ટ્રાફીકનું ભારણ ઘટાડવા ૫૬૩ મીટર લંબાઈનો ૪-લેનનો, ૧૬.૫૦ મીટર પહોળાઈના ફલાય ઓવરબ્રીજ રૂા.૪૨.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું કામ પુર્ણ થયેલ છે.

ચાલુ કામ :

➞ રાણીપ બલોલનગર રેલ્વે ઓવર બ્રીજ :

રાણીપ બલોલનગર ખાતે ₹.૭૮.૦૪ કરોડના ખર્ચે ૪-લેન,૧૬.૫૦ મીટર પહોળાઇ,૮૮૦.૦૦ મીટર લંબાઈનો જુના રાણીપથી નવા રાણીપને જોડતો રેલ્વે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ચાલુ છે.

➞ અંજલી ચાર રસ્તા ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

પાલડીથી સરખેજના મુખ્ય રસ્તા ઉપર વધતા જતા ટ્રાફિકના પ્રશ્નને હળવો કરવા માટે અંજલી ચાર રસ્તાથી

મહાસતીજી ચોક સુધીનો ૧૨૩૦ મીટર લંબાઈનો ૨X૨ લેન, ૧૬.૫૦ મી. પહોળાઈનો ફલાય ઓવરબ્રીજ આશરે ₹.૯૯.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર બ્રીજ શહેરનો સૌથી લાંબો બ્રીજ બનનાર છે. જેના કારણે વાસણા બસ સ્ટેન્ડથી પાલડી તરફ જતાં તથા ધરણીધરથી પીરાણા તરફ જતાં ટ્રાફીકને રાહત મળશે. સદર કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

➞ ઈન્કમટેક્ષ ચાર રસ્તા ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

શહેરના હાર્દ સમાન આશ્રમ રોડ ઉપર દિન-પ્રતિદિન વધતાં જતાં વાહનોના ભારણને કારણે ટ્રાફીકની

સમસ્યાના નિવારણ રૂપે ઈન્કમટેક્ષ ચાર રસ્તા ઉપર ૮૦૫ મીટર લંબાઈનો ૨X૨.૫ લેન, ૧૯.૫૦ મી. પહોળાઈનો ફલાય ઓવરબ્રીજ આશરે ₹.૬૮.૮૫ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સૂચિત ફલાય ઓવર બ્રીજ જે અમદાવાદ શહેરનું મુખ્ય જંકશન હોવાથી આશરે ૧,૦૦,૦૦૦ થી વધુ જનતાને લાભ મળશે તેમજ સમય તેમજ બળતણની બચત થશે. સદર ફલાય ઓવર બ્રીજની અન્ડર સ્પેસમાં ટુ વ્હીલર/ફોર વ્હીલર પાર્કીંગનું આયોજન કરવામાં આવનાર હોવાથી પાર્કીંગની સમસ્યા પણ મોટા પાયે હલ થશે.

➞ નારોલ નરોડા રોડ પર વિરાટનગર જંકશન ઉપર સ્પ્લીટ ફ્લાય ઓવર બ્રીજ :

નરોડા - નારોલ રોડ પરના વિરાટનગર જંકશન પરથી પસાર થતો તથા ૧૩૨ ફુટ તરફથી વિરાટનગર

કેનાલ તરફ જતો હેવી ટ્રાફીક સરળતા થી વહન કરી શકે તે માટે વિરાટનગર જંક્શન પર ૨+૨ લેઇન સ્પ્લીટ ફ્લાયઓવર ૫૦૭ મીટર લંબાઇનો, ૧૯.૦૦ મી. પહોળાઇનો ફ્લાય ઓવરબ્રીજ આશરે રૂા.૪૫.૩૮ કરોડના ખર્ચે બનાવવાના કામનું ટેન્ડર મંજૂર થયેલ છે. જેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

➞ શહેરના પૂર્વ વિસ્તારમાં મેમ્કો બ્રીજ થી ગુરૂજી બ્રીજ સુધીમાં અજીત મીલ જંકશન ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મેમ્કો બ્રીજ થી ગુરૂજી બ્રીજ સુધીમાં ૧૩૨ ફૂટ રીંગ રોડ પર અજીત મીલ જંકશન પર સારંગપુર થી સોનીની ચાલી ઉપરના રસ્તા ઉપર ટ્રાફીકની સમસ્યા હળવી કરવા માટે ૧૩૨ ફૂટ રીંગ રોડ પર અજીત મીલ જંકશન પર ૬૩૩ મી. લંબાઇનો, ૧૫.૦૦ મી. પહોળાઇનો ફ્લાય ઓવરબ્રીજ આશરે રૂા.૫૦.૩૦ કરોડના ખર્ચે બનાવવાના કામનું ટેન્ડર મંજૂર થયેલ છે. જેની કામગીરી ચાલુ છે. સદર બ્રીજ નીચે અંડર સ્પેસ ડેવલપ થવાને કારણે આજુ-બાજુના કોમર્શીયલ કોમ્પલેક્ષમાં પાર્કિંગની સમસ્યા હલ થશે.

➞ નરોડા ડભોડા સ્ટેશન વચ્ચે એલ.સી. ૯ કિ.મી. ૩૯૯/૫-૬ ઉપર હિંમતનગર રેલ્વે લાઇન ઉપર રેલ્વે ઓવર બ્રીજ :

શહેરના ઉત્તર વિસ્તાર કે જે ચીલોડા થી અમદાવાદ શહેરમાં આવતા નેશનલ હાઇવે માં નરોડા પાટીયા પાસે આવેલ રેલ્વે ક્રોસીંગ ઉપર હિમંતનગર વિસ્તારથી આવતા વાહનો રેલ્વે ક્રોસીંગને કારણે પડતી અગવડતાનું નિવારણ કરવા માટે નરોડા ડભોડા સ્ટેશન વચ્ચે એલ.સી. ૯ કિ.મી. ૩૯૯/૫-૬ ઉપર છ લેન નો ૭૫૩ મીટર લંબાઇનો, ૨૪.૨૦ મી.પહોળાઇનો રેલ્વે ઓવર બ્રીજ રૂા.૮૯.૦૦ કરોડના ખર્ચે કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

➞ અમદાવાદ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઈન ઉપર કિ.મી. ૫૦૯/૭ અને ૫૦૯/૮ ઉપર સીમ્સ હોસ્પીટલ પાસે રેલ્વે ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના નવા પશ્ચિમ ઝોનમાં સાયન્સ સીટી વિસ્તાર, સોલા તથા હેબતપુર વચ્ચે કનેકટીવીટી કરવા તથા સોલા સાયન્સ સીટી એસ.જી. હાઈવે પરના ટ્રાફીકના ભારણમાં ઘટાડો કરવા તેમજ સૂચિત રેલ્વે બ્રીજની ઉત્તર દિશા તરફ સોલા ભાગવત વિદ્યાપીઠ તરફથી ૧૦૦ ફુટનો ટી.પી. રોડ જે હેબતપુર તરફ જતા રસ્તા વચ્ચે રેલ્વે ટ્રેક હોવાથી સદર રેલવે ઓવર બ્રીજ બનવાથી ૧૦૦ ફુટના ટી.પી. રોડને કનેક્ટ કરી ટ્રાફીકની સમસ્યા હલ કરવા સીમ્સ હોસ્પીટલ પાસે ૭૨૭ મીટર લંબાઈનો, ૧૬.૫૦ મી.પહોળાઈનો આશરે રૂા.૫૯.૦૦ કરોડના ખર્ચે રેલ્વે ઓવરબ્રીજ બનાવવાનું કામ ચાલુ કરવામાં આવેલ છે.

➞ નારોલ-નરોડા હાઈ-વે ઉપર રાજેન્દ્ર પાર્ક જંકશન ઉપર સ્પ્લીટ ફ્લાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના વસ્ત્રાલ, નવા ઓઢવ, નરોડા, નવા નરોડા તેમજ નિકોલ વિસ્તારમાંથી નરોડા-નારોલ હાઈ-વે ઉપરથી પસાર થતા વાહનોને લીધે રાજેન્દ્રપાર્ક જંકશન પાસે ટ્રાફીકનું ભારણ ખૂબજ પ્રમાણમાં રહે છે. આથી નારોલ-નરોડા વચ્ચે હાલના ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખતાં આ જંકશન પર સ્પ્લીટ ફલાય ઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનાથી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં રાજેન્દ્રપાર્ક જંકશન ઉપર બીઆરટીએસ કોરીડોર પસાર થતો હોવાથી ટ્રાફીકની સમસ્યા હલ કરવા રાજેન્દ્રપાર્ક જંકશન ઉપર સ્પ્લીટ ફલાય ઓવર બ્રીજ ૭૪૧ મીટર લંબાઈનો, ૧૧x૨ મી.પહોળાઈનો આશરે રૂા.૭૪.૦૦ કરોડના ખર્ચે બનાવવાના કામની ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત બ્રીજ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૦૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૦૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૫.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

આયોજનના કામ

➞ જમાલપુર થી કાલુપુર રેલ્વે સ્ટેશન સુધીના એલીવેટેડ કોરીડોર :

અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તારમાંથી સરદાર બ્રીજ થઈ કાલુપુર રેલ્વે સ્ટેશન પર જવા માટેના રૂટ પર ટ્રાફિકનું ભારણ ખૂબ જ હોઈ અને અવાર-નવાર ટ્રાફિક જામની સમસ્યા રહેતી હોઈ જમાલપુર બ્રીજ થી ગીતા મંદિર થઈ સારંગપુર સર્કલ થઈ કાલુપુર રેલ્વે સ્ટેશન સુધીના આશરે ૩.૦ કિ.મી. લંબાઈના રસ્તા પર એલીવેટેડ બ્રીજ બનાવવાથી ટ્રાફિક ભારણમાં ઘટાડો થશે તેમજ વાહનોની અવર-જવર સરળતાથી અને સલામતીથી થઈ શકે તેમ છે તેમજ એલીવેટેડ બ્રીજ બનાવવાથી બ્રીજની નીચેના રસ્તા પર પણ ટ્રાફિકના ભારણમાં ઘટાડો થશે.

આથી સદર એલીવેટેડ બ્રીજ બનાવવાની કામગીરી માટેનો ફિઝીબીલીટી સ્ટડી કરવા તથા આ બ્રીજની વાયેબીલીટીની ચકાસણી કરવા ટોપોગ્રાફીક સર્વે, સોઈલ ઈન્વેસ્ટીગેશનની કામગીરી કરાવવા અને ટ્રાફિકનો સર્વે કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૧૦૦.૦૦ કરોડ થશે.

➞ 3-Layer ફ્લાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરમાં હાલમાં આશરે ૩૧.૫૦ લાખ ફોર વ્હીલર તથા ટુ વ્હીલરની સંખ્યા છે. એક અંદાજ પ્રમાણે જેમાં દર વર્ષે ૨.૫૦ લાખ વાહનોનો ઉમેરો થતો જાય છે. આટલી સંખ્યામાં આવેલ વાહનોના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવે છે.

અમદાવાદ શહેરમાં નહેરૂનગર તથા પાલડી જેવા જંકશનો ઉપર વાહનો ખૂબ જ પ્રમાણમાં પસાર થાય છે તથા પીક-અવર્સમાં આવા જંકશનો ઉપર ટ્રાફિક જામની સમસ્યા રહેવા પામે છે. આ સંજોગોમાં આવા જંકશનોના ડેવલપમેન્ટ માટે નવિન ડિઝાઈન કરી જો ૩ Layer ગ્રેડ સેપરેટર (ફ્લાય ઓવર બ્રીજ) બનાવવામાં આવે તો સમસ્યાનું નિવારણ કરી શકાય.

આ માટે નીચેના ફર્સ્ટ લેયર નાનો અન્ડરપાસ બનાવી એક સીધી દિશામાં જતાં વાહનોને પસાર કરવાનું પ્લાનીંગ તથા તેની ઉપર સેકન્ડ લેયર ચાર આર્મ સાથેનો બ્રીજ બનાવવામાં આવે તો દરેક લેનમાંથી જમણી બાજુ વળતાં વાહનોને પસાર કરી શકાય તથા ત્રીજો લેયર સ્ટ્રેઈટ બ્રીજ બનાવતાં બાકી રહેતી બાજુના વાહનો સીધા પસાર કરી શકાય. આમ જંકશનો પરની ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય. આ માટે એક જંકશન પર અંદાજીત રૂા.૯૦.૦૦ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે.

આ માટે જંકશન પરના ટ્રાફિકનો સર્વે તથા ફિઝીબિલીટી સ્ટડી કરી પ્રોજેક્ટની વાયેબીલિટીનો અભ્યાસ કરી સને ૨૦૧૮-૧૯ માં આગળની કાર્યવાહી કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

➞ દક્ષિણ ઝોનમાં કાંકરીયા રેલ્વે યાર્ડથી અનુપમ તરફ જતાં રસ્તા ઉપર હયાત ખોખરા રેલ્વે ઓવરબ્રીજને વાઈડનીંગ કરી નવિનીકરણ કરવાનું કામ :

દક્ષિણઝોનમાં મણીનગર સ્થિત કાંકરીયા રેલ્વે ઓવર બ્રીજ સને વર્ષ ૧૯૬૦ ની સાલમાં બનાવવામાં આવેલ. આમ તેને ૫૭ વર્ષથી વધુ સમય થયેલ હોઈ સદર રેલ્વે ઓવર બ્રીજના અનુપમ સિનેમા સાઈડના એપ્રોચના બ્રીજ તોડી નવેસરથી પાઈલ અને પીયરની ડિઝાઈન મુજબ તેમજ હયાત ૨x૨ લેનની બદલે ૩x૩ લેનનો નવો પહોળો એપ્રોચ બનાવવાના કામ માટે સદર રેલ્વે ઓવર બ્રીજના અનુપમ સિનેમા સાઈડના એપ્રોચના રીકન્સ્ટ્રક્શનનું કામ કરવાની તથા અમદાવાદ મુંબઇ બ્રોડગેજ રેલ્વે લાઇનના વિસ્તરણના ભાગ રૂપે વધારાના બે ટ્રેક નાંખવાના હોવાથી રેલ્વે ઓથોરીટી દ્વારા આવેલ માંગણીને અનુલક્ષીને અનુપમ બાજુના કોલમ-બીમ-સ્લેબ પ્રકારના એપ્રોચની

કામગીરી કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. સદર બ્રીજ હાલના બ્રીજ કરતાં વધુ પહોળો થતા એટલે કે ૩x૩ લેનનો બ્રીજ થતાં સદર બ્રીજ ઉપર ટ્રાફીક સરળતાથી વહન થઇ શકશે. આ બ્રીજ પહોળો બનવાથી દક્ષિણ ગુજરાત તરફથી આવતો એક્સપ્રેસ-વે તથા સી.ટી.એમ.થી જતાં-આવતાં ટ્રાફીકને લાભ થશે.

આમ, સદર બ્રીજમાં ૩૦૦ મીટરની લંબાઇમાં અનુપમ બાજુના એપ્રોચ બ્રીજ વાઇડનીંગ કરી ૩x૩ લેનનો બ્રીજ રીકન્સ્ટ્રકશન (નવીનીકરણ) કરવાનું કામ તથા રેલ્વે પોર્શનમાં ૭૫ મીટરની લંબાઇમાં નવો બ્રીજ બનાવવાના કામનું આયોજન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૬૦.૦૦ કરોડ થશે.

→ નરોડા નારોલ બી.આર.ટી.એસ. રોડ ઉપર ઘોડાસર જંકશન પર સ્પ્લીટ ફ્લાય ઓવર બ્રીજ બનાવી તથા હયાત રેલ્વે બ્રીજ સાથે મર્જ કરવાનું તથા હયાત કેડીલા બ્રીજના એપ્રોચમાં રીટેઇનીંગ વોલ કરવાનું કામ :

હાલમાં ઘોડાસર ચાર રસ્તા ઉપર ટ્રાફીક જામની ખુબ જ સમસ્યા રહે છે. નારોલ થી એક્સપ્રેસ-વે તરફ જતાં-આવતાં ટ્રાફીક માટે નારોલ તથા ઈસનપુર પર પણ બ્રીજ બનાવવામાં આવેલ છે. ઘોડાસર ચાર રસ્તા પર ટ્રાફીક જામની સમસ્યા નિવારવા માટે હાલમાં ઘોડાસર પાસેના બી.આર.ટી.એસ. ના મીક્ષ લેનમાં સ્પ્લીટ ફલાય ઓવર બનાવી હયાત કેડીલા બ્રીજના રેલ્વે પટ્ટા સુધીના ભાગમાં મર્જ કરવાનું પ્લાનીંગ કરવામાં આવેલ છે.

સદર બ્રીજની ડીઝાઈન માટે કેડીલા બ્રીજના સાઈડ સ્લોપમાં સ્ટોન પીચીંગ આવેલ છે. જે ઘણું ખરૂ ધોવાણ થઇ તૂટી ગયેલ છે તેથી તેને તાત્કાલીક રીપેર કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આમ હયાત બ્રીજના બન્ને બાજુ આશરે ૯ મી.ની પહોળાઈના સ્લેબમાં આવેલ સ્ટોન પીચીંગની જગ્યાએ રીટેઈનીંગ વોલ કરી બાકીની જગ્યામાં પાઈલ પીયર કરી બન્ને બાજુ નવી લેન કરવાનું આયોજન છે. આમ બનાવવામાં આવેલ નવી ડીઝાઈનથી હયાત કેડીલા બ્રીજને સ્ટેન્ધનીંગ પણ કરવામાં આવશે તેમજ બન્ને બાજુ એક-એક લેનનો ઉમેરો પણ કરવામાં આવશે. આમ નારોલ થી એક્સપ્રેસ-વે સુધી જતાં-આવતાં ટ્રાફીક માટે સુવિધા ઉભી થશે તથા ઘોડાસર ચાર રસ્તા પરના ટ્રાફીકની સમસ્યાનું નિરાકરણ થશે. સદર રેલ્વે ઓવર બ્રીજ ૬૧૦ મીટર લંબાઇનો, ૧૬.૫૦ મી.પહોળાઇનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૭૦.૦૦ કરોડ થશે.

→ નારણપુરા પલ્લવ ચાર રસ્તા ફ્લાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના પશ્ચિમઝોનના નારણપુરા ચાર રસ્તાથી ચાણક્યપુરી જતા રોડ અને એ.ઇ.સી. થી આર.ટી.ઓ. સર્કલ જતાં બે મુખ્ય રસ્તાના પલ્લવ ચાર રસ્તા જંકશન ઉપર ટ્રાફીકનું ભારણ વધુ પ્રમાણમાં રહેતુ હોય છે. CRRI (સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ) દ્વારા ટ્રાફીક સર્વે હાથ ધરી અત્રે સબમીટ કરેલ રીપોર્ટમાં શહેરમાં ટ્રાફીક સરળતાથી પસાર થાય તે માટે ફલાય ઓવર બ્રીજ બનાવવાની જરૂરીયાત હોય તે પ્રથમ પ્રાયોરીટી લીસ્ટમાં આ જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાનો સમાવેશ કરવામાં આવેલ છે.

એ.ઈ.સી. થી આર.ટી.ઓ. સર્કલ જતાં રસ્તા ઉપર ટોરેન્ટ પાવર સપ્લાય થતી મુખ્ય હાઈટેન્શન ઈલેક્ટ્રીક સપ્લાય લાઈન ઓવરહેડ છે. આ હાઈટેન્શન લાઈન માટેના ટાવર રસ્તામાં અડચણરૂપ થાય છે તેથી આ હાઈટેન્શન લાઈનને અન્ડરગ્રાઉન્ડ કરવી પડે તેમ છે. સદર હાઈટેન્શન લાઈન અન્ડરગ્રાઉન્ડ થયા બાદ અ.મ્યુ.કો.એ આ જંકશન ઉપર ટ્રાફીક સર્વે તેમજ ફીઝીબીલીટી સ્ટડી હાથ ધરી ફલાય ઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૯૦.૦૦ કરોડ થશે.

➞ સત્તાધાર ચાર રસ્તા ફલાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના પશ્ચિમઝોનના સતાધાર વિસ્તારમાં નારણપુરાથી સોલા અને સાલ હોસ્પીટલથી ચાણક્યપુરી બ્રીજ જતાં બે મુખ્ય રસ્તાના સત્તાધાર ચાર રસ્તા જંકશન ઉપર ટ્રાફીકનું ભારણ વધુ પ્રમાણમાં રહેતું હોય છે. CRRI (સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ) દ્વારા ટ્રાફીક સર્વે હાથ ધરી અત્રે સબમીટ કરેલ રીપોર્ટમાં શહેરમાં ટ્રાફીક સરળતાથી પસાર થાય તે માટે ફલાયઓવરબ્રીજ બનાવવાની જરૂરીયાત હોય તે પ્રથમ પ્રાયોરીટી લીસ્ટમાં આ જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ જંકશન ઉપર ટ્રાફીક સર્વે તેમજ ફીઝીબીલીટી સ્ટડી હાથ ધરી ફલાય ઓવર બ્રીજ બનાવવા માટેનું આયોજન કરેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૬૮.૦૦ કરોડ થશે.

➞ જવાહર ચોક ચાર રસ્તા ઉપર ફલાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના મણીનગર વિસ્તારમાં કાંકરીયાથી ઈસનપુર જતાં મુખ્ય રસ્તાના જવાહર ચોક જંકશન ઉપર ટ્રાફીકનું ભારણ વધુ પ્રમાણમાં રહેતુ હોય છે. અ.મ્યુ.કો.એ આથી સદર જંકશન ઉપર ટ્રાફીક સર્વે તેમજ ફીઝીબીલીટી સ્ટડી હાથ ધરી તે સ્થળે ફલાય ઓવર બ્રીજ બનાવવા માટે આયોજન કરેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૬૦.૦૦ કરોડ થશે.

➞ નવા પશ્ચિમ ઝોનના જગતપુર પાસે આવેલ રાજકોટ-ખોરજ રેલ્વે લાઈનના લેવલ ક્રોસીંગ નં.૯ (જગતપુર) ઉપર રેલ્વે ઓવર બ્રીજ :

નવા પશ્ચિમ ઝોનમાં જગતપુર પાસેથી પસાર થતી રાજકોટ-ખોરજ રેલ્વેલાઈનના લેવલ ક્રોસીંગ નં.૯ (જગતપુર) ઉપર કોસ્ટ શેરીંગ (પી.પી.પી.) મોડેલ આધારીત રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું આયોજન અ.મ્યુ.કો. એ હાથ ધરેલ છે. આ બ્રીજ માટે થનાર કુલ ખર્ચના ૨૫% ખર્ચ ખાનગી ડેવલપર દ્વારા ૫૦% ખર્ચ રેલ્વે વિભાગ દ્વારા અને ૨૫% ખર્ચ અ.મ્યુ.કો. દ્વારા કરવામાં આવનાર છે. આ માટે કન્સલટન્ટ દ્વારા અંદાજ તેમજ ટેન્ડર તૈયાર કરવાની કામગીરી તેમજ રેલ્વે વિભાગની મંજુરીની કામગીરી હાથ ધરેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૪૮.૦૦ કરોડ થશે.

➞ ઓમનગર રેલ્વે ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરમાં કાલુપુર થી હિંમતનગર જતી રેલ્વે લાઈન ઉપર ચમનપુરા ઓમનગર રેલ્વે ક્રોસીંગ (એલ.સી.નં.૩) આવેલ છે. આ લાઈનનું ગેજ કન્વર્ઝન રેલ્વે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. ગેજ કન્વર્ઝન કર્યા

બાદ આ રેલ્વે લાઈન ઉપર ટ્રેઈનની ફ્રિકવન્સીમાં વધારો થવા પામનાર છે. ચમનપુરાના ઓમનગર વિસ્તારના સદર લેવલ ક્રોસીંગ ઉપર રેલ્વે ઓવર બ્રીજ બનાવવા માટે પ્રાથમીક સર્વે કરેલ તે મુજબ ક્રોસીંગના એક છેડાના રોડની પહોળાઈ ૧૮ મીટર તેમજ બીજા છેડાની પહોળાઈ ૧૨ મીટર છે તેથી રસ્તાની પહોળાઈ ધ્યાને લઈ આ જગ્યાએ ૩.૭૫ મીટર x ૨ = ૭.૫ મીટર પહોળાઈનો ઓવરબ્રીજ બનાવવા માટે આયોજન કરેલ છે. આ ક્રોસીંગ ઉપર ટ્રાફીક સર્વે તેમજ ફીઝીબીલીટી સ્ટડી હાથ ધરી ઓવર બ્રીજ બનાવવા માટેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૨૦.૦૦ કરોડ થશે.

➞ અમદાવાદ-બોટાદ રેલ્વે લાઈન ઉપરના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લિમીટમાં આવતાં રેલ્વે લાઈનમાં રેલ્વે અન્ડર બ્રીજ :

રેલ્વે વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં આવેલ અમદાવાદ-બોટાદ મીટરગેજ લાઈનનું બ્રોડગેજ લાઈનમાં રૂપાંતરણ કરવામાં આવી રહેલ છે. જેની કામગીરી રેલ્વે વિકાસ નિગમ (RVNL) દ્વારા કરવામાં આવે છે.

સદર લાઈન બ્રોડગેજમાં રૂપાંતર થયા બાદ ટ્રેનોની સંખ્યા તથા ફ્રિકવન્સીમાં ખૂબ જ વધારો થવાનો હોવાને કારણે શહેરની વચ્ચે આવતાં રેલ્વે ફાટકો બંધ કરવાનું આયોજન રેલ્વે દ્વારા હાથ ધરવામાં આવેલ. પરંતુ જો શહેરમાં આવેલ ફાટકો બંધ કરવામાં આવે તો શહેરનો ટ્રાફિક બે ભાગમાં વહેંચાઈ જાય તથા શહેરના ટ્રાફિકને પૂર્વ થી પશ્ચિમ તથા પશ્ચિમ થી પૂર્વ બાજુ જવામાં ખૂબ જ મુશ્કેલી ઉદ્ભવે. રેલ્વે દ્વારા અંડરપાસનો મુખ્ય ભાગ બોક્ષ તેઓના ખર્ચે બનાવવાની સંમતિ આપેલ છે. જ્યારે તેની આજુ-બાજુના એપ્રોચ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ખર્ચે કરવામાં આવશે. વધુમાં એક અંડરપાસ મેટ્રો દ્વારા તથા એક રેલ્વે અન્ડર બ્રીજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ખર્ચે બનાવવામાં આવશે. જ્યારે કુલ ૧૪ અંડરપાસ તથા બે હયાત અંડરપાસ મીઠાખળી તથા માદલપુરને વધુ પહોળો રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવનાર છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૫૦.૦૦ કરોડ થશે.

અમદાવાદ બોટાદ રેલ્વે લાઈન પર આવેલ કુલ ૩૨ રેલ્વે ફાટકની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	વિગત	સંખ્યા	રિમાર્કસ
૧	હયાત રેલ્વે અંડરપાસ	૧૦	જેમાંથી માદલપુર અને મીઠાખળી RUB પહોળા કરવામાં આવનાર છે.
૨	હયાત રેલ્વે ઓવર બ્રીજ	૩	
૩	રેલ્વેક્રોસીંગ પહોળા કરેલ છે.	૧	
૪	નવા રેલ્વે અંડરપાસ બનાવવા	૧૪	રેલ્વે વિભાગદ્વારા
૫	નવા રેલ્વે અંડરપાસ	૧	મેટ્રો દ્વારા
૬	નવા અંડરપાસ	૧	અ.મ્યુ.કો.ના ખર્ચે
૭	રેલ્વે ક્રોસીંગ બંધ કરવાના થતા	૨	
	કુલ	૩૨	

અમદાવાદ બોટાદ રેલ્વે લાઈન પર બનાવવામાં આવનાર ૧૬-રેલ્વે ઓવર બ્રીજ/રેલ્વે અન્ડર બ્રીજ પૈકી ૧૪ રેલ્વે વિકાસ નિગમ (RVNL), ૧-અ.મ્યુ.કો., ૧-મેટ્રો બનાવવામાં આવનાર છે.

ક્રમ	એલ.સી.નં.	સ્થળ	ક્રમ	એલ.સી.નં.	સ્થળ
૧	એલ.સી.-૧	આઈ.ઓ.સી ક્રોસીંગ	૯	એલ.સી.-૨૦	વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ
૨	એલ.સી.-૨	ચેનપુર ક્રોસીંગ	૧૦	એલ.સી.-૨૨	ચામુંડા ક્રોસીંગ
૩	એલ.સી.-૩	વંદેમાતરમ ગોતા	૧૧	એલ.સી.-૨૩	સાતપરા ક્રોસીંગ
૪	એલ.સી.-૪	અર્જુન આશ્રમ	૧૨	એલ.સી.-૨૫	મકરબા ક્રોસીંગ
૫	એલ.સી.-૫	અર્જુન આશ્રમ	૧૩	એલ.સી.-૨૬	મકરબા ક્રોસીંગ
૬	એલ.સી.-૬	અગીયારસી માતા ક્રોસીંગ	૧૪	એલ.સી.-૩૦	સાતેજ પાર્ક ક્રોસીંગ
૭	એલ.સી.-૯	સંઘવી	૧૫	એલ.સી.-૮	વિજયનગર ક્રોસીંગ(કિરણપાર્ક-AMC)
૮	એલ.સી.-૧૮	પ્રીતમનગર ક્રોસીંગ	૧૬	એલ.સી.-૧૭	જલારામ ક્રોસીંગ (મેટ્રો)

→ અમદાવાદ-હિંમતનગર રેલ્વે લાઈન ઉપરના અ.મ્યુ.કો. ની લિમીટમાં આવતાં રેલ્વે ફાટક ઉપર અન્ડરપાસ / ગરનાળા બનાવવાની કામગીરી :

અમદાવાદ-હિંમતનગર મીટરગેજ રેલ્વે લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતરણ રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે. આ રેલ્વે લાઈન ઉપર અત્યારે કુલ પાંચ રેલ્વે ક્રોસીંગો આવેલ છે. આ લાઈન ઉપરના લેવેલ ક્રોસીંગો ઉપર આર.યુ.બી / આર.ઓ.બી. તેમજ ફાટક પહોળાં કરવાની કામગીરી નીચે મુજબ છે.

સૈજપુર ગરનાળુ રેલ્વેના ખર્ચે પહોળું કરવામાં આવેલ છે. આ જગ્યાએ એપ્રોચ રોડ તેમજ સ્ટોર્મ વોટર ડ્રેઈન માટેની કેચપીટ સાથેની કામગીરી અ.મ્યુ.કો.એ પોતાના ખર્ચે કરવાની થાય છે. સરદારનગર રેલ્વે ક્રોસીંગને પહોળું કરવા માટે રેલ્વે ખાતામાં અ.મ્યુ.કો.એ રૂા.૨.૦૦ કરોડ જમા કરાવેલ છે. નરોડા (નાનાચિલોડા) ખાતે હયાત ક્રોસીંગ એલ.સી.નં.૬ ઉપર અ.મ્યુ.કો.એ પોતાના ખર્ચે રેલ્વે ઓવર બ્રીજ બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. નરોડા જી.આઈ.ડી.સી. અને સરદાર પટેલ રીંગ રોડ ઉપરના રેલ્વે ક્રોસીંગો પર જી.આઈ.ડી.સી. તેમજ ઔડાએ તેઓના ખર્ચે રેલ્વે અન્ડરપાસ / ઓવરબ્રીજ બનાવવાની કામગીરી કરવાની રહે છે. જ્યારે બાકીના રેલ્વે ક્રોસીંગો ઉપર હયાત મંજુર થયેલ ટી.પી. રસ્તાઓની પહોળાઈ ધ્યાને લઈને અન્ડરપાસ / ગરનાળાં બનાવવાની કામગીરી માટે ફીઝીબીલીટી સર્વે કરી આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.

અમદાવાદ હિંમતનગર રેલ્વે લાઈન પર આવેલ કુલ ૮ રેલ્વે ફાટકની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	વિગત	સંખ્યા	રિમાર્કસ
૧	હયાત રેલ્વે અંડરપાસ	૨	રેલ્વે દ્વારા
૨	હયાત રેલ્વે ઓવર બ્રીજ	૨	
૩	હયાત રેલ્વે ક્રોસીંગ પહોળા કરવાનું આયોજન	૧	અ.મ્યુ.કો. દ્વારા
૪	રેલ્વે ROB/RUB બનાવવાનું આયોજન	૩	અ.મ્યુ.કો. દ્વારા
	કુલ	૮	

અમદાવાદ હિંમતનગર રેલ્વે લાઈન પર બનાવવામાં આવનાર રેલ્વે ઓવર બ્રીજ/રેલ્વે અન્ડર બ્રીજની માહિતી

ક્રમ	એલ.સી.નં.	સ્થળ
૧	એલ.સી.-૧	અસારવા - ડી.આર.એમ. ઓફિસ
૨	એલ.સી.-૬	સદરદારનગર (હયાત રેલ્વે ક્રોસીંગ પહોળા કરવાનું આયોજન)
૩	એલ.સી.-૯	નરોડા-નાના ચીલોડા
૪		એસ.જી. હાઈવે પર સાયન્સ સિટી નવું બોક્ષ કલવર્ટ

➞ સરખેજ ગાંધીનગર હાઈવે NH-8C ના સોલા જંકશન પર આવેલ સોલા રેલ્વે બ્રીજની નજીક ઔડા દ્વારા બનાવેલ જૂના અન્ડર બ્રીજના હયાત આર.સી.સી. બોક્ષની બાજુમાં સોલા સાયન્સ સિટી થી સત્તાધાર ચાર રસ્તા તરફ અવર-જવર માટે નવો આર.સી.સી. બોક્ષ બનાવવા :

અમદાવાદ શહેરના નવા પશ્ચિમ ઝોનમાં સરખેજ-ગાંધીનગર હાઈવે NH-8C સોલા જંકશન પર આવેલ સોલા રેલ્વે બ્રીજની નજીક ઔડા દ્વારા સીંગલ આર.સી.સી બોક્ષ બનાવવામાં આવેલ છે. આ જગ્યામાં માત્ર ૨-લેનનો આશરે ૧૧.૫૦ મીટર પહોળાઈનો અન્ડરપાસ આવેલ છે. આથી અન્ડરપાસના સત્તાધાર ચાર રસ્તા તરફ ૩૦.૦૦ મીટરનો ટી.પી. રોડ તેમજ સોલા સાયન્સ સિટી રોડ ૫૧.૦૦ મીટરનો પહોળો ટી.પી. રોડ હોવાથી અન્ડરપાસ પાસે બોટલનેક થાય છે, તેમજ બી.આર.ટી.એસ.ની બસો પણ સદર અન્ડરપાસમાંથી પસાર થતી હોવાથી લગભગ રોજ ટ્રાફિક જામની સમસ્યા ઉભી થાય છે.

વધુમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાલમાં સરખેજ ગાંધીનગર રોડને ૬-લેન રોડ બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે સદર રોડ પરના સોલા અન્ડર બ્રીજને પણ પહોળો કરવાનું આયોજન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરેલ છે. સદર આયોજનોની સૈદ્ધાંતિક મંજૂરી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા સ્વીકારવામાં આવેલ છે. સદર કામમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા સરખેજ-ગાંધીનગર હાઈવે ને ૬-લેન પહોળો કરવાની સાથે સાથે હયાત આર.સી.સી બોક્ષ ને પણ તે મુજબ લંબાઈ વધારવાનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ માં હયાત આર.સી સી બોક્ષ ને લાંબુ કરવા તથા હયાત બોક્ષની બાજુમાં નવો ૧૧.૫૦ મી પહોળો નવો આર.સી.સી બોક્ષ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે હયાત સ્થળ પરિસ્થિતિનો અભ્યાસ કરી, સોઈલ ઈન્વેસ્ટીગેશન, ટોપોગ્રાફીક સર્વે તથા ટ્રાફીક સર્વે કરી ફીઝીબીલીટી સ્ટડી રીપોર્ટ તૈયાર કરવા અને સદર કામના અંદાજ તથા ટેન્ડર તૈયાર કરવા અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

➞ બ્રીજ નીચેના સ્થળોનો વિકાસ :

શહેરમાં હયાત બ્રીજની નીચેના તથા નવા બનનાર બ્રીજની નીચેના સ્થળમાં દબાણ ન થાય તથા તેનો યોગ્ય વપરાશ થાય તે હેતુથી આગામી વર્ષે બ્રીજના નીચેના સ્થળનું જે-તે વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિકાસ કરવાનું આયોજન છે. જે માટે સને ૨૦૧૮-૧૯ માં રૂા.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આમ, કોર્પોરેશન ફંડના બ્રીજ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૨૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧૬૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

બ્રીજ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૩૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૬૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૬. અર્બન ટ્રાન્સપોર્ટ

➞ જાન્યુઆરી-૨૦૧૮ માં અમદાવાદ શહેરને ૩ જુદી-જુદી કેટેગરીમાં એવોર્ડ મળેલ છે.

- **Award for Best City - Road Transport Infrastructure**
- **Award for Best City - Emergency Services**
- **Award for Best City - Heavy Vehicle Traffic Management**

➞ જનમાર્ગ - બી.આર.ટી.એસ. :

બીઆરટીએસ બસ સેવા શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક વિસ્તારો, રેલ્વે સ્ટેશન જેવા ભારે ટ્રાફીક ધરાવતા વિસ્તારો આવરી લઈ હાલમાં ૯૭ કિ.મી. રૂટ ઉપર કુલ ૧૫૭ બસો સ્ટેશન તથા ૧૩ રૂટો પર કાર્યરત છે. હાલમાં સમગ્ર રૂટ ઉપર પીપીપી ધોરણે ૨૫૦ (૧૮૪ એ.સી.) બસો કાર્યરત છે. જેમાં દૈનિક ૧,૫૦,૦૦૦ જેટલા નગરજનો મુસાફરી કરી શહેરનો ટ્રાફીક, પ્રદૂષણ, અકસ્માત ઘટાડવા મદદરૂપ થાય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની બસ, બસ સ્ટેન્ડ, પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ઓટોમેટીક વ્હીકલ લોકેશન સિસ્ટમ જેવી આધુનિક સગવડો દ્વારા મુસાફરોને પોષાય તેવા ભાડા થી બી.આર.ટી.એસ. બસ સેવા શહેરના તમામ વર્ગો માટે મુસાફરી માટે ઉત્તમ માધ્યમ બનેલ છે.

✯ સ્માર્ટ કાર્ડ :

નિયમિત મુસાફરી કરતાં મુસાફરો માટે જનમાર્ગ કાર્ડ, વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ સ્માર્ટ કાર્ડ, શારીરિક વિકલાંગતા ધરાવતા નાગરિકો માટે ૪૦% ડિસ્કાઉન્ટ સાથેનું કાર્ડ, અંધજન વ્યક્તિને જનમાર્ગ સ્પેશ્યલ ફ્રી મુસાફરી કાર્ડ તથા સ્વાતંત્ર્ય સેનાની માટે જનમાર્ગના ફ્રીડમ ફાઈટરના સ્પેશ્યલ ફ્રી મુસાફરી કાર્ડ આપવામાં આવે છે.

✯ CCTV કેમેરા :

બીઆરટીએસના ૧૪૨ સ્ટેશનો પર સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેનું કંટ્રોલ સેન્ટર ખાતે સતત મોનીટરીંગ કરવામાં આવે છે. જેનાથી મુસાફરોની સુવિધા અને સુરક્ષામાં ઘણો જ વધારો થયેલ છે.

✯ ઈન્ફર્મેશન ટેકનોલોજી સિસ્ટમ :

સમગ્ર જનમાર્ગને જી.પી.એસ. સિસ્ટમ દ્વારા આવરી લેવામાં આવેલ છે. જેના લીધે સેન્ટ્રલ કન્ટ્રોલ સેન્ટર દ્વારા બસની સ્પીડ, બંચીંગ, બ્રેક ડાઉન તથા ઈમરજન્સી જરૂરીયાતોનું નિયંત્રણ થઈ શકે છે. સિસ્ટમ ઓપરેટર દ્વારા નિયત ઝડપથી બસ ઓપરેટ થઈ રહેલ છે કે નહિ તેનું નિયંત્રણ પણ કરવામાં આવે છે.

✯ નવી આઈ.ટી.એમ.એસ. સર્વિસ પ્રોવાઈડર :

બીઆરટીએસ અને એએમટીએસને કુલ રૂ.૧૮૬.૦૦ કરોડના ખર્ચે અદ્યતન આઈટીએમએસ સર્વિસ પુરી પાડવાના સદર પ્રોજેકટ અંતર્ગત તમામ બસો અને સ્ટેશનો પર સીસીટીવી કેમેરા, કોમન મોબીલીટી કાર્ડ, ક્યુઆર કોડ બેઈડઝ ટીકીટીંગ, હાઈટેક કંટ્રોલ રૂમ અને સર્વેલન્સ વગેરેનો સમાવેશ થાય છે. World Economic Forum દ્વારા ITMS અને જનમિત્ર કાર્ડની આંતરરાષ્ટ્રીય સ્તરે ઓકટોબર-૨૦૧૭ માં નોંધ લઈ સરાહના કરવામાં આવેલ. જે શહેર માટે ગૌરવની બાબત છે.

✯ ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક :

અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા કુલ ૧૭૨ કિ.મી. માં ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક નાખવાની કામગીરી ચાલુ છે. જેથી તમામ બીઆરટીએસ નેટવર્ક, એએમટીએસ ટર્મિનલ, એએમસીની તમામ ઝોનલ અને મુખ્ય ઓફિસ, એએમસી કંટ્રોલ રૂમ, પોલીસ કંટ્રોલ રૂમ વગેરે સદર નેટવર્ક થી તમામ એએમસીની સર્વિસીસને એક કોમ્યુનિકેશન નેટવર્ક જોડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

✯ એર પોલ્યુશન કન્ટ્રોલ અંતર્ગત ઈલેકટ્રીક બસ-કાર-રિક્ષા :

ભારત સરકારશ્રીના National Mission on Electric Mobility in 2011 અને National Mission on Electric Mobility Plan 2020 (NEMMP 2020) અંતગર્ત ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રી દ્વારા એપ્રિલ - ૨૦૧૭ થી શરૂ કરવામાં આવેલ Faster Adoption and Manufacturing of (Hybrid &) Electric Vehicles in India (FAME) Scheme હેઠળ એક મીલીયનથી વધુ વસ્તી ધરાવતાં અને પસંદગીના રાજયના શહેરો માટે ઈલેકટ્રીક બસ-૪૦ (4W - 52 Seat) + ઈલેકટ્રીક કાર-૨૦ (4W - 10 Seat) તથા ઈલેકટ્રીક રિક્ષા (4W - 4 Seat) સર્વિસ ચાલુ કરવા માટે એકસ્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ મંગાવવામાં આવેલ છે.

Faster Adoption and Manufacturing of (Hybrid &) Electric Vehicles in India (FAME) Scheme ના મુખ્ય હેતુઓમાં પસંદ થયેલ શહેરોમાં વાયુ પ્રદુષણની માત્રામાં ઘટાડો કરવો, એર કવોલિટી ઈન્ડેક્ષમાં સુધારો કરવો, મલ્ટી મોડલ પબ્લીક ટ્રાન્સપોર્ટ સીસ્ટમનો વ્યાપ વધારો વગરે બાબતોનો સમાવેશ થાય છે.

સદરહુ પ્રોજેકટના ખર્ચ માટે કુલ રૂ.૮૫.૦૦ કરોડનો અંદાજ રાખવામાં આવેલ છે. જે પૈકી ૬૦% અનુદાન ભારત સરકારશ્રીના ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રી પાસેથી મળનાર છે. જયારે ૪૦% ખર્ચ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડમાંથી ખર્ચ કરવાના થશે. પ્રદૂષણ ઘટાડવા માટે ગીચતાવાળા વિસ્તારોમાં સદર બસનો ઉપયોગ કરી ટ્રાફિક અને પ્રદૂષણનો ઘટાડો કરવાનું આયોજન છે.

☆ **નવી Air Condition CNG બસ :**

જનમાર્ગ (બી.આર.ટી.એસ.) બસમાં ૩૫ વ્યકિતઓ માટે બેઠક વ્યવસ્થા અને ૨૫ વ્યકિતઓ ઉભા રહી સફર કરી શકે છે. યુરો ૩ અને યુરો ૪ પ્રકારના એન્જીન, સરળતાપુર્વક આવનજાવન કરવા માટે બન્ને સાઇડ સેન્ટરમાં મોટા દરવાજા, ૧૨ મીટર લંબાઇની બસ વગેરે વિશેષતાઓ સાથે આ બસની ડિઝાઇન ભારતીય બસ કોડમાં પણ સમાવેશ પામેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. કોરીડોરમાં અમદાવાદ જનમાર્ગ લિ. ની ૨૫૦ બસ પરિવહન કરી રહી છે. શહેરીજનોને વધુ સારી સેવા પુરી પાડી શકાય તે માટે તેમજ પ્રદૂષણ ઘટાડવાના હેતુથી આગામી વર્ષે નવી ૮૦ Air Condition CNG બસ ખરીદવાનું આયોજન છે.

અમદાવાદ જનમાર્ગ લિ. માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૬૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૩૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (એ.એમ.ટી.એસ) :

અ.મ્યુ.ટ્રા.સ. દ્વારા શાળા-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, સીનીયર સીટીજનો, દિવ્યાંગ તથા મુક-બધિર વ્યકિતઓને કન્સેશન દરે જયારે સ્વાતંત્ર્ય સેનાનીઓ, વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો, પ્રજ્ઞાચક્ષુઓ તથા ૭૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરીકો વિગેરેને તદ્દન મફત મુસાફરીના પાસની સુવિધા પુરી પાડવામાં આવે છે.

સને ૨૦૧૮-૧૯ ના બજેટ વર્ષ દરમ્યાન કુલ ૮૧૬ બસોના ફલીટની સામે ૯૧.૯૧%ના ફલીટ યુટીલાઈઝેશન સાથે સામાન્ય દિવસોમાં દૈનિક સરેરાશ ૭૫૦ બસો રોડ પર સંચાલનમાં મુકવાનું આયોજન છે વધુમાં 'ચીફ મીનીસ્ટર અર્બન સર્વિસ' યોજના હેઠળ રાજય સરકાર પાસેથી એ.એમ.ટી.એસ/બી.આર.ટી.એસ. માટે રેગ્યુલર / મીડી બસો ગ્રોસ કોસ્ટથી મેળવવાના પણ પ્રયત્નો હાથ ધરનાર છે જેમાં આવક તથા ખર્ચના તફાવતની રકમ રાજય સરકાર દ્વારા પુરી પાડવામાં આવનાર હોઈ અ.મ્યુ.કો./અ.મ્યુ.ટ્રા.સ. ઉપર આ પૈકીની વધારાની મળનાર બસોના ખર્ચનું ભારણ પડનાર નથી. આ ઉપરાંત અ.મ્યુ.ટ્રા.સ. દ્વારા 'ચીફ મીનીસ્ટર અર્બન બસ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી' હેઠળ જુદા જુદા કન્સેશનથી થતાં વાર્ષિક 'સોશ્યલ લોસ' ની રૂ.૩૨.૦૦ કરોડ જેટલી રકમની સબસીડી રાજય સરકારશ્રી પાસેથી મેળવવાના પણ પ્રયત્નો કરવામાં આવનાર છે.

ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન અ.મ્યુ.ટ્રા.સ.- બી.આર.ટી.એસ.ના સહયોગથી કર્ણાવતી કલબથી સરદાર પટેલ એરપોર્ટ સુધી 'એરપોર્ટ શટલ' બસ સેવા રૂટ નં.૧૦૦૦ માં ૬(છ) અદ્યતન સુવિધાસભર એ.સી. બસો પુરી પાડેલ છે તથા ગાંધી રોડ જેવા ગીચ વિસ્તારને આવરી લઈ 'બાલા હનુમાન એકસપ્રેસ' ના રૂટમાં ૮(આઠ) મીની બસો ફાળવીને તદ્દન વિના મુલ્યે શહેરી પ્રજાજનોને બસ સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

એ.એમ.ટી.એસ. માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૩૨૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૩૫૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૭. જાહેર મકાનો

☞ કોમ્યુનિટી હોલ તથા ઓડીટોરિયમ :

૭.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

ચાલુ કામ :

➞ લાલા કાકા હોલનું રિનોવેશન :

મધ્ય ઝોનમાં આવેલ લાલા કાકા હોલનો હયાત જુનો એક માળનો હોલ તોડી તેને સ્થાને ₹.૨.૫૫ કરોડના ખર્ચે નવો બે માળનો આધુનિક સુવિધાયુક્ત ૧૪ સી.સી.ટી.વી. કેમેરા દ્વારા સર્વેલન્સ સીસ્ટમ સહિતનો હોલ બનાવવામાં આવનાર છે. સદર હોલનાં બાંધકામનું હયાત ક્ષેત્રફળ ૧૦૫૦ ચો.મી. છે. જયારે તેના સ્થાને નવા બનાવવાના થતાં હોલમાં ગ્રાઉન્ડ ફલોરનો એરીયા ૭૯૦.૯૩ ચો.મી. તથા પહેલા માળનો એરીયા ૭૪૭.૦૪ ચો.મી. મળી કુલ એરીયા ૧૫૩૮.૯૭ ચો.મી. થશે. જેથી વધુ લોકો તેનો એક સાથે ઉપયોગ કરી શકશે.

➠ ડી. કે. પટેલ હોલનું નવિનીકરણ :

પશ્ચિમ ઝોનના સ્ટેડીયમ વોર્ડમાં ડી.કે.પટેલ હોલનું નવીનીકરણ કરવાના કામમાં સદર હોલને સેન્ટ્રલી એ.સી., ફાયર ફાઈટીંગ તથા લીફટની સગવડતા વાળો હોલ બનાવવામાં આવશે. જેમાં બેઝમેન્ટમાં પાર્કીંગ વ્યવસ્થા, ગ્રાઉન્ડ ફલોર ઉપર ૫૫૦ થી ૬૦૦ વ્યક્તિની ક્ષમતા વાળો હોલ, વર કક્ષ તથા કન્યા કક્ષ એટેચ ટોયલેટ બ્લોક, અદ્યતન પેન્ટ્રી તથા સ્ટોર સાથેનો કીચન રૂમ, વોશ એરીયા તથા ટોયલેટ બ્લોકની ફેસીલીટી, ગ્રાઉન્ડ ફલોર ઉપર રીસેપ્શન તથા બુકીંગ ઓફીસ, તદ્ઉપરાંત ગ્રાઉન્ડ ફલોર ઉપર ટુ વ્હીલર તથા ફોર વ્હીલર પાર્કીંગ, પ્રથમ માળે પ્રત્યેક હોલ ૨૭૫ થી ૩૦૦ વ્યક્તિની ક્ષમતા વાળા બે હોલ, દરેક હોલ માટે સ્ટોર રૂમ, પેન્ટ્રી રૂમ, વોશ રૂમ, વોટર રૂમ, હોલ સાથે ત્રણ માળની આશરે ૪૧૦ થી ૪૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી રીડીંગ લાયબ્રેરી બનાવવામાં આવશે. સદર કામનો અંદાજ ₹.૨૦.૫૬ કરોડનો મંજૂર થયેલ છે.

આયોજનના કામ :

➞ નવા પશ્ચિમ ઝોન વેજલપુરમાં કોમ્યુનિટી હોલ :

નવા પશ્ચિમ ઝોનમાં ખાતે આગામી વર્ષમાં કોમ્યુનિટી સેન્ટર બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. કોમ્યુનિટી સેન્ટરમાં ૨ થી ૩ રૂમ, રસોડુ, લેડીઝ-જેન્ટસ ટોયલેટ, બાથરૂમ, વોશ એરીયા, અદ્યતન સુવિધા સાથે એ.સી. હોલ, સેલરમાં પાર્કીંગ, સાઈડ પાર્કીંગ તથા એક જ સાથે ૪૦૦ થી ૫૦૦ માણસો બેસી શકે તેવી વ્યવસ્થાવાળો કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૩.૦૦ કરોડ થશે.

➞ પૂર્વ ઝોનમાં કોમ્યુનિટી હોલ :

શહેરના પૂર્વ વિસ્તારમાં રીંગ રોડને સમાંતર વિકસતા વિકાસને ધ્યાનમાં રાખીને આગામી વર્ષમાં પૂર્વ ઝોનમાં રીંગ રોડના નજીકના વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૨.૦૦ કરોડ થશે.

➞ વોર્ડ ઓફિસ :

રાણીપ વોર્ડમાં નવા રાણીપ વિસ્તારમાં હેલ્થ ખાતુ, ઈજનેર ખાતુ, સી.સી.આર.એસ. રૂમ, મેનહોલ ખાતુ, અર્બન હેલ્થ સેન્ટર, સીટી સીવીક સેન્ટર સહિતની નવી સબ ઝોનલ ઓફીસ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે તથા નારણપુરા વોર્ડ તથા સાબરમતી વોર્ડ ઓફિસનું એક્ષ્ટેન્શન કરવાની કામગીરી ચાલુ છે.

નવા પશ્ચિમ ઝોનમાં આશરે ૫.૦૦ લાખ નાગરિકોને એન્જીનીયરીંગ, ગાર્ડન, હેલ્થ, મેલેરિયા, સ્ટ્રીટ લાઈટ તથા સિટી સિવીક સેન્ટરની સેવાઓ તેમના રહેઠાણની નજીકમાં જ ઉપલબ્ધ થાય તે હેતુથી ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૮.૧૭ કરોડના ખર્ચે ગ્રાઉન્ડ ફ્લોર + ફર્સ્ટ ફ્લોરના બાંધકામવાળી ૪-વોર્ડ ઓફિસ બનાવવાનું આયોજન કરેલ તે પૈકી મકતમપુરા, સરખેજ તથા જોધપુરમાં વોર્ડ ઓફિસ બનાવવાની કામગીરી શરૂ કરેલ છે. જ્યારે ચાંદલોડીયામાં વોર્ડ ઓફિસ બનાવવાના કામ અંગેના ટેન્ડરની પ્રક્રિયા ચાલુ છે.

➞ પૂર્વ ઝોન ખાતે નવી ઝોનલ ઓફિસ :

પૂર્વ ઝોનની હાલની ઓફિસનું સ્થળ તથા પૂર્વ ઝોનનો વિસ્તાર વધેલ હોવાથી શહેરીજનોને એક જ જગ્યાએથી મ્યુનિસિપલ કોર્પોરેશનની બધી જ સેવાઓ મળી રહે તે હેતુથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે પૂર્વ ઝોન ખાતે નવી ઝોનલ ઓફિસ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેના માટે સને ૨૦૧૮-૧૯ માં રૂા.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ નવા પશ્ચિમ ઝોન ખાતે નવી સબ ઝોનલ ઓફિસ :

નવા પશ્ચિમ ઝોનની ઝોનલ ઓફિસ હાલ બોડકદેવ વિસ્તારમાં આવેલ છે. શહેરીજનોને સગવડતા મળી રહે તે હેતુથી ૭ માળનું નવું બિલ્ડીંગ અંદાજે રૂા.૧૧.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે.

➞ AMC અર્બન હાઉસ :

પશ્ચિમ ઝોનના નવરંગપુરા વોર્ડમાં ટી.પી.નં.૩, ફા.પ્લોટનં.૪૪૧ ના મ્યુનિસિપલ પ્લોટમાં કુલ ૮૩૨૬.૦૦ ચો.મી. માં એફ.એસ.આઈ. મુજબ ૨૨,૪૮૦.૨૨ ચો.મી.ના બીલ્ટ અપ એરિયામાં બાંધકામ કરવામાં આવશે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ બેઝમેન્ટનો પાર્કીંગ એરિયા મળી કુલ ૧૪,૫૦૨.૧૫ ચો.મી. પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. સદર બિલ્ડીંગનું હાલના તબક્કે (G+૯) માળનું પ્લાનીંગ કરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી કામગીરી અન્વયેના જુદા-જુદા વિભાગોને એક જ સ્થળે બેસવા માટે કોર્પોરેટ હાઉસ (અર્બન હાઉસ) બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સદર બિલ્ડીંગના પ્રથમ બે માળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ખાતાઓના રેકર્ડ માટે ફાળવેલ છે તથા બાકીના માળ ઈલેકશન ખાતાની ઓફિસ, ઈલેકશન ખાતાનો સ્ટ્રોંગ રૂમ, એસ્ટેટ/ટી.ડી.ઓ. (મધ્યસ્થ કચેરી), સિટી પ્લાનીંગ, અમદાવાદ જનમાર્ગ લિમીટેડની ઓફિસ, બગીચા ખાતુ તથા અન્ય વિભાગોને બેસવા માટેનો વ્યવસ્થા કરવામાં આવનાર છે. સદર બિલ્ડીંગ રૂા.૬૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત કોમ્યુનિટી હોલ તથા ઓફિસ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૩.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૦.૪૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૭.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ રૂક્ષ્મણીબેન ભાવસાર હોલ અપગ્રેડેશન :

સાબરમતી વોર્ડમાં રામનગર વિસ્તારમાં રૂક્ષ્મણીબેન ભાવસાર કોમ્યુનીટી હોલ આવેલ છે, આ હોલ લગભગ ૨૫ વર્ષ જુનો છે. આ હોલ સેન્ટ્રલ એરકન્ડીશન બનાવી ફલોરીંગ ચેન્જ કરવાનું તથા હોલની દિવાલો પર આર્ટ વર્ક કરી અદ્યતન બનાવવા, પાર્કીંગમાં નવેસરથી રબર મોલ્ડેડ કરી પાર્કીંગ વ્યવસ્થિત ડીઝાઈન કરવામાં આવનાર છે તથા હોલની ડિઝાઈનને અનુરૂપ બહારનું પ્લાસ્ટર નવેસરથી કરવાનું છે. સદર હોલ બનાવવાનો અંદાજીત ખર્ચ ₹.૩.૦૦ કરોડ છે. જે અંતર્ગત સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષમાં ₹.૧.૬૦ કરોડ ફાળવવાનું આયોજન કરેલ છે.

➞ અસારવા સબ ઝોનલ ઓફિસ :

અસારવા વોર્ડની સબઝોનલ ઓફીસ વર્ષો જુની હોઈ તેને તોડીને નવેસરથી અદ્યતન સુવિધાયુક્ત બે માળનું નવી સબ ઝોનલ ઓફિસ અંદાજે રૂા.૧.૫૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે.

➞ અસારવા લાયબ્રેરી :

અસારવા વોર્ડની અંદર મ્યુનિ. લાયબ્રેરી વર્ષો જુની આવેલ છે. સદર બિલ્ડીંગ જર્જરીત થયેલ હોઇ તેને તોડીને નવેસરથી નવું બિલ્ડીંગ બનાવવાનું થાય છે. બે માળનું નવુ બિલ્ડીંગ અંદાજે રૂા.૦.૮૫ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➞ નવા પશ્ચિમ ઝોન વેજલપુરમાં પીપીપી ધોરણે લાયબ્રેરી :

નવા પશ્ચિમ ઝોનના વેજલપુરમાં શહેરીજનોને વાંચનની સુવિધા મળી રહે તે માટે હોલ, લાયબ્રેરી સ્ટાફ બેઠક રૂમ, પુસ્તકો મુકવા માટે કબાટો, બુક રેક, ખુરશીઓ, ટેબલો, લાકડાના પાર્ટીશન વોલ તથા અધ્યતન ઈન્ટરનેટ સુવિધાવાળા કોમ્પ્યુટરો, લેડીઝ- જેન્ટસ ટોયલેટ, બાથરૂમ, પેન્ટ્રી એરીયા, સેલરમાં પાર્કીંગ, સાઈડ પાર્કીંગ વગેરે સુવિધા સાથે નવા પશ્ચિમ ઝોનમાં ખાતે આગામી વર્ષમાં પીપીપી ધોરણે લાયબ્રેરી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૨.૦૦ કરોડ થશે.

➞ શાહીબાગ વોર્ડમાં મ્યુનિ. પ્લોટમાં ચિલ્ડ્રન પ્લે પાર્ક :

શાહીબાગ વોર્ડમાં આવેલ નવીનચંદ્રપાર્ક સોસાયટી પાસે મ્યુનિસિપલ પ્લોટમાં કુલ ક્ષેત્રફળ ૧૩૯૧ ચો.મી., ૪૭૫ ચો.મી. ના એરિયામાં રમતગમતના સાધનો, બેઠકો માટે બાકડા તેમજ ગઝેબો બનાવવાનું અંદાજે રૂા.૦.૬૭ કરોડ ના ખર્ચે ચિલ્ડ્રન પ્લે પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આમ, કોર્પોરેશન ફંડના ઓફિસ, કોમ્યુનિટી હોલ વિગેરે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૧૩.૨૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧૯.૧૯ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૮. જાહેર સ્થળો

➞ લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ :

૮.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

અમદાવાદ શહેરમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવા, પાણી ભરાવવાના પ્રશ્નો હલ કરવા અને તેનો જરૂરી સંગ્રહ કરવા તળાવો વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વરસાદી પાણી સંગ્રહ થવાથી ભૂર્ગભનાં પાણીના સ્તર ઊંચા આવી શકે છે. તળાવોનો વિકાસ કરી વિસ્તારને લોકમેળાનું સ્થળ બનાવી લોકોને મનોરંજન પૂરું પાડી શકાય છે. તળાવોની આજુ-બાજુ વૃક્ષારોપણ કરી આજુબાજુના વિસ્તારનું પ્રદૂષણ ઓછું કરી જાહેર આરોગ્ય સુધારી શકાય છે તેમજ વિસ્તારની સુંદરતા વધારી શકાય છે. તળાવોના વિકાસની કામગીરીમાં તળાવોને ઊંડા કરી, કમ્પાઉન્ડ વોલ / ફેન્સીંગ ઊભા કરી, તળાવ ફરતે રસ્તા, બાગ બગીચા તથા લાઈટીંગની વ્યવસ્થા કરવા તથા પાણી લાવવા આઉટલેટ ઊભા કરવા, પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવા, રિર્ચાજ કૂવા બનાવવા વગેરે કામગીરી આવરી લેવામાં આવેલ છે.

પૂર્ણ થયેલ કામો

❀ વસ્ત્રાલ તળાવ ડેવલપ કરવાની કામગીરી રૂા.૧૨.૧૦ કરોડના ખર્ચે પુરી થયેલ છે.

ચાલુ કામો

- ઓઢવ ખાતે રૂા.૬.૬૯ કરોડના ખર્ચે તળાવ ડેવલપ કરવાની કામગીરી ચાલુ છે.
- રતનપુરા ખાતે રૂા.૮.૩૧ કરોડના ખર્ચે તળાવ ડેવલપ કરવાની કામગીરી ચાલુ છે.

→ નવા પશ્ચિમ ઝોનમાં વસ્ત્રાપુર લેક રિચાર્જ :

નવા પશ્ચિમ ઝોનના વસ્ત્રાપુર તળાવને રીચાર્જ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર તળાવને ઔડા દ્વારા અગાઉ ડેવલપ કરીને બગીચો, વોકીંગ ટ્રેક, ઓપન એર થીયેટર, ચિલ્ડ્રન પ્લે એરીયા વિગેરે બનાવીને ડેવલપ કરવામાં આવેલ છે. આ તળાવમાં ચોમાસા દરમ્યાન આજુ-બાજુના વિસ્તારોનું વરસાદી પાણી ભેગુ થાય છે. ચોમાસા સિવાયના સમયગાળામાં સદર તળાવ ખાલી રહેતું હોઈ ભરેલું રહે તે માટે રીચાર્જ કરવું જરૂરી છે. આ માટે સદર તળાવ ભરવા માટે એક ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવીને ટ્રીટેડ સુએજથી તળાવને ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી સતત વર્ષ દરમ્યાન તળાવમાં પાણી ભરેલુ રહે, તળાવની સૌંદર્યતા કાયમ રહે અને ભૂગર્ભ પાણી રીચાર્જ થતું રહે. આ માટે આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂા.૧.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આગામી વર્ષ માટે આયોજન હેઠળના કામો

- સરખેજ ખાતે રૂા.૧૧.૬૪ કરોડના ખર્ચે તળાવનું ડેવલપમેન્ટ હાથ ધરેલ છે.
- નવા પશ્ચિમ ઝોનમાં શીલજ, છારોડી, સોલા વિગેરે તળાવનું ડેવલપમેન્ટ હાથ ધરેલ છે.
- પશ્ચિમ ઝોનમાં મોટેરા ડ્રેનેજ પંપીંગ સ્ટેશન ખાતે તળાવ બનાવવાની તેમજ તળાવ ડેવલપમેન્ટના ભાગરૂપે અર્બન વોટર મ્યુઝિયમ બનાવવાની કામગીરી હાથ ધરેલી છે.
- તળાવોમાં કાયમ ચોખ્ખું પાણી મળી રહે તે હેતુ થી જાસપુર ખાતે નર્મદા કેનાલમાંથી નવી ૧૨૦૦ ની પાઇપ નાંખીને ખોરજ તળાવને ભરવામાં આવશે, જયાંથી નવા પશ્ચિમ ઝોનમાં ઈન્ટરલીકીંગ થયેલ તળાવો ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
- તળાવોમાં આવતા ડ્રેનેજના પાણીને નિયંત્રિત કરવાં તેમજ ચોમાસામાં વરસાદી પાણીને કન્ટ્રોલ કરવા પશ્ચિમ ઝોન તથા નવા પશ્ચિમ ઝોનમાં તળાવોમાં ગેટ મુકવાની કામગીરી કરવામાં આવનાર છે.
- દક્ષિણ ઝોનમાં વટવા વોર્ડમાં વાનરવટ તળાવ ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

તળાવોના વિકાસ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૩.૯૭ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૮.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ પ્રાણી સંગ્રહાલય (ઝુ) :

કાંકરિયા પ્રાણીસંગ્રહાલયની સ્થાપના સને ૧૯૫૧માં થયેલી છે. તથા હાલમાં ભારતમાં લગભગ ૧૯૫ જેટલા ઝૂ આવેલા છે જે પૈકી ફક્ત ૧૪ ઝૂ લાર્જ કેટેગરીમાં આવે છે. ગુજરાતમાં સૌથી મોટા ફક્ત ૦૨ ઝૂ છે તેમાં કાંકરિયા પ્રાણીસંગ્રહાલય, અમદાવાદનો સમાવેશ થાય છે.

વિશ્વનાં વિવિધ દેશોના વિવિધ પશુ, પક્ષીઓ, સરીસૃપો આ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવે છે. જેની સંખ્યા ૧૮૬૦ જેટલી અને જાતિઓ ૧૦૪ જેટલી છે. આ જાનવરોની વૈજ્ઞાનિક ઢબે રાઉન્ડ ધ ક્લોક સારસંભાળ રાખવામાં આવે છે. પાંજરામાં માળા તથા અન્ય સુવિધા પુરી પાડવાથી પશુ-પક્ષી-સરી સૃપોનું પ્રજનન સરળતાથી થાય છે. તેથી જાનવરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થતો જાય છે. ઝૂ માં કિંમતી પશુ-પક્ષીઓ જેવા કે વિવિધ પ્રકારના ભારતીય પોપટ, નીકોબાર પીજીયન, સામાન્ય મોર, સ્પૂનબીલ, વ્હાઈટ ઈબીસ, પહાડી હોલા, નક્તા બતક, નાઈટ હેરોન, જાવા સ્પેરો, બજરીગર, લવબર્ડ, કોકેટીલ, શિયાળ, હોગડીયર, સ્પોટેડ ડીયર, નીલગાય, શાહુડી, રેસસ મંકી તથા પાણીના કાચબાના બચ્ચાંઓ દર વર્ષે થાય છે. ઉપરાંત ઝૂ ૬૫ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતીય અજગરના ૧૭ બચ્ચાંઓનો જન્મ થયેલ છે.

પ્રાણીસંગ્રહાલયમાં વાઘ, સિંહ તથા રીંછના કુદરતી વાતાવરણ વાળા મોટા ક્ષેત્રફળ વાળા ખુલ્લા પાંજરાઓ બનાવવામાં આવેલા છે તથા પ્રાણીસંગ્રહાલયમાં ભારતનું સુંદર અને સર્વ શ્રેષ્ઠ સરીસૃપગૃહ પણ બનાવવામાં આવેલ છે. શ્રીલંકા ખાતેથી લાવવામાં આવેલા ૪ એનાકોન્ડા અને મોટા કદ વાળા અજગર તથા હાલમાં જ પ્રાણીસંગ્રહાલયમાં નવા જન્મેલા અજગરના બચ્ચા અત્યારે મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર છે.

ઉપરાંત અલગ-અલગ વેરાઈટીના રંગબેરંગી સુંદર ફૂલછોડો રોપીને બટરફ્લાયપાર્ક પણ બનાવવામાં આવેલ છે. સરીસૃપગૃહ તથા બટરફ્લાય પાર્ક ખુલ્લો મૂકવામાં આવેલ છે. આ પાર્કમાં કુલ ૩૩ પ્રકારની જાતિના પતંગિયા જોવા મળે છે.

✯ નોક્ટરનલ એનીમલ હાઉસ :

નોક્ટરનલ પ્રાણી દિવસ દરમિયાન સુઈ જતા હોય છે અને રાત્રિમાં જાગે છે. આ કારણસર દિવસ દરમિયાન જ્યારે કાંકરિયા પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે ખુલ્લુ હોય ત્યારે મુલાકાતીઓ આ પ્રાણીઓને જોઈ શકતા નથી. તેથી નોક્ટરનલ ઝૂ મુલાકાતીઓ માટે તા.૨૫ મી ડિસેમ્બર ૨૦૧૭ના રોજ મુલાકાતીઓ માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

આ નોક્ટરનલ હાઉસ ભારતના કોઈ જ ઝૂ માં નથી તેવુ અલગ પ્રકારનુ ૯૦૦૦ ચો.મીટર વિસ્તારમાં થ્રી લેયરમાં બનાવવામાં આવ્યુ છે. જેમાં જમીનની અંદર દર બનાવીને રહેતા પ્રાણીઓ શાહુડી, કાંટા શેળીયો, જમીન ઉપર રહેતા પ્રાણીઓ જેવા કે શિયાળ, ઝરખ, દિપડા, વરૂ તથા વૃક્ષો ઉપર રહેતા પ્રાણીઓ વાગોળ, ચામાચિડિયા, નાઈટ હેરોન વિગેરે કાચના કેબીન વાળા પાંજરા તેમજ ખુલ્લી જગ્યામાં જોઈ શકાશે તથા મુલાકાતીઓ ને પણ આ પ્રાણીઓની ગૂફામાં પ્રવેશ કરે છે તેવા આબેહુબ વાતાવરણનો અનુભવ થાય છે.

આ નોક્ટરનલ ઝૂ માં દેશમાં સર્વપ્રથમ જીઓથર્મલ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે ઉપરાંત માટીની દિવાલો (રેમ્ડ અર્થ) બનાવવામાં આવેલ છે તથા પ્રાણીઓના પાંજરાની અંદરનું પાણી રીસાઈકલીંગ થાય તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન પ્રાણીસંગ્રહાલયમાં તથા તેના હસ્તક આવેલ વિભાગોમાં નીચે મુજબના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

- હાથીઓ માટે ઓપનમોટ પાંજરૂ રૂા.૧.૦૦ કરોડના ખર્ચે બનાવવા
- પ્રાણીસંગ્રહાલયના પિંજરાઓના રૂા.૧.૦૦ કરોડના ખર્ચે રિનોવેશન કરવા
- વાંદરાના તથા હરણના પાંજરા રૂા.૬.૦૦ કરોડના ખર્ચે બનાવવા
- બાલવાટિકાના વિભાગોના રૂા.૦.૫૦ કરોડના ખર્ચે રીનોવેશન
- રસાલા ગાર્ડનમાં પાંજરાઓના રૂા.૦.૩૦ કરોડના ખર્ચે રીનોવેશન
- મુલાકાતીઓ માટે રૂા.૦.૨૦ કરોડના ખર્ચે ક્લોક રૂમ

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૮.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ હેરીટેજ :

સને ૨૦૧૦ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "એશિયન વર્લ્ડ હેરીટેજ સીટી" કોન્ફરન્સનું આયોજન કર્યા બાદ ઐતિહાસિક અમદાવાદ શહેરને UNESCO ની "વર્લ્ડ હેરીટેજ સીટી"ની યાદીમાં સ્થાન મળે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ CEPTU દ્વારા તૈયાર કરેલ ડોઝીયરને UNESCO દ્વારા ઐતિહાસિક અમદાવાદ શહેરને "ટેન્ટેટીવ લીસ્ટ ઓફ વર્લ્ડ હેરીટેજ સીટીઝ" માં સને ૨૦૧૧ માં સ્થાન આપવામાં આવેલ. ત્યારબાદના પાંચ વર્ષ દરમ્યાન "વર્લ્ડ હેરીટેજ સીટી"નો દરજ્જો પ્રાપ્ત કરવા અ.મ્યુ.કોર્પો. દ્વારા તૈયાર કરવામાં આવેલ વિગતવાર ફાઈનલ ડોઝીયરને કેન્દ્ર સરકારશ્રીની મંજુરી મળતાં ફેબ્રુઆરી ૨૦૧૬ માં UNESCO, Paris ખાતે મોકવામાં આવેલ.

તા.૦૮-૦૭-૨૦૧૭ ના રોજ ઐતિહાસીક શહેર અમદાવાદને યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સીટીની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આમ, અમદાવાદ શહેર ભારતનું સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી બન્યુ છે.જે આપણા સૌ માટે ખુબ જ ગૌરવની વાત છે. આ દરજ્જો પ્રાપ્ત થતા આપણા સૌની હેરીટેજ પ્રત્યેની જતન અને જાળવણી અંગેની જવાબદારી પણ ખુબ જ વધી ગઇ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઐતિહાસિક શહેરના ભવ્ય વારસાની જતન અને જાળવણી માટે અને તેની આસપાસના વિસ્તારના પુનઃરૂત્થાન માટે જુદા-જુદા કાર્યક્રમો અને યોજનાઓનું આયોજન અને અમલીકરણ જેવા કે, હેરીટેજ વોક, વર્લ્ડ હેરીટેજ વીક અને વર્લ્ડ હેરીટેજ ડે ની ઉજવણી, વિવિધ વિષયો પર સેમીનાર,લેક્ચર સીરીઝ,કોન્ફરન્સ, ટ્રેનીંગ પ્રોગ્રામ, વર્કશોપ વગેરેના આયોજન તથા હેરીટેજ આધારિત પેઇન્ટીંગ, ફોટોગ્રાફીની સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ, શેરી નાટકો વિગેરેનું આયોજન તેમજ પ્રદર્શન કરવામાં આવે છે. હેરીટેજ વિશે લોકોમાં જાગૃતિ વધારવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાર્યરત હેરીટેજ વોકને રાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોફેશનલી પ્રમોટ કરી મેનેજ કરવાનું, અને દેશ-વિદેશ થી વધુમાં વધુ વિઝીટર્સને આકર્ષવા માટે ખાનગી સંસ્થા જોડે એમ.ઓ.યુ. કરી કામગીરી સોંપવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં આવેલ જુદી-જુદી ઐતિહાસિક ઈમારતો જેવી કે જુની કિલ્લાની દિવાલો (ફોર્ટ વોલ), ઐતિહાસીક માણેકબુરઝ, દરવાજાઓ, ચબુતરાઓ, વાવ, કાંકરિયા તળાવની ફરતે આવેલ પગથિયાં, હવેલીઓ વિગેરેનું કન્ઝર્વેશન અને રીસ્ટોરેશન કરવાનું કામ હેરીટેજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે.

અમદાવાદ કોટ વિસ્તારમાં આવેલ ઐતિહાસીક મુલ્ય ધરાવતા ૨૨૩૬ રહેઠાણના મકાનો અને ૪૪૯ સંસ્થાકીય મકાનોની યાદી તૈયાર કરી અ.મ્યુ.કો. દ્વારા મંજુર કરી તેની ગેઝેટ નોટીફીકેશન તા.૨૯ જુન ૨૦૧૬ના રોજ બહાર પાડવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરના કોટ વિસ્તારની બહાર આવેલ ઐતિહાસીક મુલ્ય ધરાવતાં ૩૭૬ મકાનોનો સર્વે કરી યાદી તૈયાર કરવામાં આવેલ છે. જેનું ગેઝેટ નોટીફીકેશન કરવામાં આવનાર છે. ઉપરોક્ત તમામ હેરીટેજ મુલ્ય ધરાવતા મકાનોનું ડીટેઈલ ડોક્યુમેન્ટેશન જેવું કે આર્કીટેક્ચરલ ડોક્યુમેન્ટેશન, મેઝર ડ્રોઈંગ, ફોટોગ્રાફીક ડોક્યુમેન્ટેશન વિગેરે કામગીરી આગામી વર્ષમાં હાથ ધરવામાં આવનાર છે.

શહેરમાં આવેલ હેરીટેજ કેટેગરીમાં આવતા ખાનગી માલીકોના મકાનોના રીસ્ટોરેશન/રીપેરીંગ માટે જી.ડી.સી.આર.-૨૦૨૧ની જોગવાઇ મુજબ સમગ્ર દેશમાં પ્રથમ વખત ટ્રેડેબલ ડેવલપમેન્ટ રાઈટ આપવામાં આવે છે. શહેરમાં આવેલ નોટીફાઇડ, હેરીટેજ મકાનોને નીતિ નિયમ મુજબ રીપેરીંગ/રીસ્ટોરેશન કરવાની માંગણી આવેથી ટી.ડી.આર.નો લાભ આપવા કાર્યવાહી કરવામાં આવે છે.

✯ ટુરીઝમ મેનેજમેન્ટ પ્લાન :

ઐતિહાસીક શહેર અમદાવાદની હેરીટેજની સુયોજીત વ્યવસ્થાથી સાર સંભાળ થાય અને જુના શહેરનું Sustanable Development થાય તે માટે હેરીટેજ કોન્ઝર્વેશન પ્લાન-લોકલ એરિયા પ્લાન બનાવવાનો થાય છે.આ ઉપરાંત ટુરીઝમ મેનેજમેન્ટ પ્લાન પણ બનાવવાનો થાય છે.

ઐતિહાસીક શહેરમાં ૬૦૦ જેટલી પોળો ઉપરાંત અનેક કલાત્મક મંદિરો, મસ્જીદો, હવેલીઓ, ચબુતરાઓ, વાવો જેવા ઐતિહાસીક સ્થાપત્યો આવેલા છે. શહેરના આ વૈવિધ્યસભર વારસાની ઓળખસમા કલાકારીગરી અને કોતરણીવાળા લગભગ ૨૦૦ થી વધુ વર્ષ જુના પોળોના મકાનો અને હવેલીઓ આવેલી છે.જેમાં ખાસ કરીને લાકડાંના કોતરણી કામવાળા મકાનો અને મંદિરો આજે પણ દેશ વિદેશના પ્રવાસીઓને મુલાકાત લેવા આકર્ષે છે.

અમદાવાદ શહેરના ભવ્ય વારસાના પ્રચાર અને પ્રસાર માટે હેરીટેજ અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મ તેમજ શોર્ટ ફિલ્મ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત શહેર અંગેનું હેરીટેજ સાહિત્ય જેવું કે બ્રોસર, પોસ્ટર, કોફી ટેબલ બુક તેમજ અન્ય પબ્લીકેશન બહાર પાડવામાં આવેલ છે, તેમજ આ પ્રકારના અન્ય સાહિત્ય આગામી વર્ષમાં પણ પબ્લીશ કરવામાં આવનાર છે. વિવિધ પ્રકારના સોવેનિયર જેવા કે ચા/કોફી મગ, ટોપી, ટી-શર્ટ, કીચેઇન તથા બેઝ પણ હેરીટેજની જાગૃતિ અર્થે તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે.

✯ હેરીટેજ પ્રદર્શની :

અમદાવાદ શહેરમાં પંડિત દિનદયાલ ઓડીટોરીયમમાં એક કાયમી ઐતિહાસીક શહેર અંગેની હેરીટેજ પ્રદર્શનની જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવેલ છે. તદ્ઉપરાંત હેરીટેજના પ્રચાર પ્રસાર માટે અ.મ્યુ.કોર્પો. દ્વારા આયોજીત થતા કાર્યક્રમોમાં હેરીટેજ થીમ આધારિત કલ્ચરલ પ્રોગ્રામ, લેક્ચર સીરીઝ, હેરીટેજ પ્રદર્શની વગેરેનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.

✯ વર્લ્ડ હેરીટેજ સિટી સેક્રેટરીએટ્સ :

અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો મળતાં હેરીટેજના યોગ્ય જતન અને જાળવણી અંગે અલાયદી વ્યવસ્થા (SPV) ના ભાગરૂપે અ.મ્યુ.કોર્પો. દ્વારા 'અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટ' નું ગઠન કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરને મળેલ વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો જાળવવા માટે યુનેસ્કોની ગાઈડલાઈન મુજબ એક વર્લ્ડ હેરીટેજ સિટી સેક્રેટરીએટ્સ ઉભું કરવામાં આવનાર છે.

કાંકરિયા તળાવની ફરતે આવેલ પગથિયાં

ગુજરી બઝાર ફોર્ટ વોલ

શાહપુર ફોર્ટવોલ

ખાનપુર દરવાજા

વસંતરજબ યોક

આગામી વર્ષના આયોજનના કામ

➞ પાલડી સંસ્કાર કેન્દ્ર ખાતે વર્લ્ડ હેરીટેજ સિટી (WHC) મ્યુઝિયમનું નિર્માણ

શહેરના પશ્ચિમ વિભાગમાં આવેલ સંસ્કાર કેન્દ્ર શહેરનું જાણીતું અને આધુનિક શૈલીની ઈમારત ધરાવતું સંગ્રહાલય છે. આ આકર્ષક અને પ્રતિષ્ઠિત સ્પષ્ટ વિભાગો, પ્રત્યક્ષ ઈંટનું ચણતર, પ્લાસ્ટર વિનાની આર.સી.સી. સરફેસ અને ડિઝાઈનની વિશ્વસનીયતા જેવા કેટલાંક પાસાઓ તેના મુખ્ય આકર્ષણો છે. અમદાવાદ શહેર અને શહેરીજનોના સાંસ્કૃતિક વારસા, મૂલ્યો, ગૌરવ અને અસ્મિતાને જાળવવા તેમજ પોષવાના લક્ષ્ય માટે વર્લ્ડ હેરીટેજ સિટી મ્યુઝિયમને સંકલનકર્તા જોવાઈ રહ્યું છે. આગામી વર્ષે સંસ્કાર કેન્દ્ર ખાતે વર્લ્ડ હેરીટેજ સિટી (WHC) મ્યુઝિયમનું નિર્માણ કરવાનું (On Lease Renovate Maintain and Transfer Basis) આયોજન છે. જેમાં અમદાવાદનો ભવ્ય ઈતિહાસ, સંસ્કૃતિ, કલા, હસ્તકલા, વારસો, સ્થાપત્ય અને ટેક્ષટાઈલનો વારસો તેની હેરીટેજ વેલ્યુની જાળવણી કરીને દર્શાવવામાં આવશે.

સદર પ્રોજેક્ટ અંતર્ગત સંસ્કાર કેન્દ્રની ગેલેરીનું આધુનિકરણ તેમજ રિ-સ્ટ્રકચરીંગ કરવામાં આવશે. હયાત સ્ટ્રકચરનું રીટ્રોફીટીંગ કરી ન્યૂનતમ અભિગમ સાથે આઈકોનીક બ્રીક વર્કનું પુનઃસ્થાપન કરવામાં આવશે તેમજ સંપૂર્ણ End to End Solution ના કન્સેપ્ટ સાથે હયાત બિલ્ડીંગનું તમામ જરૂરી સિવીલ કામ, રીસ્ટોરેશન કાર્ય હાથ ધરવામાં આવશે. પાલડી ખાતેના સંસ્કાર કેન્દ્રના નવિનીકરણ રૂા.૨૫.૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. જે માટે સને ૨૦૧૮-૧૯ માં રૂા.૮.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ હેરીટેજ બિલ્ડીંગ સેન્ટર :

ઐતિહાસીક શહેરમાં આવેલ વર્ષો જુના પોળોના મકાનો, મંદિરો, મસ્જીદો, હવેલીઓના બાંધકામ જર્જરીત થયેલ છે જેનું સમયાંતરે રીપેરીંગ થવુ જરૂરી છે. જે માટે કુશળ કારીગર અને ટ્રેડીશનલ બિલ્ડીંગ મટીરીયલના ઉપયોગની યોગ્ય તાલીમ મળી રહે તે માટે હેરીટેજ બિલ્ડીંગ સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➞ હેરીટેજ ઈમારતો તથા હેરીટેજ બ્રીજ ઉપર વૈવિધ્યપૂર્ણ કાયમી લાઈટીંગ :

ઐતિહાસીક અમદાવાદ શહેરને ભારતના સૌપ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો મળેલ છે. શહેરના ભવ્ય વારસાને જોવા આવનાર દેશ-વિદેશમાંથી મુલાકાતીઓ માટે શહેરની હેરીટેજ વેલ્યુ વધારવા માટે શહેરના જુદા-જુદા હેરીટેજ ઈમારતો તથા હેરીટેજ બ્રીજ ઉપર કાયમી હેરીટેજ વૈવિધ્યપૂર્ણ લાઈટીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી દેશ-વિદેશમાંથી આવતાં મુલાકાતીઓ આકર્ષિત થશે તથા હેરીટેજ સિટીની વેલ્યુમાં વધારો થશે.

સદર કામગીરી માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂા.૧૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ Ahmedabad World Heritage Guide મોબાઈલ એપ :

યુનેસ્કો દ્વારા અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો આપેલ છે અમદાવાદ શહેરના ૬૦૦ વર્ષના વૈભવી વારસા વિશે જાણવાની જીજ્ઞાસા અમદાવાદીઓ અને પુરા વિશ્વના પુરાતત્વ પ્રેમીઓમાં વધી રહી છે. જેમને મદદ મળે તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિ. દ્વારા ફ્રી મોબાઈલ એપ **"Ahmedabad World Heritage Guide"** ઉપલબ્ધ છે. જે વિદ્યાર્થી અને યુવાનોમાં અમદાવાદના વૈભવી વારસા વિશે જાગૃતિ ફેલાવવામાં આ પગલું આવનારા દિવસોમાં આવકાર દાયક સાબિત થશે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૮.૦૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૭.૭૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ બાગ-બગીચા :

અમૃત (Atal Mission for Rejuvenation and Urban Transformation)

☆ હેરીટેજ ગાર્ડન :

પૂર્વ બાજુએ રિવર ફ્રન્ટ વિસ્તારમાં નહેરૂબ્રીજ અને એલીસબ્રીજ વચ્ચેના વિસ્તારમાં અમદાવાદ શહેરના વિવિધ હેરીટેજ મોન્યુમેન્ટની પ્રતિકૃતિઓ સાથેનો આધુનિક લેન્ડસ્કેપવાળો ગાર્ડન બનાવવાનું આયોજન છે. જેનાથી મુલાકાતીઓને એક જ સ્થળે શહેરના વિવિધ હેરીટેજ સ્થળોની માહિતી, તેની પ્રતિકૃતિઓ નિહાળવા મળશે તેમજ શહેરના હેરીટેજ વારસાથી માહિતગાર થશે.

કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

અમદાવાદ શહેરમાં વસતા નાગરિકોને બાગ-બગીચાઓ અને રમત-ગમતના મેદાનોની સુવિધા રહેઠાણની નજીક ઉપલબ્ધ કરાવવા માટે કોર્પોરેશન દ્વારા આગામી વર્ષમાં કુલ ૧૫ નવા બગીચાઓ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે ગોતા વોર્ડમાં સાયન્સ સિટી વિસ્તારમાં ટી.પી.નં.૪૨માં, ગોતા વોર્ડમાં વંદેમાતરમ પાસે આવેલ ટી.પી. નં.૩૨ માં, મકરબા વિસ્તારમાં, ચાંદખેડામાં ન્યુ સી.જી. રોડ પર આવેલ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન પાસે, નિકોલ વિસ્તાર, ન્યુ મણિનગર વિસ્તાર તથા લાંભા વોર્ડમાં ઈન્દિરાનગર પાસે વિગેરે જગ્યાએ

બનાવવાનું આયોજન છે. ઉપરાંત શહેરીજનોમાં ગ્રીનરી પ્રત્યેનો લગાવ વધે તે હેતુથી પ્રતિવર્ષ ફ્લાવર શૉ નું આયોજન કરવામાં આવે છે. હાલમાં શહેરમાં બગીચાની સંખ્યા ૨૪૨ છે જેમાં ૧૫ નવા બગીચાના આયોજન સાથે બગીચાની કુલ સંખ્યા ૨૫૭ થશે.

જુદા-જુદા ઝોનમાં આવેલ કોર્પોરેશન હસ્તકના ગાર્ડન, પ્લે-ગ્રાઉન્ડ, ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ, કોમ્યુનીટી સ્પેસ ડેવલપમેન્ટ હેતુના નાના-મોટા પ્લોટોમાં પ્લોટની સાઇઝને ધ્યાનમાં રાખી ગાર્ડન, ગ્રીન સ્પેસ કે પ્લે-ગ્રાઉન્ડ તરીકે ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરેલ છે. અ.મ્યુ.કો. દ્વારા મેઈન્ટેન કરવામાં આવતાં જાહેર બગીચા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે જાળવણી માટે વિવિધ સંસ્થાઓને સોંપેલ છે.

✯ હયાત બગીચાઓનું નવિનીકરણ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હયાત ૫-બગીચાઓનું રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે નવિનીકરણ હાથ ધરવામાં આવનાર છે. જેની વિગત નીચે મુજબ છે.

- ❀ પશ્ચિમ ઝોનમાં પ્રશાંત પાર્ક (પાલડી), મહર્ષિ અરવિંદ ઘોષ ગાર્ડન (નારણપુરા) નું નવિનીકરણ
- ❀ પૂર્વ ઝોનમાં ચકુડીયા મહાદેવ પાસેનો શ્રમિક ક્રાંતિ બગીચા, ગોમતીપુર વોર્ડમાં મનુભાઈ પરમાર ઉદ્યાનનું નવિનીકરણ
- ❀ મધ્ય ઝોનમાં સ્વ.જેઠાભાઈ પરમાર બગીચાનું નવિનીકરણ

✯ શહેરની હરીયાળીમાં વધારો :

સને ૨૦૧૭-૧૮ માં શહેરીજનો ખાનગી જગ્યામાં મોટા પાયે વૃક્ષારોપણ કરવા પ્રેરાય તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧,૦૦,૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. જે આગામી વર્ષે પણ ચાલુ રાખી ૧,૫૦,૦૦૦ થી વધુ વૃક્ષો લગાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

✯ ઓર્ગેનીક ખેત પેદાશને પ્રોત્સાહન :

ઓર્ગેનીક ખેત પેદાશને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ખેડૂતો તેઓની ખેત પેદાશો શહેરીજનોને સીધુ વેચાણ કરી શકે તે માટે દર શનિવારે અને રવિવારે વસ્ત્રાપુર તળાવ પાસે, એમ્ફીથીયેટર સામેના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટમાં માર્કેટ ચાલુ કરેલ છે. જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહેલ છે.

✯ ઝોનદીઠ ચિલ્ડ્રન પાર્ક :

શહેરના બાળકો જુદી-જુદી રમતોમાં નિપુણતા કેળવે તેમજ તેઓનું શારીરિક ઘડતર થાય તે પ્રકારની આઉટડોર રમતો સાથેના પાર્ક વિકસાવવાનું આયોજન અંતર્ગત ઝોન દીઠ એક ચિલ્ડ્રન પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પાર્કમાં બાળકો માટેની આઉટડોર ગેમ જેવી કે વૉલીબોલ, ફૂટબોલ, બેડમીન્ટન, કબડ્ડી, ખો-ખો, વિઘ્ન દોડ જેવી વિવિધ-રમતો માટે ટ્રેક તેમજ આનંદ-પ્રમોદના ચિલ્ડ્રન પ્લે ઈક્વિપમેન્ટ વિગેરે સુવિધા ઉભી કરવામાં આવનાર છે. આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂા.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- ❀ વટવા વોર્ડમાં સિનીયર સિટીઝન પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ❀ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની માલિકીના ઓપન સ્પેસ હેતુના તેમજ પર્યાવરણ હેતુ માટે શહેરના ૨૦ જેટલાં પ્લોટમાં ગીચ વૃક્ષારોપણ કરી વૃક્ષાચ્છાદિત પ્લોટ તરીકે વિકસાવવાનાં કામનો અંદાજ રૂા.૩૦૦.૦૦ લાખ
- ❀ બગીચાઓમાં ઓફિસ તથા સ્ટોર રૂમ જેવી સુવિધાઓ રૂા.૫૦.૦૦ લાખ
- ❀ શહેરના જુદા-જુદા ગાર્ડનોમાં કુલ ૨૦ નંગ નવા શેલો બોર બનાવવા રૂા.૧૫૦.૦૦ લાખ

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૯.૨૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૦.૧૩ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ મ્યુનિસિપલ પ્લોટમાં કમ્પાઉન્ડ વૉલ બનાવવાની કામગીરી :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ઝોનમાં આવેલ પ્લોટોમાં દબાણ તથા ગંદકી ન થાય તે હેતુથી સદર પ્લોટોનો ઝોન મારફતે અવાર-નવાર તપાસ થાય તથા તેને સદર પ્લોટને GIS ઈન્ફર્મેશન સાથે લીન્ક કરવાનું આયોજન છે. સદર કામગીરી ઉપરાંત અમદાવાદ શહેરને ઝીરો વેસ્ટ બનાવવાના કન્સેપ્ટથી કન્સ્ટ્રકશન અને ડેબરીઝ વેસ્ટમાંથી પ્રિ-કાસ્ટ વૉલ બનાવી ઝોનમાં આવેલ ખુલ્લા પ્લોટના ફરતે કમ્પાઉન્ડ વૉલ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૧૯.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ હરિયાળી સાથેના ફુવારા :

મધ્યઝોનમાં શાહીબાગ, દરિયાપુર, શાહપુરના ફુવારાનું અપગ્રેડેશન કરવાની કામગીરી તથા દક્ષિણ ઝોન દાણીલીમડા વોર્ડમાં શાહઆલમ દરવાજા સામે આવેલ ચાર રસ્તા પર ના ફુવારામાટે ડેકોરેટીવ ગ્રીલ, કલરીંગ એલ.ઈ.ડી. લાઈટ સાથેની કામગીરી કરવામાં આવેલ છે. આજ રીતે શહેરની સુંદરતામાં વધારો થાય તે માટે જુદા-જુદા ઝોનમાં વિવિધ જગ્યાએ ટ્રાફિકને અડચણરૂપ ન બને તે રીતે ફુવારા તૈયાર કરવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૨.૦૦કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ થડા (ઓટલા) :

શાકભાજી વેચનાર ફેરિયાઓને કારણે રોડ ઉપર થતા દબાણ તેમજ ગંદકીના નિકાલ અર્થે ખુલ્લા પ્લોટમાં થડા (ઓટલા) બનાવવાથી દબાણ તેમજ ગંદકી દુર કરી શકાશે. આગામી વર્ષે પણ શહેરના જુદા-જુદા સ્થળોએ થડા બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ સ્ટ્રીટ વેન્ડર્સ :

ગુજરાત સરકારની ટાઉન વેન્ડીંગ કમિટીએ ટાઉન વેન્ડીંગ રૂલ્સ બહાર પાડેલ છે. જે અંતર્ગત શહેરી ગરીબોની આજીવિકામાં વધારો થાય તે હેતુથી વધુ ઈન્ફોર્મલ માર્કેટ પુરા પાડવાનું આયોજન છે. મુખ્ય રસ્તા પર ગંદકી કરતાં ફેરિયાઓને સદરહુ માર્કેટમાં તેઓની જીવાદોરી સચવાય તે રીતે ટ્રાન્સફર કરવાનું આયોજન છે.

➞ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ :

નદીની પહોળાઇ સરેરાશ ૨૭૫ મીટર રાખી નદીનાં કિનારાની જગ્યા ઉપર વોક-વે, બાગ-બગીચા, રોડ, અંડરપાસ, વોટર બેઝડ એડજેસન્ટ એકટીવીટીઝ વગેરે કરી આનંદ પ્રમોદનાં સ્થળ તરીકે વિકસાવવાનું કામ હાથ ધરવામાં આવેલ છે. આ યોજના બાદ કુલ ૨૦૨ હેકટર રિકલેઇમ્ડ લેન્ડ પ્રાપ્ત થયેલ છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટની વિશિષ્ટ લાક્ષણિકતાઓ :

✯ રોડ :

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત નદીના પૂર્વ કાંઠે ડફનાળાથી સરદારબ્રીજ સુધી ૮.૯૦ કિ.મી. (૭.૧૫ કિ.મી. મુખ્ય રસ્તા તથા ૧.૭૫ કિ.મી. એપ્રોચ રસ્તા) અને પશ્ચિમ કાંઠે વાડજ થી પી.ટી.ઠકકર કોલેજ સુધી (૬.૦૦ કિ.મી. મુખ્ય રસ્તા તથા ૧.૦૦ કિ.મી. એપ્રોચ રસ્તા) ૭.૦૦ કિ.મી. એમ કુલ ૧૫.૯૦ કિ.મી.ના રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને હાલમાં નદીના પુર્વ કાંઠે સરદારબ્રીજથી આંબેડકરબ્રીજ સુધીના રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે. નદીના પશ્ચિમ કાંઠે ગાંધીબ્રીજ થી નહેરુબ્રીજ સુધી હરાજી કરવામાં આવનાર પ્લોટની જરૂરી સર્વિસ જેવીકે પાણી, ગટર, સ્ટ્રોમ વોટર તથા લાઇટ માટે હાલમાં સર્વિસ રોડનું કામ ચાલુ છે જે કામગીરી મે-૨૦૧૮ સુધીમાં પૂર્ણ થશે.નદીના પશ્ચિમ કાંઠે વર્ષા ફ્લેટથી આંબેડકરબ્રીજ સુધી રોડને લંબાવવાનું કામ પણ હાથ ધરવામાં આવેલ છે જે કામગીરી ડીસેમ્બર-૨૦૧૮ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

✯ **લોઅર પ્રોમીનાડ તથા અપર પ્રોમીનાડ :**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત નદીના પુર્વ કાંઠે અને પશ્ચિમ કાંઠે ૨૧.૭૦ કિ.મી.ના લોઅર પ્રોમીનાડનું તથા ૧૫.૩૦ કિ.મી.ના અપર પ્રોમીનાડનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને હાલમાં બાકીનો પ્રોમીનાડ (રેસીડયુઅલ સ્પેસ ડેવલપમેન્ટ) નુ કામ ચાલુ છે. જે કામ સને ૨૦૧૮-૧૯ સુધીમાં પૂર્ણ થશે.

<u>વોટર બેઈઝ્ડ અને વોટર એડજસન્ટ રિક્રીએશન એક્ટિવિટીઝ</u> :

✯ **જનરલ બોટીંગ અને સ્પીડ બોટીંગ :**

✯ **બાયો ડાયવર્સિટી પાર્ક :**

નદીના પશ્ચિમ કિનારે વાસણા બેરેજ પાસે એક બાયો ડાયવર્સિટી પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો એરીયા ૧૦ હેકટર છે. જેમાં ૧૨૮ થી વધુ વિવિધ લુપ્ત થતી જાતિઓના કુલ ૧૫૦૦૦ વૃક્ષો લગાવવાનું આયોજન છે.

✯ **રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક :**

અમદાવાદ શહેરમાં સુંદર, નયનરમ્ય તથા મનમોહક બગીચો સાબરમતી નદીની પશ્ચિમ બાજુએ એલીસબ્રીજ અને સરદારબ્રીજ વચ્ચે ફલાવર ગાર્ડન ₹.૧૮.૪૧ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે, જેનો એરીયા ૫૨,૦૦૦ ચો.મી. છે. ફલાવર ગાર્ડનના મુખ્ય આકર્ષણોમાં ફુડ પ્લાઝા, ફલાવર વેલી, થીમ ગાર્ડન, કન્ઝરવેટરી એરીયા તથા ૧૦૬ મી. x ૩૨ મી., ૪૦ મી. x ૧૪ મી.ની વિશાળ વોટર બોડી બનાવવામાં આવેલ છે. જેમાં અલગ-અલગ પ્રકારના કમળો, જુદા-જુદા પ્રકારના વોટર લીલી, અલોકેશીયા તથા જુદી-જુદી જાતના વોટર ગ્રાસ ઉગાડવામાં આવશે. ફલાવર ગાર્ડનમાં ટોટલ ૨૭,૭૦૬ ચો.મી.નું હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટનું કામ કરવામાં આવેલ છે જેમાંથી ૨૩,૬૧૧ ચો.મી.માં વિવિધ જાતના ટ્રી,પ્લાન્ટેશન, વેલ લગાવવામાં આવેલ છે અને ૪,૦૯૫ ચો.મી. એરીયામાં લોન છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંતગર્ત પશ્ચિમ બાજુ એલીસબ્રીજ થી સરદારબ્રીજ વચ્ચે ફલાવર ગાર્ડનમાં જુદા-જુદા પ્રકારના ફાઉન્ટેન ચાલુ કરવામાં આવેલ છે. જેં હાઈ જેટ તેમજ મીસ્ટ ફાઉન્ટેનની તેમજ બબ્લર ફાઉન્ટેનનો સમાવેશ થાય છે.

✯ **સાયકલ શેરીંગ સિસ્ટમ :**

સાબરમતી રિવરફ્રન્ટમાં મોર્નીંગ વોક, ઈવનીંગ વોક કરવા આવતા શહેરીજનો સાયકલીંગનો લાભ લઈ શકે તે હેતુથી નદીની પશ્ચિમ બાજુ સરદારબ્રીજ પાસે અને ઉસ્માનપુરા બ્રીજ નીચે તથા નદીની પૂર્વ બાજુ સુભાષબ્રીજ નીચે સાયકલ શેરીંગ સીસ્ટમ ચાલુ કરવામાં આવેલ છે.

✯ **એલ.ઈ.ડી. લાઈટ ફિક્ષ્ચર્સ :**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત નદીના પુર્વ કાંઠે ડફનાળાથી સરદારબ્રીજ સુધી તેમજ પશ્ચિમ કાંઠે દુધેશ્વર રીવરફ્રન્ટ રોડ થી આંબેડકર બ્રીજ સુધી બનેલ રીવરફ્રન્ટ રોડ પર ૧૧૯૫ નંગ ૬૦/૯૦ વોટ એલ. ઈ.ડી સ્ટ્રીટલાઈટ પોલ્સ, અપર પ્રોમીનાડ પર ૭૨૨ નંગ ૪૫ વોટ એલ.ઈ.ડી પોસ્ટ ટોપ પોલ્સ, લોઅર પ્રોમીનાડ પર ૧૫૦૭ નંગ પોસ્ટ ટોપ લાઈટ પોલ્સ તેમજ અન્ય રીવરફ્રન્ટ ગાર્ડન, ઈવેન્ટ ગ્રાઉન્ડ, ગુજરીબજાર, ધોબીઘાટ વગેરે સાથે કુલ ૪૨૪૨ નંગ એલ.ઈ.ડી સ્ટ્રીટલાઈટ/પોસ્ટ ટોપ લાઈટનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

સદર પ્રોજેકટ અંતર્ગત નદીના પુર્વ કાંઠે અને પશ્ચિમ કાંઠે રીવરફ્રન્ટને જોડતા એપ્રોચ રસ્તા પર કુલ ૧૬૨ નંગ ૯૦ વોટ એલ.ઈ.ડી સ્ટ્રીટલાઈટ પોલ્સની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે તેમજ હાલમાં બાકીના એપ્રોચ રોડ પર ૧૨૨ નંગ ૯૦ વોટ એલ.ઈ.ડી સ્ટ્રીટલાઈટ પોલ્સ તેમજ રીવરફ્રન્ટ રોડ પરના વિવિધ અંડરબ્રીજ પર ૮૯ નંગ ૯૦ વોટ એલ.ઈ.ડી ફિક્ષ્ચર્સનું ઈન્સ્ટોલેશન કામ પુર્ણ કરેલ છે.

ઉર્જા બચતના હેતુસર રીવરફ્રન્ટના પશ્ચિમ બાજુ ગાંધીબ્રીજ થી નહેરૂબ્રીજ, એલીસબ્રીજ થી સરદારબ્રીજ તેમજ સરદારબ્રીજ થી પી.ટી. ઠકકર રીવરફ્રન્ટ રોડ પર હયાત ૧૭૧ નંગ ૧૫૦ વોટ સોડીયમ સ્ટ્રીટલાઈટ ફિક્ષ્ચર્સને બદલે ૧૭૧ નંગ ૯૦ વોટ એલ.ઈ.ડી. થી રીપ્લેસ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે સદર કામગીરી થી ૧૨૩.૧૨ યુનિટ પ્રતિદિન પાવર સેવીંગ કરેલ છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંતગર્ત પશ્ચિમ બાજુ એલીસબ્રીજ થી સરદારબ્રીજ વચ્ચે ફલાવર ગાર્ડનમાં જુદા-જુદા પ્રકારના કુલ ૧૧૧૪ નંગ એલ.ઈ.ડી લાઈટ ફીકચર્સ સપ્લાય તેમજ ઈન્સ્ટોલ કરવાની કામગીરી ચાલુ છે. જે એપ્રિલ-૨૦૧૮ સુધીમાં પૂર્ણ થનાર છે. જેનો અંદાજીત ખર્ચ ₹.૧.૪૦ કરોડ છે. ૧૬૦ નંગ ૪૫ વોટ એલ.ઈ.ડી પોસ્ટ ટોપ લાઈટ ફીકચર્સ ની કામગીરી હાલમાં પુર્ણ કરવામાં આવેલ છે.

રીવરફ્રન્ટ ના પુર્વ તેમજ પશ્ચિમ કાંઠે લોઅર પ્રોમીનાડ પરથી અપર પ્રોમીનાડ પર જવા માટે જુદી-જુદી જગ્યાએ કુલ ૦૭ નંગ મશીન રૂમલેસ પેસેંન્જર લીફટની કામગીરી પૂર્ણ કરેલ છે.

✯ એસ.આર.એફ.ડી.સી.એલ. હાઉસ :

રૂા. ૪૮.૮૨ કરોડના ખર્ચે સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ (ટોટલ બિલ્ટઅપ એરીઆ ૧૬૭૧૨.૦૦ ચો.મીટર) બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. જે એપ્રીલ-૨૦૧૮ માં પૂર્ણ થનાર છે.

ચાલુ કામ :

✯ સાબરમતી નદીના પૂર્વ કાંઠે ઈન્દિરાબ્રીજ પાસે છઠ પર્વ તથા અન્ય પર્વ માટેનો ઘાટ :

નદીના પૂર્વ કાંઠે ઈન્દિરાબ્રીજની નીચેના ભાગે છઠ પર્વ તથા અન્ય પર્વ માટેનો ઘાટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૧૧.૨૫ કરોડ છે. સદર ઘાટ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. જે મે-૨૦૧૮ સુધીમાં પુર્ણ થશે.

✯ પેડેસ્ટ્રીયન બ્રીજ :

સાબરમતી નદી ઉપર સરદારબ્રિજ અને એલીસબ્રીજ વચ્ચે પશ્ચિમ કાંઠે ઈવેન્ટ સેન્ટર, ફલાવર ગાર્ડન થી પૂર્વ કાંઠે સુચીત આર્ટ સેન્ટરને જોડતો એક પેડેસ્ટ્રીયન બ્રીજ (ફુટ ઓવર બ્રીજ) નું આયોજન કરવામાં આવેલ છે. અંદાજે રૂ.૬૦.૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર છે. જે ૩૦૦ મીટરની લંબાઈ અને ૧૦ થી ૧૪ મીટર પહોળાઈ ધરાવશે, બ્રીજની વચ્ચે લેન્ડસ્કેપીંગ અને બેઠક વ્યવસ્થા પણ હશે જેથી મુલાકાતીઓની સુવિધામાં વધારો થશે તથા નદીની સુંદરતાને માણી શકશે. સદર મુલાકાતીઓ અપર પ્રોમીનાડ તથા લોઅર પ્રોમીનાડ બંને જગ્યાથી આ બ્રીજનો ઉપયોગ કરી શકશે, સદર પેડેસ્ટ્રીયન બ્રીજ રાહદારીઓ માટે ખૂબ લાભદાયી હશે તથા અમદાવાદ શહેરનું એક નવું નઝરાણું ઉમેરાશે. સદર બ્રીજની કાર્યવાહી ચાલુ છે.

✯ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ :

દેશ અને વિદેશમાં ખ્યાતિ અપાવનાર અને દેશ-વિદેશના મહાનુભાવો જેની અચૂક મુલાકાત લે છે એવા સાબરમતી રીવર ફ્રન્ટમાં ક્રમશઃ આકર્ષણો કોર્પોરેશન દ્વારા ઉમેરવામાં આવે છે. સાબરમતી રીવર ખાતે બનેલ રીવર ફ્રન્ટ એરિયામાં વિદેશમાં જોવા મળતી રીવર ક્રુઝ હોય તે મુજબની પ્રથમવાર રીવર ક્રુઝમાં ફ્લોટીંગ રેસ્ટોરન્ટ સરદાર બ્રીજ પાસે શરૂ કરવાનું આયોજન છે. આ આયોજનથી કુદરતી વાતાવરણના સાનિધ્યમાં શહેરીજનો રીવર ક્રુઝમાં ફ્લોટીંગ રેસ્ટોરન્ટ થી મનોરંજન પ્રવૃત્તિના ભાગરૂપે બોટીંગ સાથે નદીમાં રેસ્ટોરન્ટની સગવડનો આનંદ માણશે. જે શહેર માટે નવું નજરાણું બનનાર છે અને શહેરની મુલાકાતે આવનાર મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનનાર છે.

આગામી આયોજન :

✯ રિવરફ્રન્ટ ફેઝ-૨ :

હાલમાં રિવરફ્રન્ટ હાઉસ, બાયોડાયવર્સીટી પાર્ક, એક્ઝીબીશન સેન્ટર વગેરે પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવેલ છે. આ પ્રોજેક્ટની સફળતા અને ભવ્યતાને ધ્યાને લઇ સાબરમતી નદીના હયાત બન્ને તરફના વિકાસની યોજના ઉપરાંત નદીના કિનારાઓને વિકસાવવા માટે સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૨ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પૂર્વ કાંઠે ડફનાળાથી ઇન્દીરા બ્રીજ સુધી તથા પશ્ચિમ કાંઠે ટોરેન્ટ પાવરથી ઇન્દીરા બ્રીજ સુધીનું કામ કરવામાં આવનાર છે. જેનો અંદાજે કુલ ખર્ચ રૂા.૮૫૦.૦૦ કરોડ થશે.આ યોજનાની લંબાઇ પૂર્વ કિનારે ૫.૪ કિ.મી. તથા પશ્ચિમ કિનારે ૪.૩ કિ.મી. એમ કુલ ૯.૭ કિ.મી. થશે.આ યોજનાથી સંપાદન થનાર જમીન (આશરે) પુર્વ કિનારે ૪૪ હેક્ટર તથા પશ્ચિમ કિનારે ૫૭ હેક્ટર એમ કુલ ૧૦૧ હેક્ટર જેટલી જમીન સંપાદીત થશે.

✯ આર્ટ સેન્ટર :

નદી કિનારે શહેરીજનો આર્ટ અને કલ્ચરલ જેવા કાર્યક્રમો યોજી શકે તેમજ માણી શકે તે હેતુથી નદીના પૂર્વ કિનારે એલીસબ્રીજ અને સરદાર બ્રીજ વચ્ચે આર્ટ / કલ્ચરલ સેન્ટરના નિર્માણનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આર્ટ / કલ્ચરલ સેન્ટર ખાતે ૫૦૦ વ્યક્તિનો સમાવેશ થાય તેવું ઓડીટોરીયમ, ફુડ કોર્ટ, ઓફિસ તથા પાર્કિંગ એરિયાના નિર્માણનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. સદર આર્ટ / કલ્ચરલ સેન્ટર બનાવવાનો અંદાજીત ખર્ચ રૂા.૩૫.૦૦ કરોડ થનાર છે.

સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૯૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૦૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ :

કાંકરિયા લેક ફ્રન્ટ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. જેમાં અટલ એક્સપ્રેસ ટ્રેન અને સ્વર્ણિમ જયંતિ એક્સપ્રેસ ટ્રેન, બલુન સફારી રાઈડ, કિડ્સ સિટી, એમ્યુઝમેન્ટ પાર્ક સહિતના વિવિધ આકર્ષણો તબક્કાવાર ઉમેરવામાં આવેલ છે. અ.મ્યુ.કો. દ્વારા દર વર્ષે તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન કાંકરિયા કાર્નિવલ ઉજવવામાં આવે છે. જેના મુખ્ય આકર્ષણોમાં વિવિધ સાંસ્કૃતિક અને સંગીત કાર્યક્રમો, લોક નૃત્યો, હોર્સ અને ડોગ શૉ, ગુજરાતી-હિન્દી- પ્લે બેક સીંગીંગ, થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, રોક બેન્ડ્સ, ફુડ ફેસ્ટીવલ, ભવ્ય આતશબાજી, થીમ લાઈટીંગ, લેસર શૉ જેવા સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સહેલાણીઓને વધુને વધુ આકર્ષણ રહે તે હેતુસર પીપીપી ધોરણે બે આંતરરાષ્ટ્રીય કક્ષાના એમ્યુઝમેન્ટ પાર્ક શરૂ કરવામાં આવેલ છે.

કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે નીચે દર્શાવેલ રિક્રિએશન રાઈડ્સનો ઉમેરો કરવામાં આવેલ છે.

- ❀ વોટર બબલ રાઇડ, હ્યુમન ગાયરોસ્કોપ, મેલ્ટ ડાઉન, ઈન્ફલેટેડ ક્લાઈમ્બીંગ વોલ
- ❀ હોંટડ સીઝન, ઈન્ફલેટેડ ઓબસ્ટેકલ કોર્સ, સોફ્ટ બોલપીટ, ટ્રીપલ સર્ફ બોર્ડ, વેલ ક્રો સ્પાઇડર વોલ, બંજી રન
- ❀ ગેમીંગ ઝોન, ફન ઝોન તથા કિડ્સ ઝોન
- ❀ બંજી ટ્રેમ્પોલિન

✯ કાંકરિયા કાર્નિવલ-૨૦૧૭ ના આકર્ષણો

- ❀ અમદાવાદ શહેરને ભારતના સૌપ્રથમ વર્લ્ડ હેરીટેજ સિટીનો દરજ્જો મળતાં આ વર્ષે કાંકરિયા કાર્નિવલને અમદાવાદ શહેરની ઓળખસમા હેરીટેજ થીમ આધારિત ઉજવણીનું આયોજન કરવામાં આવેલ.
- ❀ કાંકરિયા કાર્નિવલને નિહાળવા આવતાં શહેરીજનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતાં તથા બહોળો પ્રતિસાદ સાંપડતા આ વર્ષે કાંકરિયા પરિસર ઉપરાંત ભદ્ર પરિસર તથા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પણ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

❀ કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં અમદાવાદ શહેરના ઓળખસમા વિવિધ દરવાજાઓ - ત્રણ દરવાજા, દિલ્હી દરવાજા વિગેરેની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવેલ છે. જે મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

કાંકરિયા લેક ફ્રન્ટએ ખૂબજ ઝડપથી રાષ્ટ્રીય કક્ષાએ ઉભરી રહેલ સંપૂર્ણ રિક્રીએશન તેમજ એજ્યુટેઈન્મેન્ટ સેન્ટર છે. જેની આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવામાં આવી રહેલ છે. દર વર્ષે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના ડેલિગેશન્સ કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લેતાં હોય છે.

કાંકરીયા લેક ફ્રન્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ અસારવા સ્વીમીંગ પુલ :

અસારવા વોર્ડમાં આવેલ સ્નાનાગરમાં રોજ ૧૫૦ થી૨૦૦ લોકો સ્વીમીંગ માટે આવે છે. સદર સ્નાનાગર નું બિલ્ડીગ જર્જરીત થયેલ હોઇ તેને તોડીને નવેસરથી નવું બિલ્ડીંગ અંદાજે ૦.૫૬ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➞ શહેરના પશ્ચિમ વિસ્તારમાં નવું અદ્યતન આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ એકેડમી :

હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઉત્તર ઝોનમાં મેમ્કો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ કાર્યરત છે. જેનો ઉત્તર તથા પૂર્વ ઝોનના રહીશો મહત્તમ લાભ લઈ રહ્યા છે. ભારત સરકારશ્રીના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંપૂર્ણ સહયોગથી પશ્ચિમઝોન નારણપુરા વોર્ડમાં વરદાન ટાવરની પાછળના ભાગમાં, ત્રિપદા સ્કુલ પાસે નવી ખુલનાર ડ્રાફટ ટી. પી.સ્કીમ નં-૨૯ માં આવેલ એફ.પી.નંબર- ૫૮૬,૫૮૭,૫૮૮,૫૮૯ અને ૫૯૧માં નવું અદ્યતન આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ એકેડમી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષથી શહેરીજનોને આઉટડોર રમતો તથા ઈન્ડોર રમતોનો લાભ મળનાર છે.

સદર પ્લોટોમાં નવું અધતન ઈન્ટરનેશનલ સ્પોર્ટસ એકેડેમી બનાવવામાં આવે તો ગુજરાત રાજયમાં સ્પોર્ટસ લગતી વિવિધ પ્રવૃત્તિઓને પ્રમોટ કરી શકાય, તેમજ ગુજરાતમાં પણ એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ સંકુલ બને તો ઓલીમ્પીક જેવી સ્પર્ધાનું આયોજન પણ ભવિષ્યમાં શકય બને, જેથી ગુજરાત રાજયમાં ટુરીઝમને પણ પ્રમોશન મળે તેમજ ગુજરાત રાજય પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતવીરને પ્રમોટ કરી શકે. સદર કામનો અંદાજીત ખર્ચ આશરે રૂા.૮૫.૦૦ કરોડ થાય તેમ છે. આ કામ માટેના આર્કીટેકટ/કન્સલટન્ટ ની નિમણુંકની વિધિમાં છે.

૯. હાઉસીંગ

➞ મુખ્યમંત્રી ગૃહ યોજના :

✯ ફેઝ-૧ અંતર્ગત EWS આવાસો તેમજ LIG આવાસો :

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ફેઝ-૧ અંતર્ગત રૂા.૨૯૧.૧૨ કરોડના ખર્ચે ૫૧૫૮ આવાસો ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં અને ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે રૂા.૫૧૧.૬૨ કરોડના ખર્ચે ૪૯૮૫ આવાસો એલ.આઈ.જી. કેટેગરીમાં એમ કુલ ૧૦૧૪૩ આવાસો બનાવવાનું કામ શહેરના તમામ ઝોનમાં જુદી-જુદી કુલ ૨૯ જગ્યાઓએ વેજલપુર, ચાંદખેડા, ચાંદલોડીયા, થલતેજ, કાળી, વાડજ, વસ્ત્રાલ, નિકોલ, કાંકરીયા, શાહીબાગ વિગેરે જગ્યાઓએ કામગીરી પૂર્ણ કરેલ છે. જે પૈકી ૪૮૮૪ ઈ.ડબલ્યુ.એસ. + ૨૩૮૫ એલ.આઈ.જી. આવાસોનું કામ પૂર્ણ થયેલ છે જેના પઝેશન સોંપવાની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે.

➞ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ :

હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ અંતર્ગત મકાનોની જરૂરિયાતો માટે સર્વે કરાવવામાં આવેલ હતો જેમાં લોકો દ્વારા ૬૫૩૭૮ એફોર્ડેબલ મકાનોની માંગણી કરવામાં આવેલ છે. જે વર્ષ વાઈઝ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. તેજ રીતે ૮૩૪૧ અરજદારોએ પોતાની માલિકીની જમીનમાં મકાન બનાવવાનો લાભ મેળવવા માટે અરજીઓ કરેલ છે અને ૧,૭૭,૧૧૨ લાભાર્થીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ક્રેડીટ લીંક સબસીડી મેળવવા અરજીઓ કરેલ છે. આ તમામને વર્ષ ૨૦૨૨ સુધીમાં લાભ મળી રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે.

➞ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગ બાય પ્રાઈવેટ ડેવલપર અંતર્ગત :

આ યોજના હેઠળ કુલ ૭૯૨૭૯ આવાસો બનાવવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી ૧૮૩૪૩ આવાસોની કામગીરી પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે અન્ય ૧૦,૦૦૦ આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે. આ મકાનો લાભાર્થીને રૂા.૬.૦૦ લાખથી રૂા.૧૪.૦૦ લાખની વ્યાજબી કિંમતે ઉપલબ્ધ થાય છે.

✯ પ્રધાનમંત્રી આવાસ યોજના ફેઝ-૩ અંતર્ગત (EWS) આવાસો :

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ફેઝ-૨ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ૪૨૯૩ આવાસો ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે. સદરહુ આવાસો શહેરના તમામ ઝોનમાં જુદી-જુદી કુલ ૮ જગ્યાઓએ ચાંદલોડીયા, ગોતા, વસ્ત્રાલ, આંબાવાડી, દુધેશ્વર વિગેરે જગ્યાઓએ મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં આવાસો માટે રીઝર્વ જગ્યા તેમજ બંધ મીલોની ૨૦% મળેલ જગ્યાઓમાં રૂા.૨૨૮.૮૭ કરોડના ખર્ચે હાલમાં ચાલુ છે. જેનું લાભાર્થીઓને માર્ચ-૨૦૧૮ સુધીમાં પઝેશન આપવામાં આવશે.

ફેઝ-૩ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં કુલ ૩૭૧૦ મકાનો નવા બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે. સદરહુ આવાસો શહેરના નિકોલ, થલતેજ, ગોતા, મોટેરા, ચાંદખેડા વિસ્તારમાં ટી.પી.સ્કીમોમાં આવાસો માટે રૂા.૧૯૮.૭૦ કરોડના ખર્ચે હાલમાં ચાલુ છે.

✯ પ્રધાનમંત્રી આવાસ યોજના ફેઝ-૪ અંતર્ગત (EWS) આવાસો :

ફેઝ-૪ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં કુલ ૬૩૪૯ મકાનો નવા બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે. સદરહુ આવાસો શહેરના થલતેજ, ગોતા, હેબતપુર, સોલા, મકરબા, ઈસનપુર ચાંદખેડા વિસ્તારમાં આવાસો માટે રૂા. ૩૫૪.૬૬ કરોડના ખર્ચે હાલમાં ચાલુ છે.

✯ પ્રધાનમંત્રી આવાસ યોજના ફેઝ-૫ તથા ફેઝ-૬ અંતર્ગત (EWS) આવાસો :

ફેઝ-૫ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં કુલ રૂા.૩૫૮.૬૮ કરોડ ના ખર્ચે કુલ ૫૭૫૬ મકાનો નવા બનાવવાનું તથા ફેઝ-૬ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં કુલ રૂા.૩૧૧.૫૦ કરોડના ખર્ચે કુલ ૫૦૦૦ મકાનો બનાવવાન આયોજન કરવામાં આવેલ છે જેની કામગીરી વર્ષ ૨૦૧૮-૧૯ શરૂ થશે.

✯ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત LIG આવાસો :

એલ.આઈ.જી. ફેઝ-૨ અન્વયે શહેરમાં વસતા ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે એલ.આઈ. જી.કેટેગરીમાં કુલ ૫૭૫.૦૦ કરોડના ખર્ચે કુલ ૫૦૦૦ મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જેની કામગીરી વર્ષ ૨૦૧૮-૧૯ શરૂ થશે. એલ.આઈ.જી. કેટેગરીના લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ક્રેડીટ લીંક સબસીડી યોજનાનો લાભ મળી શકશે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૮૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨૨૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ **સ્લમ ફ્રી સિટી ડેવલપમેન્ટ (રાજીવ આવાસ યોજના - RAY) :**

રાજીવ આવાસ યોજના અન્વયે હાલમાં મેસ્કોન ટેકનોલોજીના ઉપયોગથી રૂા.૧૧૦.૦૦ કરોડના અંદાજીત ખર્ચે ફેઝ-૧ અંતર્ગત થલતેજ તથા ચાંદખેડા વિસ્તારમાં ૧૩૪૪ આવાસો અને ફેઝ-૨ અંતર્ગત થલતેજ ૧૧૮૪ આવાસો નું કામ હાલમાં ચાલુ છે. જેનું પઝેશન માર્ચ-૨૦૧૮ સુધીમાં આપવામાં આવશે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨૧.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૦. સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ

૧૦.૧ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ **નાઈટ શેલ્ટર (રેન બસેરા) :**

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે શહેરમાં કુલ ૪૪ જગ્યાએ નાઇટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. જે જુદા-જુદા એન.જી.ઓ. દ્વારા કાર્યરત છે. રસ્તા ઉપર રહેતાં લોકોને નાઇટ શેલ્ટર્સમાં રાત્રિ દરમ્યાન આશ્રય આપવામાં આવે છે. નાઇટ શેલ્ટરમાં ગાદલા ઓશીકું, ગરમ ધાબળા, ચાદર, પીવા માટે સ્વચ્છ પાણી, શૌચાલય, બાથરૂમ, જરૂરી દૈનિક વપરાશ માટે પૂરતા પ્રમાણમાં પ્રાથમિક સારવાર કીટ વગેરેની સગવડ કોઇપણ પ્રકારના ચાર્જ વગર પુરી પાડવામાં આવેલ છે.

નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (NULM) યોજના હેઠળ શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય યોજનાના ઘટકોનો સમાવેશ થયેલ છે. હવે પછીથી DAY-NULM ના SUH ઘટક હેઠળ આશ્રય સ્થાનો ઘર વિહોણા લોકો માટે કાયમી ધોરણે ૨૪ કલાક માટે ખુલ્લા મૂકવામાં આવેલ છે.

૪૪ હયાત નાઈટ શેલ્ટર પૈકી ૨૬ નાઈટ શેલ્ટરને Refurbishment દ્વારા DAY-NULM ના SUH અનુરૂપ માળખું ઉભુ કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. આગામી વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ ૫૬ જેટલા DAY-NULM યોજનાના શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રયની યોજના (SUH) ઘટકની માર્ગદર્શિકા મુજબના અત્યંત આધુનિક આશ્રય સ્થાનો બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કટિબદ્ધ છે. જેમાં શહેરી ઘર વિહોણા લોકોને પાણી પુરવઠો, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધાર વ્યવસ્થા સહિત કાયમી આશ્રયની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાવવી સાથે-સાથે આશ્રિત બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, અશક્ત, માનસિક રીતે બીમાર, ગંભીર માંદગીમાંથી બેઠા થયેલા જેવા શહેરી ઘર વિહોણા વર્ગને જરૂરિયાતો સુલભ કરાવવી, સામાજીક સુરક્ષા પેન્શન, પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ, આઈ.સી.ડી.એસ., ઓળખના પુરાવા, શિક્ષણ, પોષાય તેવા આવાસન તૈયાર કરવામાં આવનાર છે.

સદર યોજના મુજબના આશ્રય સ્થાનો ઘર વિહોણા લોકો માટે કાયમી ધોરણે ૨૪ કલાક માટે ખુલ્લા મૂકવામાં આવી રહ્યા છે ત્યારે સદર શેલ્ટર ખાતે આશ્રય લેનાર આરામદાયક અનુભૂતિ કરે તે માટે તેઓને આધુનિક ટુ-ટાયર બેડ, ઠંડી થી રક્ષણ માટે પૂરતા પ્રમાણમાં ગરમ ધાબળા, પીવા માટે સ્વચ્છ પાણી, મહિલાઓ તથા પુરૂષોના આશ્રય માટે અલાયદા ખંડ, તેમની સુવિધા અને દેખરેખ માટે ૨૪ કલાક કેર ટેકર, સુરક્ષા માટે ૨૪ કલાક સિક્યુરિટી, રસોઈ બનાવવા માટે તમામ જરૂરી સાધનોની ઉપલબ્ધી સાથેનું અલાયદુ રસોઈ ઘર, પૂરતા પાણીની સગવડ સાથેના શૌચાલય તથા બાથરૂમની સગવડ, પ્રાથમિક સારવાની સુવિધા જેવી તમામ સુવિધાઓ ઘર વિહોણા લોકોને વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.

જે માટે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૧. શહેરના સ્લમ અને ચાલી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓનું આયોજન

➞ ઝૂંપડા તથા ચાલી વિસ્તારમાં માળખાકિય સુવિધાઓ :

શહેરની ચાલીઓ તથા ઝૂંપડપટ્ટીમાં પાણી, ડ્રેનેજ, લાઈટ, રસ્તા તથા ફૂટપાથ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં ₹.૧૦.૬૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૧૪.૪૪ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૧.૧ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ Insitu Slum Rehabilitation (ISSR) :

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (તે જે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટે વિનિયમો-૨૦૧૩ની નીતિ મુજબ જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ પાકું મકાન ૩૦.૦૦ ચો.મી.નું તમામ પ્રાથમીક સગવડ સાથેનું આપવાનું નક્કી કરવામાં આવેલ છે. સદર નીતિ અંતર્ગત શહેરના ગીરધરનગર બીકોલોની, ઓઢવ ઈન્દીરાનગર, વેજલપુર, ચંદ્રનગર, આંબાવાડી ભીલવાસ, મણીનગર ચુનારાવાસ, પોટલીયા, ફકીરા ટેન્ક, સાબરમતી કૈલાશનગર, વાડજ રામાપીરનો ટેકરો, રાણીપ બકરામંડી, પાલડી શારદાનગર, સ્ટેડીયમ ખુશાલનગર, નવા વાડજ હાલારનગર, નવરંગપુરા મહેનતપુરા, ભુદરપુરા, ગણેશનગર, નારણપુરા સંજયનગર, દાણીલીમડા એકતાનગર, લાંભા સરણયાવાસ, બાપુનગર દિનદયાલ ઉપાધ્યાયના છાપરા, રાધારમણની ચાલી, અસારવા છનાજીના છાપરા જેવા ૫૦ સ્લમ વિસ્તારના કુલ ૧૦,૦૦૦ અવાસો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જે પૈકી ૬૭૭ આવાસોની કામગીરી પૂર્ણ કરી ઝુંપડાવાસીઓને તે જ જગ્યાઓએ આવાસો ફાળવવામાં આવેલ છે તથા બાકીના આવાસો બનાવવાની કામગીરી ચાલુ છે જેનું પઝેશન વર્ષ ૨૦૧૮-૧૯માં આપવામાં આવશે.

→ યુ.સી.ડી. ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ :

યુ.સી.ડી.ખાતા ધ્વારા અમદાવાદના તમામ ૪૮ વોર્ડમાં બીપીએલ પરિવારો, EWS પરિવારો, મા કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ, અંત્યોદય અને બીપીએલ રેશન કાર્ડ ધારક - પરિવારોને ભારત સરકારશ્રીની દિનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતગર્ત કલ્યાણકારી યોજનાનો લાભ આપી શહેરી ગરીબ પરિવારોને સખીમંડળ, સખી સંઘ અને સખીમહાસંઘના માધ્યમથી એકંદરે રૂા.૧૦૦૦૦/- અને રૂા.૫૦૦૦૦/- નું રીવોલ્વીંગ ફંડ અને વિવિધ સામાજીક યોજનાઓ ધ્વારા આર્થિક મદદ કરી જે તે સ્તરે સર્વાંગી વિકાસ કરી બહેનોને સ્વનિર્ભર બનાવવાની દિશામાં અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ નોંધણી થયેલ સ્વસહાય જુથોને વિસ્તાર /વોર્ડ કક્ષાએ એરીયા લેવલ ફેડરેશન (સખી સંઘ) માં પરિવર્તિત કરીને ગરીબોને પોતાની આગવી નાણાકીય સંસ્થા એટલે કે, સખી બેંક બને તે માટે સોસાયટી રજીસ્ટ્રર એકટ અને ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોંધણી કરાવી તેઓને રૂા.૫૦૦૦૦/- રીવોલ્વીંગ ફંડ આપવામાં આવે છે. ચાલુ વર્ષે નેશનલ અર્બન લાઈવલી હુડ મિશન (NULM) યોજના હેઠળના કુલ ૩૦૯ જુથોને બેંક સાથે જોડાણ કરાવીને અંદાજીત રૂા.૫.૦૦ કરોડ ધિરાણ મંજુર કરાવેલ તેમજ શહેરી આજીવિકા કેન્દ્રના સંચાલન કામગીરી કરતી સંસ્થા વિમેન એમ્પાવરમેન્ટ કોર્પોરેશનના યોજનાકીય ગાઈડલાઈન મુજબ કુલ ૮૩ સ્વસહાય જુથોને રૂા.૨.૦૨ કરોડ ધિરાણ આપેલ છે.

NULM યોજનાના સ્વરોજગાર કાર્યક્રમ અંતગર્ત ચાલુ વર્ષનાં ૧૫૦ વ્યકિતગત લોનની અરજીઓ રાષ્ટ્રીયકૃત બેંકોમાં સ્પોન્સર કરેલ છે. ૨૫૦ લોન અરજીઓ મંજુર કરાવી ૭% ના વ્યાજદરથી બેંક દ્વારા ધિરાણ અપાયેલ છે.

NULM યોજનાના કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ ધ્વારા રોજગાર ઘટક હેઠળ કુલ ૧૪ માન્ય સંસ્થાના ૨૨ સેન્ટરો ઉપર કુલ ૧૧૪૫ તાલીમાર્થી તાલીમ લઈ રહ્યા છે. તેમજ ૪૬૯ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ છે અને ૮૮ તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કરી રોજગારી અને સ્વરોજગારી અપાવેલ છે.

NULM યોજના હેઠળ અમદાવાદ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો, સખી મંડળો દ્વારા ઉત્પાદીત ચીજ વસ્તુઓ તથા અસંગઠીત ક્ષેત્રના કારીગરો જેવા કે, કડીયા, સુથાર, લુહાર, પેઈન્ટર, ઈલેકટ્રીશયન, પ્લમ્બર તથા અન્ય વ્યવસાયો સાથે જોડાયેલા લોકોને રોજગારી મળી રહે અને શહેરી જનતાને સદર સેવાઓનો લાભ ઝડપથી મળી શકે તે માટે હાલમાં અમદાવાદ શહેરમાં ૦૭ શહેરી આજીવિકા કેન્દ્રો મેઘાણીનગર, દાણીલીમડા, શાહીબાગ, ચાંદલોડીયા, અમરાઈવાડી, ઓઢવ અને વટવા વોર્ડમાં કાર્યરત છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેરી આજીવિકા કેન્દ્ર સંચાલન કરતી વુમન એમ્પાવરમેન્ટ સંસ્થા દ્વારા કુશળ કસબીઓ, અસંગઠીત ક્ષેત્રના, લઘુ ઉદ્યોગ સાહસિકો તથા સ્વ-સહાય જુથો દ્વારા ઉત્પાદીત ચીજવસ્તુઓના વેચાણ અને માર્કેટીંગ માટે આર્વેદ ટ્રાન્સકયુબ પ્લાઝા, રાણીપ, અમદાવાદ ખાતે "સખીહાટ" કાર્યરત છે.

ગરીબ કલ્યાણના માધ્યમથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુ.સી.ડી.વિભાગ તથા રાજય સરકારશ્રીના અન્ય વિભાગો જેવા કે, પછાત કલ્યાણ વર્ગ, સમાજ સુરક્ષા વિભાગ, વિકસિત જાતિ કલ્યાણ વિભાગ તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંકલનમાં રહી કુલ ૪૧૦૩ લાભાર્થીઓને કુલ રૂા.૨.૩૧ કરોડના લાભો આપેલ છે.

યુ.સી.ડી. પ્રોજેક્ટ માટે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૨. આરોગ્યલક્ષી સેવાઓ (હોસ્પિટલ, હેલ્થ અને અર્બન હેલ્થ સેન્ટર)

૧૨.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ નવી મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશ્યાલિટી (સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ) હોસ્પીટલ :

હાલમાં હોસ્પિટલમાં અંદાજિત ૨૩ એકરનાં સંકુલમાં જનરલ ઓ.પી.ડી., ઈમરજન્સી/ટ્રોમા, રેડીયોલોજી, હાઈએન્ડલોડાયગ્નોસ્ટીક, સેમ્પલકલેક્શન, બ્લડબેંક, ઓપરેશનથીએટર, ઓર્થોપેડીક, ન્યુરોલોજી, કાર્ડીયાકકેથલેબ, આઈસીયુ વિગેરે તબીબી સેવાઓ સમગ્ર કેમ્પસમાં જુદા-જુદા બિલ્ડીંગમાં આપવામાં આવે છે. નવા મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ બિલ્ડીંગમાં જનરલ બેડ, આઈસીયુ બેડ, પેઈડ બેડ તથા અન્ય બેડ મળી કુલ ૧૬૦૦ બેડનો સમાવેશ થનાર છે તથા સમગ્ર હાઈ રાઈઝ બિલ્ડીંગના ૩-ટાવર માં ૨૪-લીફટ એલીવેટર્સ તેમજ ૨-બેઝમેન્ટ માં ૬-ફાયર સ્ટેર્સ, ૨-સેન્ટ્રલ સ્ટેર્સ, ૪-અલાયદી સ્ટેર્સ, લેન્ડ સ્કેપીંગ તેમજ મોટા પ્રમાણમાં પાર્કિંગની વ્યવસ્થા વિગેરે તથા હોસ્પીટલને લગતી તમામ પ્રકારની સેવાઓ દર્દીઓને એક જ જગ્યાએથી મળી રહે તે માટે સ્ટ્રક્ચરલ સ્ટીલ અને આર.સી.સી. થી બિલ્ડીંગ બનાવવાનું કામ ચાલુ છે.

નવું મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીંગ જેમાં ૩- ટાવર, અંદાજીત ૭૦ મીટર ની હાઈટ, બે- બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર તેમજ ઉપર ૧૬ ફલોર એમ મળી કુલ ૧૯-ફલોર, ઈમરજન્સી માટે ટેરેસ ઉપર (હેલીપેડ) પણ ગ્રીન સસ્ટેઈનેબલ બિલ્ડીંગ નોર્મ્સ મુજબ બનનાર છે.

આ મલ્ટી સ્ટોરીડ હોસ્પીટલ માટે રૂા.૫૦.૦૦ કરોડના ખર્ચે અત્યાધુનિક સી.ટી. સ્કેનનું મશીન, કેથલેબ માટેના સાધનો, એમ.આર.આઈ. મશીન, મોડ્યુલર ઓપરેશન થિયેટરના સાધનો તેમજ જરૂરી અન્ય સાધનો ખરીદવાનું આયોજન કરેલ છે અને જે ટૂંક સમયમાં કાર્યરત થશે.

સદર કામના ફેઝ-૧ માં ફ્રેમ સ્ટ્રક્ચરનું કામ ૧૦૦% પૂર્ણ થયેલ છે. ફેઝ-૨ માં બાકીના ઈલેક્ટ્રીકલ + ઈએલવી, ફાયર સિસ્ટમ, કીવીકલ ફિનીશીંગ+પીએચઈ, એલીવેટર્સના ટેન્ડર્સના કામો ચાલુ છે. જ્યારે ફેઝ-૩ માં મેડીકલ ગેસ, ફર્નિચર, એક્ષ્ટર્નલ લેન્ડ સ્કેપીંગ વિગેરે કામોના ટેન્ડર ઈન્વાઈટ કરેલાં છે.

સમગ્ર પ્રોજેક્ટની રિવાઈઝ અંદાજીત કિંમત રૂા.૫૧૪.૦૦ કરોડ થશે. સદર પ્રોજેકટ આગામી નાણાંકીય વર્ષમાં પૂર્ણ થનાર છે.

→ વી.એસ. હોસ્પીટલ સંકુલમાં UG હોસ્ટેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વી.એસ. હોસ્પીટલ સંકુલમાં AMC-MET સંચાલિત NHLMMC (UG -150 Seat Admission) માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના ધારા-ધોરણો મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરાયેલ છે. હાલમાં UG -150 Seat Admission ને ૨૦૧૬-૧૭ માં અપગ્રેડેશન કરી (UG -250 Seat Admission) કરવાની મળેલ મંજૂરી અનુસંધાને નીચે મુજબનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવાનું હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામના મહત્વના ટેકનીકલ મુદ્દા નીચે મુજબ છે.

❀ ૫૫૦-બોયઝ સ્ટુડન્ટસની કેપીસીટીની હાઈરાઈઝ હોસ્ટેલ જેમાં - અંદાજે બાંધકામ ૧૯૧૨૫ ચો. મી. (ગ્રાઉન્ડ+૧૨ ફલોર), ૨૭૫ રૂમ સાથે ૫૫૦ સ્ટુડન્ટસ કેપેસિટી, ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટથી ડિઝાઈન (ડબલ ગ્લેઝડ વિન્ડો, એએસી બ્લોક મેશનરી, એલઈડી લાઈટ્સ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, સોલાર સિસ્ટમ, થર્મલ ઈન્સ્યુલેશન વિગેરે) થી બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જેની અંદાજીત રકમ ₹.૩૯.૩૫ કરોડ થનાર છે.

❀ ૪૧૬-ગર્લ્સ સ્ટુડન્ટસની કેપીસીટી ની હાઈરાઈઝ હોસ્ટેલ જેમાં - કુલ અંદાજે બાંધકામ ૧૦૦૦૦ ચો.મી. (ગ્રાઉન્ડ+૭ ફલોરનું આરસીસી સ્ટ્રક્ચરલ કન્સટ્રકશન), ૨૦૮ રૂમ સાથે ૪૧૬ સ્ટુડન્ટસ કેપેસિટી, ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટથી ડિઝાઈન (ડબલ ગ્લેઝડ વિન્ડો, એએસી બ્લોક મેશનરી, એલઈડી લાઈટ્સ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, સોલાર સિસ્ટમ, થર્મલ ઈન્સ્યુલેશન વિગેરે) થી બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જેની અંદાજીત રકમ ₹.૨૪.૯૭ કરોડ થનાર છે.

વી.એસ. હોસ્પીટલ તથા UG હોસ્ટેલ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૨૦.૯૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૯૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૨.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ તબીબી (હોસ્પીટલ) સેવા :

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા શહેરીજનોની આરોગ્યની સુખાકારી માટે વિવિધ પગલાંઓ ભરવામાં આવે છે. અ.મ્યુ.કો. દ્વારા શા.ચી.લા., એલ.જી., નગરી તેમજ વી.એસ. હોસ્પીટલમાં શહેરીજનોને આરોગ્યની તમામ આધુનિક સેવાઓ ઓછા દરે મળી રહે તે મુજબનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે. વધુમાં શહેરી ગરીબો માટે ખાસ કરીને સ્લમ ચાલી જેવા વિસ્તારોમાં ઘરઆંગણે તબીબી સારવારની વ્યવસ્થા, વિવિધ રોગો સામે રક્ષણ માટે અવેરનેસ, લોક શિક્ષણ, હેલ્થ ચેકઅપ તથા ધંધાકીય એકમો માટે હેલ્થ લાયસન્સ કેમ્પ, કોમ્યુનિટી વન ડે ડીલીવરી કેમ્પ વિગેરેનું અસરકારક આયોજન કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

✯ શા.ચી.લા. હોસ્પીટલ :

૧૯૬૩માં ૮૦ પથારીના પ્રસુતિગૃહમાંથી વિકસેલી અને વિસ્તરેલી આ હોસ્પિટલ આજે ૬૨૦ પથારીવાળી એક જનરલ ટીચીંગ (૪૯૦ ટીચીંગ બેડ) અનુસ્નાતક કક્ષાની તબીબી હોસ્પિટલ છે. જ્યાં નર્સિંગની તાલીમ પણ આપવામાં આવે છે. જે શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ સાથે સંકળાયેલ છે.

આ હોસ્પિટલમાં જનરલ મેડીસીન, સર્જરી, ઓબ્સ્ટ્રેટીક અને ગાયનેકોલોજી, ઓર્થોપેડીક સર્જરી, ઇ.એન.ટી.સર્જરી, બર્ન્સ યુનિટ અને પ્લાસ્ટિક સર્જરી યુનિટ, પિડિયાટ્રીક્સ, ઓડિયોલોજી, નિયોનેટલકેર યુનિટ, ડેન્ટલ વિભાગ, ડર્મેટોલોજી, ટી.બી.વિભાગ, ઓપ્થેલમોલોજી, એનેસ્થેસીયોલોજી, પેથોલોજી, રેડીયોલોજી (કલર ડોપ્લર સોનોગ્રાફીની સુવિધા સાથે) ફીઝીયોથેરાપી જેવા વિભાગો તેમજ કુટુંબ કલ્યાણ કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેનો લાભ તબીબી સારવાર માટે આવતા અંદરના તથા બહારના દર્દીઓને રાહત દરે આપવામાં આવે છે.

સદર હોસ્પીટલમાં ડાયાલીસીસ સેન્ટર, બ્લડ કોમ્પોનન્ટ સ્ટોરેજ સેન્ટર, પાવર ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમનું અપગ્રેડેશન અને રીનોવેશન, એમ.આર.આઈ . સેન્ટર તથા એક્સ-રે જેવી સુવિધાઓ આપવામાં આવે છે.

- **ઓબ્સ્ટ્રેટીક આઈ.સી.યુ.:**

શ્રીમતી શા.ચી.લા.મ્યુનિ.જનરલ હોસ્પિટલ ખાતે અમદાવાદ પૂર્વ વિસ્તારના ગરીબ અને જરૂરિયાતમંદ ગાયનેકના દર્દીઓ મોટી સંખ્યામાં આવે છે. તેઓની સારવાર સારી રીતે થઈ શકે અને માતાના મરણમાં ઘટાડો થાય તે માટે ટૂંક સમયમાં ઓબ્સ્ટ્રેટીક આઈ.સી.યુ. કાર્યરત કરાવામાં આવનાર છે.

- **જનરીક મેડીકલ સ્ટોર:**

શહેરના નાગરીકોને ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દવાઓ સસ્તા ભાવે મળી શકે તે હેતુસર શ્રીમતી શા.ચી.લા.મ્યુનિ.જનરલ હોસ્પિટલ ખાતે જનરીક મેડીકલ સ્ટોર ટુંક સમયમાં કાર્યરત થનાર છે.

શા.ચી.લા. હોસ્પીટલ દ્વારા પૂરી પાડવામાં આવેલ સેવાઓની માહિતી

સેવાઓ	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
ઓ.પી.ડી.દૈનિક	૧૬૯૦	૧૯૨૭	૨૧૧૪
આઇ.પી.ડી.દૈનિક	૨૯૫	૨૮૩	૩૧૭
એકસ-રે	૯૪૩૭૯	૧૧૯૫૮૩	૧૪૨૮૩૩
સી.ટી. સ્કેન	૨૧૧૩	૩૨૧૯	૩૯૪૬
સોનોગ્રાફી	૩૯૮૯૬	૩૭૦૨૨	૪૭૭૧૯
ડીલીવરી	૫૧૯૫	૫૩૬૪	૫૫૩૦
ઓપરેશન્સ મેજર+માઈનર	૧૪૫૪૦	૧૪૫૮૦	૧૫૮૦૪

આમ, રેવન્યુ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૩૯.૪૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૪૨.૬૯ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા કેપીટલ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૧.૪૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧.૮૮ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

✯ **એલ.જી. હોસ્પીટલ :**

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન સંચાલિત શેઠ લ.ગો.જન.હોસ્પિટલ મણિનગર, અમદાવાદ શહેરના અને તેની આજુબાજુના પરા વિસ્તારના રહીશો માટે સને ૧૯૫૪ ની સાલમાં ૬૦ પથારીઓ સાથે શરૂ કરવામાં આવેલ. આ હોસ્પિટલે ઉત્તરોઉત્તર પ્રગતિ કરીને તબીબી શિક્ષણ આપવા ઉપરાંત નર્સિંગની તાલીમ પણ આપવામાં આવે છે.

એલ.જી. હોસ્પિટલ એ.એમ.સી. મેટ મેડિકલ કોલેજ સાથે ટીચીંગ હોસ્પિટલ તરીકે જોડાયેલ છે. એલ.જી. હોસ્પિટલ ખાતે હાલમાં ૭૫૦ પથારીઓની સુવિધાઓ મેડિકલની બેઝીક શાખાઓ માટે ઉપલબ્ધ છે. જેમાં મેડીસીન, સર્જરી, ગાયનેક, સ્કીન, ઇ.એન.ટી., આંખ વગેરેનો સમાવેશ થાય છે. એલ.જી. હોસ્પિટલ ખાતે ઓ.પી.ડી. માં સારવાર મેળવતાં દર્દીઓની દૈનિક સરેરાશ ૨૩૦૦ જેટલી છે, જયારે ૬૫૦ જેટલાં દર્દીઓ ઇન્ડોર તરીકે સારવાર મેળવતાં હોય છે.

હોસ્પિટલમાં જનરલ મેડિસીન, સર્જરી, ગાયનેક, બાળકો, ચામડી, ટી.બી., ઓર્થોપેડીક, આંખ, કાન-નાક-ગળાના વિભાગો ઉપરાંત આધુનિક યુનીટ ધરાવતા બર્ન્સ અને પ્લાસ્ટીક સર્જરી વિભાગ, ઇન્સેટીવ કેર યુનિટ, ઇમરજન્સી સારવાર વિભાગો આવેલા છે. કોરોનેરી કેર યુનિટ, ટ્રોમા કેર યુનિટ, નીયોનેટલ કેર યુનિટ, એન્ડ્રોસ્કોપી વિભાગ, સોનોગ્રાફી વિભાગ, દાંતનો વિભાગ, આંખનો વિભાગ, આયુર્વેદીક વિભાગ, ઓડીયોલોજી વિભાગ, પેથોલોજી લેબોરેટરી વિભાગ, ડીઝીટલ એક્સ રે તેમજ કલર ડોપ્લરની સુવિધા ધરાવતો રેડીયોલોજી વિભાગ, ફીઝીયોથેરાપી વિભાગ, સ્પે.રૂમ/સેમી.સ્પે.રૂમ/ડીલક્ષ રૂમ જેવી આધુનિક સેવાઓ આ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. હોસ્પિટલમાં પથારીની સંખ્યા વધીને ૭૫૦ જેટલી થયેલ છે.

એલ.જી. હોસ્પીટલ દ્વારા પૂરી પાડવામાં આવેલ દર્દીઓ અને સેવાઓની માહિતી

સેવાઓ	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
ઓ.પી.ડી.	૫૩૭૫૫૫	૬૪૯૧૩૮	૬૯૧૪૦૧
ઓ.પી.ડી. દૈનિક	૧૭૭૮	૨૧૬૩	૨૩૦૪
આઈ.પી.ડી. કુલ	૪૬૭૫૩	૫૭૧૩૭	૫૦૩૪૫
આઈ.પી.ડી.દૈનિક	૪૭૯	૫૪૭	૫૪૨
એકસ-રે	૧૪૭૦૧૬	૧૭૨૭૯૯	૧૬૮૦૩૫
સી.ટી.સ્કેન	૭૨૩૯	૯૬૧૯	૧૦૩૭૬
સોનોગ્રાફી	૪૪૭૭૯	૪૪૮૭૪	૪૬૩૬૫
કલર ડૉપ્લર	૯૩૭	૩૨૭	૪૪૭
ડીલીવરી	૬૩૯૮	૭૨૬૮	૫૭૭૫
ઓપરેશનન્સ (મેજર+માઈનર)	૧૦૧૧૦	૧૪૩૬૩	૧૧૯૦૪

એલ.જી.હોસ્પિટલ ખાતે આવનાર સમયમાં પોસ્ટ મોર્ટમ યુનિટ તથા કેથલેબની સુવિધા પણ શરૂ કરવામાં આવનાર છે.

આમ, રેવન્યુ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૪૮.૮૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૫૪.૯૧ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા કેપીટલ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૩.૬૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૩.૧૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

✯ **વી.એસ. હોસ્પીટલ :**

શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલમાં જનરલ મેડીસીન, જનરલ સર્જરી, ઓબ્સ્ટ્રેટીક અને ગાયનેકોલોજી, ઓર્થોપેડીક સર્જરી, એનેસ્થેસીયોલોજી, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, રેડીયોલોજી, ન્યુરો સર્જરી, એ.આર.વી. સેન્ટર, પિડિયાટ્રીક સર્જરી, ઇ.એન.ટી.સર્જરી, બર્ન્સ યુનિટ અને પ્લાસ્ટિક સર્જરી યુનિટ, પિડિયાટ્રીક્સ, ઓડિયોલોજી, નિયોનેટલકેર યુનિટ, એન્ડોક્રાઈનોલોજી, ન્યુક્લિયર મેડીસીન, ગેસ્ટ્રોએન્ટરોલોજી, હીમેટોલોજી, ડેન્ટલ વિભાગ (ઓપીડી), ડર્મેટોલોજી, ઓપ્થેલમોલોજી (ઓપીડી), ફીઝીયોથેરાપી તેમજ ટ્રોમા સેન્ટર (કેજ્યુઅલ્ટી, ઈમરજન્સી, આઈ.સી.સી.યુ. ટ્રોમા) જેવા વિભાગો ચલાવવામાં આવે છે.

વી.એસ. હોસ્પીટલ દ્વારા પૂરી પાડવામાં આવેલ દર્દીઓ અને સેવાઓની માહિતી

સેવા	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
અંદરના દર્દી તરીકે સારવાર પામેલા દર્દીઓની સંખ્યા	૬૫૯૭૫	૮૧૮૫૦	૮૦૦૩૪
નવા જન્મેલા બાળકોની સંખ્યા	૮૪૮૧	૮૭૦૦	૯૬૬૫
ટી.બી. ઓપીડી	૪૨૧૯	૩૪૬૬	૩૫૪૭
ઓપીડીના નવા દર્દીઓની સંખ્યા	૨૮૧૨૫૧	૩૦૧૮૨૧	૩૦૮૦૯૩
ઓપીડીના જુના દર્દીઓની સંખ્યા	૩૪૭૭૭૦	૪૨૦૧૨૪	૪૨૦૧૨૪
ઓપીડીના નવા જુના દર્દીઓની કુલ સંખ્યા	૬૨૯૦૨૧	૭૨૧૯૪૫	૭૧૦૨૩૩
ઓપીડીના નવા જુના દર્દીઓની દૈનિક સંખ્યા	૧૭૨૩	૧૯૭૮	૧૯૭૮
એન્ટીરેબીક સારવાર			
અ) નવા દર્દીઓની સંખ્યા	૯૫૬૪	૧૦૩૪૯	૧૦૩૪૯
બ) જુના દર્દીઓની સંખ્યા	૨૭૬૭૦	૨૭૨૭૫	૨૭૨૭૫

આમ, રેવન્યુ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૯૭.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૧૦૬.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેल છે.

✯ શ્રી ચી.હ. નગરી હોસ્પીટલ :

અમદાવાદ શહેરની જનતાને શ્રી.ચી.હ.નગરી આંખની હોસ્પિટલમાં આંખના રોગોના નિદાન તથા સારવાર માટે અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે.

નગરી આંખની હોસ્પિટલમાં સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝ ઓ.પી.ડી. વિભાગ ચાર વાતાનુકુલીત કન્સલ્ટીંગ રૂમ, છ વિશિષ્ટ કલીનીક, માઈનોર ઓપરેશન થીયેટર અને લેબોરેટરી છે. હોસ્પિટલમાં ઓ.પી.ડી. સમય દરમ્યાન આંખને લગતા રોગોની તપાસ અને સારવારનો લાભ અમદાવાદ ઉપરાંત ગુજરાત રાજ્યના તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા પડોશી રાજ્યોના શહેર તેમજ ગામડાઓમાંથી આવતા દર્દીઓ લે છે. નગરી હોસ્પિટલમાં દાખલ દર્દીઓનો વિભાગ આધુનિક સુવિધાઓથી સુસજ્જ છે. જેમાં સંપૂર્ણપણે સુસજ્જ એવા ચાર ઓપરેશન થીયેટર, ૧૦૦ પથારીઓની સુવિધા છે. જેમા સેપ્ટિક વોર્ડ, કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે વિશેષ વોર્ડ છે.

ફેકોમલ્સીફીકેશન અને ફોલ્ડેબલ ઈન્ટ્રાઓકયુલર લેન્સ ઇમ્પલાન્ટ માટે હોસ્પિટલ અત્યાધુનિક નાના કાપાવાળી સર્જરી કરી સારવાર આપે છે. નગરી હોસ્પિટલમાં વાર્ષિક આશરે ૩૦૦૦ થી વધારે મોતિયાના ઓપરેશન થાય છે. નગરી હોસ્પિટલમાં પાંચ સંપૂર્ણપણે સુસજ્જ ઓપરેશન થીયેટર, જેમાં ત્રણ મુખ્ય, એક માઈનેર ઓપરેશન થીયેટર અને એક અલગ સેપ્ટીક ઓપરેશન થીયેટર છે.

નગરી હોસ્પિટલ ખાતે સ્પે.ક્લીનિક જેવા કે કોર્નિયા કલીનીક, ઝામર કલીનીક, ત્રાંસી આંખ અને ઓકયુલોપ્લાસ્ટી કલીનીક, કોન્ટેકલેન્સ કલીનીક, રીફ્રેકટીવ સર્જરી ૨૦૧૩ ના વર્ષથી લેસર દ્વારા આંખના

નંબર ઉતારવાનો આ અદ્યતન વિભાગ ૫ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા કીકી પ્રત્યારોપણના કામને વધુ વેગ આપવા નગરી હોસ્પીટલ ખાતે આઈ બેંકની સ્થાપના કરવામાં આવેલ છે. જે હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ છે તેમજ આઇ બેંક એસોસીએશન ઓફ ઇન્ડીયાની સભ્ય છે. આઇ બેંકમાં મરણ પામેલા વ્યકિતઓની દાનમાં મળેલ આંખો રાખવામાં આવે છે.

➞ હોસ્પિટલ બિલ્ડીંગનું નવિનીકરણ :

નગરી આંખની હોસ્પિટલનો વધતો વ્યાપ અને હાલની પરિસ્થિતીને અનુલક્ષીને અતિ આધુનિક સુવિધાથી સજ્જ આઠ માળ ધરાવતા બિલ્ડીંગનું નિર્માણનું કામ ૨૦૧૬ થી હાથ ધરવામાં આવેલ છે. જેમાં હોસ્પિટલના જુદા-જુદા વિભાગો ઉપરાંત આર.એમ.ઓ. નિવાસસ્થાન, રેસીડેન્ટ ડોકટર હોસ્ટેલ તથા નર્સિંગ સ્ટાફ કવાટર્સનો સમાવેશ થાય છે. જેનો ખર્ચ ₹.૩૨.૬૨ કરોડ અંદાજવામાં આવેલ છે. બિલ્ડીંગનું નિર્માણ કાર્ય ૨૦૧૮ સુધી પુર્ણ થશે.

આમ, રેવન્યુ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૫.૫૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૬.૨૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા કેપીટલ ખર્ચ માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૦.૮૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૨.૩૬ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ અર્બન હેલ્થ સેન્ટર/કોમ્યુનિટી હેલ્થ સેન્ટર :

- ❀ હાલમાં ૨-સામુહિક આરોગ્ય કેન્દ્રો (ચાંદખેડા તથા સરખેજ) ના રીનોવેશનની કામગીરી ચાલુ છે તથા શાહપુર, બારડોલપુરા, દુધેશ્વર, નરોડા મુઠીયા ખાતે ૪-મેટરનીટી હોમ તથા બહેરામપુરા ખાતે ૧-રેફરલ હોસ્પીટલ કાર્યરત કરવામાં આવેલ છે.
- ❀ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તથા અન્ય ગ્રાન્ટમાંથી ૫-હોસ્પિટલો (દાણીલીમડા, રખિયાલ, ગોમતીપુર, સાબરમતી, વટવા) ને રીનોવેશન કરી સામુહીક આરોગ્ય કેન્દ્રો તરીકે કાર્યરત કરવામાં આવેલ છે.
- ❀ ચાલુ વર્ષે નવરંગપુરા, નવા વાડજ, અર્બુદાનગર, જોધપુર, ઘાટલોડીયા અને ગોતા વોર્ડમાં નવું ફીઝીયોથેરાપી સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.
- ❀ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તથા અન્ય ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષમાં ગોતા, વસ્ત્રાલ, સરદાર પટેલ સ્ટેડીયમ, લાંભા, અર્બુદાનગર, ખોખરા, ન્યુ રાણીપ, ન્યુ સરદારનગર, બહેરામપુરા, આંબલી, પીપળજ, ઈન્દ્રપુરી તથા રાજપુર વોર્ડના અર્બન હેલ્થ સેન્ટરોનું નવીનીકરણ સાથે નવા મકાનનું બાંધકામ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

સને ૨૦૧૮-૧૯ માં હેલ્થ સેન્ટર્સ બનાવવાનું આયોજન

❀ આગામી વર્ષમાં મંજૂર થયેલ ૯-અર્બન હેલ્થ સેન્ટર વટવા (મદનીનગર), અમરાઈવાડી, આંબાવાડી, લાંભા, વટવા (સ્મૃતિ મંદિર), વાસણા, પાલડી, બહેરામપુરા (ચેપી રોગ હોસ્પીટલ), દાણીલીમડા તથા ઓઢવમાં બનાવવાનું આયોજન છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૯.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ વિવિધ કાર્યક્રમ - યોજના હેઠળ આરોગ્યની સુવિધાઓ :

✯ મેડીકલ કેમ્પનું આયોજન :

શહેરીજનોને ઘર આંગણે રોગોનું નિઃશુલ્ક નિદાન થાય તેમજ નિઃશુલ્ક દવાઓ મળી રહે તે માટે હેલ્થ વિભાગ અલગ-અલગ વોર્ડમાં કુલ ૯ મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મેડીકલ ઓફિસર ઉપરાંત જુદી-જુદી સ્પેશ્યાલીસ્ટ નિષ્ણાંતો જેવા કે ગાયનેક, પીડીયાટ્રીક સર્જન, ડરમેટોલોજીસ્ટ, ઈ.એન.ટી. તેમજ ઓપથેલ્મોલોજીસ્ટ, ઈલેક્ટ્રો કાર્ડીયોગ્રામ દ્વારા હૃદયરોગની તપાસ, લેબોરેટરી તપાસ, હોમીયોપેથીક સારવાર, આયુર્વેદીક સારવારની સેવાઓ આપવામાં આવે છે. ગંભીર પ્રકારના કેસોને આગળની સરકારી હોસ્પીટલમાં રીફર કરવામાં આવે છે, તેનું ફોલોઅપ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. આ મેગા મેડીકલ કેમ્પ દરમ્યાન ૯૪૩૯ જેટલા દર્દીઓ તપાસેલ છે અને ૩૮૫ દર્દીઓને વધુ તપાસ માટે હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૦.૨૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

✯ જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ :

માતા તથા બાળમરણ ઘટાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અમલમાં છે. જે અંતર્ગત તમામ સરકારી તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સંસ્થાઓ દ્વારા કોઈપણ સર્ગભા માતાને સર્ગભાવસ્થાથી પ્રસુતિ તથા પ્રસુતિ પછી ૪૨ દિવસ સુધી તથા નવજાત શિશુથી બાળ ૧ વર્ષનું થાય ત્યાં સુધીની તમામ સેવાઓ (Drugs, Diagnosis, Diet, Blood, Referel Transport) મફત આપવામાં આવે છે. પ્રસુતિ પછી નોર્મલ ડિલીવરીના કેસમાં ૩ દિવસ સુધી તથા સીઝેરીયન પ્રસુતિમાં ૭ દિવસ સુધી મફત ખોરાકની વ્યવસ્થા છે તથા ઘરે પાછા જવા માટે ખિલખિલાટ ગાડીમાં પાછા જવાની વ્યવસ્થા છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૧૮૭૪૩ પ્રસુતિની સંખ્યા પૈકી સીઝેરીયન ઓપરેશનની સંખ્યા ૬૧૩૪ થયેલ છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૨.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં ₹.૨.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

✯ **શાળા આરોગ્ય કાર્યક્રમ :**

સને ૨૦૧૬-૧૭ માં ૧૧,૩૪,૭૭૨ બાળકોની તપાસ કરવામાં આવેલ. તે પૈકી ૧૮૩૫ દર્દીઓને વધુ સારવાર માટે જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ. તેમાં ૮૬૬ હૃદય રોગ, ૫૮૩ કીડની, ૨૨૭ કેન્સર રોગ, ૭૮ થેલેસીમીયા તથા અન્ય ૧૫૯ દર્દીઓનો સમાવેશ થાય છે.

ચાલુ વર્ષમાં ૨૦૧૭-૧૮ માં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અંદાજે કુલ ૧૧,૫૦,૦૦૦ બાળકોની આરોગ્ય તપાસણી કરવાનો લક્ષ્યાંક છે તથા વર્ષ ૨૦૧૮-૧૯ માં અંદાજે ૧૧.૫૦ લાખથી વધુ બાળકોની આરોગ્ય તપાસણીનો લક્ષ્યાંક છે. જે માટે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૦.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

✯ **"મુખ્યમંત્રી અમૃત્તમ યોજના" અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય કાર્ડ :**

ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય દ્વારા માનનીય "મુખ્યમંત્રી અમૃત્તમ યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના (પાંચ વ્યકિતઓને) હૃદય, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર જેવા ગંભીર રોગોમાં મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ ₹.૨.૦૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવાની યોજના છે.

શહેરમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના બી.પી.એલ.લાભાર્થીઓ તરીકે નોંધાયેલ કુલ ૨,૪૩,૧૬૧ લોકો આ યોજનાનો લાભ મેળવી શકશે. આ અંગે નકકી થયેલ એજન્સીઓ દ્વારા શહેરના કુલ ૩૧ સેન્ટરો ખાતેથી નવા કાર્ડ ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તા.૦૧.૧૨.૨૦૧૨ થી તા.૩૦.૧૧.૨૦૧૭ સુધી કુલ ૭૩,૩૮૯ મુખ્યમંત્રી અમૃત્તમ મા કાર્ડ ઈશ્યુ કરેલ છે. તા.૦૧.૧૨.૨૦૧૨ થી તા.૩૦.૧૧.૨૦૧૭ સુધી કુલ ૧,૭૩,૭૮૨ મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય કાર્ડ ઈશ્યુ કરેલ છે.

મુખ્યમંત્રી અમૃતમ અને માં વાત્સલ્ય યોજના અંતર્ગત અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં વી.એસ. / એલ.જી. / શા.ચી.લા. જનરલ હોસ્પિટલો સહિત કુલ ૯ સરકારી હોસ્પિટલો અને ૧૪ જેટલી પ્રાઈવેટ હોસ્પિટલોમાં સને ૧-૪-૨૦૧૭ થી ૩૦-૧૧-૨૦૧૭ સુધીમાં ૨૬,૪૬૯ કલેઈમ થયેલ છે. જેના કલેઈમ પેટે રૂા.૪૬.૬૫ કરોડ ચુકવેલ છે. સરકારી તથા પ્રાઈવેટ હોસ્પિટલોની કલેઈમની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	વિગત	ક્લેઈમની સંખ્યા	ક્લેઈમ ની રકમ (રૂ.કરોડમાં)
૧	વી.એસ. / એલ.જી. / શા.ચી.લા. જનરલ હોસ્પિટલ સહિત કુલ ૯ સરકારી હોસ્પિટલો	૧૩૫૪૧	૩૦.૭૩
૨	અપોલો, રાજસ્થાન, સંજીવની સુપર સ્પેશ્યા., નારાયણી હૃદયાલયા પ્રાઈવેટ હોસ્પિટલો સહિત કુલ ૧૪ હોસ્પિટલો	૧૨૯૨૮	૧૫.૯૧
	કુલ	૨૬,૪૬૯	૪૬.૬૪

✯ **સ્મશાનગૃહમાં ઈલેક્ટ્રીક તથા સી.એન.જી. ભઠ્ઠીની સુવિધા :**

- ઈલેક્ટ્રીક ભઠ્ઠી - ૦૨, સી.એન.જી. ભઠ્ઠી - ૧૭
- જમાલપુર (સપ્તઋષિ સ્મશાનગૃહ) ખાતે નવી સી.એન.જી.ભઠ્ઠી બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- છેલ્લા બે વર્ષ દરમ્યાન શહેરના અલગ-અલગ વિસ્તારમાં આવેલ ૪ (જમાલપુર, વાડજ, ઈસનપુર, એલીસબ્રીજ) જેટલા સ્મશાનગૃહોમાં રીનોવેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે સરખેજ તથા સાબરમતી સ્મશાનગૃહ ખાતે રીનોવેશનની કામગીરી ચાલુ છે.
- આગામી વર્ષ સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં શહેરમાં આવેલ ૩ સ્મશાનગૃહોનું નવીનીકરણ કરવાની કરવાની જરૂર છે. જેમાં કોમન વોલ, જરૂરી રીનોવેશન, ગાર્ડન, લાકડા માટે યોગ્ય વ્યવસ્થા, ગ્રીન વેલ ડેવલપમેન્ટ, માઈક વિગેરેની વ્યવસ્થાનું આયોજન છે.

- **વાડજ સ્મશાનગૃહ**

સરદાર પટેલ સ્ટેડીયમ વોર્ડમાં ફા.પ્લોટ નં.૫૭૨,૫૭૩,૫૭૪ માં વર્ષો જુનું વાડજ સ્મશાન આવેલ છે. નવા સ્મશાનગૃહમાં ૧૦ નંગ સી.એન.જી. ભઠ્ઠી તથા લાકડાથી અગ્નિદાહ દેવા માટેની ૮ ભઠ્ઠી, લાકડા મુકવા માટેનો રૂમ, પાર્કીગમાં આશરે ૨૦૦ વ્હીકલ રહી શકે તેવું પાર્કીંગ, ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા ૨ પ્રાર્થનાગૃહ, વોક-વે, વિદેશમાં રહેતા લોકો માટે લાઈવ ટેલીકાસ્ટની સુવિધા, કેફેટેરીયા, આધુનિક ટાઈપના શૌચાલયની વ્યવસ્થા, ગાર્ડનીંગ, કમ્પાઉન્ડ વોલ, સાબરમતી રીવરફ્રન્ટનો વ્યૂહ જોઈ શકાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવાનું આયોજન કરેલ છે. સદર કામગીરી હાલમાં ચાલુ છે.

✯ **એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી :**

- ૨૦૧૬-૧૭ માં ૨૬ આઈ.સી.ટી.સી કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે આ પૈકી એક મોબાઈલ વાન આઈ.સી.ટી.સી. કાર્યરત છે. જેના દ્વારા દૂરના વિસ્તાર સુધી સ્થળ ઉપર જ એચ.આઈ.વી. ટેસ્ટ અને રીઝલ્ટ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૪૬ એફ.આઈ.સી.ટી.સી. સેન્ટરો શરૂ કરવામાં આવેલ. જેમાં એચ.આઈ.વી. સ્ક્રીનીંગ તપાસ થાય છે.

✯ મોબાઈલ ડિસ્પેન્સરી :

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશના ૬ ઝોનમાં મોબાઈલ ડીસ્પેન્સરી કાર્યરત છે. આ મોબાઈલ વાન દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં ઘર આંગણે સારવાર આપવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ મોબાઈલ વાન દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં ખાસ કરી સ્લમ તથા ગરીબ વિસ્તારો તેમજ ફુડ પોઈઝનીંગ, ઝાડા ઉલ્ટી જેવા એપીડેમીક સમયે અસર થયેલ વિસ્તારોમાં સ્થળ ઉપર જઈ સ્થળ ઉપર જ પ્રાથમિક સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સને ૨૦૧૭-૧૮ માં ૯૧૨૫૬ દર્દીઓને તપાસવામાં આવેલ છે.

✯ આર.એન.ટી.સી.પી. કાર્યક્રમ :

- ❀ આર.એન.ટી.સી.પી.(રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ) અંતર્ગત ટી.બી.ના દર્દીઓને મફત નિદાન/સારવાર આપવામાં આવે છે.
- ❀ વાર્ષિક ૧૦,૦૦૦ જેટલા ટીબીના દર્દીઓ પૈકી દવાના કોર્ષના અંતે ૮૪% કયોર જાહેર થાય છે.
- ❀ મલ્ટી ડ્રગ્સ રેઝીસ્ટન્ટ (MDR) અને EDR (Extensive Drug Resistance) ટી.બી. ની દવા વિના મૂલ્યે ઉપલબ્ધ છે.

✯ આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત નવી આંગણવાડી બનાવવા :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા શહેરની ૨૦૯૫ આંગણવાડી + ૦૬ મોબાઈલ આંગણવાડી મળી કુલ ૨૧૦૧ આંગણવાડીઓમાં આવતાં બાળકોમાં રસીકરણ, જરૂરી પૂરકપોષણ આપવા તથા કિશોરીઓમાં લોહતત્વનું પ્રમાણ જળવાઈ રહે તે મુજબના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાળકોને પૂરકપોષણ મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. શહેરમાં કુલ ૨૧૦૧ આંગણવાડીઓને ૧૦ ઘટકોમાં વહેંચવામાં આવી છે. જેનો લાભ ૨૫,૨૦૫ સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓ તથા ૩૭,૧૪૫ કિશોરીને ૦-૬ વર્ષના કુલ ૧,૪૩,૮૩૫ બાળકોને પૂરકપોષણનો લાભ ચાલુ વર્ષે મળેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં ₹.૬.૨૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૧૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન :

ભારત દેશના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨જી ઓકટોબર ૨૦૧૪ થી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરના તમામ કુટુંબોને વ્યક્તિગત શૌચાલય મળે, નાગરિકોને પે એન્ડ યુઝ તથા કોમ્યુનિટી ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ થાય, પ્રજાજનોમાં સ્વચ્છતા બાબતે જરૂરી જાગૃતતા આવે તે હેતુસર આગામી પાંચ વર્ષ દરમ્યાન કોર્પોરેશન દ્વારા મહત્તમ પ્રયત્ન હાથ ધરવામાં આવનાર છે.

વર્ષ ૨૦૧૬-૧૭ માં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને સ્વચ્છતા બાબતે ૧૪મો ક્રમાંક મેળવેલ છે તથા આવનાર નવા વર્ષ દરમ્યાન જાન્યુઆરી-૨૦૧૮ માં સ્વચ્છ સર્વેક્ષણ માટે સ્વચ્છતામાં અમદાવાદ શહેરને મોખરાનું સ્થાન પ્રાપ્ત થાય તે અંગેના પ્રયત્નો કાર્યરત છે.

ભારત સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ "સ્વચ્છ ભારત મિશન" કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં શૌચાલય વિહોણા ઘરમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ થાય તથા ખુલ્લામાં શૌચક્રિયામાંથી મુકત થાય તે હેતુસર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા અત્યાર સુધી વિવિધ પગલાંઓ લેવામાં આવેલ વિવિધ પગલાંઓને કારણે "ઓપન ડેફીકેશન ફ્રી સીટી" જાહેર થયેલ છે.

હાલમાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા થીમેટીક સ્પે.ડ્રાઈવનું આયોજન, વ્યકિતગત શૌચાલયો બનાવવા, જન જાગૃતિ કેળવાય તે હેતુસર સફાઈ રેલી, શેરી નાટક, પપેટ શૉ, સીનીયર સીટીઝન સાથે ગ્રુપ મીટીંગનું આયોજન કરવું, હોર્ડીંગ્સ તથા બેનર લગાડવા, સ્વચ્છતા-ગ્રહીની નિમણૂંક વગેરે પ્રકારની કામગીરી કરવામાં આવી રહેલ છે. છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ૨૯ જેટલાં નવા પે એન્ડ યુઝ ટોઈલેટ તથા કોમ્યુનિટી ટોઈલેટ બનાવવામાં આવેલ છે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકાર દ્વારા મોબાઈલ સ્વચ્છતા એપ લોન્ચ કરવામાં આવેલ છે. જેમાં શહેરને સ્વચ્છ રાખવાના કાર્યમાં નાગરિકોને જોડવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જેમાં કોઈપણ નાગરિક પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરેલ સ્વચ્છ ભારત એપ ઉપર કચરાને લગતી કોઈપણ ફરિયાદ, ગંદકીનો ફોટો, વીડીયો, ટેક્સ્ટ કરી ડાયરેક્ટ કોર્પોરેશનમાં સંબંધિત સ્વચ્છતાની કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફને નોંધાવી શકે છે. આ ફરિયાદોના નિકાલ માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૯૪,૩૭૬ જેટલી મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવામાં આવેલ છે.

➞ સ્વચ્છતા ભારત મિશન અન્વયે કરવાની થતી કામગીરી :

ભારત સરકારનાં શહેરી વિકાસ વિભાગ દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ રજી ઓકટોબર ૨૦૧૯ સુધીમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાના વિસ્તારમાં ખુલ્લામાં શૌચક્રિયા મુકત, ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી, સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા અંગે સ્વચ્છ ભારત મિશન લોન્ચ કરવામાં આવેલ છે. આ મીશનના ધ્યેયને સિધ્ધ કરવા માટે સરકાર દ્વારા ટૂંકા, મધ્ય તેમજ લાંબાગાળા માટે સ્વચ્છતાલક્ષી વિવિધ એકટીવીટી તથા લોકભાગીદારીથી પરીણામલક્ષી અમલીકરણ તમામ મહાનગર પાલિકાઓ તથા નગરપાલિકાઓને આવરી લેવામાં આવેલ છે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હાલમાં Draft Project Report તૈયાર કરવામાં આવેલ છે. જેમાં સ્વચ્છ અમદાવાદ બનાવવાના હેતુસર જુદા જુદા સોલીડ વેસ્ટના નિકાલ સારુ મશીનરી, વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ તથા પીરાણા ખાતે આવેલ ડમ્પીંગ સાઈટ અંગેના પ્રોજકટનો સમાવેશ કરવામાં આવેલ છે.

શહેરમાં સ્વચ્છતાનું ધોરણ જળવાઈ રહે તે માટે અલગ અલગ જગ્યાએ ૧૧૩૭ જેટલા કન્ટેઈનર અને ૮૦૫ જેટલા સીલ્વર ટ્રોલી મુકવામાં આવેલ છે. જેનો નકકી કરવામાં આવેલ જગ્યાએ નિકાલ કરવામાં આવે છે.

વધુમાં શહેરના લોકોને વધુ સારી આરોગ્યની સુવિધા મળી રહે તે માટે સ્વચ્છ ભારત મિશન અન્વયે અત્યાર સુધીમાં કુલ ૩૩૮ પે એન્ડ યુઝ ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આગામી સમયમાં શહેરમાં અલગ અલગ વિસ્તારમાં નવા ૭૫ જેટલા પે એન્ડ યુઝ / કોમ્યુનીટી ટોઈલેટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

→ મેલેરિયા વિભાગની કામગીરી :

- "N.V.B.D.C.Programme" (નેશનલ વેક્ટર બોર્ન ડીસીસ કન્ટ્રોલ પ્રોગ્રામ)ની ગાઈડ લાઈન મુજબ અમદાવાદ શહેરમાં મચ્છર જન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, સાદા મેલેરીયા, ફાલ્સીપરમ તથા ચીકનગુનીયા અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે. મેલેરીયા સીઝન દરમ્યાન જનરલ હોસ્પિટલોમાં સ્પે.ફીવર ક્લીનીક શરૂ કરવામાં આવેલ છે. મેલેરીયા રોગ નિયંત્રણના સઘન અભિયાનમાં ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વેના આધાર મુજબ ઈન્ડોર રેસીડયુઅલ સ્પ્રે (IRS) તથા નેપસેક સ્પેયર પમ્પનો ઉપયોગ કરવાથી મેલેરીયા રોગચાળામાં સારૂ પરિણામ મળેલ છે.
- શહેરમાં આવેલ જુદી-જુદી ૧૬૫ પ્રાઈવેટ હોસ્પિટલોને ઓનલાઈન સાંકળી લઈ સદર હોસ્પિટલોમાં સારવાર માટે આવતા દર્દીઓની માહિતી રોજે-રોજ ઓનલાઈન મેળવી તાત્કાલીક દર્દીના રહેઠાણ વિસ્તારમાં રોગ અટકાયતી પગલાં લેવામાં આવે છે.
- મચ્છરના નાશ માટે ઉપયોગમાં લેવામાં ૧૮૮ પોર્ટેબલ ફોગીંગ મશીનો, ૬ લીકો મશીનો દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં ઈન્ડોર તથા આઉટડોર માસ ફોગીંગની કામગીરી કરવામાં આવે છે. હાલમાં થર્મલ ટેકનોલોજીવાળી મશીનથી ફોગીંગ કરવામાં આવે છે. આ કામગીરી વધુ વાતાવરણને અનુકુળ અને અસરકારક તેમજ ઘનિષ્ટ ફોગીંગ કામગીરી કરવા માટે નવી ટેકનોલોજી, અલ્ટ્રા લો વોલ્યુમ મશીનો ખરીદવા માટેનું આયોજન કરેલ છે.
- મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા રોગોના અસરકારક નિયંત્રણ અને અટકાયતી પગલાં લેવા માટે નીચે મુજબની વિવિધ પ્રકારની કામગીરીનું આયોજન છે.
  - ડ્રોન દ્વારા સર્વેલન્સ એકટીવીટી, કોલ્ડ ફોગીંગ મશીનની ખરીદી
  - વેકટર બોર્ન ડીસીઝ કેપીસીટી રીસોર્સ યુનીટ શરૂ કરવા
  - પી.વી./પી.એફ., ડેન્ગ્યુ સેસોના મેપીંગ માટે જરૂરી સોફટવેર એસ્ટાબ્લીશમેન્ટ કરવા
  - એકસ્ટ્રા ડોમેસ્ટીક એક્ટિવીટી માટે સ્પેશીલાઈઝરફોગીગ મશીન ખરીદવા
  - વાહકજન્ય રોગો અંતર્ગત રીસર્ચ એકટીવીટી કરવા સારૂ
  - મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા રોગોના નિયંત્રણ માટે પોલીસી બનાવવા

જે માટે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૭.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૩. ઘન કચરા વ્યવસ્થાપન

➞ ઝીરો વેસ્ટ સિટી :

અમદાવાદ શહેર સમગ્ર ભારતમાં સાતમા નંબરનું મોટુ શહેર છે. અમદાવાદ શહેરને ૬ ઝોન અને ૪૮ વોર્ડમાં વહેંચવામાં આવેલ છે. જુદા-જુદા ઝોનમાં જુદી-જુદી પધ્ધતિ અનુસાર દૈનિક ધોરણે ૩૮૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે.

ક્રમ	વ્યવસ્થાનું નામ	દૈનિક અંદાજીત કચરો (મે.ટનમાં)
૧	ડોર/ગેટ ટુ ડમ્પ પધ્ધતિ	૧૨૦૦
૨	કન્ટેનર લીફટીંગ	૭૦૦
૩	સ્પોટ ટુ ડમ્પ પધ્ધતિ	૧૩૦૦
૪	કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટ કલેક્શન	૫૦૦
૫	હોટલ-રેસ્ટોરન્ટ કીચન વેસ્ટ કલેકશન	૮૦
૬	મૃત જાનવરો તથા ફીશ-મીટ માર્કેટનો કાર્કશ વેસ્ટ કલેકશન	૨૦
	કુલ	૩૮૦૦

➞ ઘન કચરાના નિકાલની કામગીરી સાથે સંકળાયેલા વાહનોમાં RFID બેઈઝ્ડ GPS સિસ્ટમ :

અમદાવાદ શહેરમાં દૈનિક ધોરણે ઉત્પન્ન થતાં ઘનકચરાનાં નિકાલની કામગીરી વધુ સઘન અને અસરકારક બનાવવા સારૂ ડોર / ગેટ ટુ ડમ્પ પધ્ધતિ અનુસાર અને કન્ટેઈનર લીફટીંગની કામગીરી વધુ અસરકારક બનાવી સુદૃઢ કરવા ૯૦૦ થી વધારે વાહનોમાં GPS સીસ્ટમ લગાવવાની તથા કન્ટેઈનર લીફટીંગની કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતાં આશરે ૧૦૦૦ નંગથી વધારે કન્ટેઈનરોમાં RFID Tag લગાવી, જુદા-જુદા ઝોનની વોર્ડ ઓફિસ, વાહન પાર્કિંગ એરિયા, પીરાણા ડમ્પ સાઈટ, બંન્ને વે-બ્રીજ, ટ્રાન્સફર સ્ટેશન જેવા વિવિધ સ્થળોએ RFID રીડર લગાવી કોમ્પ્યુટરાઈઝ્ડ સીસ્ટમથી મોનીટરીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. હાલ તમામ વાહનોનું GPS સીસ્ટમ દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે. ડોર/ગેટ ટુ ડમ્પ પધ્ધતિ હેઠળ કચરાનાં એકત્રીકરણમાં કવરેજની ટકાવારી વધીને ૯૫ % અને કન્ટેનર લીફટીંગ પણ ૯૨ % જેટલું થયેલ છે.

➞ ઘન કચરાને પ્રોસેસીંગ કરવાની કામગીરી :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે ૩૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી ખાતર બનાવવા ની કામગીરી તથા ઘન કચરામાંથી ઈંધણ (RDF-Refuse Derived Fuel) બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આ RDF નો ઉપયોગ બોઈલરમાં લાકડાં, લિગ્નાઈટ, કોલસો, ફરનેસ ઓઈલના પર્યાય તરીકે કરી શકાય છે.

➞ ડોર ટુ ડોર પદ્ધતિ અનુસાર ઘન કચરાના નિકાલની વ્યવસ્થા :

જુલાઇ - ૨૦૧૭ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ અને ગૌરવવંતુ બનાવવાની

પહેલનાં અનુસંધાને નવા અભિગમ સાથેની નવી પદ્ધતિ અપનાવી નાગરિકો તેમનાં દ્વારા જુદો કરાયેલ ભીનો અને સૂકો કચરો અલગ-અલગ આપી શકે તથા તેનું એ જ રીતે કલેકશન થઇ શકે તે મુજબનાં વાદળી અને લીલા રંગના અલગ કમ્પાર્ટમેન્ટ સાથેના બંધ બોડીની ડીઝાઇનનાં તથા વધુ કેપેસિટીવાળા લેટેસ્ટ નોર્મ્સ (યુરો-૪ પ્રકાર) મુજબના પ્રદૂષણની માત્રામાં પણ ઘટાડો થાય તેવા તમામ ૪૮ વોર્ડોમાં ૧૦૦૦ જેટલાં નવા વાહનો તબક્કાવાર વોર્ડ વાઇઝ મુકી, વાહનો ઉપયોગમાં લેવામાં આવેલ છે.

"ડોર ટુ ડોર / ગેટ ટુ આરટીએસ પદ્ધતિ" હેઠળના નવા ટેન્ડરની કામગીરીમાં શહેરની હદમાં આવેલ ૧૪.૩૩ લાખ જેટલાં તમામ ૧૦૦% રહેણાંક એકમોને આવરી લઈ સવારે ૭:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક સુધીમાં અને ૪.૫૯ લાખ જેટલાં કોમર્શીયલ એકમોને સાંજે ૬:૦૦ થી રાત્રીના ૯:૦૦ કલાક સુધીમાં જરૂરી સંખ્યાના રૂટો બનાવી કચરાના એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશનની કામગીરી કરવામાં આવે છે.

ચાલી, ઝુંપડપટ્ટી, સ્લમ જેવા વિસ્તારોમાં આવેલ રહેણાંક એકમોમાં કે જયાં વાહન જઈ શકે તેમ ન હોય ત્યાં પેડલ રીક્ષાઓ મુકી કચરાનાં એકત્રીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. નિયત કરેલ સ્થળના કવરેજની કામગીરી માટે અદ્યતન જી.પી.એસ. સિસ્ટમ જેવી મોનીટરીંગ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવેલ છે.

રહેણાંક અને કોમર્શિયલ એકમોમાંથી કચરાનાં એકત્રીકરણ માટે શરૂ કરવામાં આવેલ આ નવી પધ્ધતિમાં શહેરીજનો પણ સૂકો અને ભીના કચરાને અલગ-અલગ એકત્ર કરી - ડોર ટુ ડોરનાં વાહનમાં પણ તે મુજબથી જ આપી શહેરને કચરાના ઢગલા વિનાનું સ્વચ્છ અને રળીયામણું બનાવી શકશે.

➞ રોડ સફાઈની કામગીરી :

શહેરમાં દૈનિક ધોરણે ૧૪૦૦૦ થી વધુ સફાઈ કામદારો દ્વારા તમામ રસ્તાઓની સફાઈની કામગીરી કરવામા આવે છે. હાલમાં ૨૫ ટ્રક માઉન્ટેડ અને ૧૫ ટ્રેકટર માઉન્ટેડ એમ કુલ ૪૦ રોડ સ્વીપીંગ મશીન દ્વારા શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ, બી.આર.ટી.એસ. તથા મોડલ રોડની સફાઈની કામગીરી કરવામાં આવે છે.

હેલ્થ / સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સફાઈ અભિયાન અંતર્ગત રાત્રિ દરમ્યાન વોર્ડના મુખ્ય

રસ્તાઓ, ડીવાઈડરો, રસ્તાઓની બાજુઓ વગેરેની આદર્શ સફાઈ કરી સ્વચ્છ કરવાની અવારનવાર કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત શહેરનાં મુખ્ય રસ્તાઓ પરનાં નાના-મોટાં તમામ વૃક્ષો ડીવાઈડર પર કરવામાં આવેલ પ્લાન્ટેશનની સફાઇ કરી પાણીથી ધોવડાવી ધૂળના રજકણો દૂર કરી શહેરને સ્વચ્છ અને સ્વસ્થ હવા મળી રહે તે માટેનો નવતર પ્રયોગ કરવામાં આવેલ.

➞ શહેરમાં આવેલ બ્રીજને પાણીથી ધોવડાવી સફાઈની કામગીરી :

શહેરમાં આવેલ તમામ ૪૮ બ્રીજ, અન્ડરબ્રીજ અને ફલાય ઓવર બ્રીજોને એક સાથે ધોવડાવી સ્વચ્છ-સુંદર કરવાની કામગીરી પણ આજ રીતે હાથ ધરવામાં આવેલ. શહેરનાં ૬ ઝોન જેમાં પૂર્વ ઝોનમાં-૪, પશ્ચિમ ઝોનમાં-૧૭, ઉત્તર ઝોનમાં-૫, દક્ષિણ ઝોનમાં-૮, મધ્ય ઝોનમાં-૮ અને નવાપશ્ચિમ ઝોનમાં-૬ મળી કુલ ૪૮ જેટલાં બ્રીજ, અન્ડરબ્રીજ અને ફલાયઓવર બ્રીજોને ધોવડાવવાની કામગીરીમાં ટોળા સફાઇ, સ્વીપીગ મશીનરી થી બ્રશ ફેવરાવી સવાર થી સાંજ સુધી સફાઇ કરી અંદાજીત ૫ થી ૭ ટન માટી ઉપાડવામાં આવે છે. ઉપરોકત તમામ બ્રીજોની અંદાજીત ૧૨૫ કિ.મી થી વધારે સાઇડોની રાત્રિના ૧૦.૦૦ કલાક થી સવારનાં ૫.૦૦ કલાક સુધી ન્યુસન્સ ટેન્કર દ્વારા પાણીનો છંટકાવ કરી બ્રશથી સફાઈ કરવામાં આવે છે. શહેરના વાતાવરણની નાગરીકોના આરોગ્યને અસર ન થાય તે માટે ન્યુસન્સ ટેન્કરો, પાણીનાં ટેન્કરો વિગેરે સાધન સામગ્રી સાથે આ મુજબના નવતર પ્રયોગ મુજબની કામગીરી વર્ષ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે.

➞ રાત્રી ખાણી-પીણી બજારની સફાઈની કામગીરી :

અમદાવાદ શહેરમાં સ્વચ્છતાનું ધોરણે જળવાઈ રહે તે સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં આવેલ ખાણી - પીણી બજારોની રાત્રિ સફાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સદર કામગીરી અનુસંધાને જુદા જુદા ઝોનમાં આવેલ ખાણી - પીણી બજારોની રાત્રિ સફાઈ અંગે ઘનિષ્ઠ આયોજન ધરી સફાઈની કામગીરી કરાવવામાં આવે છે. સદર વ્યવસ્થા અનુસંધાને ખાણી-પીણી બજારમાં આવેલ તમામ એકમોને બે ડસ્ટબીન પુરા પાડવામાં આવેલ છે. જેમાં ભીનો કચરો અને સુકો કચરો અલગ - અલગ એકત્ર કરવામાં આવે છે. રાત્રિના સમયે જયારે બજાર ચાલુ હોય તેવા સંજોગોમાં દરેક એકમોને તેઓનો વેસ્ટ ડસ્ટ બીનમાં જ એકત્ર કરવા ફરજ પાડવામાં આવે છે. જેનાં કારણે સફાઈનું ધોરણ જળવાઈ રહે. ખાણી - પીણી બજારો બંધ થયા બાદ ઝોન દ્વારા નકકી કરવામાં આવેલ વ્યવસ્થા અનુસાર કચરો ચોકકસ જગ્યાએ એકત્ર કરવામાં આવે છે. જયાંથી ડોર ટુ ડોરનાં વાહનો મારફતે સદર કચરાનો નિકાલ કરવામાં આવે છે. સદર વ્યવસ્થા હેઠળ અમદાવાદ શહેરનાં કુલ ૭૮ બજારમાં આવેલ ૧૪૨૬ એકમો આવરી લેવામાં આવેલ છે.

➞ ગ્રીનવેસ્ટમાંથી ખાતર બનાવવા ડીસેન્ટ્રલાઈઝ પ્લાન્ટનું આયોજન :

અમદાવાદ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા સારૂ શહેરમાં આવેલ વિવિધ બગીચાઓ તથા ખાણી-પીણીના સ્થળેથી ઉત્પન્ન થતો ફુડ વેસ્ટ, પાંદડા, ડાળી-ડાખરા, જેવા વેસ્ટમાંથી ખાતર બનાવવા ડીસેન્ટ્રલાઈઝ મોડલ અન્વયે તમામ ઝોનમાં દૈનિક ધોરણે ૧ મેટ્રીક ટન કોમ્પોસ્ટ બનાવવાના પ્રોસેસીંગ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે અને દૈનિક ધોરણે ગ્રીન વેસ્ટને પ્રોસેસીંગ કરી કોમ્પોસ્ટ બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

→ બાયોગેસ પ્લાન્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઘરે-ઘરેથી કચરાના કલેકશન, ન્યુસન્સ સ્પોટ ઉપરથી કચરાનો નિકાલ તેમજ કન્ટેઈનર, ટ્રેકટર ટ્રોલી તથા અન્ય વાહનો દ્વારા તમામ સોલીડ વેસ્ટ દૈનિક ધોરણે એકત્રિત કરવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કચરાના પ્રોસેસીંગ માટે સેન્ટ્રલાઈઝ લેવલે પ્રોસેસીંગની કામગીરી કાર્યરત છે. પરંતુ ઘરેથી / કોમર્શીયલ / રેસીડન્ટ વિસ્તારમાંથી ઉત્પન્ન થતાં કિચન વેસ્ટને જો સ્થાનિક જગ્યાએ જ પ્રોસેસીંગ કરવામાં આવે તો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના વાહનોની મુવમેન્ટ તથા આર્થિક રીતે પણ ઘટાડો થઈ શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હોટલ / રેસ્ટોરન્ટ / શૈક્ષણિક / ધાર્મિક / વેજીટેબલ માર્કેટ / રેસીડન્ટ વેલ્ફેર એસોસીએશન કે અન્ય કોઈ રસ ધરાવતી સંસ્થા દ્વારા બાયોગેસ પ્લાન્ટ / ઓન સાઈટકમ્પોસ્ટીંગ પ્રોસેસીંગની પ્રવૃત્તિમાં વધારો થાય તેમજ કચરાનું ભારણ ઘટાડી શકાય તે હેતુસર બાયોગેસ પ્લાન્ટ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. કોર્પોરેશન દ્વારા બાયોગેસ પ્લાન્ટ લગાવીને કિચન વેસ્ટ / વેજીટેબલ વેસ્ટ તથા અન્ય જૈવિક ઘન કચરાને પ્લાન્ટ દ્વારા બળતણ ગેસ ઉત્પન્ન કરવાનું કામ કરવામાં આવી રહેલ છે. જેમાં એલ.જી. હોસ્પીટલ, સોલા સિવીલ હોસ્પીટલ, જમાલપુર વેજીટેબલ માર્કેટ, રાણીપ વેજીટેબલ માર્કેટ, રામનગર વેજીટેબલ માર્કેટ, સ્વામીનારાયણ મંદિર શાહીબાગ, ડેન્ટલ કોલેજ, આઈ.આઈ.એમ.અમદાવાદ જેવી વિવિધ જગ્યાઓએ કાર્યરત છે.

બાયોગેસ પ્લાન્ટ / ઓન સાઈટ કમ્પોસ્ટીંગને લીધે થતાં ફાયદાઓ :

- પ્લાન્ટમાંથી ઈંધણ ઉત્પન્ન થશે જે ઘરેલું કામ આવશે.
- કચરો ઉઠાવતાં વાહનોના ખર્ચમાં ધરખમ ઘટાડો થશે.
- પરિવહનને ફાયદો થશે. શહેરીજનોમાં જાગૃતિ આવશે.
- કચારાના મોટ-મોટા ઢગલાંથી સદાને માટે મુક્તિ, કચરાનું વર્ગીકરણ સરળ બનશે.

આગામી સમયમાં રેસીડન્ટ વેલ્ફેર એસોસીએશન / હોટલ / રેસ્ટોરન્ટ / મેરેજ હૉલમાં રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે આ પ્રકારના બાયોગેસ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

→ કન્ટેઈનર લીફ્ટીંગની કામગીરી :

ડોર ટુ ડોર વેસ્ટ કલકેશન ૧૦૦ % કવરેજ કરવામાં આવતા શહેરનાં જાહેર રસ્તાઓ, સોસાયટીઓનાં નાકે, વગેરે જેવી કુલ ૯૫૦ કરતાં વધુ જગ્યાઓ ઉપર મૂકવામાં આવેલ ૧૦૨૯ નંગ બંધ બોડીના લીલા રંગના મોટા કોમ્યુનિટી કન્ટેનરો પૈકી ઘણા કન્ટેનર સાઈટો પર કચરાનાં પ્રમાણમાં મોટા પાયે ઘટાડો થયેલ છે તથા આવા ખુલ્લી જગ્યા પરનાં કન્ટેનરો જે ખુબ જ ગંદા રહેતા હોઈ તેમજ ગાય તથા અન્ય પ્રાણીઓ દ્વારા કચરાને ફેંદી ખાતા હોઈ સાઈટની આજુ-બાજુમાં કચરો ફેલાયેલો

તથા રોડ પણ ગંદો દેખાતો હોઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવી જગ્યાઓ પર સુપરવિઝન કરી ૧૮૭ જેટલાં કન્ટેનરો ઉપાડી લઇ તે જગ્યાને સાફ-સુથરી કરી દેવામાં આવેલ છે તથા હજુપણ આ સંખ્યામાં ઘટાડો કરવાની દિશામાં વિચારણા તથા પ્લાનીંગ હાથ ધરાઇ રહેલ છે.

આમ શહેરનાં મુખ્ય રસ્તાઓ પરથી આ કન્ટેનરો ઉપાડી લેવાતા તેટલાં જ પ્રમાણમાં ખુલ્લામાં કચરો ફેંકતા ન્યુસન્સ પોઇન્ટ્સમાં પણ મોટા પ્રમાણમાં ઘટાડો જોવા મળેલ છે અને શહેર વધુ સ્વચ્છ અને રળીયામણું લાગે છે. આમ શહેરીજનોને કચરો ખુલ્લામાં કે રોડ પર ન ફેંકતા ડોર ટુ ડોરનાં વાહનોને જ આપવાનો અભિગમ કેળવવા તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રયાસ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત બાકી રહેલ કન્ટેઈનર સાઈટની જગ્યાઓ પર દરેક કન્ટેઈનર દૈનિક ધોરણે એક વાર અચૂક ઉપાડવામાં આવે તે મુજબનું આયોજન કરી ૬૮૮ જેટલા કન્ટેઈનરો ઉપાડી ઘન કચરાનાં આખરી નિકાલની કામગીરી કરવામાં આવી રહેલ છે. આ તમામ કામગીરી બંધ બોડીનાં વાહનો તથા ટ્રક, ડમ્પર પ્લેસર, રેફ્યુઝ કલેકટર, રેફ્યુઝ કોમ્પેકટર, સ્કીપ લીફટર, ટ્રેકટર - ટ્રોલી વિગેરે આશરે ૫૦૦ જેટલાં વાહનો દ્વારા કરવામાં આવે છે.

➞ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન :

કચરાનું એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનોનો મહત્તમ ઉપયોગ થાય, ફયુઅલનો વપરાશ ઘટે, પર્યાવરણમાં સુધારો થાય તેમજ ઘન કચરાનાં નિકાલની કામગીરીનો કુલ ખર્ચ ઘટે, મહત્તમ ફેરા કરાવી પુરેપુરી કાર્યક્ષમતાથી કચરાનો નિકાલ થાય તે માટે પૂર્વઝોન-૨ (વસ્ત્રાલ અને રખિયાલ ખાતે) તથા ઉત્તરઝોનમાં-૧ (નરોડા ખાતે), નવા પશ્ચિમ ઝોનમાં-૧ (સોલા ખાતે) તથા પશ્ચિમ ઝોનમાં-૧ (જુના વાડજ ખાતે), દક્ષિણઝોનમાં-૧ (વટવા

ખાતે), મધ્ય ઝોનમાં-૧, (કાંકરીયા મેટલ ડેપો ખાતે) એમ કુલ ૭ ટ્રાન્સફર સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે જ્યારે પશ્ચિમ ઝોનમાં વાસણા શાહવાડી કેનાલ પાસે વધુ એક આધુનિક રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાની કામગીરી ચાલુ છે જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.

➞ કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ કલેકશનની વ્યવસ્થા :

નાગરિકો દ્વારા મકાનનું સમારકામ / રીપેરીંગ દરમ્યાન નવા બાંધકામ સમયે નીકળતી માટી-પુરાણ,

બિલ્ડીંગ ડેબરીજ નાગરિકો દ્વારા ગમે ત્યાં ખુલ્લામાં નાંખવામાં ન આવે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝોનવાઇઝ ૨ થી ૩ એમ કુલ ૧૬ જેટલી જગ્યાઓ મુકરર કરી જાહેરાત આપી નાગરિકોને વાકેફ કરવામાં આવેલ છે. આવી જગ્યા પરથી દૈનિક ધોરણે હાલમાં ૩૦૦ મેટ્રીક ટન માટી-પુરાણ, બિલ્ડીંગ ડેબરીજ એકત્ર કરી કોન્ટ્રાકટરના વાહનો મારફતે ઉપાડી ડમ્પ સાઈટ લઈ જવામાં આવે છે. વધુમાં બીજા ૭૦૦ મેટ્રીક ટન કન્સ્ટ્રકશન ડેબરીજને પ્રોસેસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તદ્ઉપરાંત જેસીબી-ટ્રક તથા આવશ્યક સંજોગોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રેકટર જેવા વાહનો લઈ જઈ નિકાલ કરવામાં આવે છે. આ માટી-પુરાણ, બિલ્ડીંગ ડેબરીજને પ્રોસેસ કરી તેમાંથી ઈંટો, બ્લોક્સ, ઈન્ટરલોકીંગ ટાઈલ્સ, પ્રિ-કાસ્ટ કમ્પાઉન્ડ વૉલ, બાંકડા જેવી વસ્તુઓ બનાવવા લોકભાગીદારી ધોરણે કામગીરી સોંપવામાં આવેલ છે.

પ્લાન્ટની sustainability જળવાઈ રહે તે હેતુસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેવર બ્લોકસ્ તથા કર્બસ અને મેનહોલ કવર (ફ્રેમ વગરના) અ.મ્યુ.કો. દ્વારા ખરીદ કરવાની નિતી તેમજ અ.મ્યુ.કો.ના તમામ ઈન્ફ્રાસ્ટ્રકચરો જેવા કે શુધ્ધિકરણ પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશનો, હોસ્પિટલ, શાળાઓ, સ્વીમીંગ પુલ, બગીચા, હેલ્થ સેન્ટરો વગેરેની ફરતે તેમજ અ.મ્યુ.કો.ની માલિકીના ખુલ્લા પ્લોટોમાં પ્રિ-કાસ્ટ/પ્રિ-સ્ટ્રેસ કમ્પાઉન્ડ વોલ ઈન્સ્ટોલ કરવાની નિતી બનાવવામાં આવેલ છે. સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવતાં ફાઈનલ પ્રોડક્ટના વેચાણની રકમ ઉપર ૨.૫ % રોયલ્ટી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવે છે.

➞ બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ :

મ્યુનિસિપલ હસ્તકની જનરલ હોસ્પિટલો જેવી કે શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, નગરી હોસ્પિટલ તથા રેફરલ હોસ્પિટલો, પ્રસૂતિગૃહ, અર્બન હેલ્થ કેર સેન્ટર, કાંકરીયા ઝૂ વિગેરેમાં કુલ ૬૪ યુનિટોમાંથી રોજે રોજ ઉત્પન્ન થતા દૈનિક ધોરણે આશરે ૧૫૦૦ કિ.ગ્રા. બાયો મેડીકલ વેસ્ટને એકત્ર કરી ઈન્શીનરેશન પ્લાન્ટ ઉપર લાવી તેના આખરી નિકાલની કામગીરી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માન્ય સંસ્થાને કોન્ટ્રાકટથી સોંપવામાં આવેલ છે.

➞ હોટલ-કીચન વેસ્ટ કલેકશનની વ્યવસ્થા :

અમદાવાદ શહેરમાં આવેલ ૧૦૦૦ થી વધુ હોટલ / રેસ્ટોરન્ટ / કેન્ટીન / ખાણી -પીણીના ધંધાવાળાઓ તથા લગ્નમંડપ / વાડી / હોલ વિગેરેમાં ઉત્પન્ન થતાં કિચન વેસ્ટ એકત્ર કરવા સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અલગ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવેલ છે. અધિકૃત એજન્સીઓ દ્વારા બંધ બોડીનાં વાહનોમાં દૈનિક ધોરણે ૬૦ થી ૮૦ મે.ટન કિચન વેસ્ટ એકત્રિત કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં લોક ભાગીદારી ધોરણે ચાલતાં પ્રોસેસીંગ પ્લાન્ટમાંથી ખાતર બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

➞ ઘન કચરાના નિકાલ સારૂ લેન્ડફીલ સાઈટ :

નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન્સ અને ધી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ ૨૦૦૦ ની જોગવાઈઓ અનુસાર ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૨.૮૮ હેકટર જમીન ઉપર રૂા.૧૩.૦૦ કરોડનાં ખર્ચે ૧૧.૫૦ લાખ મેટ્રીક ટન કેપસીટી ધરાવતી સીકયોર્ડ એન્જીનીયર્ડ લેન્ડફીલ સાઈટ તૈયાર કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૦૯ થી કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં

પ્રોસેસીંગની કામગીરી બાદ નીકળતો નિષ્ક્રીય કચરો નાંખવામાં આવે છે. આગામી ૩૬ વર્ષ સુધીનાં આયોજનનાં ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગ્યાસપુર ખાતે સીકયોર્ડ એન્જીનીયર્ડ લેન્ડફીલ સાઈટનાં વધુ ૫ સેલ બનાવવા સારૂ જમીન અલગથી રાખવામાં આવેલ છે.

➞ વેસ્ટ ટુ એનર્જી :

સદર મશીનો હાલમાં ઇન્સ્ટોલ્ડ કરેલ છે અને સદર મશીનથી હવામાં તાપમાન, ભેજ, અવાજનું લેવલ, કાર્બન ડાયોકસાઈડ, કાર્બન મોનોકસાઇડ, નાઈટ્રોજન ઓકસાઇડ, એમોનિયા અને હવામાં રજકણો (PM 10 અને PM 2.5) માપી શકાય છે. સદર મશીનો ડિજીટલ છે અને તે સૌર ઉર્જાથી ચાલે છે. દર કલાકે તેના રીડીંગ વેબસાઇટ પર જોઇ શકાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડીઝાઈન બિલ્ટ ફાઈનાન્સ ઓન એન્ડ ઓપરેટ (DBFOO) ની કાર્ય પદ્ધતિએ બે સંસ્થાઓ દ્વારા દૈનિક ધોરણે ૨૦૦૦ મેટ્રીક ઘન કચરામાંથી ૨૫ મેગા વૉટ વિજળી બનાવાની કામગીરી

માટે કોન્ટ્રાકટરને અધિકૃત કરવામાં આવેલ છે. સોંપવામાં આવેલ છે. સદરહુ કોન્ટ્રાકટર દ્વારા યુરોપીયન પર્યાવરણ સબંધિત ધારા-ધોરણો તથા ટેકનોલોજી વાપરવામાં આવશે. સદર પ્રોજેકટ તેઓ અ.મ્યુ.કો., ગુજરાત સરકાર અને ભારત સરકારનાં કોઈપણ પ્રકારની નાણાંકીય મદદ વગર કરશે. હાલમાં કોન્ટ્રાકટર દ્વારા ટોરેન્ટ પાવર / ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. સાથે વિજ ખરીદી કરાર કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ. જે અનુસંધાને ગુજરાત સરકારનાં ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ દ્વારા પાવર પરચેઝ એગ્રીમેન્ટની મંજૂરી આપવામાં આવેલ છે. હવે ટૂંક સમયમાં પ્લાન્ટનું બાંધકામ શરૂ થનાર છે.

➞ મટીરીયલ રિકવરી ફેસીલિટી :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પી.પી.પી. મોડલ અંતર્ગત પીપળજ ખાતે ડ્રાય વેસ્ટ મેનેજમેન્ટ માટેની અધતન "મટીરીયલ રીકવરી ફેસીલીટી" (એમ.આર.એફ) નું નિર્માણ કરવામાં આવેલ છે. સદર પ્લાન્ટ ૪૦૦૦ ચો.મી. વિસ્તારમાં રૂા.૧૨.૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. જેમાં વેસ્ટ સોર્ટિંગની મોટાભાગની કામગીરી ઓટોમેટિક મશીનરી દ્વારા થાય છે અને સાથે જ ક્વોલીટી કંટ્રોલ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. પ્લાન્ટની દૈનિક ક્ષમતા ૭૦ મેટ્રીક ટન જેટલાં સૂકા કચરાનું સોર્ટિંગ કરવાની છે. આ ઉપરાંત કંપની દ્વારા ૪૦ વાહનો સાથે વેસ્ટ કલેકશનની કામગીરી પણ કરવામાં આવે છે. વેસ્ટ કલેકશનની સાથે-સાથે વેસ્ટ મેનેજમેન્ટ પણ એક અગત્યની પ્રક્રિયા છે અને જેથી આ સમસ્યાને સુલઝાવવા આગવું માઇક્રો-એન્ટરપ્રેનીયર મોડલ વિકસાવ્યું છે તથા કલેકશન કલાઉડ કમ્પ્યુટીંગ સિસ્ટમ જેવી આધુનિક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

સંસ્થા દ્વારા કોમર્શીયલ કોમ્પલેક્ષ, રેસ્ટોરન્ટ, મોલ, હોસ્પીટલ, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ વગેરે સ્થળોએથી વેસ્ટ કલેકશન દ્વારા એકત્ર કરાયેલા સૂકા કચરાને મટીરીયલ રીકવરી ફેસીલીટી (એમ.આર.એફ.) ઉપર લાવીને તેનું

વર્ગીકરણ કરવામાં આવે છે અને બને તેટલાં કચરાને રી-સાઇકલ કરવાનો પ્રયાસ થાય છે. બાકીના કચરાને વિવિધ સિમેન્ટ ઇન્ડસ્ટ્રીઝમાં ઉર્જાના સ્ત્રોત તરીકે એટલે કે રિફયુઝ ડીરાઈવ્ડ ફયુઅલ (આર.ડી.એફ.) તરીકે કો-પ્રોસેસીંગ માટે મોકલવામાં આવે છે.

➞ પીરાણા સ્થિત ડમ્પ સાઈટનું બાયોમાઈનીંગ પ્રોજેક્ટ :

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ હસ્તકની પીરાણા ડમ્પીંગ સાઈટને Scientific Closure ના પ્રોજેકટ મુજબ Scientific Closure સારૂ કાર્યવાહી હાથ ધરવામા આવેલ. જે અનુસંધાને પીરાણા સ્થિત ડમ્પ સાઈટને Scientific Closure કરવા સારૂ ટેન્ડર તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. સદર પ્રોજેકટ અનુસંધાને જરૂરી પર્યાવરણ સબંધિત વિવિધ પ્રકારનાં અન્વેક્ષણો (Investigations) કરવામાં આવેલ છે.

તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હયાત પિરાણા ડમ્પ સાઈટને Bio-Mining (or any other suitable technology)-cum-Clearance-cum-Recovery of Land with / without Capping of the Site with / without Waste to Energy-cum-other type of treatment plants જેવી ટેકનોલોજીથી દૂર કરવા સારૂ Design, Build, Finance, Own & Operate (DBFOO) basis ઉપર પી.પી.પી. ધોરણે કામગીરી કરવા એજન્સીઓ માટે Request for Proposal (RFP) બહાર પાડવા માટેની આગળની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

➞ "ગ્લોરી ઓફ વર્લ્ડ હેરીટેજ સિટી" અન્વયે સ્વચ્છતા માટે રોકર્ડ પુરસ્કાર :

અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સિટી તરીકે જાહેર કરેલ હોઈ શહેરમાં આવતાં મુલાકાતીઓમાં શહેરની સ્વચ્છતા અંગે આદર્શ છબી પ્રદર્શિત થાય તે જરૂરી છે. આ સંજોગોમાં સ્વચ્છતા અન્વયે શહેરમાં સફાઈનું સ્તર વધુ-વધુને ઉંચુ જાય તથા શહેરના નાગરિકોમાં સફાઈ માટે વધુ જાગૃતિ આવે તથા પ્રોસ્તાહિત થાય તે હેતુથી આગામી વર્ષે દરેક ઝોનવાઈઝ ૫-૫ સોસાયટીને "ગ્લોરી ઓફ વર્લ્ડ હેરીટેજ સિટી" અન્વયે સ્વચ્છતા માટે રૂા.૧.૦૦ લાખ થી રૂા.૫.૦૦ લાખ સુધીનો રોકર્ડ પુરસ્કાર આપવાનું આયોજન છે.

૧૪. સી.એન.સી.ડી.

શહેરના જાહેર રસ્તાઓ ઉપર ઢોરો દ્વારા શહેરના નાગરિકોને અડચણ તથા ટ્રાફિકની સમસ્યા ઉભી ન થાય તે માટે સમગ્ર અમદાવાદ શહેરના રસ્તા રખડતાં ઢોર પકડીને દાણીલીમડા ઢોર પુરવાના ડબ્બામાં પુરવામાં આવે છે. આવા પકડાયેલા ઢોરો પૈકી માલિકો દ્વારા ન છોડાવવામાં આવેલ ઢોરોને જીવદયા મંડળી મારફતે ગુજરાત રાજ્યની જુદી-જુદી પાંજરાપોળોમાં આવા ઢોરોને મોકલવામાં આવે છે.

→ કૂતરા માટે રસીકરણ તથા ખસીકરણ :

શહેરમાં રખડતાં કૂતરાઓને લાવી તેનું રસીકરણ તથા ખસીકરણ કરી એનીમલ બર્થ કન્ટ્રોલ દ્વારા માન્ય એન.જી.ઓ. સંસ્થા દ્વારા તે કૂતરાઓને તેની મૂળ જગ્યાએ પરત મૂકવાની કામગીરી કરવામાં આવે છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨.૩૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૫. એનર્જી સેવીંગ્સ એન્ડ કન્ઝર્વેશન

૧૫.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

→ એલ.ઈ.ડી. :

સ્ટ્રીટ લાઈટ વિભાગમાં કન્વેન્શનલ લાઈટની જગ્યાએ એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ ઈન્સ્ટોલ કરવાના પ્રોજેક્ટના ભાગરૂપે આજદીન સુધી ૧.૩૫ લાખ સ્ટ્રીટ લાઈટોને એલ.ઈ.ડી. લાઈટથી સુસજ્જ કરવામાં આવેલ છે અને તેના પરિણામ સ્વરૂપે આશરે ૨.૬ કરોડ વીજ યુનિટ એટલે કે રૂા.૧૫.૫૦ કરોડ પ્રતિ વર્ષ બચત થવા પામશે અને બાકી રહેલ આશરે ૧૪,૦૦૦ નંગ સ્ટ્રીટ લાઈટ જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટથી રીપ્લેસ કરવામાં આવશે. આમ, સમગ્ર અમદાવાદ શહેરમાં તમામ સ્ટ્રીટ લાઈટો એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટમાં પરિવર્તીત થશે. આ ઉપરાંત મરામત નિભાવ ખર્ચમાં આશરે રૂા.૪.૦૦ કરોડ પ્રતિ વર્ષ બચત થશે.

➞ ૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના :

રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરની ખાનગી સોસાયટીઓમાં ઓછા ખર્ચે સારી માળખાકિય સુવિધાઓ મળી શકે તે હેતુથી જનભાગીદારીથી રસ્તા, સ્ટ્રીટ લાઈટ તેમજ પાણીની તથા ડ્રેનેજ લાઈનના કામો માટે સહાય આપવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૭૦% ગ્રાન્ટ તેમજ કોર્પોરેશન દ્વારા ૧૦% ખર્ચ ભોગવવાનો થાય. જ્યારે જે-તે સોસાયટીએ માત્ર ૨૦% નો ખર્ચ કરવાનો થાય. આમ ખૂબ ઓછા ખર્ચામાં જે-તે સોસાયટીને મૂળભૂત માળખાકીય સુવિધાઓ મળે તે માટે અત્યાર સુધીમાં લાઈટની યોજના હેઠળ સામાન્ય વિસ્તાર માટે કુલ ૧૫૫૫ સોસાયટીઓના કુલ ₹.૩૭.૮૦ કરોડની મંજૂરી અંતર્ગત ૧૪૪૧ સોસાયટીના કામો ₹.૩૩.૮૪ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૧૧ સોસાયટીના કામો ₹.૩.૯૫ કરોડના ખર્ચે કામગીરી પ્રગતિ હેઠળ છે. વધુમાં ગરીબ અને પછાત વિસ્તાર માટે કુલ ૪૭ સોસાયટીઓના કુલ ₹.૧.૩૬ કરોડની મંજૂરી અંતર્ગત ૩૦ સોસાયટીના કામો ₹.૧.૦૭ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૭ સોસાયટીઓના કામો રૂા.૦.૩૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. આમ એકંદરે કુલ ડીસેમ્બર-૨૦૧૭ સુધીમાં ૧૬૦૨ સોસાયટીઓ પૈકી ૧૪૭૧ સોસાયટીના કામ ₹.૩૪.૯૧ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૧૮ સોસાયટીના કામો ₹.૪.૩૩ કરોડના કામ પ્રગતિ હેઠળ છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૭.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૫.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પીવાલાયક પાણી, ડ્રેનેજ, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ટ્રાન્સપોર્ટેશન તેમજ આરોગ્યને લગતી વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સદર સેવાઓ માટેનો અંદાજીત વાર્ષિક વીજ વપરાશ ૩૨.૬૦ કરોડ યુનિટ જેટલો છે તેમજ વીજ બીલની અંદાજીત વાર્ષિક રકમ ₹.૨૫૦.૦૦ કરોડ જેટલી થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવાઓના વ્યાપમાં સતત વધારો જોવા મળી રહેલ છે. જેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વીજ બીલમાં પણ સતત વધારો થઈ રહેલ છે. વળી, વિશ્વમાં ઉર્જા ઉત્પન્ન કરવા માટેના પરંપરાગત બળતણના સ્ત્રોત મર્યાદીત છે તેમજ તેમાં ઉતરોત્તર થતાં ઘટાડાને કારણે વીજ દરમાં વધારાની શક્યતા રહેલી છે. આમ, આ પરિસ્થિતિને જોતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વીજ બીલમાં ઘટાડો કરવાના હેતુસર નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

➞ રીન્યુએબલ એનર્જી સોર્સીસ :

અમદાવાદ શહેરમાં હાલમાં એનર્જી કન્ઝર્વેશન પ્રોગ્રામ હેઠળ સ્ટ્રીટ લાઈટ વિભાગ દ્વારા સ્ટ્રીટલાઈટ અને રીન્યુએબલ એનર્જી સોર્સીસ દ્વારા ૫.૪૫ કરોડ વીજ યુનિટ એટલે કે રૂા.૩૦.૨૫ કરોડ પ્રતિ વર્ષ બચત થાય છે. જેનાથી શહેરના વાતાવરણમાં આશરે ૨૯૦૦ ટન કાર્બન ડાયોકસાઈડમાં ઘટાડો થશે.

✯ "સોલાર પાવર પ્લાન્ટ" પ્રોજેક્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અત્યાર સુધીમાં ૬૪૦ કિલો વૉટ સોલાર રૂફ ટોપ સિસ્ટમને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી ઓફિસ બિલ્ડીંગ્સ ઉપર લગાડવામાં આવેલ છે. સદર સિસ્ટમથી અત્યાર સુધીમાં અંદાજીત ૮.૮૩ લાખ વીજ યુનિટનું જનરેશન થયેલ છે. જેનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અત્યાર સુધીમાં કુલ અંદાજીત ₹.૭૭.૩૦ લાખનો આર્થિક ફાયદો મળેલ છે.

આગામી વર્ષે હોસ્પીટલ, હોટલ તથા વધુ અન્ય કોમર્શીયલ બિલ્ડીંગ ઉપર આશરે ૧ મેગા વૉટ જેટલી વીજળી જનરેશન માટે સોલાર રૂફ ટોપ પ્લાન્ટ રૂા.૬.૦૦ કરોડના ખર્ચે નાંખવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ ઓથોરિટી (GEDA) પાસેથી સહયોગ મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૧.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➙ વિન્ડ પાવર પ્લાન્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણને ફાયદાકારક એવી રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિન્ડ પાવર જનરેશન થકી અ.મ્યુ.કો. ને સસ્તા દરે વિજળી પ્રાપ્ત થાય તે માટે ૪.૨ મેગા વોટનો વિન્ડ પાવર પ્લાન્ટ જૂન-૨૦૧૬ થી કમિશનીંગ કરી કચ્છ જીલ્લાના નખત્રાણા ખાતે કાર્યરત કરેલ છે. જેનાથી ૧.૧ કરોડ વીજ યુનિટ એટલે કે રૂા.૭.૧૪ કરોડ વાર્ષિક બચત થાય છે અને આજ રીતે બીજી ૪.૨ મેગા વૉટ વિન્ડ મીલની સ્થાપના કરીને ગ્રીડમાં પાવર સેટ ઓફ લેવાનું શરૂ થયેલ છે. આમ કુલ ૨.૨ કરોડ વીજ યુનિટ એટલે કે રૂા.૧૪.૩૦ કરોડ વાર્ષિક બચત થશે. આગામી વર્ષે પણ અ.મ્યુ.કો. દ્વારા ૪ મેગા વૉટના બે પ્લાન્ટ એટલે કે કુલ ૮ મેગા વૉટની વિન્ડ મીલ નાંખવાનું આયોજન છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ ૪૪ મેગા વૉટ વીજળી ઉત્પાદનનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી વેસ્ટ ટુ એનર્જી દ્વારા ૨૫ મેગા વૉટ, STP માંથી ૨.૫ મેગા વૉટ તથા વિન્ડ એનર્જી દ્વારા ૧૬.૪ મેગા વૉટ વીજળી ઉત્પાદન કરવામાં આવશે.

જે માટે સને ૨૦૧૭-૧૮ માં ₹.૩૫.૨૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં ₹.૩૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા ૧૪ માં નાંણા પંચની સને ૨૦૧૮-૧૯ ની ગ્રાન્ટ પૈકી વધારાના રૂા.૩૫.૦૦ કરોડ એમ મળી કુલ રૂા.૭૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૬. ફ્લડ મોનીટરીંગ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ જાહેર જનતાને વિના મુલ્યે સેવા આપે છે અને જાહેર જનતા માટે સતત કાર્યરત રહે છે. જે હેઠળ આગ-અકસ્માત, ભૂકંપ, પુર, વાવાઝોડુ જેવી કુદરતી તેમજ માનવસર્જીત આપત્તિઓના સમયે બચાવ કામગીરીમાં અસરકારક ફરજ બજાવવામાં આવે છે. ચોમાસામાં આવતાં પુરના સમયે શહેરીજનોની જાનહાનિ તથા મકાન-મિલકત બચાવવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૦.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૬.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ આધુનિક અગ્નિશમન સાધન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર તથા અન્ય કુદરતી પ્રકોપ વખતે ઝડપથી સારી સેવા પુરી પાડી શકાય તે માટે વર્ષ ૨૦૧૭-૧૮ માં આધુનિક સુવિધાઓથી સજ્જ નવા રેસ્ક્યુ સાધનો ખરીદવામાં આવેલ છે.

✯ હાઈડ્રોલીક કટર બેટરી ઓપરેટેડ શીયર્સ ટાઈપ

હાઈડ્રોલીક કટર બેટરી ઓપરેટેડ શીયર્સ ટાઈપ-૧૫ નંગ રૂ.૦.૬૬ કરોડમાં ખરીદવામાં આવેલ છે. જે બેટરીથી ચાલે છે. તેથી જયાં ઈલેકટ્રીસીટીની વ્યવસ્થા ન હોય તેવી જગ્યાએ પણ સરળતાથી ઉપયોગમાં લઈ શકાય છે તેમજ તે વજનમાં હલકી હોવાથી સહેલાઈથી ઉંચકી શકાય છે તથા હાઈડ્રોલીક કટર રેસક્યુ કામગીરી વખતે ખુબ જ ઉપયોગી છે.

✯ એરબોટ

૩૦૦ એચ.પી. તથા ૧૨ માણસની ક્ષમતાવાળી એરબોટ ઓછા પાણીમાં તેમજ કાદવ કીચડમાં પણ રેસક્યુ કામગીરી બજાવી શકે છે. એરબોટ એલ્યુમીનીયમના ઓછા વજનવાળા મટીરીયલ્સથી બનેલી છે. તથા તેની પાછળ લગાવવામાં આવેલ પંખાથી ઝાડી ઝંખડા તથા અન્ય પરિસ્થિતિમાં આગળ વધવા સક્ષમ છે.

✯ ચેઈન શો મશીન

૬ નંગ ચેઈન શો MSE-૨૩૦, ૪ નંગ ચેઈન શો MSA-૧૬૦, ૬ નંગ ચેઈન શો TS-૮૦૦, ૪ નંગ ચેઈન શો TSA-૨૩૦, ૧૦ નંગ ચેઈન શો ૬૬૦ અને ૪ નંગ ચેઈન શો ૮૮૦ મશીન ખરીદવામાં આવેલ છે. રેસક્યુ કામગીરી દરમ્યાન કટર મશીનોથી કોંક્રીટ, ઈંટો, પાઈપ, પત્થર, લાકડા, ઝાડ વિગેરે સહેલાઈથી કાપી શકાય છે.

✯ મીની હાઈપ્રેશર ફાયર ટેન્ડર

મીની હાઈપ્રેશર ફાયર ટેન્ડર-૦૬ નંગ રૂા.૨.૯૭ કરોડમાં ખરીદવામાં આવેલ છે. સદર ફાયર ટેન્ડરમાં ટોઈંગની સુવિધા આપવામાં આવેલ છે અને પાણીની ટાંકીની ક્ષમતા ૨૫૦૦ લીટર છે.પાણીની ટાંકીનું મટીરીયલ્સ ઝીંક પ્લેટેડ છે.ટાંકીની ઉપર ૪૫૦ એમ.એમ.નું મેઈનહોલ આપવામાં આવેલ છે. ટાંકીની ઉપર વચ્ચે ૫૦ એમ. એમ. નું ડ્રેઈન વાલ્વ આપવામાં આવેલ છે. જેથી ટાંકીના ઉપરના ભાગથી પાણી કાઢી શકાય. ૬૦ મીટર લંબાઈની બે હોઝ પાઈપ આપવામાં આવેલ છે અને સાથે વધારાની હોઝ પાઈપ (૧૫ અને ૩૦ મીટરની) આપવામાં આવેલ છે. આગ લાગવાના સમયે મીની હાઈપ્રેશર ફાયર ટેન્ડર રેસક્યુની ઉત્તમ કામગીરી બજાવે છે.

✯ વોટર ટેન્ડર ટાઈપ-બી

વોટર ટેન્ડર ટાઈપ બી - ૦૩ નંગ રૂા.૩,૫૧,૩૨,૫૬૮/-માં ખરીદવામાં આવેલ છે.સદર વોટર ટેન્ડર ટાઈપ-બીમાં MAN CLA 16.300 6x4 RHD BS-IV ચેસીસ વાપરવામાં આવેલ છે.સદર વોટર ટેન્ડર ટાઈપ-બી નું એન્જીન ૩૦૦ બીએચપીના ૬ સીલીન્ડર વાળુ છે. જેની કેપેસીટી ૧૬ ટનની છે. જેમાં આરએચડી પાવર સ્ટીયરીંગ છે. વોટર ટેન્ડર ટાઈપ-બીમાં ૬૦ મીટરની હોઝ પાઈપ ટેન્ડરની બન્ને સાઈડે આપવામાં આવેલ છે.

સદર વોટર ટેન્ડર ટાઈપ-બી ની પાણીની ટાંકીની ક્ષમતા ૫૦૦૦ લીટર છે. ફોમ ટેકની ક્ષમતા ૩૦૦ લીટરની છે. પાણી તથા ફોમનું લેવલ દર્શાવતા ઈન્ડીકેટર પણ લગાવેલા છે.

✯ HDPE Boats

HDPE Boats હાઈ ડેન્સીટી પોલી ઈથીલીન (પ્લાસ્ટીક) વજનમાં ખૂબ હળવી, રફ જગ્યાએથી ઘસાવવાથી અથવા અથડાવવાથી બોટને નુકશાન થતુ નથી, નાની જગ્યાએ, પોળ, નાના ગામોમાં બચાવ કામગીરીમાં HDPE Boats અકસીર હોવાથી રૂા.૧.૨૦ કરોડના ખર્ચે ૬ નંગ ખરીદવામાં આવેલ છે.

આગામી વર્ષમાં ખરીદવામાં આવનાર સાધનોની વિગત

✯ ૨૦ કેએલ વોટર બાઉઝર

રૂ, લાકડું, કાપડ, ઘાસ જેવી અન્ય વસ્તુઓમાં લાગતી વિનાશક આગ બુઝાવવા માટે પાણીની વિશાળ માત્રામાં જરૂર પડે છે. તે સમયે પાણીના સંગ્રહ સ્થાનથી આગના સ્થળ ઉપર જરૂરીયાત મુજબ પાણીનો ૨૦૦૦૦ લીટર ક્ષમતા, નંગ-૫, ૬૦૦૦ એલપીએમ @ 8 kg/cm2 પ્રેશરનો ફાયર પંપ (૪૦૦૦ લીટર પ્રતિ મીનીટ) પહોંચાડવાની સગવડતા તેમજ ઉપર ફીટ કરવામાં આવેલ મોનીટર દ્વારા ૮૫ મીટર દુરથી પાણીનો છંટકાવ કરી સલામત અંતર ઉપર રહી ફાયર ફાઈટીંગ કરી શકાય તે રીતની સગવડતા આ વોટર ટેન્કરમાં કરવામાં આવેલ છે અને સોલવન્ટ / આલ્કોહોલની આગ માટે આંત્રીક ફોમ ઈન્ડકશન કરી શકે.

✯ હાઈડ્રોલીક પ્લેટફોર્મ (અપગ્રેડેશન)

વર્ષ ૧૯૮૫ દરમ્યાન ખરીદવામાં આવેલ સૌ પ્રથમ હાઈડ્રોલીક પ્લેટફોર્મ બ્રિટન પાસેથી ખરીદવામાં આવેલ. કંપની દ્વારા જૂનું હાઈડ્રોલીક પ્લેટફોર્મ ચેસીસ પરથી ઉતારી લઈ જઈ તેનું ઓવર હોલીંગ કરી તેને નવેસરથી રીપેરીંગ કરી રૂા.૩.૫૦ કરોડમાં ભારતમાં ચાલે તે રીતે નવી ચેસીસ પર લગાવી બનાવવામાં આવશે. આ હાઈડ્રોલીક પ્લેટફોર્મ (સ્નોરકેલ) ૧૦ માળ સુધીના આગ-અકસ્માતના સમયે ખૂબ જ ઉપયોગી થઈ પડે છે તે હોરીઝોન્ટલ તથા વર્ટીકલ એમ બન્ને સ્થિતિમાં કામ કરી શકે છે તથા તેની ૩૬૦ ડિગ્રીમાં રોટેટીંગ મુવમેન્ટ હોઈ સુગમતાથી કામ કરવા સક્ષમ છે.

✯ ૧.૫ ઈંચ ડિલીવરી હોઝ પાઈપ તથા નોઝલ

અમદાવાદ શહેરનો હદ વિસ્તારમાં વધારો થયેલ છે તથા નવુ સીમાંકન અમલી હોય જરૂરીયાત મુજબ નવા ફાયર સ્ટેશન બનાવવાની હાલમાં પ્રક્રિયા ચાલુ હોય ફાયર ફાઈટીંગ ઈકવીપમેન્ટની સાથે જરૂરીયાત મુજબનો ૧૦૦ નંગ હોઝ પાઈપ તથા ૪૫ નંગ નોઝલનો જથ્થો પણ ખરીદવાનો થાય છે.

✯ રેકર ક્રેઈન ૪X૪, ૧૬ ટનની શોર્ટ ચેસીસ

રેકર ક્રેઈન રીકવરી વાન છે, બંધ પડેલા, ફસાયેલા અથવા અન્ય કારણથી બ્રેક ડાઉન થયેલા વાહનોને વર્કશોપ ખાતે પહોંચાડવા માટે ૧-નંગ રેકર ક્રેઈન ૪X૪, ૧૬ ટનની ચેસીસ ખરીદવાનું આયોજન છે.

✯ ડ્રાય પાવડર

આગ-અકસ્માતના સમયે ઈન્ડસ્ટ્રીઝમાં કેમીકલ તથા અન્ય ખૂબ જ જ્વલનશીલ પ્રવાહીમાં આગ લાગે ત્યારે તે આગ એકલા પાણીથી બુઝાવવી શક્ય હોતી નથી તથા આ આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે ત્યારે પાણીનો વિપુલ પ્રમાણમાં જથ્થો વેડફાય છે. જો ડ્રાય પાવડર (મોનેક્સ) નો ઉપયોગ કરવામાં આવે તો આગને આગળ વધતી અટકાવી શકાય છે.

✯ ફાયર પ્રોક્સીમીટી સુટ (એલ્યુમીનાઈઝ) લેવલ-૨ (૩૫ નંગ) તથા ફાયર એન્ટ્રી સુટ લેવલ-૩ (૧૦ નંગ)

ફાયર પ્રોકસીમીટી સુટ આગ, અકસ્માત, કેમીકલ કે ઝેરી ગેસ લીકેજના બનાવ સમયે કે આગ સિવાયના અન્ય તમામ પ્રકારનાં અકસ્માત કે જેમાં ફસાઈ ગયેલ ફાયરમેનને પ્રોટેકશન પુરૂ પાડશે. જે ચહેરો, ગરદન, હાથ, પગ તથા ઘુંટણ વિગેરેને રક્ષણ પુરૂ પાડે છે.

આમ, સાધનો ખરીદવા માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૮.૭૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૬.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ ખાતે વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તરફથી શહેરની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તમામ સુવિધાઓથી સજ્જ હોય કે જે નાગરિકના જાન-માલના રક્ષણ કરવાના હેતુથી હાઈડ્રોલીક ફાયર ફાઈટીંગ આર્મ (૫૫ મી. ઉંચાઇ), રેપીડ રીસ્પોન્સ વ્હીકલઃ૨ નંગ, ટોઈંગ ટેન્ડર (ફ્લડ રેસ્ક્યુ માટે) વિગેરે મળી અંદાજે કુલ રૂા.૧૫.૦૦ કરોડના નવા રેસક્યુ વાહનો મળનાર છે.

➞ ફાયર સ્ટેશન :

હાલમાં કુલ ૧૫ ફાયરસ્ટેશનો કાર્યરત છે તથા અમદાવાદ મહાનગરપાલિકાનો વિસ્તાર તથા વસ્તીને ધ્યાને રાખી વધુ નવા ૩ ફાયરસ્ટેશનો બનાવવાનું કામ હાલમાં ચાલુ છે. જેથી રેસક્યુ વાહનોની સંખ્યા વધારવાની જરૂરિયાત રહેવા પામે છે.

✯ નિકોલ ફાયર સ્ટેશન

અમદાવાદ શહેરમાં પૂર્વના ડેવલોપ થયેલ વિસ્તારનો સમાવેશ થવાથી આ વિસ્તારને ફાયરને લગતી સેવાઓ મળી રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડીંગ પ્રોજેક્ટ અંતર્ગત નિકોલ વિસ્તારમાં ટી.પી.૧૦૨, ફા.પ્લોટ નં.૮૮ ના પ્લોટમાં એડમીન બિલ્ડીગ, ૯ (નવ) નંગ ગેરેજ સાથેનું ફાયર સ્ટેશન તથા ૩૨ સ્ટાફ કવાટર્સ, ૨-ઓફીસર કવાટર્સ તથા ઈમરજન્સી સમયે ફરજ પર હાજર સ્ટાફ તાત્કાલીક ઉપલબ્ધ થઇ શકે તે માટે ડોરમીટરી સાથે અંદાજીત રૂા.૧૫.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું બનાવવાનું આયોજન કરેલ છે. આ કામના અંદાજ બનાવવાની વિધિમાં છે.

✯ નરોડા ફાયર સ્ટેશન

અમદાવાદ શહેરમાં પૂર્વના ડેવલોપ થયેલ વિસ્તારનો સમાવેશ થવાથી આ વિસ્તારને ફાયરને લગતી સેવાઓ મળી રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડીંગ પ્રોજેક્ટ અંતર્ગત નરોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં જી.આઈ.ડી.સી. ખાતા દ્વારા ફાળવેલ પ્લોટમાં એડમીન બિલ્ડીંગ, ૯(નવ) નંગ ગેરેજ સાથેનું ફાયર સ્ટેશન તથા ૩૨ સ્ટાફ કવાટર્સ, ૨-ઓફીસર કવાટર્સ તથા ઈમરજન્સી સમયે ફરજ પર હાજર સ્ટાફ તાત્કાલીક ઉપલબ્ધ થઇ શકે તે માટે ડોરમીટરી સાથે અંદાજીત રૂા.૧૫.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું બનાવવાનું આયોજન કરેલ છે. આ કામના અંદાજ તથા ટેન્ડર મંજુરીની વિધિમાં છે.

✯ દાણાપીઠ ફાયર સ્ટેશન

મ્યુનિસિપલ કોર્પોરેશન સેન્ટ્રલ ફાયર સ્ટેશન, દાણાપીઠ ફાયર સ્ટેશનના હયાત જર્જરીત બિલ્ડીંગને તોડી નવેસરથી એડમીન બિલ્ડીંગ, સ્ટાફ કવાટર્સ, ઓફીસર કવાટર્સ તથા ગેરેજ સાથેનું ફાયર સ્ટેશન તથા ઈમરજન્સી સમયે ફરજ પર હાજર સ્ટાફ તાત્કાલીક ઉપલબ્ધ થઇ શકે તે માટે ડોરમીટરી સાથે અંદાજીત રૂા.૧૫.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આમ, સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૨૨.૫૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૫.૩૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૭. ડિજીટલ ગવર્નન્સ

૧૭.૧ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી સુધારણાના ભાગરૂપે અને વધુમાં પારદર્શિતા લાવવા હાલની કોમ્પ્યુટર ટેકનોલોજીનો વ્યાપકપણે ઉપયોગ કરી મોટા ભાગની તમામ મ્યુનિસિપલ સેવાઓને ઘર આંગણે પહોચાડવા તમામ વોર્ડમાં સીવિક સેન્ટરો ઉભા કરવામાં આવેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પિટલો, એએમટીએસ, બીઆરટીએસ, કાંકરિયા લેક ફ્રન્ટ, બગીચાઓ, બ્રીજ, ઝૂ માં સીકયુરીટીની વ્યવસ્થા સુદ્રઢ કરવા સીસીટીવી કેમેરાની સર્વેલન્સ સીસ્ટમ સંપૂર્ણ કાર્યરત કરેલ છે. વોર્ડ દીઠ નાગરિક ફરિયાદ રીડ્રેસલ સીસ્ટમનું સંપૂર્ણ અમલીકરણ કરાયેલ છે. જીઓગ્રાફીકલ ઈન્ફોર્મેશન સીસ્ટમ અંતર્ગત મ્યુનિ. કોર્પોરેશનની વિવિધ યુટીલીટી સેવાઓ જેવી કે રોડ, પાણી, ગટર, પ્રોપર્ટી ટેક્ષની સેવાનું મેપીંગ કરવામાં આવનાર છે. જેમાં હાલમાં પૂર્વ તથા નવા પશ્ચિમ ઝોનમાં સદર કામગીરી શરૂ પણ થઇ ગયેલ છે. જે આગામી વર્ષમાં કાર્યરત થશે. જેના અમલીકરણથી ટેક્ષની આવકમાં વધારો થશે. ઉપરાંત ઇજનેરી કામો, ટી.પી. સ્કીમના ભવિષ્યના પ્લાનીંગમાં, સ્લમ મેપીંગ, ટ્રાન્સપોર્ટ સીસ્ટમ તથા એસેટ મેનેજમેન્ટ અને રોડ ગટર ઉપરાંત પાણી અને ગટરની અન્ડર લાઇનોના મેપીંગની કામગીરી સરળ બનશે અને શહેરનો એક બેઝમેપ તૈયાર થશે. બીલ્ડીંગ પ્લાનમાં નાગરિકોને ઓનલાઈન પ્લાનની સુવિધા પણ પ્રાપ્ત થશે. હાલમાં ૧૫ લાખ જેટલી પ્રોપર્ટીના સર્વેની કામગીરી પૂર્ણ થયેલ છે તથા તેના મેપીંગની કામગીરી પણ ચાલુ છે જે આગામી સમયમાં પૂર્ણ થશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સીવિક સેન્ટર દ્વારા થતાં કુલ કલેકશનના ૮૭% કલેકશન ઓનલાઈન (ઈ-વોલેટ, ક્રેડીટ કાર્ડ, મોબાઈલ એપ, POS મશીન વિગેરે), પે-ઓર્ડર તથા ચેકથી કરવામાં આવેલ છે. સદરહુ ઓનલાઈન કલેકશનનો વ્યાપ ૯૫% સુધી કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે આગામી વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ બીલમાં QR Code મૂકવામાં આવશે. જેનાથી નાગરિકો QR Code થી ઓનલાઈન દ્વારા પણ મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવાઓનું ચૂકવણું કરી શકાશે.

ઈ-ગવર્નન્સ વિભાગના જુદા-જુદા પ્રોજેક્ટ માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૩.૬૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૧૫.૬૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૮. સ્માર્ટ સિટી

ભારત સરકાર દ્વારા તા. ૨૫ જુન, ૨૦૧૫ના રોજ સ્માર્ટ સિટી મિશન પ્રોજેક્ટ અમલીકરણની જાહેરાત કરવામાં આવેલ. જે અંતર્ગત ભારતના ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી મિશન હેઠળ આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ ભારત સરકાર દ્વારા ૧૦૦ શહેરોની જાહેર કરેલ યાદીમાં ગુજરાત રાજ્યના ૬-શહેરોમાં અમદાવાદ શહેરનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લી. (SCADL) કંપનીની રચના તા.૨૮-૦૩-૨૦૧૬ ના રોજ કંપની એકટ-૨૦૧૩ હેઠળ નોંધણી કરવામાં આવેલ છે.

સ્માર્ટ સિટી અંતર્ગત મુખ્ય પ્રોજેક્ટની માહિતી :

અ.નં.	પ્રોજેક્ટનું નામ	રકમ (રૂ.કરોડમાં)	ભૌતિક પ્રગતિ	સ્ટેટસ
૧	બીઆરટીએસ -ઓએફસી નેટવર્ક	૨૩.૦૦	૧૦૦.૦૦%	કામગીરી પૂર્ણ
૨	સિટી કાર્ડ પેમેન્ટ સિસ્ટમ	૮૭.૦૦	૯૦.૦૦%	જાહેર જનતા માટે કાર્ય ઈસ્યુ (૧૫૦૦૦) કાર્ડ્સ ઈસ્યુ કરવામાં આવેલછે.
૩	ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ અને ઓટોમેટીક ફેર કલેકશન સિસ્ટમ (AMTS and BRTS)	૧૮૭.૦૦	૭૫.૦૦%	બીઆરટીએસ કામગીરી પૂર્ણ એ.એમ.ટી.એસ. ઈન્સ્ટોલેશન ૪૦% પૂર્ણ
૪	સિટી વાઈડ નેટવર્ક - બી.ડબલ્યુ. પ્રોક્યોરમેન્ટ	૬૨.૦૦	૨૮.૦૦%	સોંપાયેલ કામગીરી, સાઈટ સર્વે ૧૫૦ લીંક્સની કામગીરી પૂર્ણ
૫	કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર વીથ સ્માર્ટ કમ્પોનન્ટ્સ (૬૨૦૦ CCTV, ૫૦ એન્વાયરમેન્ટ સેન્સર્સ, ૪૫ Wi-Fi સ્પોટ્સ)	૨૩૯.૦૦	૨૭.૦૦%	કામગીરીનો અમલ શરૂ ૪૦ જંકશનની કામગીરી શરૂ થઈ, ૧૦ લોકેસન્શ પર Wi-Fi અને ૨૫ લોકેસન્શ પર એન્વાયરમેન્ટ સેન્સર્સ ઈન્સ્ટોલ
૬	કમાન્ડએન્ડ કન્ટ્રોલ સેન્ટર સિવીલ વર્ક	૮.૦૦	૯૦.૦૦%	કામગીરી પૂર્ણતાના આરે
	પાન સિટી કુલ	**૬૦૬.૦૦**		

અ.નં.	પ્રોજેક્ટનું નામ	રકમ (રૂ.કરોડમાં)	ભૌતિક પ્રગતિ	સ્ટેટસ
૧	જૂના વાડજ વિસ્તારમાં પીપીપી આધારિત સ્લમ પુનઃવસન	૫૩૯.૦૦	૩.૦૦%	સર્વેની કામગીરી પ્રગતિમાં છે.
૨	જલવિહાર વાડજ ખાતે ૬૦ સ્ન્ધ એસ. ટી.પી. (અમૃત હેઠળ)	૮૩.૩૩	૫૫.૦૦%	કામગીરી પ્રગતિમાં છે.
૩	TOZ અને CBD એરિયામાં યુટીલીટીઝના રેટ્રોફીટીંગ	૬૭૫.૦૦	--	CBD એરિયા માટે ટેન્ડર કરવામાં આવેલ છે.
૪	રાણીપ નજીક ઈન્ટર મોડેલ ટ્રાન્સપોર્ટ હબ	૧૨૫.૦૦	--	EOI તૈયાર છે.
	એ.બી.ડી. કુલ	૧૪૨૨.૩૩		
	કુલ	૨૦૨૮.૩૩		

→ કોમન સિટી પેમેન્ટ સિસ્ટમ (CCPS) :

ભારત સરકારની RuPay ગાઈડલાઈન મુજબ કોર્પોરેશનની ટ્રાન્સપોર્ટ સુવિધા જેવી કે બી.આર.ટી.એસ., એ.એમ.ટી.એસ. તથા મ્યુનિસિપલ સેવાઓ જેવી કે પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ, કાંકરીયા લેક ફ્રન્ટ અને સાબરમતી રીવર ફ્રન્ટ વગેરેમાં મ્યુનિસિપલ નાણાંની ચૂકવણી તથા શોપીંગ મોલ કે અન્ય યુટીલીટી બિલો તથા અન્ય ઓનલાઈન સેવાઓ માટે ઓપન લૂપ સ્માર્ટ કાર્ડ બેઈઝડ કોમન સીટી પેમેન્ટ માટે જનમિત્ર કાર્ડ ની સેવાઓ શરૂ કરવામાં આવેલ છે. હાલમાં ૧૫,૦૦૦ જેટલાં કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે.

→ Command & Control Centre સ્માર્ટ કમ્પોનન્ટ :

સ્માર્ટ સિટી મિશન હેઠળ સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લી. દ્વારા સ્માર્ટ ફિચર્સ જેવા કે, CCTV કેમેરા, નંબર પ્લેટ ઓળખી શકે તેવા ANPR કેમેરા, ટ્રાફિક સિગ્નલનો ભંગ રોકવા માટે RLVD કેમેરા, વાહનોની સંખ્યા આધારિત ટ્રાફિક સિગ્નલનું સંચાલન, વિવિધ જગ્યાએ હવાનું શુદ્ધતા માપવાના સેન્સરો, સ્માર્ટ પાર્કિંગ માટેના વિવિધ ફિચર્સ, Wifi ની સુવિધા વિગેરે સાથે અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલ મોનસૂન કંટ્રોલ રૂમની પાછળ તથા સંસ્કાર કેન્દ્રની બાજુમાં ૨૦૦૦ ચો.મી. થી વધુ ફ્લોર એરીયા ધરાવતાં ચાર માળના આ કંટ્રોલ રૂમ મારફતે શહેરની વિવિધ કામગીરીનું મોનીટરીંગ કરી શકાશે. અ.મ્યુ.કો. નો આ કંટ્રોલરૂમ કોઈ પણ પ્રકારની કટોકટીના સમયે અન્ય એજન્સીઓ સાથે મળીને સમસ્યાઓના શીઘ્ર નિવારણનું કેન્દ્ર બની રહે અને અ.મ્યુ.કો. ને કોઈ પણ પ્રકારની આકસ્મિક આવશ્યકતાને ત્વરિત રીતે ઉકેલવાની ક્ષમતા પુરી પાડશે. સદર કામગીરી રૂ.૨૩૯.૩૪ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.

અ.મ્યુ.કો. ની હદમાં પાર્કીંગ, સ્કુલ, વોર્ડ ઓફીસ, ઝોન ઓફીસ, ફાયર સ્ટેશન, પંપીંગ સ્ટેશન, મુખ્ય ચાર રસ્તાઓ વગેરે મળીને કુલ ૧૧૩૭ થી વધુ જાહેર સ્થળો પર અને ઔડાની હદમાં કુલ ૨૦ થી વધુ જાહેર જગ્યાઓ પર ૩૨૭૫ થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે જેથી નાગરિકોની સલામતી અને સુરક્ષામાં અનેક ગણો વધારો થશે.

શહેરની પોલીસની જરૂરીયાત અનુસાર ટ્રાફિક નિયમન હેતુથી ૧૩૦ મોટા જંકશન પર ૨૦ થી વધુ કેમેરા અને અત્યંત સંવેદનશીલ ૯૦ જેટલી જગ્યાઓ પર ૩૦૦ થી વધુ કેમેરા લગાવવામાં આવશે. શહેરના ૧૩૦ જેટલા મોટા ટ્રાફિક જંકશનો પર ટ્રાફિકના નિયત્રંણ માટે Automatic Number Plate Recognition (ANPR) ૨૧૪૨ કેમેરા તથા Red Light Violation Detection (RLVD) ૫૨૦ કેમેરા જેવી અત્યાધુનિક સિસ્ટમ લગાવવાથી ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા લોકો પર અંકુશ મેળવીને ટ્રાફિકની સમસ્યાઓનું નિવારણ કરી શકાશે અને માર્ગ સલામતીમાં વધારો થશે. કુલ મળી શહેરમાં ૬૨૦૦ થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

શહેરમાં કુલ ૧૨૬ જેટલા વ્યૂહાત્મક સ્થળો પર ૭ મીટર બાય ૩ મીટરના LED ડિસપ્લે બોર્ડ દ્વારા લોકોને ટ્રાફિક, સરકારી પ્રોગ્રામ, અ.મ્યુ.કો. તથા સરકારની વિવિધ સ્કિમોની જાણકારી તથા અન્ય જરૂરી માહિતી રીયલ ટાઈમ આધારે પુરી પાડવામાં આવશે.

અ.મ્યુ.કો. ની કુલ ૬૦૦૦ જેટલી સ્ટ્રીટ લાઈટ માં જુદા-જુદા વોલ્ટેજના સોડીયમ વેપર લેમ્પને રીપ્લેશ કરીને મોશન એક્ટીવેટેડ સ્માર્ટ LED લાઈટ લગાડવામાં આવનાર છે. જેથી કોઈપણ સ્ટ્રીટ લાઈટ બંધ થાય તો તે અંગેની જાણકારી અને બંધ થવાના સંભવિત કારણોની જાણકારી સંબંધિત અધિકારી ને તુરંત મળશે.

સ્માર્ટ સીટી અમદાવાદના નાગરિકો માટે સ્માર્ટ પાર્કીંગની વ્યવસ્થાની જોગવાઈ પણ આ પ્રોજેકટમાં કરવામાં આવેલ છે. જેમાં નાગરિકો મોબાઈલ એપ્લીકેશન મારફતે પાર્કીંગની જગ્યા શોધી શકશે તેમજ Pay & Park સુવિધામાં આવેલ ખાલી સ્પોટની વિગતો પણ મેળવી શકશે. શહેરની પોલીસ માટે ૯૦ જગ્યાઓ પર પબ્લીક એડ્રેસ સિસ્ટમ લગાડવામાં આવશે. અમદાવાદ શહેરના ૫૦ જેટલા જંકશનો પર Environmental Sensors લગાડવામાં આવનાર છે. જેના મારફતે વાતાવરણના વિવિધ પેરામીટર્સ જેવા કે Oxygen નું પ્રમાણ, NO2,CO નું પ્રમાણ વગેરેનું રીયલ ટાઈમ મોનીટરીંગ કરવામાં આવશે. અ.મ્યુ.કો. ૪૫ લોકેશનો પર નાગરિકો માટે Wi-fi Hot Spot ની સુવિધા પુરી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

➞ બી.આર.ટી.એસ. ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક :

અમદાવાદ જનમાર્ગ લી દ્વારા સ્ટરલાઈટ ટેકનોલોજીસને કુલ ૧૭૨ કિ.મી. માં ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક નાખવાનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેથી તમામ બી.આર.ટી.એસ. નેટવર્ક, એ.એમ.ટી.એસ. ટર્મિનલ, એ.એમ.સી. ની તમામ ઝોનલ અને મુખ્ય ઓફીસ, એ.એમ.સી. કંટ્રોલ રૂમ, બી.આ.ટી.એસ. ડેપો તથા બસસ્ટોપ કનેકટ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

➠ નવી Intelligent Transport Management System (ITMS) સર્વિસ :

અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા નવી ITMS સર્વિસ આપવા અંગેનો વર્કઓર્ડર આપેલ છે. જેમાં કુલ ₹.૧૮૪.૦૦ કરોડના ખર્ચે બીઆરટીએસ અને એએમટીએસને અદ્યતન ITMS સર્વિસ પુરી પાડશે. સદર પ્રોજેકટ અંતર્ગત તમામ બસોમાં અને સ્ટેશનો પર સીસીટીવી કેમેરા લગાવવા, કોમન મોબીલીટી કાર્ડ, ક્યુઆર કોડ બેઇડઝ ટીકિટીંગ, હાઇટેક કંટ્રોલ રૂમ અને સર્વેલન્સ વગેરે સુવિધાઓનો સમાવેશ થાય છે. આ અંગેનું ફંડીંગ સ્માર્ટ સિટી અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સહયોગથી કરવામાં આવનાર છે.

સ્માર્ટ સિટી અંતર્ગત પર્યાવરણના પોલ્યુશન પર નિયંત્રણ તથા રોડ ઉપરના ટ્રાફિકનું ભારણ ઓછું કરવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ તથા સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ અન્વયે બી.આર.ટી.એસ.માં ITMS ના સફળ અમલીકરણ બાદ એ.એમ.ટી.એસ. ની ૭૫૦ બસોમાં વિસ્તરણ કરવામાં આવનાર છે.

➔ પાન સિટી OFC નેટવર્ક :

સ્માર્ટ સિટી મિશન હેઠળ સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લી. દ્વારા અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાએ CCTV કેમેરા, નંબર પ્લેટ ઓળખી શકે તેવા ANPR કેમેરા, ટ્રાફિક સિગ્નલનો ભંગ રોકવા માટે RLVD કેમેરા, વિવિધ જગ્યાએ હવાનું શુદ્ધતા માપવાના સેન્સરો, સ્માર્ટ પાર્કિંગ માટેના વિવિધ ફિચર્સ, Wifi ની સુવિધા માટે જરૂરી નેટવર્ક કનેકટીવીટી માટે આશરે ૧૫૭૬ જગ્યાઓ પર પોઈન્ટ ટુ પોઈન્ટ નેટવર્ક ની કામગીરી રૂા.૮૪.૦૦ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. હાલમાં ૪૦ જંકશનની કામગીરી પૂર્ણ થયેલ છે. જે આગામી નાંણાકીય વર્ષમાં પૂર્ણ થશે.

➔ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ અમદાવાદને ૩-નામાંકિત એવોર્ડ મળેલ છે.

- ❀ **Best Smart City of the Year**
- ❀ **Best Solutions for Mobility and ITMS/Janmitra Card**
- ❀ **Best CEO Smart City**

સ્માર્ટ સિટી માટે અ.મ્યુ.કો. ના ફાળા પેટે સને ૨૦૧૭-૧૮ માં કુલ ₹.૧૦૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સને ૨૦૧૮-૧૯ માં કુલ ₹.૫૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૯. વહિવટી સશક્તિકરણ

➞ સ્ટાફ ટ્રેનીંગ સેન્ટર તથા સ્ટાફને ટ્રેનીંગ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુખાકારી માટે કરોડો રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. સદરહુ પ્રોજેકટના કામો નિયત સમયમર્યાદામાં ગુણવત્તાસભર પૂર્ણ થાય તે માટે પ્રોજેકટનું વ્યવસ્થિત પ્લાનીંગ, ડિઝાઈનીંગ અને ટેન્ડરીંગ કરવું ખૂબ જ જરૂરી છે. બદલાતાં વૈશ્વિક પ્રવાહો, નવતર ટેકનોલોજી તથા આધુનિક મેનેજમેન્ટ વિગેરે જરૂરિયાતને ધ્યાને લેતાં અ.મ્યુ.કો.ના અધિકારીઓ/કર્મચારીઓની કાર્યક્ષમતા તથા કુશળતા વધારવા તે હેતુથી સમયાંતરે ટ્રેનીંગ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. ઈજનેર, હેલ્થ, સોલીડવેસ્ટ મેનેજમેન્ટ, માનવ સંશાધન, નવા નિમણૂંક પામતાં અધિકારી-કર્મચારીઓને તથા હયાત અધિકારી-કર્મચારીઓને નિયમિત ટ્રેનીંગ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ₹.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨૦. સાંસ્કૃતિક કાર્યક્રમ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ દરમ્યાન કાંકરિયા કાર્નિવલ, ફ્લાવર શૉ અને પુસ્તકમેળા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે શહેરીજનોમાં આકર્ષણ જન્માવેલ છે અને સમાજના તમામ વર્ગ દ્વારા ઉત્સાહથી ભાગ લેવામાં આવે છે. જેનાથી શહેરીજનોમાં સાંસ્કૃતિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન મળે છે. આ કાર્યક્રમનું આયોજન પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે કરવામાં આવે છે. જેનાથી અમદાવાદ શહેરની એક આગવી ઓળખ પ્રસ્થાપિત થાય છે તેમજ આવા કાર્યક્રમના આયોજનને કારણે દેશ-વિદેશમાં અમદાવાદ શહેરનું નામ ગૂંજતું થયેલ છે.

સમાપના

શહેરીજનો માટે આવશ્યક એવી માળખાગત સુવિધાઓના કારણે તથા હાથ ઉપર લીધેલ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ, બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ તથા અન્ય પ્રોજેક્ટ્સને કારણે આપણા શહેરની ગણના મોસ્ટ લીવેબલ સિટીઝમાં થવા લાગી છે જે દરેક શહેરીજનને ગૌરવની લાગણી પ્રદાન કરે છે. સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્ર અંતર્ગત હાથ ધરવામાં આવેલ તેમજ સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ વિકાસ કાર્યોના ઝડપી અમલીકરણ દ્વારા અમદાવાદના શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા કોર્પોરેશનના અધિકારી અને કર્મચારીગણ સંપૂર્ણપણે કટિબદ્ધ છે તેની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં પ્રાથમિકતાના ધોરણે તથા નાણાંકિય આયોજનને અનુલક્ષીને વિકાસના કાર્યો શરૂ કરવામાં આવશે. “સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાયુકત અમદાવાદ” બનાવવાના આયોજનના અનુસંધાને સફાઈ, પાણી, ગટર, રસ્તા, બ્રીજ, જાહેર આરોગ્ય, ટ્રાફિક, જાહેર પરિવહન સેવા, શહેરી ગરીબો માટે માળખાગત સુવિધાના કામો તેમજ હેરીટેજ સિટીનો દરજ્જો મળતાં સાંસ્કૃતિક વારસાની જાળવણીને ટોચની અગ્રતા આપી સમગ્રપણે નાગરિક સેવાઓનું સ્તર ઉંચુ લાવવા માટે પૂરેપુરી તકેદારી રાખવામાં આવશે.

માળખાગત સુવિધાઓ તથા ઉદ્યોગોને અનુરૂપ રસ્તા, પાણી, ગટર, એરપોર્ટની સુવિધા તથા રેલ્વેની સગવડતા સહજ પ્રાપ્ય હોવાના કારણે મોટા ઔદ્યોગિક ગૃહો, નાણાંકીય સંસ્થાઓ વિગેરે અમદાવાદની સાથે વિકાસ કરવાની નેમ ધરાવે છે. અમદાવાદ શહેરનો સર્વાંગી વિકાસ થઈ રહેલ છે તેની સમગ્ર વિશ્વ દ્વારા નોંધ લેવામાં આવી છે. જે હવે સર્વ સ્વીકૃત બની ગયેલ છે. આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ કર્મચારીગણની પ્રતિબદ્ધતાની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, અખબારો તથા મિડીયાના મિત્રો તેમજ અધિકારી-કર્મચારીગણ દ્વારા અત્યાર સુધી મહાનગર સેવા સદનના સંચાલનમાં જે સાથ અને સહકાર મળેલ છે તેને હું બિરદાવું છું અને ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું.

શહેરીજનો માટે જરૂરી એવી પાયાની માળખાગત સુવિધાઓના વિકાસ માટે નાણાંકીય આયોજનના ભાગરૂપે અંદાજપત્રમાં સૂચવેલ દરખાસ્તો મંજૂર કરી શહેરના ઝડપી વિકાસ અને માળખાગત સુવિધાઓના સુદૃઢીકરણમાં આપ સૌ સહભાગી થશો તેવી અપેક્ષા સહ....

મુકેશકુમાર
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

તા.૧૯-૦૧-૨૦૧૮

પરિશિષ્ટ - ૧

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે નકકી કરેલ નિયમો ધ્યાને લેતાં નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં નીચે મુજબ મિલકતવેરો ઉઘરાવવામાં આવશે.

મિલકતવેરા = સામાન્યવેરો + વોટર ટેકસ + કોન્ઝરવન્સી ટેકસ

સામાન્ય વેરો = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪)

ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	**:- પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૧૬/-**
બીન રહેઠાણની મિલકતો માટે	**:- પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૨૮/-**

ફેકટરના પ્રકાર :

ફેકટર-૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર

ફેકટર-૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત મિલકતના ઉંમર અંગેનો ફેકટર

ફેકટર-૩ : રહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના પ્રકાર અંગે જ્યારે બિનરહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના ઉપયોગ અંગેનો ફેકટર

ફેકટર-૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે તે અંગેનો ફેકટર

ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (Location) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે તેથી અલગ-અલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે. એમ ચારે વિભાગના અવયવના દર નીચે મુજબ રાખેલ છે.

રહેઠાણની મિલકતો માટે	અવયવ
સમૃદ્ધ વિસ્તાર	૧.૬૦
સારો વિસ્તાર	૧.૧૦
મધ્યમ વિસ્તાર	૦.૯૦
નબળો વિસ્તાર	૦.૬૦

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

બિનરહેઠાણની મિલકતો માટે	અવયવ
ખૂબ જ સારી	૧.૬૦
સારી	૧.૧૦
મધ્યમ	૦.૯૦
નબળી	૦.૬૦

રાજ્ય સરકારના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેક્ટર

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીસ વર્ષ સુધી	૦.૮૫
૩	વીસ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ :

(અ) રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

અ. નં.	મિલકતોનો પ્રકાર	અવયવનો દર
૧	ચાલી (૨૫ ચો.મી. કરતાં વધુ)	૦.૫૦
૨	પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો	૦.૭૦
૩	ફલેટ	૦.૭૦
૪	રો-હાઉસ, ટેનામેન્ટ	૧.૦૦
૫	સ્વતંત્ર બંગલા	૧.૫૦

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતોનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેનો અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક)	૧	નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં	
		વાણિજ્યિક હેતુઓ : બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી, સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔધોગિક એકમોની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઈમારતો ---------- -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧ થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા.૦૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી	૭.૦૦
		મ્યુ.કોર્પોરેશન બીલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં રીબેટ જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
		ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
	૨	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વગેરેઃ-** દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના, પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ	૬.૦

	૩	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **ઔદ્યોગિક એકમો અને કારખાના (ફક્ત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-** વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ, લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેકશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ., ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ, ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્ક્રીન પ્રીન્ટીંગ, સલ્ફર પ્રોસેસીંગ, સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃઅમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા.૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. **જેનો અમલ તા.૧-૪-૨૦૦૯** થી કરવામાં આવેલ છે. **જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ** -૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ	૨.૦
	૪	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ-** ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામુંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ	૨.૦
(ખ)		**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ-** પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય	
(ગ)		**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર ૦ વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.** મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ	

ફેક્ટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેક્ટર

અ.નં.	મિલકતોનો ભોગવટા પરિબળ	રહેઠાણની મિલકતોનો અવયવ	બિન રહેઠાણવાળી મિલકતોનો અવયવ
૧	માલીકના ભોગવટાવાળી મિલકતો	૧.૦૦	૧.૦૦
૨	ભાડુઆત ભોગવટાવાળી મિલકતો	૧.૦૦	૨.૦૦

કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોમાં સામાન્યવેરામાં ૨૦% રીબેટ આપવામાં આવશે. આમ છતાં ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

(અ) રહેણાંકવાળી મિલકતો માટે :

અ. નં.	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો (રૂ.)
૧	ઝૂંપડા	---	૮૪.૦૦
૨	ચાલી	૨૫ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૩	અન્ય	૩૦ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૪	અન્ય	૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના	૩૦૦.૦૦
૫	અન્ય	૫૦ ચો.મી. થી વધુ	૩૩૦.૦૦

ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો ₹.૮૪/- તથા ૨૫ ચો.મી.થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો ₹.૨૬૪/- રહેશે.

(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :

અ. નં.	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો (રૂ.)
૧	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી નાના	૫૪૦.૦૦
૨	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી ૩૦ ચો.મી. સુધીના	૬૬૦.૦૦
૩	બિનરહેણાંક	૩૦ ચો.મી. થી વધુ	૭૮૦.૦૦
૪	નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક	---	૯૦૦.૦૦

ઉપયોગનો પ્રકાર :

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરેમીક, કલે મેન્યુફેકચરીંગ, કેમીકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઈલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઈસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા, ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી-બી, ફેકટરી-સી, હમામખાના, મિલ્ક કર્ડ શોપ, ઢોર માર્કેટ, મિલ્ક કેટલ સ્ટેબલ.

- ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે પાણીનો કર વસુલ કરવામાં આવશે.

વોટર ટેક્ષ (પાણી કર)

	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૭ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%

વોટર ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

- ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ બી હેઠળ સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે કોન્ઝરવન્સી ટેકસ (હલાલખોર કર) વસુલ કરવામાં આવશે.

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર)

	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૭ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર)ના દરમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

☞ વાહનવેરો :

જીપીએમસી એક્ટની કલમ ૧૪૨(૧) મુજબ તથા ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા. ૧૬/૫/૦૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન વાહનવેરો વસુલવામાં આવે છે. સ્ટે.ક.ઠ.નં.૧૬૭૭ તા.૦૨-૦૨-૨૦૧૩ તથા મ્યુ.કોર્પોરેશન ઠ.નં.૨૨૩૮ તા.૧૯-૦૨-૨૦૧૩ અનુસાર તા. ૦૧/૪/૨૦૧૩ થી નીચે મુજબ આજીવન વાહનવેરાના દર રાજ્ય સરકાશ્રીની મંજુરીની અપેક્ષાએ વસુલ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે વ્હીકલ ટેક્ષ (આજીવન વાહનવેરાના દર)

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪	**મોટર કાર તથા જીપ (બેઝીક પ્રાઈસ)**	
(એ)	₹ ૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
(બી)	₹ ૩,૦૦,૦૦૦ થી ₹ ૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	₹ ૫,૦૦,૦૦૦ થી ₹ ૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે
(ડી)	₹ ૧૦,૦૦,૦૦૦ થી ₹ ૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	₹ ૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખ
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ. સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૦૧ ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૧૩ ની મંજૂરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી **થિયેટર શૉ ટેક્ષ, શૉ દીઠ ₹.૭૫/- તથા વિડીયો શૉ માટે શૉ દીઠ ₹.૨૫/-** તા.૦૧-૦૪-૧૩ થી વસુલ લેવામાં આવે છે.

☞ ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ)

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧-બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડયુલ-એ પ્રકરણ ૮ માં નિયમ ૮ (જ) નો ઉમેરો :

૮(જ): શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્ય વેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમોઃ અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ થી એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે. પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો / જમીનોના વેકેન્ટ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ / જમીન ઉપર વેકેન્ટ લેન્ડ ટેકસ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપરના વેકેન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુબાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

☞ નામ ટ્રાન્સફર ફી :

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ **રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે** (વીલ, વારસાઈની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહીં) **રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની** સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

☞ એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (મનોરંજન કર) :

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા.૨૦-૦૯-૨૦૧૪ અન્વયે **તા.૧-૧૦-૨૦૧૪ થી** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં **કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેકશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની** અ.મ્યુ.કોર્પોરેશનને સત્તા સોંપવામાં આવેલ છે. સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવામાં આવતી હતી. **તા.૦૧-૦૭-૨૦૧૭ થી GST ના કારણે મનોરંજન કર રદ કરેલ છે.**

☞ મોબાઈલ ટેક્ષ કલેકશન વાનની સુવિધા અંગે :

શહેરી કરદાતાઓ પ્રોપર્ટી ટેક્ષના નાણાં **પોતાના રહેઠાણ નજીકની એક ચોકકસ જગ્યાએ** જઈ ભરી શકે તે માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **માહે ઓગસ્ટ ૨૦૧૫** માં મોબાઈલ ટેક્ષ કલેકશન વાનની ખરીદી કરવામાં આવેલ અને સદર મોબાઈલ વાનનું ઉદ્‌ઘાટન માનનીય મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલના વરદ્‌ હસ્તે કરવામાં આવેલ હતું.

મોબાઈલ ટેક્ષ કલેકશન વાનમાં **એક સુપરવાઈઝર તથા બે પીઆરઓ મળી કુલ ૦૩ (ત્રણ) કર્મચારીઓ દ્વારા ટેક્ષના નાણાંની ઓનલાઈન વસુલાત કરી, કરદાતાઓને રીસીપ્ટ ઈસ્યુ** કરવામાં આવે છે.

ટેક્ષ ખાતા દ્વારા મોબાઈલ ટેક્ષ કલેકશન વાનનો રૂટ નકકી કરવામાં આવેલ છે અને મોબાઈલ વાન ઉભી રાખવાના સ્થળો પણ નકકી કરવામાં આવેલ છે. મોબાઈલ વાનના રૂટ તથા લોકેશનની માહિતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી વેબસાઈટ www.ahmedabadcity.gov.in ઉપર અપલોડ કરવામાં આવેલ છે.

☞ વ્યવસાય વેરા વિભાગ (Profession Tax) :

રાજ્ય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : (જીએચએન-૯) પીએફટી - ૨૦૦૮ - એસ.-૨ (એએ) (૧) - ઠ તા.૦૧-૦૪-૨૦૦૮ થી મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને મુકરર સત્તા મંડળ તરીકે મળેલ સત્તા મુજબ કાયદાની અનુસૂચિ - ૧ ની નોંધ ક્રમાંક ૧ (B) અને ૨ થી ૧૦ માં સમાવેશ થતી અને મ્યુનિસિપલ હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યક્તિ સંસ્થાઓની પાસેથી વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરા કરદાતાની નોંધણી અને વેરાની ચૂકવણી સિટી સિવીક સેન્ટર પર થઈ શકે છે. વ્યવસાયવેરા અધિનિયમના અમલીકરણમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના જવાબો (FAQ) તથા અગત્યના ફોર્મ નંબર ૧,૩ અને ૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે.

PRC એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેતન વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિય-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો માસિક વેરો દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપવાની અને માસિક/ત્રિમાસિક વેરાની રકમ ત્યાર પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ભરવાની જવાબદારી એમ્પ્લોયરની હોય છે.

PEC એટલે સંસ્થા/પેઢીને લાગુ પડતો વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો વાર્ષિક વેરો દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં ભરી દેવાનો હોય છે.

વ્યવસાયવેરાના પ્રવર્તમાન દરોની વિગતો નીચે મુજબ છે.

(અ) વ્યક્તિ/સંસ્થાઓને લાગુ પડતો (ઈ.સી.) વેરાનો દર :

ક્રમ	વ્યક્તિઓનો વર્ગ	વાર્ષિક દર રૂા.
૧.	તમામ એડવોકેટ, સોલિસિટર્સ, નોટરી, ડોક્ટર, ઓર્કિટેક્ટ, એન્જીનીયર, તમામ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વીમા શાસ્ત્રી, વીમા એજન્ટો અને સર્વેયર, કોન્ટ્રાક્ટર, દલાલ, કમિશન એજન્ટ, ઓટોમોબાઈલ બ્રોકર્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી. ઓપરેટર, ફિલ્મ વિતરક, એડ.એજન્સી, ટયુશન અને ટયુટોરીયલ ઈન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર શિક્ષણ-તાલીમ અને ઈન્ફોર્મેશન આપતી સંસ્થા, ડ્રાઈવિંગ સ્કૂલ, મેરજ હોલ, પાર્ટી પ્લોટ, આંગડીયા, કુરીયર, હેલ્થ-મનોરંજન કલબ, શેર દલાલ, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશન, વિદેશી દારૂ વેચનાર પરમીટધારક, નિવાસી હોટલ અને થિયેટર, તમામ પબ્લીક અને પ્રાઈવેટ લીમીટેડ કંપની, તમામ બેન્કીંગ કંપની, રજીસ્ટર થયેલ સહકારી મંડળી, એસ્ટેટ એજન્ટ/બ્રોકર્સ, વિડીયો પાર્લર, વિડીયો લાયબ્રેરી, રજીસ્ટર થયેલ પેઢી, કારખાનાના ભોગવટેદાર, નાણા ધીરધાર, ટ્રાન્સપોર્ટર્સ અને અધિકૃત સ્ટેમ્પ વેન્ડર વિગેરે તેમજ રાજય સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૦૮ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૧૦)-પીએફટી-૨૦૦૮-એસ-૩(૨)(૩)-ઠ મુજબ બહાર પડાયેલ અનુસૂચિના કોલમ-૨ માં નિર્દીષ્ટ કરેલા (વેટ કેટેગરીમાં સમાવેશ થતો હોય તે સિવાયના) બાકી રહેતા તમામ વ્યક્તિઓનો વર્ગ.	૨૦૦૦/-

૨.	ગુજરાત વેટ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતા વેપારીઓ કે જેઓનું વાર્ષિક ટર્નઓવરઃ-	
	(૧) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૫૦૦/-
	(૩) રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૧૨૫૦/-
	(૪) રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો	૨૪૦૦/-

(બ) પગારદાર/વેતનદારને લાગુ પડતો (આર.સી.) વેરાનો દર :-

ક્રમ	માસિક પગાર / વેતન	માસિક દર રૂા.
૧.	રૂા. ૬૦૦૦/- થી ઓછો	શૂન્ય
૨.	રૂા. ૬૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
૩.	રૂા. ૯૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૧૨૦૦૦/- થી ઓછો	૧૫૦/-
૪.	રૂા. ૧૨૦૦૦/- અથવા તેથી વધુ	૨૦૦/-

